એટલું જ નહીં, ગુરુદેવના ચરણમાં દાસત્વ રજૂ કરે છે. પ્રભો! હું આપનો દાસ છું, એમ નહીં દાસાનુદાસ છું. શિષ્યનો અહંકાર સદંતર ઓગળી ગયો છે. ગુરુદેવનો દાસ થઈ રહે તે તો ઠીક પણ ગુરુદેવના અન્ય દાસ હોય તેનો પણ દાસ થઈને રહેવા એ તત્પર થયો છે. મન, વચન, કાયાના ત્રણે યોગોથી હું આપને સંપૂર્ણ સમર્પિત છું. મારું મન નહીં. મારી વાણીનો વ્યાપાર પણ આપની ઈચ્છા હોય તેમ અને એટલો જ થાય. અને દેહથી થતી પ્રત્યેક પ્રવૃત્તિ આપની આજ્ઞાને આધીન હોય. મારું મારામાં કંઈ ન રહે. હું તો આપનો 'દીન' સેવક છું.

બંધુઓ! અહીં દીનતા એટલે લાચારીનો ભાવ નથી. શું કરું? મજબૂર છું અને મારું કંઈ ચાલતું નથી એટલે નમ્ર બની ગયો છું, એમ નહીં વિચારો! તમને શું થાય? હં! બહાર તો વાઘ જેવા હો, તમારી એક ત્રાડથી સેંકડો માણસો ધ્રૂજતા હોય! પણ તમનેય ધ્રૂજાવનાર કોઈ ખરું? કાં તો હોમ મિનિસ્ટર! કાં તો ઈન્કમટેક્ષ ઓફિસર! ક્યાં દીન બનો છો? ક્યાં લાચારી અનુભવો છો ? જ્યાં મજબૂરી છે ત્યાં, બીજે નહીં! ગુરુદેવ પાસે તમારી કોઈ મજબૂરી નથી એટલે ત્યાં તો અક્કડ થઈને જ આવો. તમારામાં પડેલ અહંનું પોષણ ગુરુદેવ પાસે થાય તો ગમે, નહીં તો આવા સંત પાસે પણ ન જાવ! વિચારો! બંધુઓ! ક્યાં છો ?

અહીં શિષ્યને એમ નથી. દીનતા અહંના સંપૂર્ણ વિસર્જનથી ઉદ્‌ભવેલી છે. ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિના ભાવોથી જન્મેલી છે. ગુરુદેવના ચરણ-શરણમાં રહી, અનાદિની ભૂલને સુધારવી છે, અનંત પરિભ્રમણને ટાળવું છે, આત્માના અનંત સુખને પામવું છે. આ બધું જ નમ્રાતિનમ્ર બન્યા સિવાય ન થાય. અને તે પણ બહારથી દેખાડવાની નમ્રતા નહીં પણ ખરેખર અંતરંગના ઊંડાણમાંથી જન્મેલી સહજ લઘુતા! માન ગળી ગયું છે. માન જાય તો જ મોક્ષ મળે, અન્યથા નહીં. શિષ્યને એવી અડોલ શ્રદ્ધા છે. તેથી માન મૂકી ગુરુદેવના ચરણે દાસાનુદાસ તરીકે સ્વીકારવાની વિનંતિ કરે છે. પોતાના અંતરના ભક્તિભર્યા ભાવો ચરણમાં ધરે છે.

શિષ્ય ફરી-ફરીને ગુરુદેવના ઉપકારને સ્મરે છે. વળી કેવો ઉપકાર કર્યો છે તે કહેવા માંગે છે-જે અવસરે....

ડ



# ભિન્ન બતાવ્યો આપ....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરતાં સાધક જીવનું ચિત્ત નિશદિન આરાધનાના ભાવોમાં જ રમતું હોય. સાધનાના પ્રત્યેક અંગોનો સ્પર્શ એને થયા જ કરતો હોય. તેમાં ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિના ભાવો પણ રમતા હોય.

અહીં શિષ્યે સદ્‌ગુરુદેવની સમીપે પોતાની શ્રદ્ધા, ભક્તિ, આદર બતાવ્યાં એટલું જ નહીં, સર્વસ્વનું સમર્પણ કરી દીધું, છતાં હજુ તેના ચિત્તમાંથી ગુરુદેવના મહાન ઉપકારનું સ્મરણ ખસતું નથી. એ એમ નથી માનતો કે હવે તો ખૂબ પામી ગયો. આત્મવિકાસ ઘણો સાધી લીધો. મારે હવે કોઈનીય જરૂર નથી, છતાં વારંવાર ગુરુદેવને શા માટે સ્મરું? પણ વારંવાર તેના અંતરમાં ગુરુદેવે કરેલ અપાર કૃપાનો અનુભવ થાય છે. તેનું અંતર ગદ્‌ગદિત થઈ જાય છે. ગુરુદેવે કરેલ ઉપકાર અદ્‌ભુત છે, અલૌકિક છે. આમ નિરંતર વહેતી વિચારધારા હજુ પણ કહેવા માગે છે કે ગુરુદેવે શું ઉપકાર કર્યો —

**ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;**
**મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ....૧૨૭**

હે અનંત કરુણાનિધાન ગુરુદેવ! 'આત્મા છે' આદિ છ પદોને યુક્તિયુક્ત સમજાવીને, સર્વ પરભાવોથી, સર્વ પરદ્રવ્યોથી, આત્મા પોતે ભિન્ન છે તે આપે સ્પષ્ટ બતાવ્યું. ભગવાન મહાવીરના બતાવેલ સ્યાદ્વાદ સિદ્ધાંતને લક્ષ્યમાં રાખી, આત્માના નિત્ય-અનિત્ય, કર્તા, અકર્તા ભોક્તા-અભોક્તા ભાવને યથાર્થરૂપ બતાવ્યો. વળી અસાધારણ ગુણથી વિશિષ્ટ ચૈતન્ય લક્ષણ આત્મા, સર્વ જડ પદાર્થોથી ભિન્ન બતાવ્યો. એટલું જ નહીં પણ મારામાં

રહેલ 'હું' તે જ આત્મા એવી પ્રતીતિ કરાવી. આજ સુધી દેહ તે આત્મા એવી ભ્રમપૂર્ણ માન્યતાના કારણે અજ્ઞાનઅંધકારમાં અટવાતો હતો. આપે મારું અજ્ઞાન દૂર કર્યું અને મને જ્ઞાનીની કક્ષામાં લાવીને મૂક્યો. આપના આ અથાગ ઉપકારને કેવી રીતે વર્ણવું? આપના ચરણોની સેવા સિવાય અન્ય ઉપયોગ શું?

પરમ ઉકારી ગુરુદેવે અજ્ઞાનમાં આથડતા શિષ્યને જ્ઞાન આપી માર્ગ પ્રશસ્ત કર્યો તેથી શિષ્ય કહે છે —

**अज्ञानतिमिरांधानां, ज्ञानांजन शलाकया।**
**नेत्रमुन्मिलित येनं, तस्मै श्री गुरवे नमः।।**

અજ્ઞાનના અંધકારથી અંધત્વ વ્યાપેલું હતું. જગત અને જગતના તત્ત્વો વિષેની ભ્રમણા અનાદિથી ચિત્તમાં પડી હતી. આત્મા તે હું અને હું તે આત્મા. તે કદી સ્વપ્ને પણ જણાયું ન હતું. ઉપકારી ગુરુદેવે અંધ નેત્રોમાં જ્ઞાનના અંજન ભર્યાં! સહેવાં બહુ જ આકરાં હતાં. અજ્ઞાનમાં મોજ માણતા જીવને જ્ઞાન તો દુઃખરૂપ ભાસે. દુઃખતી આંખોમાં ભરાતા ભરણ જેવું પીડાદાયક લાગે. પણ કરુણાળુ ગુરુદેવે, મમતાળુ માતાના વાત્સલ્ય ભાવે, વિવેક નેત્રમાં જ્ઞાનનાં ભરણ ભર્યાં. અજ્ઞાનના કારણે પુદ્‌ગલની માયા હતી તે છૂટવા માંડી. પુદ્‌ગલમાં જણાતું સુખ સુખાભાસ લાગવા માંડ્યું અને આંખ આડેનાં પડળ ખસવા માંડ્યાં. બંધ ચક્ષુઓ ઊઘડ્યાં. જ્ઞાનપ્રકાશ ભળાયો અને તેમાં અનંત દીપ્તિવાન નિજ આત્માના દર્શન થયાં. આવો મહાન ઉપકાર કરનાર ગુરુદેવના ચરણોમાં નમસ્કાર, નમસ્કાર, નમસ્કાર.

શિષ્યને દેહ-આત્મા, કર્મ-આત્મા, રાગાદિ આત્મા, વિભાવ-સ્વભાવ, આદિનું સ્પષ્ટ ભેદવિજ્ઞાન થયું. સર્વથા ભિન્ન અને અસંગ આત્મા અનુભવાયો છે. તેથી એ કહે છે કે જેમ ગમાર માણસ પણ જાણે કે રાજાની કમરમાં લટકતી મ્યાન એ માત્ર મ્યાન નથી પણ મ્યાનની અંદર તીક્ષ્ણ શસ્ત્રરૂપ તલવાર છે જે મ્યાનથી જુદી છે. વળી મ્યાન સોનાની હોય અને રત્નોથી મઢેલી હોય તો પણ કશી જ કિંમત નહીં. તે તો માત્ર શોભાની. તેમ ગમે તેવો સુંદર સ્વરૂપવાન દેહ હોય પણ તેની કિંમત કંઈ જ નહીં. સમય થતાં તેમાં રહેલ અચિંત્ય શક્તિવાન, ચૈતન્ય દ્રવ્ય આત્મા દેહને મૂકીને ચાલતો



થશે. પછી એ દેહની રાખ જ થાય. માટીમાં તેને મળવું જ પડે. અહા! આ આત્માનું કેવું અપૂર્વ સામર્થ્ય છે કે જ્યાં સુધી એ દેહમાં હોય ત્યાં સુધી જ દેહની સુંદરતા, સૌષ્ઠવ, સ્વસ્થતા આદિ રહે અને આત્મા તેમાંથી નીકળીને ચાલતો થાય કે તે દેહ બીજી જ ક્ષણથી સડવાનો શરૂ થઈ જાય. માટે જ દેહની કિંમત નથી, આત્માની છે. મ્યાનની કિંમત નથી, તલવારની છે.

**મોલ કરો તલવારકા, પડા રહન દો મ્યાન.**

મ્યાન ભલે પડી. અંદરની તલવારમાં કેવી તીક્ષ્ણતા છે, તે જોઈ લો. તે કેટલી ઉપયોગી છે તે જાણી લો. દેહ ગમે તે ગતિનો કે જાતિનો હોય, નાનો હોય કે મોટો હોય, સુંદર હોય કે અસુંદર હોય તેની કશીયે કિંમત નહીં. તેમાં રહેલ અનંત જ્ઞાનવાન, સુખસ્વભાવી આત્માને જાણી લો.

આમ ગુરુદેવે અનંત સામર્થ્યવાન આત્માને ઓળખાવ્યો. સાથે સાથે સ્યાદ્વાદ સિદ્ધાંતથી તેનું સ્વરૂપ બતાવી, તેની મુક્તિના ઉપયોગ બતાવ્યા. સંવર અને નિર્જરારૂપ મોક્ષમાર્ગનું બતાવવું તે પણ ગુરુદેવનો અનહદ ઉપકાર છે. જીવને ધર્મની શરૂઆત સંવરથી થાય છે. તેમાં પ્રથમ સંવર તે સમ્યગ્દર્શન-બોધિબીજ, સમ્યગ્દર્શન આવે તો જ અનાદિના આશ્રવ રૂપ મિથ્યાત્વ જાય. જ્યાં સુધી મિથ્યાત્વ પડ્યું છે, ત્યાં સુધી ધર્મયાત્રા શરૂ થતી નથી. સદાચાર કે નીતિના ગુણો જીવનમાં આવી શકે. માર્ગાનુસારીપણું જીવ પામી શકે પણ જે ધર્મ-યાત્રા આત્મવિકાસના સોપાનો પર ક્રમશઃ ચડાવે છે તે યાત્રાનો પ્રારંભ થતો નથી.

અહીં ગુરુદેવે છયે પદની વિશદ વ્યાખ્યા કરવાની સાથે શિષ્યને આંગળી પકડી ધર્મ પથ પર મૂકી દીધો કે જેથી તેનો વિકાસ હવે વધતો ચાલશે. મિથ્યાત્વ આશ્રવ જેનો રોકાય અને સમકિત સંવર જેને થાય તેનાં આત્મપરિણામોમાં એવી જબરદસ્ત તાકાત પેદા થાય કે એ ભવે જ મુક્તિ લઈ લે. અને કદાચ પરિણામોની હાનિ-વૃદ્ધિ થયા કરતી હોય તો પણ એ જીવનો મોક્ષ તો નિશ્ચિત છે. અહીં ગુરુદેવે શિષ્યને મોક્ષ પામવાના વીઝા હાથમાં પકડાવી દીધા. જા બેટા! ફતેહ કર! હવે તને મોક્ષે જતાં કોઈ ન રોકે. આજની નહીં તો કાલની ફ્લાઈટમાં પણ ગંતવ્યસ્થાને પહોંચવાનો જ.

બંધુઓ! વ્યવહારિક જગતમાં આવી જાતનો ઉપકાર કરનારને પણ તમે ભૂલતા નથી, તો આધ્યાત્મિક ક્ષેત્રે જેમણે ભવની ભાવઠ ભાંગી નાખી તેવા

ઉપકારી ગુરુદેવનો ઉપકાર કેમ ભૂલાય? તેથી જ શિષ્યે વારંવાર ગુરુદેવના ઉપકારનું સ્મરણ કર્યું છે.

છેલ્લી ચાર ગાથા ભક્તિભાવની પરાકાષ્ઠારૂપ છે. આખાયે આત્મસિદ્ધિ શાસ્ત્રમાં જ્ઞાનયોગ અને ચારિત્રયોગની વાતો ઘણી આવી અને ભૂમિકામાં તથા આત્માર્થીના લક્ષણોમાં થોડી ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા અને સમર્પણતા બતાવી. પરંતુ આ ચાર ગાથાઓ શિષ્યની ચરમ કોટીની ભક્તિના દર્શન કરાવે છે. મુખેથી પ્રભુના કે ગુરુદેવના ગુણગાન કરી લેવાથી કે સ્તુતિ ગાઈ લેવાથી ભક્તિ થઈ જતી નથી. એ તો ક્ષણિક ભાવો છે. વળી ક્યાંક શ્રોતેન્દ્રિયના વિષયરૂપ પણ બની જાય છે. યથાર્થ ભક્તિ તેનું જ નામ કે ગુરુદેવ અથવા અરિહંતના ચરણ - શરણમાં સર્વસ્વનું સમર્પણ. સર્વસ્વ ન્યોછાવર કરવાની અજબ-અદમ્ય લગની. જ્યાં પોતાનું પોતાપણું કશું રહેતું નથી. માનનું સર્વથા વિસર્જન થાય, અહં ઓગળી જાય તેનું નામ ભક્તિ.

થોડી ગીતભક્તિ કરી લીધા પછી મનમાં એવા ભાવ ઊઠતા હોય કે ભક્તિ તો હું જ કરી જાણું. બીજા શું જાણે ભક્તિની રીત ? ત્યાં જ અહં અને આ અહં વાસ્તવિક ભક્તિના ભાવ જાગવા ન દે. તેથી જ અહીં શિષ્યે પોતાની દીનતા બતાવી છે. દીનતા સહિત સદ્‌ગુરુનું દાસત્વ સ્વીકાર્યું છે.

અહીં સુધી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ગુરુ-શિષ્યના સંવાદ પછી શિષ્યના ઉલ્લસિત ભાવોના અંતર ઉદ્‌ગારો કહ્યા. હવે પછીની ગાથાઓમાં ઉપસંહાર તથા કંઈક હિતશિક્ષા શ્રીમદ્‌જી આપણને આપે છે, જે લક્ષ્યમાં લેવી જરૂરી છે. તે શું તે અવસરે —

ડ

## આત્મ-ચિંતન

'હું....આત્મા....છું'...'હું....આત્મા....છું'

ઉર્ધ્વગમન....એ મારો સ્વભાવ....

'હું...આત્મા...હું ચૈતન્ય,...હંમેશાં ઉપર જવું...એ મારું સ્વરૂપ છે...આ આત્મા સ્વભાવમાં રહે...તો એ ઉપર જાય છે...જીવનું ઉત્થાન...સ્વભાવમાં થાય છે...રાગ અને દ્વેષ...એ જીવને પાડનારા છે...નીચે લઈ જનારા છે....જીવમાં રાગ-દ્વેષની જેટલી તીવ્રતા...એટલો તે નીચે જાય છે...રાગ-દ્વેષની મંદતા થતાં...જીવનું ઉત્થાન થાય છે...આ જીવનું ઉત્થાન કરવું...એ જ સાધના...એ જ આરાધના...

ક્રમે ક્રમે રાગ-દ્વેષનો ક્ષય કરી...મારે...મારું ઉત્થાન કરવું છે... નરક-નિગોદમાં પડેલો જીવ...કર્મને કારણે નીચે ઊતર્યો છે...જેમ જેમ કર્મની નિર્જરા થાય...તેમ તેમ જીવ ઉપર ચડે છે...જીવનો સ્વભાવ છે કે...જ્યારે દેહને છોડે...ત્યારે સીધો ઊર્ધ્વગમન કરે છે...અનંત સિદ્ધ પરમાત્મા...સાધના વડે સિદ્ધિને પામ્યા,...ત્યારે અંતિમ દેહમાંથી નીકળેલો આત્મા...ઊર્ધ્વગમન એટલે લોકાગ્રે પહોંચ્યો...

મારે...મારા આ સ્વભાવને સર્વથા પામવો છે...મારું ઉત્થાન કરવું છે...રાગ-દ્વેષને મંદ કરવા છે...સ્વરૂપદશાની પ્રાપ્તિ કરવી છે...એ માટે મારામાં સ્થિર થાઉં...ચૈતન્યને ઓળખું...ચૈતન્યને જાણું,...ચૈતન્યને અનુભવું...તો આ આત્મા ઉત્થાન સાધી શકે છે...ભૂતકાળમાં હલકી ગતિઓમાં રખડ્યો,...હલકી યોનિઓમાં ભટક્યો,...રાગ-દ્વેષના કારણે નીચે ઊતર્યો...હવે નીચે જવું નથી...ઉપર ચઢવું છે...સર્વ...વિશુદ્ધ દશા પ્રાપ્ત કરવી છે...

ઊર્ધ્વગમન...મારું સુખ...ઉત્થાન...એ જ મારો પુરુષાર્થ...એ માટે સ્થિર થઈ જાઉં...સ્વમાં સમાહિત થઈ જાઉં...મારા ચૈતન્યને અનુભવું...તો સહાયરૂપે મારા ઊર્ધ્વ સ્વભાવને પામું...તે માટે વધુ સ્થિર થઈ...વધુ એકાગ્ર થઈ...આત્માનું ચિંતન કરીએ...

'હું આત્મા...છું' 'હું...આત્મા...છું'

ૐ 'શાંતિ'....'શાંતિ'....'શાંતિ'

# આત્મભ્રાંતિ સમ રોગ નહીં...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સર્વથી ભિન્ન એવા આત્માની શુદ્ધ પ્રતીતિ કરાવે છે. જેને આત્મા પ્રતીત થયો તેને પરમાત્મા ભાવ પ્રગટે જ પ્રગટે. આરાધનાની અંતિમ સિદ્ધિ એટલે જ પરમાત્મપદ.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્જીએ આત્માથી પરમાત્મા થવાનો રાહ પ્રશસ્ત કર્યા પછી હવે આ શાસ્ત્રનો ઉપસંહાર કરે છે-

**દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ,**
**વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ....૧૨૮....**

'આત્મા છે' આદિ છ સ્થાનકોનું વર્ણન ખૂબ જ વિસ્તારથી આ શાસ્ત્રમાં કરવામાં આવ્યું. અન્ય દર્શનોની આત્માદિ વિષયક માન્યતાને લક્ષ્યમાં રાખી, શિષ્યના મુખે શંકાઓ કરાવી. અને તે શંકાઓનાં સમન્વયાત્મક દૃષ્ટિકોણથી ગુરુદેવે સમાધાન આપ્યા, જેમાં અન્ય દર્શનની માન્યતાઓની અપેક્ષાઓ, જૈનદર્શનને કયા નયથી સ્વીકાર્ય બને છે, તે તર્કસંગત સમજાવ્યું.

છએ પદની માન્યતા અન્ય દર્શનોમાં એક નહીં તો બીજી રીતે સ્વીકારાઈ છે. થોડા શબ્દપ્રયોગના ફેરફાર જરૂર છે, છતાં મૂળભૂત તત્વો બધે જ સ્વીકારાયા છે. હા, કેટલાક દર્શનોની માન્યતાઓ એકાંતિક છે. જ્યારે જૈનદર્શન અનેકાંતવાદી દૃષ્ટિકોણથી જગતનાં બધાં જ તત્ત્વો અને આત્માને જુએ છે, તપાસે છે, વિચારે છે. આમ જૈનદર્શન અનેકાન્તવાદી હોઈ પોતાની વિશાળતાનો પરિચય આપે છે. જેમ સાગરમાં સર્વ સરિતાઓ મળી જાય છે છતાં સાગર છલકાતો નથી, તેની ગંભીરતા એવી ને એવી જ રહે છે તેમ જૈનદર્શન પણ એકાંતવાદી દર્શનોને પોતામાં સમાવી લે છે. કોઈ પણ વ્યક્તિ તટસ્થ ભાવે આ છયે પદોનું અધ્યયન કરે તો તેમાં તેને



છયે દર્શનનાં તત્ત્વો મળ્યા વગર રહે નહીં. એવાં અલૌકિક અને અદ્ભુત છે આ છ પદો.

હવે શ્રીમદ્જી જીવની પ્રથમ ભૂલ ક્યાં થાય છે તે સમજાવતાં કહે છે-

**આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદગુરુ વૈદ્ય સુજાણ,**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન...૧૨૯...**

પોતે પોતાને જ ન ઓળખે એના જેવી બીજી ભૂલ કઈ હોય? અનાદિ સંસારમાં જીવે પોતાને જ જાણ્યો નથી. 'હું આત્મા છું' એ જાણે તે ભૂલી જ ગયો છે અથવા દેહને હું માની લીધો છે. આ છે જીવની મિથ્યાત્વ દશા. આને જ શ્રીમદ્જી મહારોગ તરીકે ઓળખાવે છે.

શરીરમાં મહારોગ ક્યારે થાય? શરીરની સ્વાભાવિક પ્રતિકારશક્તિ (Resistance Power) ઓછી થાય ત્યારે. આ શરીરમાં બહારની બધી જ વિકૃતિઓ સામે ઝઝૂમવાની તાકાત છે. જ્યારે કોઈ રોગાણુ શરીરમાં વિકૃતિ ઊભી કરવાનો પ્રયાસ કરે કે શરીરની પ્રતિકારશક્તિ તેની સામે લડી તેને હરાવી દે છે. પછી રોગાણુ શરીરને કંઈ કરી શકતા નથી. પણ કોઈ કારણે પ્રતિકારશક્તિ મંદ પડી ગઈ તો શરીરને રોગથી ઘેરાઈ જતાં વાર લાગતી નથી. તેમ જીવમાં મિથ્યાત્વાદિ રોગાણુ સામે લડવાની પ્રચંડ તાકાત છે. અંદરમાં જ અસીમ શક્તિ પડી છે, પણ મોહના પ્રાબલ્યે એ શક્તિને મંદ કરી નાખી છે. તેથી આત્મા વિકારો સાથે લડી શકતો નથી અને રોગ વધતો જાય છે.

રોગી રહેવું કોઈનેય ગમતું નથી. નીરોગી સ્વસ્થ અવસ્થા જ સહુને પ્રિય છે. તો સર્વ પ્રથમ રોગ શું છે તે જાણવું પડશે, અર્થાત્ નિદાન કરાવવું પડશે. એ નિદાન માટે અનુભવી વૈદ્ય જોઈશે. તેના હાથમાં શરીર સોંપવું પડશે.

બંધુઓ! શરીરની બીમારી માટે સારામાં સારો અનુભવી જૂનો વૈદ્ય જોઈએ. તેમની પાસે જઈ એક-એક ફરિયાદ, એક-એક હકીકત કશું જ છુપાવ્યા વગર કહીએ તો જ સાચું નિદાન થાય.

આત્માને પોતાની જ ભ્રાંતિરૂપ રોગ છે. મિથ્યાત્વમાં ફસાયો છે. એટલે સર્વ પ્રથમ તો સદ્ગુરુના ચરણમાં જવું પડશે. જેમણે સ્વયં આત્મા

અનુભવ્યો છે, એટલું જ નહીં પણ સદ્‌ગુરુ પ્રથમ આપણા જેવા જ રોગી હતા. તેઓએ મિથ્યાત્વની પીડા વેઠી છે અને તેમાંથી મુક્ત થઈ સમ્યક્ત્વને પામ્યા છે. જેણે પોતાની જાત પર અનુભવ કર્યો છે. માત્ર બહારની લેબોરેટરીમાં પ્રયોગ કરી જાણ્યું કે ગ્રન્થોમાં વાંચીને જાણ્યું એમ નથી. શરીરના રોગને દૂર કરનાર વૈદ્ય તો બહારના પ્રયોગો, વાંચન કે અન્યના અનુભવોથી જાણતો હોય. તેણે બધા જ રોગોનો અનુભવ પોતાના શરીરમાં ન કર્યો હોય. તેથી એ ગમે તેટલો અનુભવી હોય છતાં સ્વયં અનુભવ્યું ન હોય.

જ્યારે અધ્યાત્મમાર્ગે એ બહુ જ મોટો લાભ છે કે જે સદ્‌ગુરુના ચરણે, મિથ્યાત્વના વિકાર કાઢવા માટે જવું છે એ પોતે દર્દી હતા. દવા લીધી અને દર્દ દૂર કર્યું. તેથી એમની પાસેથી મળતા સલાહ-સૂચનોમાં ક્યાંય ખામી ન હોય. સ્વયંના અનુભવથી દર્દ શું અને દવા શું એ તેઓ કહે. વળી નીરોગી અવસ્થાનો આનંદ પણ તેમણે જ માણ્યો છે. મિથ્યાત્વનો વિકાર જતાં સમ્યક્ત્વરૂપ સ્વસ્થતા-નિજ સ્વરૂપ પ્રાપ્ત થતાં તે આત્માનંદ કેવો છે તે તેઓને યથાર્થ જાણ છે. માટે જ તેઓને ગાથામાં 'સુજાણ' કહ્યા છે.

આવા જ્ઞાની ગુરુદેવને કશુંય છુપાવ્યા વિના પોતાની જાત સોંપી દઈએ. અંતરમાં ઊઠતા એક-એક ભાવને તેમના સમક્ષ જાહેર કરી દઈએ. આપણી અજ્ઞાનદશાને પ્રગટ કરી દઈએ તો તેઓ તરત આપણા રોગને પકડી પાડી કહે : તમને બીજું કશું નથી પણ મિથ્યાત્વ નામનો મોટો રોગ છે. આત્મા પોતાને જ ભૂલી ગયો છે. મિથ્યાત્વરૂપ મહાઅશુદ્ધિ આત્મામાં થઈ છે અને એના કારણે જ સંસારના સમસ્ત દુ:ખો ઊભાં થયાં છે. એ દુ:ખોને દૂર કરવા ગમે તેટલા પ્રયાસ કરો, ઉપરથી ગમે તેટલી માલિસ કરો પણ અંદરની મિથ્યાત્વ બીમારી જાય નહીં, પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ, અવિકારી આત્મા છે. એ જ્યાં સુધી અનુભવે નહીં ત્યાં સુધી બીજાં દુ:ખો દૂર થાય નહીં. માટે જીવે પ્રથમ પુરુષાર્થ કરવાનો છે તે સમ્યક્ત્વપ્રાપ્તિનો, જેથી મિથ્યાત્વ આપોઆપ ચાલ્યું જાય.

રોગનું નિદાન થયા પછી બે વસ્તુ-એક તો દવા અને બીજી પરહેજ, બન્ને સરખાં જ મહત્ત્વપૂર્ણ. બેમાંથી એક હોય તો બીમારી દૂર ન થાય.



બન્નેને બરાબર સેવવાં જોઈએ. ઊંચામાં ઊંચી દવા લો અને સાથે જે પરહેજ કરવાની છે તે ન કરો તો દવા ક્યારેક ઝેરનું કામ કરે. બીજી બાજુ માત્ર પરહેજ કર્યા કરો અને દવા ન લો તો પણ ન ચાલે. કદાચ રોગ વધતો અટકી જાય પણ સમૂળો નાશ ન થાય.

(અહીં શ્રીમદ્ પ્રથમ પરહેજ બતાવે છે, પછી દવા. 'ગુરુઆજ્ઞા સમ પથ્ય નહીં' મિથ્યાત્વને દૂર કરવા માટે કોઈ જીવ સ્વચ્છંદે વર્ત્યો જાય.)

તેથી જ એક અનુભવી કવિએ કહ્યું છે -

**હરિનું નામ રસાયણ સેવે, પણ જો પથ્ય પળાય નહીં**
**તો તેનું ફળ લેશ ન પામે, ભવ રોગો કદી જાય નહીં...**

પ્રભુના નામરૂપ રસાયણ હંમેશાં સેવતો હોય પણ જીવનમાં જે જે પથ્યોનું પાલન કરવાનું છે તે જો ન થાય, હિંસાદિ દોષોથી નિવર્તવાનું ન થાય તો એ રસાયણ કંઈ જ ફળ આપે નહીં. સંસારરૂપ રોગ જીવને લાગ્યો છે તે દૂર થાય નહીં માટે રસાયણ સાથે પથ્યની અનિવાર્ય આવશ્યકતા છે.

અહીં શ્રીમદ્‌જી પ્રથમ પરહેજ બતાવે છે પછી 'ઔષધ'. 'ગુરુ' આજ્ઞા સમ પથ્ય નહીં. મિથ્યાત્વરૂપ રોગને દૂર કરવા માટે જીવ સ્વચ્છંદે વર્ત્યો જાય, પોતે જ ઉપાયો યોજ્યા કરે અને ગુરુઆજ્ઞા ન માને તો રોગ મટે નહીં. માટે ઔષધ દેતાં પહેલાં શ્રીમદ્‌જી શરત મૂકે છે કે તારી પથ્ય પાળવાની તૈયારી છે ? તો જ ઔષધ મળશે. અન્યથા નહીં.

બંધુઓ! ગુરુદેવની આજ્ઞા જ જીવને રાહ બતાવી શકે. સ્વચ્છંદને તોડી શકે. આ શાસ્ત્રની ભૂમિકામાં જ સદ્‌ગુરુના માહાત્મ્યને શ્રીમદ્‌જીએ ખૂબ વર્ણવ્યું છે. જીવનો અનાદિ મિથ્યાત્વભાવ સદ્‌ગુરુના શરણ વિના, તેમની આજ્ઞાના પાલન વિના જાય નહીં. જીવને પ્રથમ અંતરમાં એ નિર્ણય આવવો જોઈએ કે મારું સમસ્ત જીવન ગુરુદેવના ચરણે સોંપી એમની એક - એક આજ્ઞાને માથે ચડાવવામાં જ મારું હિત છે. તે સિવાય મારી આત્મભ્રાંતિ ટળશે નહીં. મને યથાર્થતા સમજાશે નહીં. ચૈતન્ય આત્માની અનુભૂતિ થશે નહીં. અને હવે જ્યારે સદ્‌ગુરુનું શરણ મળ્યું છે ત્યારે આત્માનુભૂતિ કર્યા સિવાય પાછું ફરવું નથી. અનાદિ સંસારમાં બીજા સંયોગો મળ્યા ત્યાં ભૌતિક સુખો પામ્યા પછી પણ એ બધા સુખાભાસ જ નીવડ્યા. તેણે આત્માની અશુદ્ધિને દૂર ન કરી, માટે હવે ગુરુદેવના ચરણશરણમાં જઈ

અશુદ્ધિને દૂર કરી આત્માની શુદ્ધ દશાને પ્રાપ્ત કરવી છે.

આવો દૃઢ સંકલ્પ જેના અંતરને વિષે વર્તે છે તે સદ્ગુરુના લક્ષ્યે વર્ત્યો જાય. અને પછી તેઓએ આપેલ ઔષધનું સેવન કરે. ગુરુદેવની આજ્ઞાનું પાલન કરવામાં શિષ્યની ક્યાં સુધીની અર્પણતા જોઈએ ત્યારે તે ઔષધ લેવાનો અધિકારી બને?

અમારા દાદાગુરુ તપસ્વી શ્રી પૂજ્ય માણેકચંદજી મહારાજ સાહેબ, જેઓ જ્ઞાનપ્રાપ્તિ માટે રાજસ્થાનમાં પૂ. ફકિરચંદજી મહારાજના ચરણે પધાર્યા હતા. જ્ઞાન આપતા પહેલા પૂ. ફકિરચંદજી મહારાજ આ યુવાન સાધુની પાત્રતા વિષે પરીક્ષા કરતા. તેમાં એકવાર તેઓએ એક એવી આજ્ઞા કરી કે જેનું પાલન કરતાં સાધુના મનમાં પણ વિકલ્પ ઊઠે. તેઓએ અંદરના રૂમના ગોખલામાં પડેલ ચીજ લાવવાનું કહ્યું. પૂ. માણેકચંદજી મહારાજ રૂમમાં જઈ ગોખલામાંથી ચીજ ઉપાડે છે, તો હરડેનું સચેત ફળ. એ તો લઈ આવ્યા. પૂ. મહારાજ સાહેબ સામે ધર્યું અને પૂ. મહારાજ સાહેબે હતું ત્યાં ને ત્યાં મૂકી આવવાની આજ્ઞા કરી. પૂ. તપસ્વીજી મહારાજ સાહેબ પાછું મૂકી આવ્યા અને ફરી શાસ્ત્ર સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થઈ ગયા.

દિવસો નહીં, મહિનાઓ વીતી ગયા પણ પૂ. માણેકચંદજી મહારાજના મનમાં કોઈ વિકલ્પ નથી. આખરે પૂ. ફકિરચંદજી મહારાજ સાહેબે એક દિવસ પૂછ્યું :

'તપસ્વી! હું તો રાહ જોઈ રહ્યો છું કે તું મને આજ નહીં તો કાલ પૂછીશ. પણ તેં કેમ પૂછ્યું નહીં?'

'શું ગુરુદેવ?'

'ઘણા સમય પહેલા મેં તારી પાસે અંદરના રૂમમાંથી એક ફળ મંગાવ્યું. તું લઈ આવ્યો. મેં પાછું મોકલ્યું. તું મૂકી આવ્યો. પણ તેં મને પૂછ્યું નહીં!' 'ગુરુદેવ! શું પૂછવાનું મારે?'

'કેમ? એ સચેત ફળ હતું. પહેલું તો એ છે કે સાધુને સચેતનો સ્પર્શ વર્જ્ય હોય. અને મેં તને એ લાવવાનું કહ્યું. વળી જરૂર ન હતી તો પણ સ્પર્શ કરાવ્યો! તને વિકલ્પ ન ઊઠ્યો કે મેં આ ન કલ્પે એવું કાર્ય તારી પાસે શા માટે કરાવ્યું ?'



'ના ગુરુદેવ! વસ્તુ શું હતી અને શા માટે મંગાવી એ વિકલ્પ કરવો તે મારો વિષય નથી. મારે તો માત્ર આપની આજ્ઞાનું પાલન કરવાનું હતું. એ આજ્ઞા કેવી અને શા માટે એ હું શું કામ વિચારું ? આપના સામર્થ્યમાં મને વિશ્વાસ ન હોય તો જ આવો વિકલ્પ ઊઠે, અન્યથા નહીં. મને તો આનંદ છે કે આપ મને આજ્ઞા કરવાને યોગ્ય સમજ્યા!'

બંધુઓ! પૂ. તપસ્વીજી માણેકચંદજી મહારાજની આવી સમર્પણતા, આવી આજ્ઞાપાલકતા જોઈને પૂ. ફકિરચંદજી મહારાજનું હૃદય પ્રસન્ન થઈ ઊઠ્યું અને અંતરના ઊલટ ભાવથી તત્ત્વજ્ઞાનના મર્મો તેઓને આપ્યા.

આવી આજ્ઞાપાલનમાં વફાદારી એ જ છે પથ્યનું પાલન. એ પછીનું સ્ટેજ છે 'ઔષધ વિચાર ધ્યાન.'

જીવની ચિંતનદશા એ છે પ્રથમ સોપાન. પ્રથમ જીવે પોતાના સ્વરૂપ અને જગતના સ્વરૂપનું ચિંતન કરવું જરૂરી છે. જીવની નિત્યની માંગ અવિનાશી સુખની જ છે. જીવનો સ્વભાવ સુખ છે. તેથી જ જીવ સુખને ઈચ્છે છે. કોઈ પણ જીવ દુ:ખ નહીં ઈચ્છે. વળી કોઈને મરવું ગમતું નથી પણ સદા જીવવું જ પ્રિય છે, શા માટે? આત્મા અમર છે. એ મરતો નથી તેથી જીવની માંગ પણ અમરતાની જ છે. અને ત્રીજું, અનિત્ય પદાર્થ કે અનિત્ય સંબંધો પણ જીવને પસંદ નથી. તે હંમેશાં પદાર્થની નિત્યતા, સંબંધની નિત્યતાને જ ઈચ્છે છે. તેનું કારણ પણ એ જ છે કે જીવનું સ્વરૂપ નિત્ય છે. આત્માનો નાશ થતો નથી. આમ જીવની માંગ નિત્ય સુખની, અવિનાશીપણાની, અમરપણાની તથા નિત્યત્વની છે. એ જ સૂચવે છે કે જીવનું પોતાનું સ્વરૂપ જેવું છે એવું જ એ ઈચ્છે છે. પણ તેને ખબર નથી કે પોતાની ઈચ્છા કેમ પૂરી થાય? એ જે માંગે છે તે શેમાંથી મળે એ ભાન નથી. તેથી એ પુદ્ગલમાં આ બધું શોધવા જાય છે અને પરિણામે નિરાશ થાય છે.

જ્ઞાનીઓએ જીવની આવી દશા જોઈને જ ફરમાવ્યું છે કે જીવે અનુપ્રેક્ષા-વિચારણા કરવી જોઈએ, ભાવના ભાવવી જોઈએ. તે માટે બાર ભાવનામાં સર્વ પ્રથમ અનિત્ય ભાવના મૂકી. જેનું ચિંતન કરવાથી જીવને એ ભાવ આવે કે પોતે નિત્ય-શાશ્વત ચેતન દ્રવ્ય છે. અને પુદ્ગલ અનિત્ય દ્રવ્ય છે. અનિત્યના સંયોગ પણ અનિત્ય જ હોય. જે પોતે અનિત્ય હોય તે

કદી નિત્ય સુખ આપી શકે જ નહીં. આમ પુદ્‌ગલમાં સુખબુદ્ધિ છે તે ટળે. અને તે પછી જીવમાં થતા રાગાદિ ભાવો અનિત્ય છે, જીવને સૂક્ષ્મ અને સ્થૂલ દેહનો સંયોગ અનિત્ય છે. આમ એક પછી એક અનિત્યતાને વિચારતાં વિચારતાં અંતે જીવ નિત્ય એવા ચિદ્રૂપ આત્મા પાસે આવીને અટકે, તેમાં સ્થિર થાય અને સર્વ અનિત્ય ભાવો ટળી જાય. આમ અનિત્યાદિ ભાવનાઓનું ચિંતન છેવટે જીવના શુદ્ધ સ્વરૂપ સુધી દોરી જાય. અને પછી જીવ પોતાના નિર્વિકારી પરમ શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય તે જ ધ્યાન.

આમ પ્રથમ વિચારદશા અને પછી ધ્યાનદશા. વિચારદશા એટલી બળવાન હોય કે જે સર્વથા આત્માને ભિન્ન બતાવતા - બતાવતા આત્માને અસંગદશાનું ભાન કરાવે. આ ભાન આત્માને નિજ ઉપયોગમાં સ્થિર કરે. આત્મામાં રહેલ અનંતજ્ઞાનના પર્યાયો પણ અને એ અનંત પર્યાયો માંહેલો એક પર્યાય એટલે નિજના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન. આવી ધ્યાનદશા પ્રગટે એટલે જીવ પર રહેલ મિથ્યાત્વ દૂર થવા માંડે. રોગ ચાલ્યો જાય. જીવ સમ્યક્‌ત્વદશાને પ્રાપ્ત કરે. જીવની અન્ય કર્મો સામે લડવા માટેની પ્રતિકારશક્તિ પણ વધી જાય. 'હું શરીર નહીં પણ હું તે આત્મા' આવી પ્રતીતિ વર્તવા માંડે. નિજની ભ્રાંતિમાંથી આત્મા બહાર આવે.

હવે આ ભ્રાંતિમાંથી બહાર આવેલો જીવ, નિજને ઓળખ્યા પછી પણ ક્યાં અટવાઈ પડે છે અને તે ભૂલને સુધારવા જીવને શું કર્તવ્ય છે તે અવસરે —

૬



# ભવસ્થિતિ આદિ નામ લઈ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના અનાદિની ભૂલને ટાળી સત્ય સમજણ આપે છે, જેની આત્મભ્રાંતિ ટળી જાય છે તે પુરુષાર્થના સત્ય રાહે ચડી જાય છે. વિના પુરુષાર્થ સિદ્ધિ નથી.

જીવને જાગ્રત કરી, પુરુષાર્થની પ્રેરણા આપતાં શ્રીમદ્‌જી ફરમાવે છે —

**જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ,**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહીં આત્માર્થ...૧૩૦...**

જો પરમાર્થની ઈચ્છા ખરેખર હોય તો, તેને યોગ્ય પુરુષાર્થ થવો જોઈએ. પ્રથમ તો વિચારવું એ ઘટે કે ઈચ્છા છે કે નહીં? ભવના ભ્રમણથી થાક્યા હો અને હવે સંસાર નથી જોઈતો એવી પ્રબળ ઈચ્છા જાગે તો જ આત્મવીર્યનું સ્ફુરણ થાય. કહ્યું પણ છે —

**'જ્યાં ચાહ ત્યાં રાહ.'**

ઈચ્છા હોય ત્યાં રાહ મળ્યા વિના રહે જ નહીં. ઈચ્છા તો સંસારની હોય અને મુખેથી વાતો મોક્ષની થતી હોય તો શું વળે? સંસાર જ મળે, મોક્ષનો માર્ગ મળે નહીં. અને પછી કહે, શું કરીએ? અમારે તો મોક્ષ જ જોઈએ છે, મોક્ષ વિના બીજું કશું જ નથી જોઈતું. પણ આ કાળમાં મોક્ષ નથી તેથી અમારાથી પુરુષાર્થ પણ થતો નથી.

વળી આવા દુષમકાળમાં આત્માર્થ જાગે ક્યાંથી? મોહનીય આદિ કર્મો કેટલાં સતાવે છે? આ કાળ એવો છે કે અહીં મોહનીયને વધારવાના નિમિત્તો મળે પણ તેને ઓછું કરવાના નિમિત્તો ન મળે. વળી સાચા સદ્‌ગુરુ પણ ક્યાં છે અહીં? આ બધા જ વિપરીત સંયોગો છે. આવી વિષમ

પરિસ્થિતિમાં આપણે જન્મયા. હૂંડા અવસર્પિણી કાળ છે ત્યાં મોક્ષનું નામ શું લેવું? આ બધાં જ બહાનાની પાછળ મોક્ષની પ્રબળ ઈચ્છાનો અભાવ છે. અન્યથા માર્ગ મળ્યા વિના રહે નહીં. આ કાળમાં ભલે મોક્ષ ન હોય! પણ મોક્ષની યથાશક્ય આરાધના કરતાં કોણ રોકે છે? આરાધનાનું ફળ તો એવું છે કે જેટલી કરો તે નફામાં જ છે. આ જન્મે જેટલી આરાધના થાય, તેનાથી જેટલી આત્મ-વિશુદ્ધિ થાય, એટલી પછીના જન્મોમાં ઓછી કરવી રહે. તો આરાધના વ્યર્થ જતી નથી.

વળી કેટલાક જીવો એકાંત આગ્રહી હોય, તે એવું સમજી બેઠા હોય કે જ્યારે આપણો સમય આવશે ત્યારે ઓટોમેટિક પુરુષાર્થ થશે અને આપણે મોક્ષે ચાલ્યા જઈશું. જેટલા ભવો કરવાના લખાવ્યા છે તે તો કરવા જ પડે ને? આપણી ભવ-સ્થિતિ પૂર્ણ થશે એટલે કે સંસારમાં રહેવાનો કાળ પૂરો થશે, કાળલબ્ધિ પાકશે એટલે સત્ય રાહે ચડી જઈશું.

આવું માનનારા બહુ મોટા ભ્રમમાં છે. કોઈ પણ વસ્તુ માત્ર કાળ પાકે ને થઈ જાય એવું બનતું નથી. પુરુષાર્થ તો આવશ્યક છે, ને છે જ. કાળના પાકવામાં પણ પુરુષાર્થની અનિવાર્યતા છે. કેટલાક લોકો ક્રમબદ્ધ પર્યાયના નામે બધું જ છોડી, હાથ જોડી બેસી જાય છે. હવે કશું જ કરવાની જરૂર નથી. જ્યારે આપણો કેવળજ્ઞાનરૂપ પર્યાય પ્રગટ થવાનો હશે ત્યારે થશે જ. તેમજ જ્યારે સિદ્ધિ થવાની હશે ત્યારે થશે જ. જ્ઞાનીના જ્ઞાનમાં નિશ્ચિત થઈ ગયું છે તેમ જ થાય. તેમાં ફેરફાર ન થાય.

બંધુઓ! માની લીધું કે જ્ઞાનીના જ્ઞાનમાં જે દેખાયું તે યોગ્ય જ છે. તેમજ થાય! પણ પ્રશ્ન એ છે કે કદી કોઈ જ્ઞાની પાસે જઈને પૂછ્યું? પ્રભો! મારા ભવો તો નિશ્ચિત છે. એટલા ભવો કર્યા પછી મોક્ષ છે જ. પણ વિના પુરુષાર્થે જ આ બધું થઈ જશે? કે પુરુષાર્થ કરવો પડશે? વિચારો! ભગવાન મહાવીરનો આત્મા, પ્રથમ તીર્થંકર પ્રભુ આદિનાથના સમયમાં તેમના પૌત્રરૂપે હતો, ત્યારે જ આદિનાથ ભગવાને કહી દીધું હતું કે આ ચોવીશીના અંતિમ તીર્થંકર થશે. આ નિશ્ચિત હતું, છતાં પ્રભુ મહાવીરને આગલા ભવોમાં જ્ઞાનાદિની કેટલી આરાધના કરવી પડી? અરે! એટલું જ નહીં, જે ભવે તીર્થંકર નામકર્મ ઉદયમાં આવવાનું છે, તીર્થંકર થવાના છે એ ચોક્કસ! વીતરાગ બનવાના છે એ ચોક્કસ! ચરમ



શરીરી છે એ ચોક્કસ! પછી શા માટે બાર વર્ષ અને તેર પક્ષ સુધી આટલી આકરી સાધના કરી? શા માટે ઉપસર્ગ-પરિસહો સહ્યા? તેઓ તો જ્ઞાની હતા, મોક્ષ થવાનો છે તે જાણતા જ હતા. વળી રાજપુત્ર હતા. રાજ્યના સુખ-ભોગમાં પડ્યા રહ્યા હોત તો મોક્ષ ન થાત? અરે! મરુદેવી માતા કંઈ પણ કર્યાવિના હાથીના હોદ્દે કેવળજ્ઞાન પામી મોક્ષે પધારે! ભરતને સાધુ થયા વિના, સાધના કર્યા વિના અરિસાભવનમાં કેવળજ્ઞાન થાય તો મહાવીરને કેમ ન થાય? એમને શા માટે આટઆટલું વેઠવું પડ્યું?

બંધુઓ! મહાવીરની એવી જ ભવિતવ્યતા હતી. એટલાં કર્મો ભોગવવાનાં હતાં. એ કર્મોને તોડવા પુરુષાર્થ કરવાનો હતો. આ બધું જ હતું. તેથી તેમને રાજમહેલમાં કેવળજ્ઞાન ન થયું.

તેથી જ ગાથામાં કહ્યું કે ભવસ્થિતિ પૂરી થશે, ત્યારે મોક્ષ થઈ જ જશે એવા બહાના હેઠળ પ્રમાદી થઈને પડ્યા ન રહેશો, કારણ કોઈ પણ કાર્ય તેના પાંચેય સમવાયો ન મળે ત્યાં સુધી થતું નથી. હા, કોઈ કાર્યમાં એકની પ્રધાનતા અને બીજાની ગૌણતા હોય તે બની શકે, પણ પાંચેય સમવાય કારણોનો સમન્વય થાય ત્યારે જ કાર્ય બને છે.

જૈન પરંપરામાં પાંચ સમવાય કારણો માનવામાં આવ્યાં છે. ૧) કાળ, ૨) સ્વભાવ, ૩) ભવિતવ્યતા, ૪) કર્મ, ૫) પુરુષાર્થ.

વિશ્વમાં એવાં અનેક કાર્યો હોય કે જેમાં કાળ જ કામ કરતો દેખાય. કાળના પાકવાથી જ કામ થયું તેમ વ્યવહારમાં લાગે. પણ ત્યાં કાળની મુખ્યતા હોય અને અન્ય ચાર કારણો ગૌણતાએ હોય, પણ હોય તો ખરાં જ.

કાળની મુખ્યતા દેખાય એવાં કાર્યો જેમ કે : એક સ્ત્રીના ગર્ભમાં બાળક આવ્યું. તે તેના સમયે જ જન્મે, તે પહેલાં કે પછી નહીં : અને ક્યાંક પહેલાં કે પછી જન્મે તો તે અપવાદ હોય. વૃક્ષ માટે બીજ વાવ્યું, એ બીજને પણ જેટલો સમય જોઈએ તેટલો લીધા પછી જ અંકુરિત થાય, પહેલાં નહીં, એ જ રીતે આંબાનું બીજ આજે વાવ્યું અને આ વર્ષે જ તેનાં ફળ ન મળે. કેટલાંક બીજ તરત ફળે છે. દૂધમાં મેળવણ નાખી જમાવો તો તેના સમયે જ દહીં થશે, તાત્કાલિક નહીં. છયે ઋતુઓ પોતાના સમયે જ આવે અને જાય. હેમન્તઋતુમાં ગ્રીષ્મની જરૂર હોય કે વસંતમાં શરદની

જરૂર હોય તો એ આવે નહીં. તેનો સમય થતાં જ આવે!

અરે! તીર્થંકર પરમાત્મા જેવા અનંતવીર્યના માલિકને મૃત્યુ પણ નિશ્ચિત સમયે આવે જ. એક સમય માત્ર પણ મૃત્યુ આઘું-પાછું થઈ ન શકે. આપણા ઈતિહાસમાં એ વાત આવે છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ભસ્મગ્રહ બેસવાનો હતો. ઈન્દ્રોને જાણ થતાં, તેઓ પ્રભુ પાસે આવી પ્રાર્થના કરે છે : 'પ્રભો! ભસ્મગ્રહ બેસવાની તૈયારી છે. આપ બે ઘડીનું આયુષ્ય વધારી દો! આપની હયાતીમાં જો ગ્રહ બેસી જશે તો જૈન ધર્મ પર આપત્તિ નહીં આવે. પણ આપ નિર્વાણ પધારી ગયા પછી ગ્રહ બેસશે તો જૈન ધર્મે ઘણું સહન કરવું પડશે. ધર્મની પડતી થશે!' મહાવીરે જવાબ આપ્યો, 'હે ઈન્દ્ર! આયુષ્યમાં બે ઘડી તો શું? એક સમય પણ હું વધારી શકતો નથી! એ મારા હાથની વાત નથી! કાળ પોતાનું કામ કરશે જ!'

બંધુઓ! પ્રભુ એક સમય પણ આયુષ્ય વધારી શકે નહીં. મૃત્યુનો કાળ નિશ્ચિત હતો તે સમયે જ આવ્યું. તો બધાં કાર્યોમાં કાળની મુખ્યતા દેખાય છે.

બીજું કારણ સ્વભાવ. વસ્તુનો સ્વભાવ જેવો હોય તેવો જ રહે, તેમાં પરિવર્તન ન થઈ શકે. સ્ત્રીને મૂછ કેમ નથી ઊગતી? કે હથેળીમાં વાળ કેમ નથી ઊગતા? આ તેનો સ્વભાવ છે. તેમજ લીમડાના વૃક્ષ પર કેરી અને કેરીના વૃક્ષ પર લીંબોળી કેમ ન આવે. બન્ને પાસે પાસે વાવ્યાં હોય, એક સરખું જ ખાતર, પાણી, હવા, પ્રકાશ મળતાં હોય છતાં આંબામાં કેરી અને લીમડામાં લીંબોળી જ આવે. મોરના પીછાં રંગબેરંગી અને કલાયુક્ત કેમ? કોણે આવાં સુંદર ચીતર્યાં? બોરડીનો કાંટો બીજા બધા કાંટા કરતાં તીક્ષ્ણ કેમ? પર્વત સ્થિર અને વાયુ ચંચળ કેમ? સૂર્ય પૂર્વમાં જ ઊગે અને પશ્ચિમમાં જ આથમે-એમ કેમ? આ બધા જ પ્રશ્નોનું સમાધાન માત્ર એક જ શબ્દ અને તે 'સ્વભાવ', તે-તે પદાર્થોનો તેવો જ સ્વભાવ.

ત્રીજું કારણ ભવિતવ્યતા-નિયતિ. જેની જેવી ભવિતવ્યતા હોય તેમ જ થાય. આંબા પર મોર તો ઘણો આવે, પણ કેટલોક ખરી જાય અને કેટલાકમાંથી કેરી બને. બધો જ મોર કેરી કેમ ન બને? કેટલીક કેરી ખાટી અને કેટલીક મીઠી કેમ?



મનમાં જે વિચાર્યું ન હોય. ઈચ્છ્યું ન હોય એવાં સંયોગો, વસ્તુ કે વ્યક્તિ મળી જાય છે અને જે ઈચ્છતા હોઈએ તે ન પણ મળે, એમ કેમ?

એક માણસ યુદ્ધમાં ગયો હોય! શત્રુઓની વચ્ચે ઘેરાયેલો હોય, ચારે બાજુ શસ્ત્રો ફેંકાતાં હોય તેમાંથી ઊગરીને ઘરે પાછો આવે, અને એક ઘરમાં બેઠો-બેઠો હાર્ટ-એટેક આવે ને ખલાસ થઈ જાય! અને! એક માણસ પ્લેનના ભયંકર અકસ્માતથી બચી જાય. જેમ કે આપણા મોરારજીભાઈ. અને એક માણસને ઠોકર વાગે ને પ્રાણ ઊડી જાય! આ બધાં કાર્યોમાં કામ કરે છે ભવિતવ્યતા. જેની જેવી ભવિતવ્યતા હોય તેમ થાય.

ચોથું કારણ કર્મ. જેનાં જેવાં કર્મો હોય તેવું ફળ તે પામે છે. અનાદિથી જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કર્યા જ કરે છે. સંસારનાં સુખદુ:ખ ભોગવ્યાં કરે છે. રામ જેવા મહાપુરુષને ૧૪ વર્ષ વનમાં રહેવું પડ્યું અને સીતા જેવી સતી માથે કલંક આવ્યું.

ભગવાન આદિનાથ-જેઓ અસીમ પુણ્યો લઈને જન્મ્યા હતા, આદિ તીર્થંકર થયા, આદિ ભૂપ થયા, છતાં દીક્ષા લઈને એક વર્ષ સુધી અન્ન, પાણી ન મળ્યાં. મહાવીર જેનાં ચરણમાં ત્રણ લોક ન્યોછાવર. દેવો અને ઈન્દ્રો તેમની સેવામાં હાજર, છતાં ભરવાડે કાનમાં ખીલા ઠોક્યા. ચંદનબાળા જેવી રાજકુમારીને ચૌટામાં વેચાવું પડ્યું. આ બધાનું કારણ કર્મ.

એક ભૂખ્યો ઉંદરડો ફરતો-ફરતો એક ઘરમાં આવ્યો, ત્યાં એક કરંડિયો જોયો. તેમાં કંઈક ખાવાનું હશે એમ સમજી કરંડિયાને કોતરવા માંડ્યો, તો અંદરથી ખિજાયેલો સાપ નિકળ્યો અને ઉંદરડાને સ્વાહા કરી ગયો. આ કર્મ.

પાંચમું કારણ પુરુષાર્થ. પુરુષાર્થ વિના કંઈ મળતું નથી. સીતાનું અપહરણ થયું. રામે પુરુષાર્થ કરી લંકા પર વિજય મેળવ્યો અને સીતાને છોડાવી. જો પુરુષાર્થ ન કર્યો હોત તો સીતા કદી રાવણના સકંજામાંથી મુક્ત ન થઈ હોત.

તલમાં તેલ તો છે પણ તેને પીલવાનો પુરુષાર્થ થાય તો જ તેલ નીકળે. નાની એવી વેલડી વૃક્ષ પર ચઢે છે અને પોતાનો વિકાસ કરે છે તે પણ પુરુષાર્થ દ્વારા જ.

વ્યવહાર પણ પુરુષાર્થની મહત્તા બતાવતાં કહે છે કે ટીપે-ટીપે સરોવર ભરાય અને કાંકરે-કાંકરે પાળ બંધાય. પુરુષાર્થ વિના ધન-સંપત્તિ, વિદ્યા, સુખ, યશ-કીર્તિ કશું જ મળતું નથી. માટે પ્રત્યેક કાર્ય માટે પુરુષાર્થ જરૂરી છે.

આ પાંચેય કારણો જ્યારે ભેગાં થાય ત્યારે કાર્ય બને છે. કોઈ એક કારણથી કાર્ય બની જતું નથી. હા, એમ બને કે પાંચમાંથી એક કારણ મુખ્ય હોય અને બીજાં ગૌણ હોય, પણ બીજાં કારણોનો સદંતર અભાવ હોય તેવું ના બને.

ઉપાધ્યાય શ્રી વિનય-વિજયજીએ કહ્યું છે -

**એ પાંચે સમુદાય મળ્યા વિણ, કોઈ ન સીઝે કાજ ....**

જેમ કે : સૂતરના તારથી વસ્ત્ર બને છે. તે તેનો 'સ્વભાવ' છે. જ્યારે તેનો કાળ પાકે ત્યારે જ સૂતરમાંથી વસ્ત્ર વણાય. તમારા ગોડાઉનમાં સૂતરનાં રીલો ઘણા સમયથી પડ્યાં હોય તેમાંથી જેનો-જેનો જ્યારે 'કાળ' પાકે ત્યારે જ એટલાં રીલ બહાર આવે અને તેમાંથી વસ્ત્ર વણાય. વળી જો એ તંતુની 'ભવિતવ્યતા' હોય તો જ વસ્ત્ર તૈયાર થાય, અન્યથા કોઈ કારણે એ અધૂરું પણ રહી જાય. મશીન ખરાબ થઈ જાય, કેટલાક રીલના સૂતરમાં એ ભવિતવ્યતા ન હોય તો એ કદી વસ્ત્રરૂપ થાય નહીં. જે માણસ વસ્ત્ર વણી રહ્યો છે તેનો 'પુરુષાર્થ' જોઈએ. બધી સામગ્રી તૈયાર હોવા છતાં જો પુરુષાર્થ થાય જ નહીં તો વસ્ત્ર વણાય નહીં. અને એ વસ્ત્ર આવીને પડ્યું હોય છતાં ભોગવનારનાં 'કર્મ' જોઈએ. જો કર્મ ન હોય તો વસ્ત્ર આવીને પડ્યું હોય છતાં ભોગવી ન શકે. આમ એક વસ્ત્રમાં પાંચે સમવાય કારણો હોય. આ જ રીતે જીવના વિકાસમાં પાંચ કારણો કામ કરે છે. શ્રી વિનય-વિજયજી ઉપાધ્યાય કહે છે -

**નિયતિ વશે હળુ કરમી થઈને, નિગોદ થકી નીકળીયો,**
**પુણ્યે મનુષ્ય ભવાદિ પામી, સદ્‌ગુરુને મળીયો,**
**ભવસ્થિતિનો પરિપાક થયો તવ, પંડિતવીર્ય ઉલ્લસિયો,**
**ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઈને વસિયો,**
**પ્રાણી ! સમકિત મતિ મન આણો, નય એકાંત ન તાણો રે....**

અનાદિથી નિગોદમાં પડેલો જીવ 'ભવિતવ્યતા' ના યોગે હળુકર્મી



થાય અને નિગોદની બહાર નીકળી બાદર એકેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય આદિ યોનિઓમાંથી પાસ થતો-થતો આગળ વધે, તે પછી પુણ્ય 'કર્મ' નો યોગ થતાં મનુષ્યજન્મ પામે. સદ્‌ગુરુનો યોગ પામે. શાસ્ત્રનું શ્રવણ મળે અને એ થતાં થતાં ભવસ્થિતિ પાકતાં 'કાળ' ના યોગે એનું આત્મવીર્ય ઉલ્લસિત થાય એટલે કે 'પુરુષાર્થ' કરવા પ્રેરાય. અંતે એ જીવમાં રહેલ 'સ્વભાવ' રૂપ ભવ્યત્વના કારણે તે મોક્ષ પામે.

આમ નિગોદથી શરૂ કરી મોક્ષ સુધીની યાત્રામાં જીવ પાંચે સમવાયના યોગે, ક્યારેક એક તો ક્યારેક બીજા સમવાયના બળવાનપણાના કારણે લક્ષ્યને પામી જાય છે. કોઈ પણ એક કારણથી મોક્ષ થશે એવા ભ્રમમાં રહેનારનો મોક્ષ કદી ન થાય. માટે જ શ્રીમદ્‌જીએ અહીં કહ્યું કે ભવસ્થિતિનું નામ લઈને આત્માર્થની આરાધના છોડી ન દેશો. પુરુષાર્થ તો કરવાનો જ છે. આપણે જાણતા નથી કે આપણે કેટલો પુરુષાર્થ કરવાનો બાકી છે? આગળ બતાવ્યું તેમ મહાવીર જેવા ચરમશરીરી જીવને, તીર્થંકરત્વ જેવી જબરજસ્ત યોગ્યતા લઈને આવેલ આત્માને પણ આટલો પુરુષાર્થ કરવાનો હતો તો આપણે કેટલો હશે તેની ક્યાં ખબર છે? માટે કોઈ પણ પ્રકારના બહાના વગર અંતરંગમાં મોક્ષને પામવાની પ્રબળ ઈચ્છા જાગ્રત કરી લઈએ અને તે અનુસાર પુરુષાર્થ પણ કરીએ તો જ મોક્ષ પ્રાપ્ય છે.

અહીં શ્રીમદ્‌જી જીવની એક પછી એક ભૂલ સૂચવી રહ્યા છે, તથા એકાંત માન્યતાઓમાં મુંઝાયેલા જીવને મુંઝવણમાંથી બહાર કાઢી રાહ બતાવી રહ્યા છે.

હવે પછી એકાંત વ્યવહાર કે એકાંત નિશ્ચય કાર્યકર નથી પણ બન્નેના સમન્વયાત્મક દૃષ્ટિકોણ જ જીવનો ઉપકારી છે તે અવસરે —

ડ

# તે નિશ્ચય નહીં સાર....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સ્મયગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના દ્રવ્ય-ભાવ બન્ને પ્રકારે થાય ત્યારે જ સંપૂર્ણ બને, અન્યથા એ અધૂરી રહે. દ્રવ્ય તથા ભાવ યથાર્થ રૂપે સાપેક્ષ દૃષ્ટિએ સમજવા જોઈએ.

આત્મસિદ્ધિ શાસ્ત્રના પ્રારંભમાં જ એકાંત જ્ઞાન અને એકાંત ક્રિયાને માનનાર શુષ્ક જ્ઞાનવાદી તથા જડ ક્રિયાવાદીનો ઉલ્લેખ કરી શ્રીમદ્જીએ એ બન્ને ભૂલેલા છે, ભ્રમમાં છે એમ બતાવ્યું. ભૂલેલો જીવ ધારેલા ધ્યેયને વરી શકતો નથી. માર્ગે ચાલતા જીવે માર્ગની પૂરેપૂરી સાવધાની રાખવી જરૂરી હોય છે. ચાહે સંસાર માર્ગ હોય, ચાહે મોક્ષમાર્ગ હોય. ચાહે પગદંડી હોય, ચાહે ધોરીમાર્ગ હોય પણ ક્યાંય દિશાચૂક ન થઈ જાય તે માટે અત્યંત સતર્ક રહેવું જ પડે. જો જરા પણ ચૂકાય તો ક્યારેક એવું બની જાય કે દક્ષિણમાં ચાલતો માનવ પૂર્વ તરફ ચાલવા માંડે. અને તેના ગંતવ્યસ્થાનથી વધુ ને વધુ દૂર થતો જાય. માટે એક-એક ડગ સંભાળીને ઉપાડવું પડે. અધ્યાત્મક્ષેત્રે ચાલતા જીવે પોતાનો માર્ગ તપાસીને પછી જ પગ ઉપાડાય અને ઉપાડ્યા પછી પણ ક્યાંય ચૂકતો નથી તેની પૂરેપૂરી સાવધાની રાખવી જરૂરી છે.

આવી સાવધાની સતત જળવાઈ રહે માટે શ્રીમદ્જી સાધક જીવને ચેતવે છે -

**નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય,**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય....૧૩૧....**

નિશ્ચય-નય કહે છે, આત્મા શુદ્ધ, બુદ્ધ, નિરંજન - નિરાકાર છે. એક, અસંગ અને અખંડ છે. જેવો સિદ્ધનો આત્મા તેવો સહુનો આત્મા. આ અભિપ્રાય ખોટો નથી. પરમ શુદ્ધ નિશ્ચય-નયથી આત્મા આવો જ છે. પણ



વ્યવહારમાં જ્યાં સુધી જીવ સંસારી છે, સિદ્ધ થતો નથી, ત્યાં સુધી તેને ઓળખવા માટે વ્યવહારના આલંબને જ ઓળખાય. શુદ્ધ - બુદ્ધ - નિરંજન - નિરાકાર હોવા છતાં કર્મ સંગે મલિન છે, અજ્ઞાની છે. કોઈ ને કોઈ દેહાકૃતિ ધારણ કરી છે. અનેક જીવ તથા અનેક પુદ્ગલનો સંગ છે. વારંવાર જન્મ-મરણ કરે છે અને તેથી જ આત્મા મનુષ્ય-દેવ આદિરૂપે ઓળખાય છે. સંસારી જીવને ઓળખવા માટે ચારમાંથી કોઈ એક ગતિરૂપ તો તેને કહેવો જ પડે. વાસ્તવમાં આત્મા મનુષ્ય નથી પણ તેણે ધારણ કરેલો દેહ માનવનો છે.

વ્યવહારમાં આવા શબ્દ-પ્રયોગ કરીએ છીએ. પાણીનો ઘડો કહો કે ઘીની બરણી કહો. તો વાસ્તવમાં ઘડો માટીનો છે પણ તેમાં પાણી ભર્યું છે તેથી તેને પાણીનો ઘડો કહ્યો. બરણી કાચની છે પણ તેમાં ઘી છે તેથી તેને ઘીની બરણી કહી. એ જ રીતે આત્મા, આત્મા જ છે. મનુષ્યનો દેહ ધારણ કર્યો છે માટે તે મનુષ્ય કહેવાયો. આવા અનેક વ્યવહારો જીવનમાં ચાલે છે જે સમજવા માટે છે.

આ સમજ્યા પછી સાધક આત્માએ વિચારવાનું એ છે કે નિશ્ચયથી આત્મા શુદ્ધ-બુદ્ધ હોવા છતાં તેનો વર્તમાન પર્યાય અશુદ્ધ છે. તેને શુદ્ધ કરવા માટે, આત્મામાં રહેલ કર્મની મલિનતાને દૂર કરવા માટે સાધન કરવાં જરૂરી છે. જો સાધનનો વ્યવહાર નહીં થાય તો આત્મા ક્યારેય શુદ્ધ નહીં થાય! સાધન શું? આત્માના પરમ શુદ્ધ સ્વરૂપને લક્ષ્યે કરાતો બાહ્ય વ્યવહાર જેવાં કે સંયમ-પાલન, સત્સંગ, રત્નત્રયની આરાધના વગેરે સાધન છે. આ સાધનો વડે સાધના થતી જશે તેમ-તેમ આત્મા શુદ્ધ થતો જશે.

પરંતુ કેટલાક આગ્રહી જીવો આત્માનું સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયે જે બતાવ્યું, તેને માની લઈ એવી પકડ કરે કે હું તો શુદ્ધ, અસંગી સદા નિર્વિકારી છું. મારા સ્વરૂપમાં લેશ માત્ર મલિનતા નથી તો મારે શું જરૂર છે સંયમની? વ્રત-નિયમોની? પ્રત્યાખ્યાન આદિની? અને આવા જીવો સ્વચ્છંદી બની જાય. જીવનમાં તપ-ત્યાગ કે સંયમને ઉતારે નહીં અને વાતો કરે મોક્ષની! તેઓનાં જીવન વિકૃત થઈ જાય.

બંધુઓ! નિશ્ચયના લક્ષ્યે પહોંચી ગયેલો જીવ સાધનને છોડી દે તો બહુ નુકસાન ન કરે, કારણ જેણે લક્ષ્યને સાધી લીધું છે, તેનું જીવન સહજ

ત્યાગ-સંયમમય જ થઈ ગયું હોય. તેને ઉપરથી સંયમનાં વ્રતોનું આરોપણ કરવાની જરૂર ન રહે. પણ જે લક્ષ્યને પહોંચ્યો નથી તેણે પણ સાધન છોડાય નહીં. જો વગર સમજ્યે છોડી દે તો દશા બહુ બૂરી થાય.

તમે ટ્રેનમાં બેસી મદ્રાસથી મુંબઈ જઈ રહ્યા છો.નિશ્ચય-નયના વિચારે ચડ્યા અને તમને લાગ્યું કે સાધનની જરૂર નથી અને અર્ધી રાત્રે જંગલમાં ઊતરી પડો તો શું દશા થાય? અરે! ટ્રેન તો ઠીક પણ પ્લેનમાં બેઠા હો અને નિશ્ચય-નય સાધનને છોડવાનું કહે છે એવું ઊંધું સમજી, આ જ મિનિટે સાધન છોડી દેવું છે એમ વિચારી પ્લેનમાંથી કૂદકો મારો તો લક્ષ્યે પહોંચી જવાય ને? કે પછી કોઈ 'રામ બોલો ભાઈ રામ' કરવાવાળાની પણ જરૂર ન રહે?

વિચારો બંધુઓ! ભૌતિક જીવનમાં સાધન ત્યારે જ છોડીએ છીએ કે ધારેલી મંઝિલે પહોંચી જઈએ. કોઈના લગ્નમાં ગયા હો, સુંદર વસ્ત્ર-આભૂષણો પહેર્યાં હોય! ક્યાં સુધી પહેરી રખાય? લગ્નની વાડીમાં હો ત્યાં સુધી! લગ્ન પતી જાય અને વાડીની બહાર આવી બધું ઉતારી નાખો કે ઘરે પહોંચ્યા પછી? આવા તો જીવનના અનેક વ્યવહારો છે, અને આમાં આપણી સમજણ પૂરેપૂરી કામ કરે છે.

બસ, આ જ રીતે અધ્યાત્મ-સાધનાના ક્ષેત્રમાં જ્યાં સુધી લક્ષ્યને પહોંચ્યા નથી ત્યાં સુધી વ્યવહાર છોડ્યો નથી. ચોવીશ તીર્થંકરોમાંથી કેટલાકને દીક્ષા લીધા પછી બે-ત્રણ-ચાર મહિને કેવળજ્ઞાન થયું છે. તેઓ જાણતા જ હશે ને કે અમુક સમયે કેવળજ્ઞાન થવાનું છે, તો તેઓએ ઘર-બાર છોડી દીક્ષા લેવાની શી જરૂર હતી? ચરમશરીરી આત્મા કેટલી બધી પૂર્વની તૈયારી કરી પધાર્યા હશે, છતાં ચારિત્ર લીધું. પંચમુષ્ટિ લોચ કર્યો. મહાવ્રતોનું પાલન કર્યું. વિહાર આદિ ચર્યાઓનું પાલન કર્યું. એક પણ વ્યવહારનો અપલાપ કર્યો નથી. માટે આપણા જેવા સામાન્ય જીવો માત્ર નિશ્ચયની વાણી સાંભળી હું શુદ્ધ-બુદ્ધ છું. મારે કંઈ કરવાની જરૂર નથી, એમ કહી વ્રત-નિયમ-પ્રત્યાખ્યાન છોડી દે એ કેમ ચાલે?

બંધુઓ! માફ કરજો! પણ કેટલાક તો એવું સમજતા અને સમજાવતા થઈ ગયા છે કે વ્રત-નિયમ એ આશ્રવનું કારણ છે! પણ હું એમને પૂછું છું કે વ્રત-નિયમ આશ્રવનું કારણ તો અવ્રત અને સ્વચ્છંદ તે શાનું કારણ? સંવરનું? કયા શાસ્ત્રમાં લખ્યું છે કે અવ્રતે - સ્વચ્છંદી થઈને વર્ત્યો જાય



તેને સંવર થાય! અરે! વિચારો તો ખરા! વ્રત-નિયમ યથાર્થ થાય તો સંવરનું જ કારણ હોય! અવ્રતનો આશ્રવ જાય અને વ્રતરૂપ સંવર થાય. પણ વ્રત-નિયમ યથાર્થ ન થાય, તો પણ પાપ આશ્રવ તો અટકે ને? પુણ્યનો આશ્રવ ન થવા દેવા માટે, પાપના આશ્રવને પણ ન રોકવો એ ક્યાંનો ન્યાય? બંધુઓ! બહુ ભૂલાવામાં છીએ. આવું સાંભળી, વ્રત-નિયમને આશ્રવનું કારણ સમજી, તેનો અપલાપ કરીશું તો સંસાર જ વધશે! મોક્ષ તો હશે તેનાથી પણ દૂર જશે, એ સમજવું ભૂલશો નહીં!

તેથીજ શ્રીમદ્જી કહે છે, નિશ્ચયના લક્ષે સાધન કરવાના જ છે. સાધનનો અપલાપ ન કરશો. નિશ્ચયનું જ્ઞાન જરૂરી છે, તો વ્યવહારનું આચરણ જરૂરી છે. માત્ર નિશ્ચયને જાણી વ્યવહાર છોડી દેશો તો પણ ભૂલમાં અને વ્યવહાર કરતાં રહી નિશ્ચયનું લક્ષ્ય નહીં રાખો તો પણ ભૂલમાં! માટે આત્માની શુદ્ધિ અર્થે રાગ-દ્વેષનો ક્ષય કરવો છે અને એ માટે વ્રત-નિયમ-સંયમનું પાલન કરવું છે. આ બન્નેને યથાર્થ રીતે સમજવા માટે જ આ શાસ્ત્રની રચના થઈ છે. તેઓ કહે છે -

**નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;**
**એકાંતે વ્યવહાર નહીં, બન્ને સાથ રહેલ...૧૩૨**

**ગચ્છમતની જે કલ્પના, તે નહીં સદ્વ્યવહાર;**
**ભાન નહીં નિજ રૂપનું, તે નિશ્ચય નહિ સાર....૧૩૩....**

પ્રથમ તો એ સમજવું ઘટે કે એકાંત આગ્રહી જીવોની દુર્દશા જોઈ શ્રીમદ્જીના અંતરમાં કરુણા વ્યાપી છે. એવા જીવોને સત્ય સમજાય એવી રીતે આત્મસિદ્ધિ શાસ્ત્રમાં તેઓએ વ્યવહાર તથા નિશ્ચયને સાંકળી લીધાં છે. જૈનદર્શન અનેકાંતવાદી દર્શન છે. સાત નયના સાતસો નય અને તેના અનંત નય કરી અહીં તત્ત્વનું વિવેચન કર્યું છે. કોઈ પણ નયનો અપલાપ કર્યો નથી. અપલાપ કરતાં તે નયાભાસ થઈ જાય. તેથી તત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજી ન શકાય. નયાત્મક મુખ્ય બે દૃષ્ટિકોણ વડે આ શાસ્ત્રમાં આત્માની ચર્ચા કરી છે. તેથી શ્રીમદ્જી કહે છે કે અહીં નથી તો એકાંત નિશ્ચયનય કે નથી એકાંત વ્યવહારનય. પણ બન્ને પોત-પોતાને સ્થાને યથાર્થ રૂપથી બતાવેલ છે.

શ્રીમદ્જીની આ દૃષ્ટિ અદ્ભુત છે. તેઓ જ્ઞાની હતા. પંચમકાળના

ભાવો જાણતા હતા. આજના માનવનું મનોવિજ્ઞાન જાણતા હતા. તેથી એકાંત આગ્રહી માણસો ખોટા રસ્તે જ છે એમ ભારપૂર્વક કહી તેઓની આંખ ઉઘાડવા માગે છે. વળી વ્યવહારને માનનાર પણ વ્યવહારમાં ક્યાં ભૂલ્યો છે અને નિશ્ચયને માનનાર નિશ્ચયમાં ક્યાં ભૂલ્યો છે એ પણ બતાવવું છે. એક તો માત્ર વ્યવહારને માનતો હોય એટલે ખોટો તો ખરો જ, પણ વ્યવહારમાંય સદ્વ્યવહારને ન સમજતો હોય તેથી તો બિલકુલ ખોટો. એવી જ રીતે એકાંતે નિશ્ચયને માનનાર ખોટો જ, પણ નિશ્ચયમાં પણ યથાર્થ નિશ્ચય શું છે તેનુ જેને ભાન ન હોય તેથી તેય બિલકુલ ખોટો.

આમ, આ કાળમાં પ્રવર્તતી આવી માન્યતાઓને સ્પષ્ટપણે પ્રગટ કરે છે.

પોતે માનતો હોય તે ગચ્છ-મત કે સંપ્રદાયના આચાર-વિચાર તે વ્યવહાર. આવી માન્યતાઓ જીવની હોય છે. પણ જ્યાં દુરાગ્રહ છે ત્યાં વ્યવહાર પણ શુદ્ધ નથી. આપણા જૂના ગચ્છોમાં પોત-પોતાની સમાચારીથી જ ધર્મ થાય, અન્યથા નહીં તેમ એકાંતપણે માને છે. શ્વેતામ્બર હોય કે દિગમ્બર, સ્થાનકવાસી-મૂર્તિપૂજક કે તેરાપંથી સહુ પોતપોતાની પકડ લઈને આગ્રહપૂર્વક કહે કે અમે જે સમાચારીનું પાલન કરીએ છીએ એ જ પ્રભુની બતાવેલી છે. એ જ જિનાજ્ઞા છે. બીજી નહીં, માટે અમે સાચા અને બીજા બધા જ ખોટા. તો આ કાળે નીકળેલ અન્ય અનેક નવા નવા પંથવાળા એમ કહે તે તત્ત્વ તો અમારી પાસે જ છે. અરે! માફ કરજો બંધુઓ! પણ એક જ મત કે પંથને માનનાર પણ એમ કહે કે અમારું ગ્રુપ જે જાણે છે તે બીજો જાણતો નથી. અમારા ઈષ્ટદેવે જે ગુપ્ત તત્ત્વ પ્રબોધ્યું છે તે માત્ર અમારું મંડળ જ જાણે છે, બીજું નહીં. અમે જે રીતે સ્તુતિ-ભક્તિ કરીએ છીએ એ જ બરાબર, બીજા બધા જૂઠા. જ્યાં આવી ભ્રાંતિ ફેલાવતાં હોય, ઈષ્ટદેવના નામે પરસ્પર વૈમનસ્ય ઊભાં થતાં હોય, એકાંતિક આગ્રહ કરીને બીજા પ્રત્યે દ્વેષાદિ સેવતાં હોય તેને કેવા કહેવા? યાદ રાખજો! આ પણ ભૂલેલા છે. ગમે તેવી વાતો કરતા હોય પણ તેમનો વ્યવહાર પણ જૂઠો અને તેમનો નિશ્ચય પણ જૂઠો!

ખરેખર! આ કાળમાં જ્ઞાનીનો વિયોગ છે : એ જ આપણી મોટી કમનસીબી છે. જ્ઞાની અને અજ્ઞાનીમાં આટલો જ ભેદ. શ્રીમદ્જી કહે છે :

**''ગચ્છના ભેદ જ્ઞાનીઓએ પાડ્યા નથી....અજ્ઞાનીને મતભેદ કરતાં વર લાગતી નથી.''**



આવા મત-મતાંતરોમાં રાચી પોતાનો મત જ સાચો એવો કદાગ્રહ તે વ્યવહાર નહીં પણ નિશ્ચયને પામવા માટે જીવમાં જે દશા પ્રગટવી જોઈએ અને એ દશાને પ્રગટાવવા માટે જે પુરુષાર્થ-તે જ વ્યવહાર, સદ્વ્યવહાર. તે માટે આ જ શાસ્ત્રમાં શ્રીમદ્જી કહી ગયા છે : 'કષાયની ઉપશાંતતા....' આદિ. એવી દશા જે જીવમાં પ્રગટે તે સદ્વ્યવહાર.

એ જ રીતે નિશ્ચય શું છે? જેવો દેહનો અનુભવ છે તેવો આત્માનો અનુભવ નથી. વૈરાગ્યાદિ સાધનોને પામ્યા નથી અને માત્ર હું ચૈતન્ય સ્વરૂપી આત્મા, સર્વથા અસંગ, શુદ્ધ, બુદ્ધ છું - આવું વાણી દ્વારા બોલ્યા કરવું તે નિશ્ચય નથી. નિશ્ચયની દશા એ તો અનુભવની દશા છે. પોતે પોતાને અનુભવે તે જ આંશિક નિશ્ચયને પામ્યો તેમ કહેવાય. સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા: આ પાંચ લક્ષણો જેના જીવનવ્યવહારમાં પણ ઉતરી ગયા હોય, તેને નિશ્ચયનું લક્ષ થયું છે. બાકી વાતો તો બહુ મોટી કરે પણ જીવનવ્યવહારના ક્યાંય ઠેકાણાં ન હોય!

ઘણાં વર્ષો પહેલાં એક ભાઈ મુંબઈમાં મળ્યા હતા. તેમની સાથે કંઈક ચર્ચા ચાલી. સાધુઓની સમાચારી તથા સમાજ સાથેના વ્યવહારની. તો તે ભાઈ કહે : 'મહાસતીજી! આત્માના આંગણામાં આવા વ્યવહારો હોય?' મેં તેમને કહ્યું : 'ભાઈ! સાધુ સમાજ વચ્ચે બેઠા છે. સમાજ સાથે કંઈક આદાન-પ્રદાનનો વ્યવહાર છે. જો એ વ્યવહારથી છૂટવું હોય તો આનંદઘનજીની જેમ સમાજ છોડી જંગલમાં ચાલ્યા જવું જોઈએ! જ્યાં સુધી એ નહીં બને ત્યાં સુધી મને-કમને બધા જ વ્યવહારો જાળવવા પડે! પણ હું તમને પૂછું છું કે આટલી નિશ્ચયની વાતો જાણો છો તો આત્માના આંગણામાં, કાળાં-ધોળાં કરવાં પડે એવો વેપાર-ધંધો હોય?' ઉત્તરમાં મૌન!

બંધુઓ! વાતથી બીજાને રીઝવતાં બધાને આવડે, પણ જ્યારે વાસ્તવિકતા સામી આવે ત્યારે માણસ જેવો હોય તેવો ઉઘાડો પડી જાય. ધર્મ-આરાધના એ કંઈ ખાવાના ખેલ નથી, નાના બાળકની રમત નથી. એ તો ખાંડાના ખેલ છે. નિશ્ચયને વાણીમાં ઉતારી દેવો તો સહેલો છે, પણ નિજાનુભૂતિ કરી સ્વને પામી લેવો એ જ મુશકેલ છે.

જેણે સ્વના આલંબને જીવન-વ્યવહાર રાખ્યો છે તેમનું જીવન તો અદ્ભુત હોય. જીવનના વ્યવહારો બધા જ જાળવવા પડે પણ તેમાં વિવેક હોય.

શ્રીમદ્ રાજચંદ્રજીના વ્યાપારી જીવનનો એક પ્રસંગ. તેઓ ઝવેરાતનો ધંધો મુંબઈમાં કરતા હતા. એક વખત એક આરબ સાથે મોતીનો સોદો કર્યો. પેલો આરબ સોદો પતાવી દુકાને જઈ મોટાભાઈને આ સોદાની વાત કરે છે. સાંભળી મોટો ભાઈ ગુસ્સે થાય છે. નુકસાનીનો ધંધો કર્યો છે. આમ ન કરાય. નાનો ભાઈ ગભરાયો શું કરવું? તે ડરતો ડરતો શ્રીમદ્જી પાસે આવે છે. દુકાને આવ્યો પણ મોઢું ઉતરી ગયું છે. બોલી શકતો નથી. શ્રીમદ્જી પૂછે છે, 'શું વાત છે ભાઈ?' પેલો કહે છે, 'રાયચંદભાઈ! હું તમારી સાથે આ સોદો કરીને ગયો પણ મોટાભાઈ ના કહે છે. આમાં તો અમને નુકસાની થાય છે.' 'ઓહો! એમાં શું આટલા ગભરાયા? લાવો આપનું લખાણ!' અને શ્રીમદ્જીએ લખાણનો કાગળ લઈ ફાડી નાખ્યો. 'જાવ, તમે છુટ્ટા. રાયચંદ દૂધ પીએ છે, કોઈનું લોહી નથી પી શકતો.' બંધુઓ! આરબ વેપારીને મૂંઝવણમાંથી ઉગારી લીધો. પોતાને મળતો લાભ જતો કર્યો.

વિચારજો! એ વેપારી હતા. તેમને પણ મોટા પરિવારનું પાલન-પોષણ કરવાનું હતું. એ ત્યાગી નો'તા થઈ ગયા છતાં તેમનું લક્ષ્ય આત્મા તરફ હતું. કોઈના જીવને કકળાવી પૈસો મેળવતાં એ શીખ્યા નો'તા. હું તમને પૂછું છું કે આત્માની વાતો કરનારા નિશ્ચયનયવાદીઓના જીવન કેવાં? કાળાં-ધોળાં કરી, કોઈનાં ખૂન ચૂસી પૈસા ભેગા કરનારા તેમાં કેટલા? ગરીબો અને દીનોની આંતરડીને કકળાવનારા કેટલા? અને કરુણા-પ્રેમથી સહુને શાંતિ આપનારા કેટલા? કે પછી એવો જ હિસાબ રાખ્યો છે કે ધર્મના સ્થાને ધર્મ અને ધંધાના સ્થાને ધંધો!

બંધુઓ! ધંધામાં ધર્મ ન વણાય ત્યાં સુધી આત્માની વાતો કરવાનો અધિકાર મળતો નથી. માટે જ જેણે ખરેખર આત્માને પામવો છે તેણે જીવનમાં સાત્ત્વિકતા ઉતારવી પડશે.

અહીં શ્રીમદ્જી વ્યવહાર અને નિશ્ચયને સમન્વયાત્મક દૃષ્ટિકોણથી રજૂ કરે છે. સદ્ વ્યવહારને તથા યથાર્થ નિશ્ચયને સમજી નિશ્ચયના લક્ષે સાધન કરે તો જ આત્માર્થ સાધી શકાય છે.

હવે જીવનો પુરુષાર્થ કેવું સુફળ આપે છે તે અવસરે —



# આગળ જ્ઞાની થઈ ગયા...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમયગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સંપૂર્ણ જ્ઞાનદશાને જાગ્રત કરે છે. જ્ઞાયકતા એ આત્માનો ગુણ, જગતના સર્વ જ્ઞેયો આત્માના જ્ઞાનમાં ઝળકે. જ્ઞાન એ આદર્શ છે, અને જ્ઞેયો આદર્શમાં પડતાં પ્રતિબિંબ છે. તેથી જ આત્મા જડ અને ચેતન સર્વ પદાર્થોને જાણે.

આત્મામાં અનંત જ્ઞાનશક્તિ છે, સંસારી જીવની આ જ્ઞાનશક્તિ અવરાયેલી છે. જ્ઞાનાવરણીય કર્મે આ શક્તિને આચ્છાદિત કરી છે. જેમ જેમ કર્મનું આવરણ પાતળું પડતું જાય તેમ-તેમ જ્ઞાનશક્તિનો વિકાસ થતો જાય છે. જ્ઞાન, જ્ઞાન સ્વરૂપે એક હોવા છતાં ક્રમે ક્રમે વિકાસ પામતું હોવાથી, તેમજ વિષય અને સાધનાની ભિન્નતા હોવાના કારણે જ્ઞાનના પાંચે ભેદ શ્રી નન્દીસૂત્રમાં શ્રી પ્રભુએ ફરમાવ્યા છે.

**नाणं पंचविहं पन्नत्तं, तंजहा-आभिणीबोहिय नाणं,**
**सुयनाणं, ओहिनाणं, मणपज्जवनाणं केवलनाणं ।**

૧) આભિનિબોધમતિજ્ઞાન, ૨) શ્રુતજ્ઞાન, ૩) અવધિજ્ઞાન, ૪) મન:પર્યવજ્ઞાન, ૫) કેવળજ્ઞાન.

મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન, પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનની સહાયથી થાય છે. પ્રથમ મતિજ્ઞાન. પાંચ ઈન્દ્રિય અને મનથી ગ્રહણ કરાયેલ વિષય બૌધ્ધિક ધારણામાં બની રહે તે, એટલે કે બુદ્ધિ જેને ધારી રાખે તે મતિજ્ઞાન, અને એ જ પાંચ ઈન્દ્રિય અને મનથી, શબ્દોલ્લેખ સહિત અર્થાત્ શાસ્ત્ર-આગમ ગ્રન્થોના આધારે, ઉપદેશ વગેરેથી જે જ્ઞાન થાય છે તે શ્રુતજ્ઞાન.

મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન હોય છે. જ્યાં મતિ ત્યાં શ્રુત, અને જ્યાં શ્રુત ત્યાં મતિ, બન્ને સહભાવી જ્ઞાન છે. એક હોય ત્યાં બીજું હોય જ. કોઈ

પણ જીવને બેમાંથી એક જ જ્ઞાન હોય તેમ બનતું નથી. દરેક સંસારી જીવોને આ બન્ને જ્ઞાન હોય જ છે, તે નિગોદમાં પડેલો સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ હોય કે માનવરૂપે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ હોય, પણ કોઈ જીવ જ્ઞાનિવહોણો ન હોય. તેનું કારણ એ છે કે જ્ઞાન એ આત્માનો ગુણ છે. ગુણ દ્રવ્યથી જુદો પડે નહીં. સર્વથા લુપ્ત થાય નહીં. વિશેષતા એટલી કે જે જીવ સમકિતી છે તેનાં મતિ-શ્રુતજ્ઞાન પણ સમ્યક્ હોય. તે જીવ મતિ-શ્રુતજ્ઞાન વડે દ્રવ્યની યથાર્થતાને જાણતો હોય, તેના ગુણપર્યાયને જાણતો હોય. જ્યારે મિથ્યાત્વી જીવ પોતાના મતિ-શ્રુત જ્ઞાન વડે પદાર્થોને જાણે તે તેના બાહ્ય સ્વરૂપને, તેની વર્તમાન ઉપયોગીતા વિષે જાણતો હોય. અરે ! કદાચ ભૂત-ભવિષ્યની અવસ્થાઓને પણ જાણતો હોય પણ તત્ત્વત: પદાર્થ શું છે તેની તેને ખબર ન હોય. જેમ જડ પદાર્થનું આંતર સ્વરૂપ ન જાણતો હોય તેમ ચેતન આત્માને પણ ન જાણતો હોય. 'હું આત્મા છું' એવો અનુભવ ન હોય. દેહાત્મ બુદ્ધિ ટળી ન હોય તેથી જ તેનાં મતિ-શ્રુતને મતિ અજ્ઞાન-શ્રુત અજ્ઞાન કહેવાય. અને સમ્યક્ત્વી જીવને 'હું આત્મા છું' નો અનુભવ તેના મતિ-શ્રુતમાં થઈ ગયો હોય તેથી તેનાં મતિ-શ્રુત, મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન કહેવાય.

મતિ-શ્રુતજ્ઞાન થવામાં બાહ્ય કારણો જેમ ઈન્દ્રિય અને મન છે તેમ આંતર કારણ છે મતિજ્ઞાનાવરણીય તથા શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ. અર્થાત્ મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન પર જે કર્મના પરદા પડ્યા છે તે જેમ-જેમ છેદતો જાય તેમ-તેમ આત્મામાં પડેલ જ્ઞાન પ્રગટ થતું જાય. સર્વ સંસારી જીવોને મતિ-શ્રુત જ્ઞાન અથવા અજ્ઞાન તો હોય જ છે. પણ સહુનો ક્ષયોપશમ એકસરખો ન હોય, તેમાં તારતમ્યતા હોય તેથી બધાનાં આ જ્ઞાન પણ એક સરખાં નથી.

જેમ કે બુદ્ધિ. બુદ્ધિ એ મતિજ્ઞાનનો પ્રકાર છે. નાના-મોટા જીવોમાં બુદ્ધિ તો દેખાય છે પણ સહુમાં સરખી નથી દેખાતી. સહુ માનવોમાં પણ એકસરખી નથી હોતી. કારણ એ જ કે મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ બધા જ માનવોનો એકસરખો નથી હોતો.

વળી એક પ્રશ્ન થાય કે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવમાં મતિ-શ્રુતજ્ઞાન કેવી રીતે હોય ? આ જીવને પણ એક ઈન્દ્રિય તો છે જ. પોતાની એ ઈન્દ્રિય



દ્વારા વિષયને ગ્રહણ કરે છે. જ્યાં ઈન્દ્રિયના વિષયને ગ્રહણ કરવાપણું છે ત્યાં જ્ઞાન હોય જ. ઈન્દ્રિયથી ગ્રહણ કરાયેલા વિષયને જીવ ભોગવે છે. ભોગ છે ત્યાં જ્ઞાન છે. વેદકતા છે. જ્ઞાન ન હોય, વેદકતા ન હોય, તો ભોગ પણ ન હોય. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ પણ સ્પર્શેન્દ્રિથી ગ્રહણ કરાયેલા વિષયને કાયયોગ દ્વારા ભોગવે છે. માટે તેને પણ અક્ષરના અનંતમા ભાગ જેટલું પણ જ્ઞાન ખુલ્લું છે.

એકેન્દ્રિયથી જેમ-જેમ જીવ આગળ વધતો જાય તેમ-તેમ તેને વધુ ઈન્દ્રિયો મળે, એટલા જ ઈન્દ્રિયોના વિષય મળે, તેનો ભોગ અને સંવેદન વધતું ચાલે. આ બધું જ મતિ-શ્રુત જ્ઞાનાવરણીયના ક્ષયોપશમના કારણે મળે છે, તેથી મતિ-શ્રુત જ્ઞાન પણ વધતું જાય છે.

મનુષ્ય પંચેન્દ્રિય જીવને ઈન્દ્રિયો-મન, બુદ્ધિ-બધી જ વિશિષ્ટ શક્તિઓ મળી, તેના દ્વારા જ્ઞાન કરી શકાય તેવા વિષયો પણ વધુ મળે, તેની વેદકશક્તિનો પણ વિકાસ થયો હતો. શારીરિક, માનસિક, ઉપરાંત બૌદ્ધિક સંવેદન માનવને હોય. આ સૂચવે છે કે માનવને મતિ-શ્રુત જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ સૌથી વધારે છે. માનવને બધી શક્તિઓ બીજા જીવની અપેક્ષાએ વધુ વિકસિત હોય છે. તેથી માનવ જો પુરુષાર્થ કરી મોહનીયનો ક્ષયોપશમ કરે તો તેનું મતિ-શ્રુત અજ્ઞાન મટી જ્ઞાન થઈ જાય. તેથી જ માનવને મળેલું મતિ-શ્રુત અત્યંત ઉપકારી છે. એ જ્ઞાન વડે જ એ પોતાને અનુભવી શકે છે, વેદી શકે છે. ચારથી ચૌદ ગુણસ્થાન સુધીના સ્વરૂપને પણ એ જ જ્ઞાનથી જાણી શકે છે. આગમોના રહસ્યો આ જ્ઞાન વડે જ ઉકેલી શકે છે. સદ્ગુરુનો ઉપદેશ પણ આ જ્ઞાન વડે જ સાંભળે, ચિંતવે, આચરે અને સિદ્ધત્વને પ્રાપ્ત કરે.

અવધિ કે મન:પર્યવજ્ઞાન ન હોય તેવો પણ માત્ર મતિ-શ્રુત જ્ઞાનના આધારે આત્મવિકાસ કરતો સર્વજ્ઞતા સુધી પહોંચી શકે અને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પામી લે.

આમ જીવ માટે ઉપકારી હોય તો મતિ-શ્રુત બે જ જ્ઞાન. બીજાં બે જ્ઞાન, જ્ઞાનશક્તિના વિકાસરૂપ ભલે હોય પણ સિદ્ધિ થવામાં કાર્યકારી નહી.

જ્યારે જ્ઞાનની ચર્ચા ચાલી છે તો અવધિ અને મન:પર્યવજ્ઞાન વિષે

પણ વિચારી લઈએ. જે જ્ઞાન ઈન્દ્રિય અને મનની સહાયતા વિના જ, રૂપી પદાર્થોને અમુક મર્યાદા સુધી જોઈ શકે તે અવધિજ્ઞાન. આ જ્ઞાન અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે. સહુ જીવનો ક્ષયોપશમ એકસરખો નથી હોતો માટે તેના છ પ્રકાર કર્યા છે. ૧. અનુગામી, ૨. અનનુગામી, ૩. વર્ધમાન, ૪. હાયમાન, ૫. પ્રતિપાતિ અને ૬. અપ્રતિપાતિ.

એક જીવને જે સ્થાનમાં જેટલું અવધિજ્ઞાન થયું હોય, તેટલું અવધિજ્ઞાન, તે સ્થાન છોડીને આગળ-પાછળ જાય તો પણ સાથે રહે. જેમ કે એક સાધકને ચારે દિશામાં ૩૦૦ K.M. જોઈ શકે તેટલું અવધિજ્ઞાન થયું હોય અર્થાત્ પોતે જે જગ્યાએ છે ત્યાંથી ચારે બાજુ ૩૦૦ - ૩૦૦ K.M. માં શું શું છે ? શું બની રહ્યું છે ? શું બનશે ? વગેરે રૂપી પદાર્થ તથા તેના પર્યાયોને જાણે. એ સ્થાનથી ઊઠી બીજે સ્થાને જાય તો પણ જ્યાં જાય ત્યાંથી ચારે બાજુ એટલું જાણે, જેમ હાથમાં દીવો લઈને ચાલનાર માણસ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં દીવાનો પ્રકાશ પણ સાથે જ રહે. આ અનુગામી અવધિજ્ઞાન.

જે સ્થાનમાં અવધિજ્ઞાન થયું હોય ત્યાંથી જ તેટલું જોઈ શકે પણ સ્થાન છોડીને બીજે જાય તો ન જોઈ શકે. ફરી પાછો એ સ્થાનમાં આવે તો ત્યાંથી જોઈ શકે. જેમ કોઈ માણસ દીવાને પાસે લઈને બેઠો હોય તો જ્યાં બેઠો હોય ત્યાંથી આસપાસ જોઈ શકતો હોય પણ દીવો ત્યાં જ પડ્યો રહે અને પોતે ઊઠીને ચાલતો થાય તો આગળ કાંઈ દેખી શકે નહીં. ફરી પાછો મૂળ સ્થાને આવે ત્યારે જોઈ શકે. આ અનનુગામી અવધિજ્ઞાન.

અવધિજ્ઞાન થયા પછી અંતરના પુરુષાર્થના જોરે અવધિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ વધતો જ રહે તો જેટલું અવધિજ્ઞાન થયું હોય તેથી વધતું જાય. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ચારેય પ્રકારે વૃદ્ધિ થતી રહે તે વર્ધમાન અવધિજ્ઞાન. તેનાથી ઊલટું એટલે કે આત્મપરિણામો મંદ થતાં જાય તેથી ક્ષયોપશમ વધવાને બદલે ઘટે તો જેટલું અવધિજ્ઞાન થયું હોય તે ધીમે ધીમે ઓછું થતું જાય તે હાયમાન અવધિજ્ઞાન.

એક વખત અવધિજ્ઞાન થયા પછી, ફરી અવધિજ્ઞાનાવરણીય કર્મનું આવરણ આવી જતાં, એ જ્ઞાન ચાલ્યું જાય તે પ્રતિપાતિ અવધિજ્ઞાન અને



એકવાર આવેલું અવધિજ્ઞાન કદી જાય નહીં. પણ અંત સુધી રહે, અર્થાત્ તે અવધિજ્ઞાન - પરમ અવધિરૂપ થઈ અંતે કેવળજ્ઞાનમાં પરિણત થઈ જાય તે અપ્રતિપાતિ અવધિજ્ઞાન.

મનુષ્ય અને તિર્યંચને આ અવધિજ્ઞાન વિશિષ્ટ પ્રકારની સાધના વડે જ્યારે અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય ત્યારે થાય છે. છ ભેદમાંથી કોઈ પણ અવધિજ્ઞાન થઈ શકે. તેમાં પણ મિથ્યાત્વી જીવના અવધિજ્ઞાનને અવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાન કહ્યું અને સમ્યક્ત્વી જીવના અવધિજ્ઞાનને અવધિજ્ઞાન કહ્યું.

દેવ અને નરકગતિમાં ક્ષેત્ર સ્વભાવના કારણે એ ભૂમિમાં જન્મ લેતાંની સાથે જ અવધિજ્ઞાન હોય છે. અંતરંગ કારણરૂપ અવધિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તો ખરો જ, પણ બહિરંગ કારણ માત્ર ત્યાં જન્મ થવો તે છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે દેવ તો ઘણાં પુણ્ય કરીને ત્યાં ઉત્પન્ન થયા હોય તેથી તેને અવધિજ્ઞાન હોય તે તો ઠીક ! પણ મહાપાપો કરી નરકમાં ઉત્પન્ન થતા જીવને અવધિજ્ઞાન કેમ હોઈ શકે ? આ પ્રશ્નના ઉત્તરમાં એક વાત તો એ સમજી લઈએ કે અવધિજ્ઞાન થવું તે પુણ્યનું પરિણામ નથી. પુણ્યશાળી જીવને અવધિજ્ઞાન થાય તેમ નથી. કારણ અવધિજ્ઞાન એ ઔદયિકભાવ નથી પણ ક્ષયોપશમિકભાવ છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જ્ઞાન થાય, પુણ્યના ઉદયથી નહીં. તેથી દેવને અવધિજ્ઞાન હોય તે પુણ્યના કારણે નહીં. પણ તે ક્ષેત્રના સ્વભાવે. હવે નારકીને પણ અવધિજ્ઞાન હોઈ શકે, કારણ ત્યાં પુણ્યના ઉદયની જરૂર નથી. નરકનું ક્ષેત્ર જ એવું છે કે ત્યાં ઉત્પન્ન થતો જીવ ગમે તેટલાં ભયંકર પાપ લઈને આવ્યો હોય પણ અવધિજ્ઞાન તો થાય જ.

જેમ પક્ષીયોનિમાં જન્મતા જીવને પાંખ હોય જ. માનવ કરતાં ઓછા પુણ્યવાળા હોવા છતાં તેની યોનિ જ એવી છે ત્યાં જન્મે એટલે પાંખ તો હોય જ. આપણને ક્યારેક એમ થાય કે પક્ષીઓને મળેલી આ શક્તિ કેવી જબરદસ્ત છે ! હજારો માઈલની યાત્રા બહુજ થોડા સમયમાં કરે છે. સાંભળ્યું છે કે ડિસેમ્બર-જાન્યુઆરીના મહિનાઓમાં અન્ય પ્રદેશોમાં જ્યારે બહુ જ ઠંડી હોય છે ત્યારે પક્ષીઓ હજારો માઈલોની યાત્રા થોડા જ

દિવસમાં કરી અહીં ભારતમાં આવે છે. બે-ત્રણ મહિના રહી ફરી પોતાના દેશમાં પહોંચી જાય છે. બંધુઓ ! આપણને પણ પાંખ હોત તો દુનિયાનો એક પણ દેશ જોયા વગર બાકી રાખ્યો ન હોત. પણ અફસોસ ! આપણને આ શક્તિ ન મળી.

તો જેમ પક્ષીની યોનિ એવી છે કે તેમાં જન્મે એટલે પાંખ મળે જ મળે, તેમ નારકી કે દેવલોકમાં જીવ ઉત્પન્ન થાય એટલે તેને અવધિજ્ઞાન હોય જ હોય. દેવો અવધિજ્ઞાન વડે પોતાના પૂર્વભવોને જુએ, બીજાના પણ જુએ. વળી સમકિતી દેવો પોતાના જ્ઞાન વડે આ મૃત્યુલોકમાં તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, મોક્ષ આદિના સમયને જાણી એ મહોત્સવ કરવા આવે.

નારકી જીવો પણ અવધિજ્ઞાન દ્વારા પોતાના પૂર્વભવોને જોઈ, પૂર્વે જેની સાથે વેર બંધાણું હોય તે જીવ પણ ત્યાં નરકમાં ઉત્પન્ન થયો હોય તો પૂર્વનું વેર યાદ કરી તેનો બદલો લે. નરકગતિમાં વેરનો બદલો જેટલો લેવાય તેટલો બીજે ન લઈ શકાય. માનવ કે પશુ યોનિમાં વેરનો બદલો વાળવા જીવ શું કરી શકે ? બહુ બહુ તો જેના પ્રત્યે વેર છે તેને જાનથી મારી નાખે. તેથી પણ વધુ ખુન્નસ ચડે તો મારેલા શબના ટુકડે-ટુકડા કરી નાખે. એથી વિશેષ શું કરી શકે ? જ્યારે નારકી જીવોના તો શરીર જ એવાં હોય છે કે તેના ટુકડે-ટુકડા કરી નાખી, રાઈ-રાઈ જેવડા ટુકડા કરો પણ ફરી પાછા પારાની જેમ એ ટુકડા ભેગા થઈને આખુંય શરીર જીવતું થઈ જાય. અર્થાત્ તે મરે જ નહીં. પણ કપાવાની વેદના સહન કરવી પડે. આમ તેના આખા આયુષ્ય દરમિયાન હજારો-લાખો વાર એ કપાય, વેદના સહે-ફરી જોડાય. તેથી ત્યાં વેરનો બદલો પૂરેપૂરો લઈ શકાય. જે જીવો ખૂબ જ ગાઢાં વેર બાંધે તેને એવાં ભયંકર વેર ચૂકવવા નરકમાં જ જવું પડે, જ્યાં ઓછામાં ઓછું દસ હજાર વર્ષનું આયુષ્ય અને વધારે તો સાગરોપમના હિસાબે, જે આપણી કલ્પનામાં પણ બેસે નહીં. તો નારકી જીવોનું અવધિજ્ઞાન આવા ઉપયોગમાં આવે.

ચોથું મન:પર્યવજ્ઞાન :- મન:પર્યવજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી આ જ્ઞાન પંચ મહાવ્રતધારી, નિર્ગ્રંથ મુનિ અને તે પણ સાતમા ગુણસ્થાનવર્તી, અપ્રમત્ત સંયતિ તથા લબ્ધિધર મહાત્મા હોય તેને જ થાય. અન્યને નહીં.



આ જ્ઞાન મનવાળા જીવોના મનના ત્રૈકાલિક ભાવોને જાણે. સંજ્ઞી જીવે મનમાં જે વિચાર્યું, વિચારે છે કે વિચારશે, એ બધાને જાણે, તેમાં પણ બે પ્રકાર : ઋજુમતિ અને વિપુલમતિ.

ઋજુમતિનો વિષય બહુ સ્પષ્ટ ન હોય ત્યારે વિપુલમતિ સ્પષ્ટ રીતે જાણે. વળી બન્નેમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની દૃષ્ટિએ પણ અંતર રહે. તેમજ ઋજુમતિ મન:પર્યવજ્ઞાન આવ્યા પછી ચાલ્યું જાય. વિપુલમતિ આવ્યા પછી જાય નહીં. કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી અવશ્ય રહે.

છેલ્લું કેવળજ્ઞાન. જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી આત્માના અસંખ્ય પ્રદેશે રહેલ અનંતજ્ઞાન એકી સાથે ઝળકી ઊઠે તે કેવળજ્ઞાન. એનો કોઈ ભેદ નથી. એક આત્માના કેવળજ્ઞાનથી બીજા આત્માના કેવળજ્ઞાનમાં કોઈ અંતર નથી. પછી એ સામાન્ય કેવળજ્ઞાનું હોય, તીર્થંકર પરમાત્મા અરિહંત દેવનું હોય કે સિદ્ધ ભગવંતનું હોય. ત્રણેયના કેવળજ્ઞાનનું સ્વક્ષેત્રે વેદન એકસરખું જ. તેમાં કશોય ભેદ નથી. વળી કેવળજ્ઞાન થતાં પહેલાં અવધિજ્ઞાન કે મન:પર્યવજ્ઞાન હોવું જોઈએ. એવું જરૂરી નથી. ઘણા જીવો આ બે જ્ઞાન પામ્યા વિના પણ કેવળજ્ઞાન પામી જતા હોય છે. પણ મતિ-શ્રુત મિથ્યા મટી સમ્યક્ તો થવાં જ જોઈએ. તો જ કેવળજ્ઞાન થાય.

મતિ-શ્રુત આદિ ચાર જ્ઞાન તો ક્ષયોપશમ ભાવી છે. તેથી તેમાં તરતમ ભાવ રહે, ઓછું-વધતું રહે, આવીને ચાલ્યા જવાપણું રહે. પણ કેવળજ્ઞાન ક્ષાયિક ભાવે થાય. જેમાં કોઈ ભેદ નહીં. કોઈનું કેવળજ્ઞાન ઓછું નહીં. આવીને ચાલ્યા જવાપણું નહીં. મતિ-શ્રુત આદિ ચારેય જ્ઞાન તેમાં સમાઈ જાય. એવું અનંત જ્ઞાન-સંપૂર્ણ જ્ઞાન-એવી સર્વજ્ઞતા. મતિ આદિ ચારેય જ્ઞાન ગમે તેટલી વધુ માત્રમાં હોય પણ તે કેવળજ્ઞાનના અનંતમે ભાગે જ હોય. આ પરથી ખ્યાલ આવે છે કે કેવળજ્ઞાનની અનંતતા કેટલા !

વળી કેવળજ્ઞાન એક-અનંત અને અખંડ છે. તેમાં પ્રતિ સમયે આ જગતનાં સર્વ દ્રવ્યો-સર્વ પર્યાયો ઝલકે. પદાર્થોના પર્યાયો નષ્ટ થવાની અપેક્ષાએ કેવળજ્ઞાનમાં પડતા પર્યાયોનાં પ્રતિબિંબ પણ નષ્ટ થાય, છતાં કેવળજ્ઞાન એટલું ને અટલું. અનંત ને અનંત. તે રંચ વધે નહીં કે રંચ ઘટે નહીં એવું પૂર્ણતાને પામેલું જ્ઞાન કેવળજ્ઞાન.

ઉપનિષદકારોએ પરમ બ્રહ્મ પરમાત્માની પૂર્ણતા માટે જે કલ્પના આપી છે તે કેવળજ્ઞાનની અનંત પૂર્ણતાને બરાબર લાગુ પડે છે.

**ॐ पूर्णमदः पूर्णमिदम् पूर्णात् पूर्णमुदच्यते ।**
**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥**

એ પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણને કાઢી લે તો પણ પૂર્ણ રહે. પૂર્ણમાં પૂર્ણને ઉમેરો તો પણ પૂર્ણ રહે. બસ, એવું જ અનંત છે કેવળજ્ઞાન. જગતના અનંત જ્ઞેયો તેમાં ઝળકે તો પણ અનંત, અને ઝળકતાં જ્ઞેયોના અનંત પર્યાયો નષ્ટ થઈ જાય તો પણ અનંત.

આવા એ–અનંત અખંડ કેવળજ્ઞાનને નમસ્કાર....!

અહીં મતિ-શ્રુતથી શરૂ થતી આરાધના અંતે કેવળજ્ઞાનમાં પૂર્ણ થાય છે. આવો જ્ઞાનમાર્ગ ત્રણે કાળમાં એક છે. અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી વ્યતીત થઈ ગઈ પણ સર્વ કાળે જીવ આ ક્રમે જ, આ માર્ગે જ જ્ઞાન પામ્યો છે. બીજો કોઈ માર્ગ નથી. તેથી જ શ્રીમદ્જી કહે છે-

**આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય,**
**થાશે કાળ ભવિષ્યમાં, માર્ગ ભેદ નહિ કોય....૧૩૪....**

ત્રણેય કાળના જ્ઞાની પુરુષો, પછી તે અપૂર્ણ જ્ઞાનની દૃષ્ટિએ મતિ શ્રુતજ્ઞાની હોય કે સંપૂર્ણ જ્ઞાનની અપેક્ષાએ કેવળજ્ઞાની હોય પણ તેઓ એક જ માર્ગે એ જ્ઞાન પામ્યા. જ્યારે નિજ સ્વરૂપનું લક્ષ્ય થયું, દેહાત્મ બુદ્ધિ ટળી. 'હું આત્મા છું' એ સિવાય કશું જ નહી. દેહ, ઈન્દ્રિયો, મન, ચિત્ત કે બુદ્ધિ તે હું નહીં એવી સચોટ શ્રદ્ધા આત્મસાત્ થઈ ત્યારે જ મિથ્યાત્વને ટાળી સમ્યક્ત્વ પામ્યા. સમ્યક્દર્શનની સાથે જ્ઞાન સમ્યગ્ ત્યારે જ થયું.

આખાયે વિશ્વના પદાર્થોને બાહ્યભાવે જાણતો જીવ જ્યાં સુધી નિજ આત્માને ન જાણતો હોય ત્યાં સુધી તે અજ્ઞાની છે. પણ એક આત્માને જાણી લીધો તેણે બધું જ જાણી લીધું. તેને બીજું કંઈ જાણવાનું બાકી રહેતું નથી. શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે -

**जे एगं जाणइ, से सव्वं जाणइ ।**

જે એકને જાણે છે તે સર્વને જાણે છે. પણ એમ ન કહ્યું કે આખા જગતને જાણી લો તો એક આત્મા જણાઈ જશે. તો જેણે આત્માને જાણ્યો તે જ્ઞાની. તે સમ્યગ્જ્ઞાની.



જેણે સર્વથા મોહનીયનો ક્ષય કરી વીતરાગતા પ્રાપ્ત કરી તે સંપૂર્ણ જ્ઞાની. કોઈ કહે અમારા દેવને અમુક મોહ-મમત્વ તો છે છતાંય સર્વજ્ઞ છે, તો તે જૂઠા. મોહ અને સર્વજ્ઞતા સાથે રહી જ ન શકે. સર્વજ્ઞતા પ્રાપ્ત કરવા માટેનો એક માત્ર મોહનો સર્વથા અભાવ. જે મોહને સર્વથા નષ્ટ કરી શકે તે જ સર્વજ્ઞતા પ્રાપ્ત કરી શકે.

તો અપૂર્ણ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાની અને સંપૂર્ણ જ્ઞાન તે કેવળજ્ઞાન. આ બન્નેને પામવા માટેનો રાહ જ છે. ત્રણેય કાળમાં જેટલા જીવ પામી ગયા, પામે છે અને પામશે તે આ રાહે જ.

હા, દેશ-કાળના બાહ્ય ક્રિયા-આચારોમાં અંતર હોય, પણ અંતરંગ પરિણતિમાં ક્યાંય અંતર નથી. જ્ઞાનીપુરુષો આ કરી ગયા, આ રીતે જ સાધી ગયા અને આપણા માટે એ જ પથ પ્રશસ્ત કરતા ગયા.

હવે સર્વ જીવોની સ્વરૂપ એકતા કેવી છે તે બતાવી જૈન વિચાર પરંપરાની વિશાળતા દર્શાવતા શ્રીમદ્જી આગળ શું કહે છે તે અવસરે....

# આત્મ-ચિંતન

'હું....આત્મા....છું'...'હું....આત્મા....છું'

અજર....અમર....અવિનાશી....એ મારું સ્વરૂપ.

'હું....ચૈતન્ય આત્મા....મને....જરા અવસ્થા હોય નહીં....નિત્ય....,સમ સ્વભાવી, એક અખંડરૂપ....હું આત્મા....જરા અવસ્થા....એ શરીરનો સ્વભાવ છે....શરીર વૃદ્ધ થાય છે....,હું....વૃદ્ધ થાઉં નહીં....હું ચૈતન્ય...., શરીર જડ....હું શરીરથી જુદો છું...., ભિન્ન છું...., સ્વતંત્ર દ્રવ્ય છું....મારું પરિણમન...., મારામાં જ થાય....દેહનું પરિણમન....દેહમાં થાય...., દેહનું પરિણમન મને....સ્પર્શે નહીં....દેહ જડ છે....દેહની વૃદ્ધાવસ્થા મને....અસર કરે નહીં....હું મારામાં રહું....,મને નિહાળું...., મને અનુભવું....તો સદા સમ સ્વભાવી...., ચૈતન્યને જાણું....

અજર....અમર....જેનું મૃત્યુ થાય નહીં....તે અમર....હું અમર....છું....અનંત ભૂતકાળમાં કદી મર્યો નથી....ભવિષ્યમાં ક્યારેય મરીશ નહીં...., પ્રત્યેક પળે....સદાકાળ....મારું અસ્તિત્વ છે....એ જ અસ્તિત્વરૂપે રહી શકું....એ મારું સામર્થ્ય છે...., એ મારો સ્વભાવ છે....હું મરું નહીં,.... મરે છે તે દેહ છે....દેહથી જુદો થઈ....અન્ય દેહને ધારણ કરું છું...., અને સર્વથા....દેહનો ત્યાગ થઈ.... સિદ્ધને પામું....મારો જન્મ નથી....ચૈતન્ય મરે નહીં....જન્મે નહીં....દેહ મરે...., દેહ જન્મે....જડ જન્મે...., જડ મરે....

અજર....અમર....અવિનાશી....મારો કદી નાશ થાય નહીં....સદા....સર્વદા....શાશ્વત રહેનાર....નિત્ય અસ્તિત્વવાન.... ચૈતન્ય પદાર્થ....હું છું....જગતના પદાર્થો નાશ પામે...., જડ જગત નાશ



પામે....પણ મારું ચૈતન્ય....કદી નાશ પામે નહીં....ચૈતન્યની ચેતનતા જ એ છે કે....તેનો વિનાશ થઈ શકે નહીં....આવો અજર....અમર....અવિનાશી....હું આત્મા....

મારે....મારા આ સ્વરૂપને....જાણવું છે...., જોવું છે...., માણવું છે....અનુભવવું છે...., માટે મારામાં....સ્થિર થઈ જાઉં....તો હું....મારા સ્વરૂપને....પામી શકું છું....કેટલીક ક્ષણો....વધુ....એકાગ્ર થઈ....વધુ....શાંત થઈ....આત્માનું ચિંતન કરીએ....

'હું....આત્મા....છું, 'હું....આત્મા....છું'

ॐ 'શાંતિ'....'શાંતિ'....'શાંતિ.'

# સર્વ જીવ છે સિદ્ધ સમ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, જીવને તેના ચરમ વિકાસરૂપ સિદ્ધત્વની પ્રાપ્તિ કરાવે છે. ચરમ વિકાસ કહો કે જીવનું મૌલિક સ્વરૂપ કહો એ છે સિદ્ધત્વ. જીવને પ્રાપ્તવ્ય પણ તે જ છે.

આત્મઆરાધનાના માર્ગની શરૂઆત સમ્યગ્દર્શનરૂપ ચોથા ગુણસ્થાનથી થાય. એ પછી જીવ ક્રમશઃ આગળ વધતો વિરતિ ભાવરૂપ પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનને પ્રાપ્ત કરે. અપ્રમત્ત ભાવરૂપ સાતમા ગુણસ્થાનને સ્પર્શી આગળ વધી આઠમા ગુણસ્થાને ક્ષપકશ્રેણીએ ચડે અને એક જ અંતર્મુહૂર્તમાં બારમે ગુણસ્થાને પહોંચી કેવળજ્ઞાન પામી જાય. તે પછી કેવળ અવસ્થામાં, કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત, શુક્લધ્યાન, યથાખ્યાત, ચારિત્ર આદિ ભાવોમાં ચિરકાળ સુધી રહે અને અંતે સમયોગીમાંથી અયોગી બને. શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરે. મેરુ જેવી અડોલ-અકંપ-અચલ દશામાં સર્વ કર્મથી મુક્ત થાય.

આમ ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધીની યાત્રા તે અનિત્ય દશા. બધી જ વચલી દશા. માર્ગથી પસાર થતાં આ બધું પાર કરવું જ રહ્યું. આ માત્ર માર્ગ છે પણ મંઝિલ છે સિદ્ધત્વ. જે નિત્ય શાશ્વત દશા છે. આદિ-અનંત છે. જીવનું ગંતવ્ય એ જ છે પણ વચલી દશાનો પાર ન પામે તો ગંતવ્યને આંબી શકે નહીં. અને તે માટે જ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્જીએ આરાધનાના આ બધાં જ સોપાનો બતાવ્યાં. આ બધાં જ સોપાનો પરથી પસાર થવાનું છે. તેને પ્રાપ્ત કરી આગળ વધવાનું છે, અંતે છોડી દેવાના છે. તેને અનિત્ય કહ્યાં છે પણ અહીં અનિત્ય ભાવના ભાવી બધું જ અનિત્ય ખરાબ એમ સમજી એ-એ ગુણસ્થાનને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ ન કરવો



એમ નથી. પણ અનિત્ય હોવા છતાં એ દશા પ્રાપ્ત કરવી જ પડે. માટે એ સિદ્ધાંત ન રખાય કે જેટલું અનિત્ય એટલું બધું જ ખરાબ અને બધું જ ત્યાજ્ય. પણ લક્ષ્ય શું છે તે ખ્યાલ રહેવો અતિ આવશ્યક છે.

શ્રીમદ્જી એ જ કહેવા માગે છે કે તારું તારામાં જ પડ્યું છે. તું ઈચ્છે તો પામી શકે છે -

**સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય,**
**સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય...૧૩૫...**

પ્રથમ તો જીવે સમજવાનું છે, પછી આચરવાનું છે. એ સમજણ હોવી ઘટે કે 'હું સિદ્ધસ્વરૂપ છું.' મારામાં તથા સિદ્ધસ્વરૂપમાં સ્વરૂપ એકતા છે. કારણ હું આત્મા છું. જગતમાં રહેલ સર્વ જીવમાં સિદ્ધત્વ છે પછી તે જીવ ગમે તેવો કેમ ન હોય?

જ્ઞાની પુરુષો તો જીવના પારિણામિક ભાવોની અપેક્ષાએ, તેને બે વિભાગમાં બતાવે છે. ૧) ભવ્ય, ૨) અભવ્ય. આ બન્ને પ્રકારના જીવોનું મૂળ સ્વરૂપ સિદ્ધ જેવું જ છે. આત્માના મૂળ સ્વરૂપમાં જેવો ભવ્ય તેવો જ અભવ્ય. છતાં કહેવામાં આવ્યું છે કે ભવ્ય જીવ મોક્ષ પામે, અર્થાત્ પોતાના સિદ્ધત્વને પ્રાપ્ત કરી લે પણ અભવ્ય જીવ ન પામે. બન્ને પ્રકારના જીવોનું સ્વરૂપ એક હોવા છતાં અભવ્યમાં રહેલ અભવ્યત્વના કારણે આત્મ-વિકાસના આંતરિક યોગ તેને મળતા નથી. બાહ્ય યોગોમાં અટવાયા પછી પણ એ પોતાનું પરમાત્મત્વ જગાડી શકતો નથી.

વળી ભવ્યમાં પણ નિક્ટ ભવ્ય અને દુર્ભવ્ય-આ બે પ્રકારના જીવો બતાવ્યા કે જેઓ જલદી મોક્ષે જાય છે અને કેટલાક ઘણો અનંત કાળ સંસારમાં રખડ્યા પછી મોક્ષે જાય.

આ તથ્યને જરા વિસ્તારથી સમજીએ. જેમ ખેતરમાં પાકેલ અનાજ. અનાજના બધા જ દાણા ઊગવાની યોગ્યતા ધરાવતા હોવા છતાં, પાકેલ બધા અનાજમાંથી માત્ર થોડા જ દાણા ખેતરમાં વવાય છે. જેટલા વવાય તેટલા જ ઊગે. એકમાંથી અનેક થાય. પણ બીજા કેટલાક આ વર્ષે નહીં, બીજે, ત્રીજે કે ચોથે વર્ષે વવાયા તો તે ત્યાં સુધી પડ્યા રહ્યા. પોતામાં રહેલ ઊગવાની શક્તિ મોડી કામ આવી. પણ બાકીના દાણા તો ગૃહસ્થના

ઘરમાં જઈ, પિસાઈ ગયા, લોટ થઈ ગયો. ખાવાના ઉપયોગમાં આવી ગયા. જે દાણાઓ ખાવામાં વપરાઈ ગયા તેનામાં ઊગવાની યોગ્યતા ન હતી? પણ તેને ઊગવાનો યોગ જ ન મળ્યો તેથી મૂળમાં યોગ્યતા હોવા છતાં ઊગી શક્યા નહીં.

બસ, આવું જ છે નિકટ ભવ્ય, દુર્ભવ્ય અને અભવ્ય જીવો માટે. નિકટ ભવ્ય જીવને બહુ જલદી સમ્યગ્દર્શન પામી સિદ્ધત્વ સુધી પહોંચવાના યોગ મળે છે. તે પોતાના સિદ્ધત્વરૂપ પર્યાયને પામી પોતાનું ભવ્યત્વ–સિદ્ધત્વ સાબિત કરી બતાવે છે. દુર્ભવ્ય જીવને ઘણાં પુદ્‌ગલ પરાવર્તનોમાંથી પસાર થયા પછી આ યોગ મળે છે અને છેવટે તે પણ સિદ્ધત્વને પ્રાપ્ત કરી લે છે. પણ અભવ્ય જીવોમાં મૂળભૂત સ્વરૂપમાં સિદ્ધત્વની યોગ્યતા હોવા છતાં તે પોતાના સિદ્ધત્વને જાગ્રત કરી શકે તેવા યોગ જ મળતા નથી. તેથી તે ક્યારેય સિદ્ધ થઈ શકતા નથી.

અહીં શ્રીમદ્‌જી, જીવોમાં સિદ્ધત્વ છે તેમ નિર્દેશ કરીને, ભવ્ય જીવોને સંબોધીને કહે છે કે સમજો, શ્રદ્ધા આણો અને પછી આચરો. અર્થાત્ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રની આરાધના કરો તો જરૂર સિદ્ધિ પામી શકો, પણ તે માટે બે શરત મૂકી. પામવાનું તારે જ. પુરુષાર્થ પણ તારો જ. ઉપાદાન પણ તારું જ. તે છતાં એ બધાંની પાછળ જે Power છે તે નિમિત્તોનો છે અને આવાં સુંદર કાર્યો માટેના નિમિત્તો પણ એવાં જ ઊંચાં, એવાં જ આદર્શ! એને જો અપનાવી લો તો પછી સિદ્ધિ દૂર નહીં હોય. તારો સ્વચ્છંદ અને પ્રતિબંધ. આ બે તોડી એક તો સદ્‌ગુરુની આજ્ઞાએ વર્ત્યો જા અને બીજું જિનદશાનું યથાર્થ ભાન કરી, જિનદશા પ્રગટાવી લે. બસ, પછી સિદ્ધત્વ પ્રગટી ચૂક્યું જ સમજ.

સદ્‌ગુરુની આજ્ઞા શી છે? સદ્‌ગુરુએ જે કરવાનું કહ્યું છે તે કર. અહીં આત્મસિદ્ધિ શાસ્ત્રમાં છ પદમાં છેલ્લું પદ 'મોક્ષોપાય' તે જ ખરેખર આચરણીય છે. ગુરુદેવે એ જ મોક્ષનો માર્ગ બતાવ્યો છે. એ માર્ગને અનુસરવું તે જ છે સદ્‌ગુરુની આજ્ઞાનું આરાધન.

શ્રી જ્ઞાનાર્ણવ નામના અદ્‌ભુત ગ્રંથમાં ગ્રંથકાર કહે છે —



विरम विरम संगान् मुज्च मुज्च प्रपज्चम्
विसृज विसृज मोहम् विद्धि स्वतत्त्वम् ।
कलय कलय वृत्तंपश्य पश्य स्वरुपम्
कुरु कुरु पुरुषार्थ्यं निर्वृत्तानन्द हेतोः ।।

ખરેખર જેને વિશ્વથી નિવૃત્ત થઈ નિજાનંદની મસ્તી માણવી છે, તેને સદ્‌ગુરુદેવ કહે છે : સર્વ પ્રથમ તો સંગનો ત્યાગ કર. પુદ્‌ગલનો સંગ, વ્યક્તિનો સંગ. આ બન્ને સંગ ત્યાજ્ય છે. કારણ કે જીવની દશા તો અસંગ દશા છે. સર્વ પ્રકારના પાપ-પ્રપંચનો ત્યાગ કર, જીવ તો સરળ છે. પ્રપંચ તે જીવનો સ્વભાવ નથી. મોહને તજી દે. સંસારમાં ભમાવનાર મોહ છે. મોહ નથી તો સંસાર નથી. આટલું થયા પછી આત્મતત્ત્વનો બોધ થશે. માટે આટલું કર્યા પછી આત્મતત્ત્વનો બોધ કરી લે. તે પછી ચારિત્રનો અભ્યાસ કર. ચારિત્રનું વારંવાર પાલન કરવાથી તેનો અભ્યાસ થાય છે. માટે તે કર. તે પછી સ્વરૂપને જો. જેવું સિદ્ધનું સ્વરૂપ છે એવું જ તારું સ્વરૂપ છે માટે તારા સ્વરૂપને યથાર્થ રીતે જાણી લે, શ્રદ્ધી લે, સ્પર્શી લે, અનુભવી લે અને નિરંતર આત્મસ્વરૂપના અનુભવમાં રમમાણ થઈ જા.

છેલ્લે, મોક્ષસુખના અનંત આનંદ માટે પુરુષાર્થ કર. પુરુષાર્થ વિના કંઈ જ સાધ્ય થતું નથી. મોક્ષ સ્વપુરુષાર્થ સાધ્ય છે.

આમ, ગુરુદેવ, મોક્ષના સુખને પામવાની ચાહ ધરાવતા શિષ્યને રાહ બતાવે છે. આટલું કર્યા પછી મોક્ષ ન મળે, તારું સિદ્ધત્વ પ્રગટે નહીં એવું બને જ નહીં. માટે આ આજ્ઞાનું પાલન તન-મન-વચનના સંપૂર્ણ યોગોની સમર્પણતા સાથે કરવાનું છે.

બીજું નિમિત્ત કહ્યું, જિનદશાનો વિચાર અને તે પ્રગટ કરવાનો પુરુષાર્થ. એ જિનદશા કેવી છે તે પછી શ્રી જ્ઞાનાર્ણવમાં બતાવ્યું છે —

अतुल सुख निधानं ज्ञान विज्ञान बीजम्
विलय गत कलंकं शान्त विश्व प्रचारम्
गलित सकल शंक विश्वरूपं विशालम्
भज विगत विकारं स्वात्मनात्मानमेव

જેવું જિન સ્વરૂપ તેવું જ નિજ સ્વરૂપ. તેથી ગુરુદેવ આત્માને

સંબોધીને કહે છે, હે આત્મન્! તું અનંત-અતુલ સુખનો નિધાન છે. તારા સુખની સામે સંસારનાં સર્વ સુખો તુચ્છ છે. આત્માના એક પળના સુખની સામે ચક્રવર્તીના છ ખંડ રાજ્યની સાહ્યબીના સુખ કોઈ વિસાતમાં નહીં. એવો તું અતુલ સુખનો નિધાન છે.

સારાયે જ્ઞાન અને વિજ્ઞાનનું બીજ પણ તારામાં છે. તારા અનંત જ્ઞાનના પ્રાગટ્ય માટે ક્યાંયથી એક અક્ષરના અનંતમા ભાગ જેટલા જ્ઞાનને ઉછીનું લાવવાની જરૂર નથી. તારામાંથી જ તારા અનંત જ્ઞાનને તું પામી શકે છે.

સંસાર છે ત્યાં કલંક છે. મોહ છે ત્યાં કલંક છે. તું સંસાર પણ નથી અને મોહસ્વરૂપ પણ નથી, માટે તું નિષ્કલંક.

આખાયે વિશ્વમાં તારા આત્માની શાંતિ ફેલાયેલી છે. તું કદી અશાન્ત થઈ શકે નહીં, કોઈને અશાંત કરી શકે નહીં. એવી અમાપ અખિલ શાંતિનો ધારક છે.

સર્વ વિકલ્પો જ્યાં સમાઈ ગયા છે તેવી નિર્વિકલ્પ દશાનો ધણી તું. આત્માની સર્વ દશા, સંપૂર્ણ-શુદ્ધ દશા તારી, તેથી ક્યાંય કોઈ શંકા નથી તેવો નિ:શંક તું છે.

કેવળજ્ઞાન લોકાલોકવ્યાપી છે. તેવી કેવળજ્ઞાનની શક્તિ તારામાં પડી છે તેથી તું વિશ્વવ્યાપી છે.

આવા મહાન અને નિર્વિકાર તારા આત્માના જ શુદ્ધ સ્વરૂપને તારા આત્મા વડે જ આત્મામાં ભજ. તે શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કર.

અહીં ગુરુદેવે જિન સ્વરૂપ જેવું જ નિજ સ્વરૂપ છે તે બતાવી દીધું. તથા એ સ્વરૂપનું ધ્યાન કરવાથી એ સ્વરૂપને પામી શકાય છે. જિનદશાનું ધ્યાન કરવાથી જિનરૂપ થવાય છે.

**જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,**
**ભૃંગી ઈલિકાને અટકાવે, તે ભૃંગી જગ જોવે રે....**

આનંદઘનજી મહારાજ કહે છે કે રાગાદિની મંદતા કરી, વીતરાગદશાના લક્ષ્યે જિનવરની આરાધના થાય તો જીવ જિનવર બની જાય. 'કીટ ભ્રમરના ન્યાયે' એમ કહેવાય છે કે ભમરી માટીનું ઘર બનાવી, લીલા



ઘાસમાંથી ઈયળને લાવી, તેને ડંખ મારી પોતાના ઘરમાં નાખી દે અને દિવસો સુધી એ માટીના ઘર આસપાસ ગુંજારવ કરતી ફરે. પેલી ઈયળ ભમરીના ડંખની વેદનાથી દુ:ખી હોય પણ ગુંજારવ ગમતો હોય તેમાં તેને મોહ લાગે અને અસહ્ય વેદનાથી મરી ન જાય પણ બેભાન દશામાં પડી રહે. એ જ ઈયળ ભમરી થઈ જાય, એ માટીના ઘરમાંથી બહાર નીકળે તો જગત તેને ભમરી રૂપે જ જુએ. એ જ ન્યાયે જિનવરના સ્વરૂપમાં મગ્ન બનીને જિનવરને આરાધે તે જિનવર બને.

આમ સદ્‌ગુરુની આજ્ઞા અને જિનવરના સ્વરૂપનું ધ્યાન આ બન્ને નિમિત્તો યથાર્થ રૂપે ગ્રહણ કરવાથી જીવમાં પડેલું સિદ્ધત્વ પ્રગટ થાય છે. પણ જે નિમિત્તોનો અપલાપ કરે તે સિદ્ધદશાની પ્રાપ્તિ ન કરી શકે. એ વિષય અવસરે —

# એ જે તજે નિમિત્ત...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની – અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, ઉપાદાન-નિમિત્તનો યથાર્થ વિવેક કરનાર જીવ, સમ્યક્ પ્રકારે કરી શકે છે. બન્નેનું પોતપોતાના સ્થાને મૂલ્ય છે.

ઉપાદાન જરૂરી છે, તો નિમિત્ત પણ જરૂરી છે. એ વાત સત્ય છે કે પોતાના ઉપાદાનની તૈયારી હોય તો જ સ્વપુરુષાર્થના બળે જીવ સિદ્ધત્વ પામી શકે છે. પણ તેની સાથે જોઈતાં નિમિત્તોની અવગણના ન થાય તે લક્ષ રહેવું પણ જરૂરી છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્ રાજચંદ્રજી આ તથ્યને સ્પષ્ટ કરતાં બહુ જ મહત્ત્વપૂર્ણ વાતો બતાવે છે. ઉપસંહારની એક એક ગાથાઓ ઘણી જ મહત્ત્વપૂર્ણ અને રહસ્યાત્મક છે. અહીં સનાતન સત્યોને ઉદ્‌ઘાટિત કરે છે, સિદ્ધત્વની પ્રાપ્તિ અર્થે સદ્‌ગુરુની આજ્ઞા અને જિનદશા, આ બન્ને પ્રબળ નિમિત્તો છે એ આગલી ગાથામાં સમજાવ્યું. એ નિમિત્તોનું મહત્ત્વ કેટલું છે એ હવે સમજાવવા માંગે છે.

**ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત,**
**પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત....૧૩૬....**

ઉપાદાન એ શું છે? ઉપ અર્થાત્ સમીપ અને આદાન અર્થાત્ ગ્રહણ કરવું. જે નજીકથી ગ્રહણ કરાય તે ઉપાદાન. એટલે જ દ્રવ્યની શક્તિ દ્રવ્યથી જ ઉત્પન્ન થાય તે ઉપાદાન. પ્રત્યેક દ્રવ્યથી થતા કાર્યમાં ઉપાદાનકારણ પોતાનું જ હોય અને અન્ય દ્રવ્યથી જે શક્તિ પેદા થાય તે નિમિત્ત કારણ.

મોક્ષમાર્ગે આત્મા પોતે જ ઉપાદાનકારણ છે. મોક્ષ પામવાની યોગ્યતા આત્મામાં જ છે. સર્વથી બંધનમુક્ત થવાનું સામર્થ્ય પણ



આત્મામાં જ છે. આમ મોક્ષનું મુખ્ય કારણ આત્મા જ છે. નિશ્ચય-નય પણ એ જ કહે છે કે આત્મા પોતે સ્વ પુરુષાર્થે બંધનમુક્ત થાય છે. બીજાં કોઈ દ્રવ્ય આત્મા માટે કશું કરી દેતાં નથી. છતાં નિમિત્તની આવશ્યકતા અનિવાર્ય છે. નિમિત્તની હાજરી વગર ઉપાદાન કાર્યકર થઈ શકતું નથી, જેમ કે રાગાદિરૂપે પરિણમવું એ પણ જીવની જ શક્તિ છે. જીવ સિવાય અન્ય દ્રવ્ય રાગાદિરૂપ પરિણમી શકતું નથી. વળી વીતરાગભાવમાં પરિણમવાની શક્તિ પણ આત્માની જ છે. જડ દ્રવ્યોમાં રાગ નથી તો વીતરાગતા પણ નથી. આ બન્ને શક્તિ આત્માની હોવા પછી પણ નિમિત્તરૂપ પર-પદાર્થ તો હોય જ છે. જીવને રાગાદિ ભાવ થયા તેમાં પણ કર્મ તથા અન્ય વ્યક્તિ-વસ્તુ-વાતાવરણ વગેરે નિમિત્ત થાય છે અને વીતરાગદશાવાળો થયો ત્યાં ગુરુ ઉપદેશ તથા મોહનીયના ક્ષયરૂપ નિમિત્ત છે. આમ નિમિત્ત વિના જીવની વૈભાવિક કે સ્વાભાવિક અવસ્થા હોતી નથી.

વ્યાવહારિક જીવનમાં પણ આમ જ બનતું હોય છે. ત્યાં પણ કોઈ કાર્ય થવામાં ઉપાદાન આપણું જ હોય અને નિમિત્ત બીજાનું હોય. પરંતુ જીવની અવળાઈ એવી છે કે વ્યાવહારિક જીવનમાં સારું બને તો પોતે જ કર્યું, તેમાં નિમિત્તે કશું કર્યું નથી, એમ માનીએ અને કંઈક ખરાબ ઘટિત થયું તો બધો જ દોષ નિમિત્ત પર નાખી દેતા હોઈએ છીએ. ત્યાં એમ નથી સમજતા કે મારો પોતાનો પણ કંઈક હિસ્સો આમાં છે. એકલું નિમિત્ત કાંઈ કરી શકે નહીં.

વળી એથી પણ વધુ અવળાઈ તો જીવની ત્યાં છે કે ક્રોધાદિના નિમિત્તો મળે તો એ તરત ગ્રહણ કરી લે. પૂછી જુઓ અંતરને! ક્રોધના કારણો મળ્યાં ત્યારે કેટલી વાર ખામોશ રહી શક્યા? અને આત્મ સાધનાના નિમિત્તો મળ્યાં ત્યારે કેટલી વાર સક્રિય બની શક્યા? ક્રોધ કરવો નથી હોતો પણ અમુક વ્યક્તિએ મને ક્રોધ કરાવ્યો. પણ ક્યારેય એમ બોલ્યા કે સંતો ક્ષમા રાખતાં શીખવે છે ને હું તેઓનું નિમિત્ત પામી ક્ષમા રાખતાં શીખ્યો? ખરાબ નિમિત્તને ગ્રહણ કરતાં જરાય વાર નથી લાગતી અને સારાં નિમિત્તનો સ્પર્શ પણ થવા દેતાં નથી.

એટલું જ નહીં, ત્યાં તો એમ માની બેસીએ કે મારું સિદ્ધત્વ મારામાં જ પડેલું છે. મારે કોઈના આલંબનની શી જરૂર છે? મારું

મારામાંથી હું જ મેળવી લઈશ! પણ ના, શ્રીમદ્ એવા જીવોને કહે છે : જ્ઞાન, દર્શન, ચારિત્ર એ તારા ગુણો જ છે. એ બહારથી લાવવાના નથી. તારા આત્મામાંથી જ તારે પ્રગટ કરવાના છે, પણ તે માટે નિમિત્તોનો અપલાપ કરીશ તે નહીં ચાલે. તેઓએ કહ્યું છે –

**એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ....મૂળ....**
**ઉપદેશ સદ્ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ....મૂળ....**

તારા મૌલિક ગુણરૂપ જ્ઞાનાદિને પામવા હોય અને અનાદિનું જે બંધન છે તેને તોડવું હોય તો પહેલું કામ તો સદ્ગુરુના ઉપદેશ શ્રવણનું છે. સદ્ગુરુના ઉપદેશને ઝીલ્યા વગર, અંતરમાં ઉતાર્યા વગર, આચરણમાં લાવ્યા વગર, તારા મૂળ સ્વરૂપને તું પામી શકીશ નહીં.

પણ આ કરવામાં આડે આવે છે એક સ્વચ્છંદ અને બીજો પ્રતિબંધ. શ્રીમદ્જીએ એમના એક પત્રમાં કહ્યું છે : જીવને મોટાં બે બંધન છે. એક સ્વચ્છંદ અને બીજો પ્રતિબંધ. જેણે સ્વચ્છંદને ટાળવો હશે તેણે ગુરુઆજ્ઞા શિરોધાર્ય કરવી પડશે અને પ્રતિબંધ ટાળવો હશે તેણે સર્વસંગ પરિત્યાગી થવું પડશે. સ્વચ્છંદના વિષયમાં આ શાસ્ત્રની ભૂમિકામાં શ્રીમદ્જી ઘણું કહી ગયા છે. પોતાના મતે ચાલવાનો કદાગ્રહ અને અહંકાર તે છે સ્વચ્છંદ.

પ્રતિબંધ શું છે? શેનો છે? જે જીવને પ્રતિ સમય બાંધી રહ્યો છે તે છે પ્રતિબંધ. જીવને પુદ્ગલનો સંગ છે. પુદ્ગલની પ્રીતિ છે. અહં અને મમ પડ્યા છે. આ બધા જ ભાવો જીવ માટે પ્રતિબંધક કારણો છે. ગમે તેવા સંત પધાર્યા હોય, સત્સંગનો સુયોગ પ્રાપ્ત થયો હોય પણ સંસારની માયા, મોહજાળમાં એવા લપટાયેલા હો કે સદ્ગુરુના ઉપદેશને સાંભળવા જવાનો સમય ન હોય. મોહ અને મમત્વ સંસારભાવમાં ખેંચી રહ્યું હોય તેથી તેનાથી છૂટી સદ્ગુરુના યોગનો લાભ ઉઠાવી શકો નહીં.

બીજી વાત, કર્મબંધ અને ઉદયની દૃષ્ટિએ પ્રતિબંધ. જીવ સમયે-સમયે કર્મબંધ કરે છે એમ શાસ્ત્રોમાં કહ્યું, એ કેવી રીતે? પૂર્વે કરેલાં કર્મો સત્તામાં પડ્યાં છે. તેનો કાળ પાકતાં એ ઉદયમાં આવે અને તેનું ફળ આપે. જીવ આવેલા ઉદયમાં ભળી જાય. પુણ્ય ઉદયમાં આવે અને શુભ ફળ આપે તો તે ભોગવવામાં પણ ભળી જાય છે. પાપ ઉદયમાં



આવે, અશુભ ફળ આપે તો તે ભોગવવામાં પણ ભળી જાય છે, શુભ ફળો રાગનું કારણ બને, અશુભ ફળો દ્વેષનું કારણ બને. રાગ-દ્વેષ બન્ને કર્મબંધના કારણ. એટલે ઉદયમાં આવેલાં કર્મોના શુભાશુભ ફળમાં ભળવાથી થતા રાગ-દ્વેષ કર્મ બંધાવે.

આમ જીવ ઉદયમાં ભળે તો કર્મબંધ થાય છે અને તે છે પ્રતિબંધ. આત્મા શુદ્ધ, નિર્વિકારી છે પણ કર્મબંધના કારણે વિકારી બને. આ વિકાર સંગનો રાગ જન્માવે અને જીવને સદ્ગુરુના ઉપદેશની સન્મુખ ન થવા દે.

આ પ્રતિબંધને ટાળવો હોય તો જીવે સાક્ષીભાવ કેળવવો પડે. કર્મ તેના સમયે ઉદયમાં તો આવવાનાં જ પણ જીવ જો તેનો ક્ષયોપશમ કરે તો તેમાં ન ભળે. અરે! કદાચ વિપાકોદય થયો હોય પણ જીવની સમજણ તેમાં મોહોદય ન થવા દે તો નવાં કર્મના બંધ નહીં અને જીવને પ્રતિબંધ ટળે.

આમ સ્વચ્છંદ અને પ્રતિબંધ ટળવા પછી સદ્ગુરુના ઉપદેશનું નિમિત્ત જીવ ગ્રહણ કરી શકે છે અને તે આત્માના મૌલિક ગુણોની પ્રાપ્તિમાં સહાયભૂત બને છે. તેથી નિમિત્તને તજવાનું નથી. જ્યાં ઉપાદાન નિશ્ચયરૂપ છે ત્યાં નિમિત્ત વ્યવહારરૂપ છે. વ્યવહાર વિના એકાંત નિશ્ચયથી કોઈ કાર્ય થતું નથી. કવિવર બનારસીદાસ પણ કહે છે :

**ગુરુ ઉપદેશ નિમિત્ત બિન, ઉપાદાન બલહીન.**
**જ્યોં નર દૂજે પાંવ બિન, ચલબે કો આધીન.**

ગુરુના ઉપદેશરૂપ નિમિત્ત વિના, ઉપાદાન નિર્બળ બની જાય છે. માત્ર ઉપાદાનથી કશું થતું નથી. જેમ માણસને ચાલવું હોય તો બન્ને પગ જોઈએ. કોઈ કારણસર એક પગ કપાઈ જાય તો માત્ર એક પગથી ચાલી શકે નહીં. પછી પગના બદલામાં ઘોડી હોય, સ્ટીક હોય કે ગમે તે સાધન હોય પણ ચાલવા માટે બે પગ જોઈએ. તેમ ઉપાદાન હોવા પછી પણ નિમિત્તની આવશ્યકતા છે જ.

આમ કહેવા પાછળનો હેતુ એ છે કે કેટલાક માત્ર નિશ્ચયનો આશ્રય કરીને ચાલતા હોય તે વ્યવહારમાં પણ દેવ, ગુરુ, ધર્મરૂપ ત્રણ તત્ત્વોનો આશ્રય ગ્રહણ કરવા નથી માંગતા. તેઓ તો કહે કે મારો આત્મા જ મારો દેવ, જ્ઞાન તે જ ગુરુ અને ઉપયોગ તે જ ધર્મ. મારે બીજા

દેવ, ગુરુ, ધર્મની શી આવશ્યકતા છે? આવા એકાંત પ્રલાપી જીવો માટે જ આ કહેવામાં આવ્યું છે કે, તારું ઉપાદાન ગમે તેટલું જોરદાર હશે પણ યોગ્ય નિમિત્ત નહીં મળે તો ઉપાદન કંઈ નહીં કરી શકે.

વળી લૌકિક દૃષ્ટાંત દ્વારા બનારસીદાસજી કહે છે –

**જ્ઞાન નૈન કિરિયા ચરન, દોઉ શિવમગ ધાર,**
**ઉપાદાન નિહચૈ જહા, તહાં નિમિત્ત વ્યોહાર....**

જ્ઞાનનયન તથા ક્રિયાચરણ-આ બન્ને હોય તો જ મોક્ષમાર્ગમાં ગતિ સાથે પ્રગતિ થાય, અન્યથા અવિકસિત દશામાં જ રહી, સંસારમાં ભમ્યા કરે. માટે એ સમજવું જરૂરી છે કે ઉપાદાન નિશ્ચયરૂપ છે તો નિમિત્ત વ્યવહારરૂપ છે.

જે જીવને આ સમજાયું છે તે પોતાના ઉપાદાનને તૈયાર કરવાની સાથે સાથે નિમિત્તની ભાવના પણ ભાવે છે. સુખવિપાક સૂત્રમાં સુબાહુકુમારનો અધિકાર આવે છે. બાર વ્રતધારી શ્રાવક સુબાહુકુમાર એકવાર પૌષધ કરી પૌષધશાળામાં રાત્રિના ધર્મ-જાગરણ કરી રહ્યા છે. તેમના મનમાં ભાવના જાગી કે ધન્ય તે દેશ, નગરી કે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર વિચરી રહ્યા છે અને ભવ્ય જીવો પ્રભુનું પરમ સાનિધ્ય પામી સંસાર તરી રહ્યા છે. મને પણ એવો યોગ ક્યારે મળે? જો પ્રભુ મહાવીર અહીં પધારે તો હું સર્વ સંગ પરિત્યાગી બની પ્રભુના ચરણમાં દીક્ષિત બની જાઉં. સુબાહુકુમારની આ પ્રબળ ભાવના પ્રભુને તેના નગરમાં લઈ આવી અને સુબાહુકુમાર દીક્ષિત થઈ ગયા.

બંધુઓ! સુબાહુકુમારે નિમિત્ત ઈચ્છયું. પોતાનું ઉપાદાન તૈયાર કર્યું અને નિમિત્ત મળતાં તરત તેને ગ્રહણ કર્યું તો આત્મહિત સાધી ગયા. પરંપરાએ સિદ્ધત્વને પામી જશે.

અહીં શ્રીમદ્જી કહે છે કે જો નિમિત્તને ગ્રહણ કરે તો જ મુક્તિ મળે. અન્યથા નહીં. જેઓ નિમિત્તનો અપલાપ કરે તે માત્ર પોતે કંઈક સાધી રહ્યા છે એવી ભ્રાંતિમાં જ રહે, પણ હાથ કંઈ આવે નહીં.

અહીં એકાંત આગ્રહી જીવ ક્યાં શું ગુમાવી રહ્યો છે તે બતાવ્યું છે. પોતે સિદ્ધ સ્વરૂપી હોવા છતાં પોતાની ભૂલને કારણે જ પામી શકતો નથી. એ ભૂલ સુધરે તો જરૂર સિદ્ધ સ્વરૂપ પ્રગટ કરી શકે.

હવે જીવનની ભ્રમણાઓ અન્ય ક્યાં છે તે અવસરે –



# મુખથી જ્ઞાન કથે....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરનારો જીવ સર્વજ્ઞ-સર્વદર્શી બને છે. સર્વજ્ઞતા જ્ઞાનગુણની ચરમ પરિણતિ છે. વિશ્વનાં સર્વ દ્રવ્યો-પર્યાયોને જાણવાની સાથે પોતે પોતાનો સર્વ ગુણો સહિતનો સંપૂર્ણ અનુભવ કરે, તે સંપૂર્ણ જ્ઞાન.

સંપૂર્ણ જ્ઞાનરૂપ કેવળજ્ઞાન સિવાયનાં બધાં જ જ્ઞાન અધૂરાં-અપૂર્ણ. પૂર્ણતા માત્ર કેવળજ્ઞાનમાં જ હોય. વળી આગળ કહી ગયા તેમ કેવળજ્ઞાન અનંત છે. અને મતિ-શ્રુત આદિ જ્ઞાન અંતવાળાં છે એટલું જ નહીં, પણ પૂર્વોનું જ્ઞાન હોય તેવા જીવોનું જ્ઞાન પણ કેવળજ્ઞાનના અનંતમા ભાગે જ છે. અગાધ સમુદ્રની સામે જેટલું મૂલ્ય એક બિંદુ પાણીનું. બસ, કેવળજ્ઞાનની સામે શ્રુતધર કે પૂર્વધર હોય તેનું મૂલ્ય પણ એક બિંદુ જેટલું જ. એથી વિશેષ નહીં.

જો આ સત્ય સમજાય તો કોઈ જીવ જ્ઞાનનો મદ કરી શકે નહીં. મદ કરવા જેટલું જ્ઞાન હોય તો તે કેવળજ્ઞાન જ છે. હું તો ઘણીવાર પ્રવચનોમાં કહું છું જ્ઞાનનો મદ કરવાનું મન થાય તો હમણાં રહેવા દો. આટલા અમથા જ્ઞાનનો શું મદ કરવો? કરવો હોય તો કેવળજ્ઞાન થયા પછી કરજો. એની તુલનામાં કોઈ જ્ઞાન ઊભું નહીં રહી શકે! બંધુઓ! તમારા ઉત્તરની મને ખબર છે. તમે કહેશોઃ અંતરમાંથી સર્વથા મદનો નાશ થશે ત્યારે તો કેવળજ્ઞાન થશે તો મદ કરાશે ક્યાંથી? બસ, એ જ બતાવે છે કે જ્ઞાન એ મદ કરવાનું સાધન નથી. જ્ઞાન ભણતાં કે ભણી લીધા પછી જિનવરને વંદીએ અને કહીએ કે હે પ્રભુ! ઘણુંયે ભણ્યો, ઘણું જ્ઞાન મને થઈ ગયું એમ માનું છું પણ એ તારા જ્ઞાનના અનંતમા ભાગથી જરાય વધારે નથી, તો ચડેલો મદ ઊતરી જશે અને નમ્રતા આપોઆપ આવશે.

જેને પોતાના જ્ઞાનની મર્યાદાનું ભાન નથી એવો અપૂર્ણ જીવ થોડું કંઈક મેળવી લે, થોડા ગ્રંથો વાંચી લે, થોડું સમજતાં શીખી જાય કે એ માનતો થઈ જાય કે મારા જેવો જ્ઞાની કોઈ નથી. પોતાને સંપૂર્ણ માનવા તથા મનાવવા માંડે એટલું જ નહીં, પૂજા પ્રતિષ્ઠાની ભાવના પણ તેને થાય. લોકો પાસેથી એવી અપેક્ષા સેવતો થઈ જાય. આમ પૂજા-પ્રતિષ્ઠાનો, યશ-કીર્તિનો મોહ છૂટ્યો ન હોય, આવો લોભ તો પડ્યો જ હોય અંતરમાં. એવા જીવને શ્રીમદ્જી દ્રોહી સંબોધે છે.

**મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ,**
**તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ....૧૩૭....**

જેની કથની અને કરણીમાં એકતા નથી પણ અંતર છે એવા એકાંત નિશ્ચયવાદી જીવો, મુખથી તો આત્માના શુદ્ધ સ્વરૂપની વાતો કરતા હોય. હું ત્રિકાળી સત્ શુદ્ધ આત્મા છું. મારો આત્મ-પ્રભુ સર્વથી ભિન્ન-અસંગ છે, નિરાગી ભગવંત છે, અખૂટ સામર્થ્યનો ધણી છે. આ અને આવા બીજા અનેક ગુણોનો મહિમા, પોતે સંપૂર્ણ જ્ઞાની છે એમ માનીને ગાતો હોય. પરંતુ એના અંતરંગને તપાસીએ તો તેમાં વિકારો એટલા જ ભર્યા હોય.

પોતાને ત્રિકાળી સત્ માનતો હોય અને મૃત્યુનો ડર ઓછો ન થયો હોય, મરવું ગમતું ન હોય, મરણની વાત આવે ત્યાં તેનાથી દૂર ભાગતો હોય. જે દ્રવ્ય ત્રિકાળી સત્ છે તેને ક્યાં મરવાનું છે? છતાં હું મરી જઈશ તો? આ વિચાર એને કાયમ પીડતો હોય. પોતાના ત્રિકાળી સ્વરૂપ પર એને વિશ્વાસ ન હોય.

આત્માની શુદ્ધતાની વાત કરનાર રાગ કે દ્વેષના એક પણ નિમિત્તને છોડી શકતો ન હોય, વિષયોના રાગ અંદરથી છૂટ્યા ન હોય, ઈન્દ્રિયોના પોષણમાં ક્યાંય પાછો પડતો ન હોય. એકાદ વાર પ્રયોગ કરી જોવો જોઈએ કે આવા શુષ્કજ્ઞાનીને ખાવા માટે હલકામાં હલકો નીરસ પદાર્થ આપવો જોઈએ અને પછી તેનાં પરિણામો કે ભાવોને તપાસવા જોઈએ તો ખ્યાલ આવે કે તેનો આત્મા નિરાગી બની શુદ્ધ થયો છે કે રાગદશાથી તરબોળ ભર્યો છે. બંધુઓ! શાસ્ત્રોમાં પાઠ આવે છે કે, ધન્ના અણગાર અને તેના જેવા બીજા તપસ્વી મુનિઓ છઠ્ઠના પારણે છઠ્ઠ, અઠ્ઠમ અને તેથી પણ વધુ ઉગ્ર તપશ્ચર્યા કરતા અને પારણાના દિવસે માત્ર એક મુઠ્ઠી નીરસ ભોજન એકવાર લે. છતાં સમતા તો તેના તન-મનમાં લહેરાઈ રહી હોય. ઈન્દ્રિયોના કોઈ વિષય તેમને લોભાવી શકતા ન હોય. આવા મહાપુરુષો ખરેખર આત્મ-દશાને પામ્યા હોય. બાકી ઈન્દ્રિયોના વિષયોમાં ગળાડૂબ પડ્યો હોય અને વાતો કરે શુદ્ધ આત્માની.



સાંસારિક જીવનવ્યવહાર જરાય સુધર્યો ન હોય. કાવાદાવા કે પ્રપંચ જેમના તેમ જ ચાલતા હોય. અરે! એવું પણ જોવા મળે કે મોઢેથી નિશ્ચયનયની વાતો કરતો હોય અને શ્રદ્ધા તો એવી જ ધરાવતો હોય કે ધર્મના ક્ષેત્રમાં, સત્સંગના ક્ષેત્રમાં, અન્ય મતને નીચો દેખાડવામાં આવી બધી વાતો કરાય. ત્યાં નિશ્ચયનયને આગળ કરાય પણ આપણા ભૌતિક વ્યવહારના ક્ષેત્રમાં, ધંધાના ક્ષેત્રમાં, પરસ્પરના વ્યવહારમાં તો જેમ સહુ જીવતા હોય તેમ જ જીવાય. ત્યાં જરાય આઘું-પાછું ન ચાલે!

વ્યવહારમાં બીજાની જેમ એક-બીજાના સંબંધોમાં ક્યાંય પણ થોડું ઓછું પડે તો તરત દ્વેષ થયો હોય. ઓરતા-ધોખા કરતો હોય. અમુકના ઘરે પ્રસંગ હતો તો મને ન બોલાવ્યો, મને આમંત્રણ ન આપ્યું. મારી કિંમત કરી નહીં. એટલું જ નહીં, એના દીકરાના લગ્નમાં હું રૂ. ૫૦૦ની ભેટ આપી આવ્યો હતો અને મારા ઘેર પ્રસંગ આવ્યો ત્યારે માત્ર રૂ. ૧૦૦ ની જ વસ્તુ લઈ આવ્યો! આવા તો અનેક પ્રસંગો જીવનમાં આવે અને દરેક વખતે આવા રાગાદિના ભાવો કરતો જ હોય! તો આને જ્ઞાની કહેવો? શાસ્ત્રોનો સ્વાધ્યાય તો રોજ કરતો હોય! કેટલાક ખાસ શબ્દો રટી લીધા હોય, જે બધે જ કહેતો ફરતો હોય અને તેમાંય અન્ય સંપ્રદાયના લોકો મળે ત્યાં તો જાણે ધર્મઝનૂન ચડતું હોય એવા દ્વેષના રંગે રંગાઈ જાય!

અરે! એક અજ્ઞાની જીવ કે જે આત્મા વિષે કશુંય ન જાણતો હોય તેના વ્યવહારમાં અને આવા નિશ્ચયવાદીઓના વ્યવહારમાં કશોય ફરક ન હોય!

આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થયા પછી અહં તો ગળી જ જવો જોઈએ. તેના બદલે તેના જેટલું અહં બીજામાં ન હોય! બંધુઓ! માફ કરજો, પણ જ્યારે નિશ્ચયની વાતો કરનારના અહંને જોઈએ ત્યારે એમ થાય કે આના હાથમાં શાસ્ત્રો આવ્યાં કે શુદ્ધ નિશ્ચયની વાણી સાંભળી એ બધી શું આ રૂપે જ પરિણમી? એના અહંને વધારનાર બની? શાસ્ત્રોમાં સર્વજ્ઞ-

સર્વદર્શી પરમાત્માએ કહ્યું છે કે ''ગમે તેવા આગમો હોય તે મિથ્યાત્વીને મિથ્યારૂપે જ પરિણમે!'' એ કથન આવા જીવોમાં પ્રત્યક્ષ સાકાર થતું જોવામાં આવે.

એટલું જ નહીં! થોડાં શાસ્ત્રો ભણી ગયો, કંઠસ્થ કરી લીધાં, વાક્પટુતાના કારણે બોલતાં શીખી ગયો કે માન-પ્રતિષ્ઠાની ઈચ્છા અંદરથી જોર કરવા માંડે. સમાજ તેને માને-પૂજે, તેની યશકીર્તિ વધે. આવા અભરખા થવા માંડે. પોતે જે ઈષ્ટદેવને માનતો હોય તેને મૂક પડતા અને પોતાના નામે સંપ્રદાય ચલાવવા માંડે!

બંધુઓ! કેવો દુષમકાળ છે! ધર્મને નામે કેટલાં ધતિંગ ચાલે છે! ઊંચી ઊંચી વાતો કરનારાઓની દયા આવે એવું છે. એટલે જ શ્રીમદ્જીએ કહ્યું કે આવા જીવો, જેના મુખની વાતો નિશ્ચયની હોય પણ અંતરમાં પડેલો મોહભાવ ક્યાંય દૂર ન થયો હોય તેવા બિચારા જીવો પામર છે, નિર્માલ્ય છે. એની તો દયા ખાવા સિવાય બીજું શું થઈ શકે?

પણ શ્રીમદ્જી કહે છે, એવા જીવો પર વધારે કરુણા તો એમ આવે છે કે એને ખબર નથી હોતી કે પોતે શું કરી રહ્યો છે. પોતે જ્ઞાની છે, બહુ જાણે છે, પોતે જાણે છે-સમજે છે એટલું બીજા કોઈ જાણતા નથી. આવું કહેવડાવવાના મોહમાં કેવડો મોટો અનર્થ આચરી બેસે છે.

પહેલી વાત તો એ કે તેને સાચા જ્ઞાનની ઓળખ થતી નથી. જ્ઞાનીના ચરણોમાં જઈ શક્તો નથી. જ્ઞાની પ્રત્યે અહોભાવ કેળવી શકતો નથી. જ્ઞાનીની આદર ભક્તિ કરી શકતો નથી. પણ જ્ઞાનીને ખોટા ઠરાવવાના પ્રયાસો કરે છે. તેમના પ્રત્યે ઈર્ષ્યા સેવે છે અને જ્ઞાનીનું ખરાબ થાય એવું ઈચ્છતો થઈ જાય છે! કેવડો મોટો દ્રોહ!

આ કાળમાં પણ ચારે બાજુ આવું જોવા મળે છે. આપણો ઈતિહાસ પણ સાક્ષી પૂરે છે. મહાવીરની સામે ગોશાળાએ કેવો દ્રોહ કર્યો! પણ બંધુઓ! હું તો કહીશ કે ગોશાળો સારો હતો. એણે દંભ ન સેવ્યો. મહાવીર પ્રત્યે ઈર્ષ્યાના ભાવ જાગ્યા તો જગત જુએ એ રીતે તેની સામે આવ્યો અને પ્રભુને પીડ્યા! અને ઈતિહાસના પાને ચડી ગયો. પણ આ કાળ તો બહુ ભયંકર કાળ છે! આ યુગમાં ઈર્ષ્યા-દ્વેષથી એક-બીજાનું સત્યાનાશ કરનારાઓ એવા દંભી હોય છે કે પાછળથી જ વાઘની જેમ



થાપો મારે. જેના પ્રત્યે દ્વેષ-ઈર્ષ્યા સેવે છે તેને પણ ખબર ન પડે અને સમાજ પણ ન જાણે. સમાજમાં તો એ સારો જ રહે! આ દંભ તો મહા મોહનીય કર્મ બંધાવનાર છે!

ગોશાળા વિષે વિચારીએ. ભગવાન મહાવીરની છદ્મસ્થ અવસ્થામાં, છ વર્ષ સુધી પ્રભુની સાથે, પ્રભુના શિષ્ય બનીને રહ્યો. સાથે વિચરણ કર્યું. પ્રભુ પાસેથી ઘણુંયે શીખ્યો અને પ્રભુથી અલગ વિચરવા માંડ્યો. પોતે સંન્યાસી તો હતો જ અને અનેક વિદ્યાઓ જાણી લીધી હતી. ભૂત-ભવિષ્યના કથન પણ કહેતાં શીખી ગયો હતો અને તેણે પોતાનો નવો ચોકો ઊભો કર્યો. હજારોને આકર્ષ્યા. લોકો તેના ભક્ત બન્યા અને ગોશાળો પૂજાવા માંડ્યો. તેનામાં લોકોને પોતાની પાછળ ફેરવવાની કળા હતી.

આ કળા હોય તો ભક્તોનાં ઝુંડ વધતાં વાર ન લાગે. અમારા સ્વ. ગુરુદેવ પૂજ્ય પ્રાણલાલજી મહારાજ સાહેબ ઘણીવાર કહેતા 'ઝૂકનેવાલે તો હૈ, ઝૂકાનેવાલે ચાહિયે' દરેક યુગમાં આવું બનતું જ આવ્યું છે. ગોશાળાએ પણ હજારો નહીં, લાખો ભક્તોનો સમુદાય ભેગો કરી લીધો.

સમય વ્યતીત થયો. ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું. તીર્થની સ્થાપના કરી તીર્થંકર થયા. માનવો જ નહીં, દેવો, અને દેવના દેવ ઈન્દ્રો દ્વારા પ્રભુ પૂજાવા લાગ્યા. તેમની સર્વજ્ઞતાનો પ્રચંડ સૂર્ય તપવા માંડ્યો. પ્રભુના તેજની સામે ગોશાળો ઝાંખો લાગવા માંડ્યો. પોતે પોતાને જિન આર્હત-સર્વજ્ઞ કહેવડાવતો હતો, પૂજા પામતો હતો. અને હવે સાચા જિનેશ્વરને સહુએ ઓળખી લીધા. ગોશાળાની પોલ ખૂલી ગઈ અને ક્રોધે ભરાયો! વળી ભગવાન મહાવીરની પૂજા ઈન્દ્રો કરે તે તો કેમ સહ્યું જાય? અને ઈર્ષ્યાની આગ પ્રજ્વળી ઊઠી. મહાવીર જૂઠો છે. એ સર્વજ્ઞ નથી પણ સાચો સર્વજ્ઞ હું જ છું એ બતાવવા પોતાની લબ્ધિનો પ્રયોગ કરવા પ્રભુની સામે દોડી આવ્યો.

આવીને શબ્દોના પ્રહાર વડે પ્રભુનું અપમાન કરવા લાગ્યો. પ્રભુએ મૌન સેવ્યું તો એ વધુ ઉશ્કેરાયો અને પ્રભુના ઉપકારને વીસરી, પોતાની પાસે રહેલી તેજોલેશ્યા પ્રભુ તરફ છોડી. મુખમાંથી અને આંખોમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળવા માંડી અને પ્રભુના શરીર સુધી પહોંચી. પ્રભુ

કલ્પાતીત પુરુષ, જિનનામકર્મનું પ્રબળ પુણ્ય, તેથી ગમે તેવો પ્રચંડ અગ્નિ પ્રભુને બાળી શકે નહીં. મહાવીરના શરીરને ત્રણ પ્રદક્ષિણા કરી અગ્નિ-જ્વાળાઓ પાછી ફરી અને ગોશાળાને દઝાડવા માંડી. અસહ્ય બળતરાથી ગોશાળો બૂમો નાખવા માંડ્યો અને પ્રભુએ શીતલ લેશ્યા છોડી તેની બળતરાને શાંત કરી.

બંધુઓ! વિચારો. આ શું છે? ઈર્ષ્યાની આગમાં જલતા ગોશાળાએ વિચાર ન કર્યો કે હું કોને મારવા તૈયાર થયો છું? એક વખત મેં જેને મારા ગુરુ રૂપે સ્વીકાર્યા, જેમનું શિષ્યત્વ મેં સ્વીકાર્યું-ગ્રહણ કર્યું એમનાં માન-પૂજા-યશ હું સહન નથી કરી શકતો? સર્વજ્ઞને ખોટા ઠરાવવાનો પ્રયાસ કરું? એ મારી કેટલી અજ્ઞાનતા! અરે! તેને લાખો ભક્ત હતા. તેની સામે ઉઘાડો પડી જઈશ એવો ડર પણ ન લાગ્યો! ઈતિહાસના પાને બદનામ થઈ ગયો.

આ કોણે કરાવ્યું ? અજ્ઞાનતાએ, તેથી જ શ્રીમદ્જીએ કહ્યું કે આવા પામર જીવો જ્ઞાનીને ઓળખે નહીં અને ગુરુદ્રોહી થાય! જ્ઞાનીનો દ્રોહ કરે! માટે કથની-કરણીનું ઐક્ય સાધવું બહુ જ જરૂરી છે. અંતરમાં જો સાચી મુમુક્ષુતા પ્રગટી હોય તો જ જ્ઞાનીનું મહત્ત્વ સમજાય અને પોતાનું અજ્ઞાન દૂર થાય. મુમુક્ષુના અંતરમાં કેવા ગુણો પ્રગટ્યા હોય તે અવસરે –

# ૬



## હોય મુમુક્ષુ ઘટ વિષે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરતાં મુમુક્ષુ જીવમાં ગુણવૃદ્ધિ થતી રહે છે. જેમ-જેમ આરાધનામાં આગળ વધે તેમ-તેમ આત્મામાં રહેલ અનંત-ગુણો ક્રમશઃ પ્રગટે છે.

મુમુક્ષુતા એટલે મોક્ષની અદમ્ય ઈચ્છા. આવી મુમુક્ષુતા માટે જીવમાં પ્રથમ કયા-કયા ગુણો હોવા જરૂરી છે એ બતાવતાં શ્રીમદ્જી ફરમાવે છે -

**દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;**
**હોય મુમુક્ષુ ઘટ વિશે, એહ સદાય સુજાગ્ય....૧૩૭**

જિનેશ્વરનો ધર્મ જ દયા-પ્રધાન છે. દયાને ધર્મનું મૂળ કહ્યું છે. જ્યાં દયા છે ત્યાં જ ધર્મ છે. કેટલાક લોકો દયાને રાગભાવ માનીને વર્જ્ય ગણે છે, તે બહુ મોટી ભ્રમણામાં છે. જિનેશ્વરનો માર્ગ જ દયારૂપ છે. જિનેશ્વરનો અનુયાયી કહેવાતો હોય અને દયાનો નિષેધ કરતો હોય તે જિનનો નહીં પણ અન્ય કોઈનો અનુયાયી હશે પણ જિનેશ્વરનો તો નહીં જ. શ્રીમદ્જી પણ કહે છે :

**ધર્મ તત્વ જો પૂછ્યું મને તો સંભળાવું સ્નેહે તને;**
**જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર.**
**ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન;**
**અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને દળવા દોષ.**
**સત્ય શીલ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;**
**દયા નહીં તો એ નહીં એક, વિના સૂર્ય કિરણ નહીં દેખ....**

આ પદમાં બહુ જ સરલતાથી શ્રીમદ્જી સમજાવે છે કે દયાધર્મ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે. જ્યાં દયા છે ત્યાં જ તેની પાછળ અન્ય ગુણો પણ આવે

છે. પણ જો દયા ન હોય તો સૂર્ય વિના જેમ અંધકાર છવાઈ જાય, સૂર્ય વિના તેનું એક કિરણ પણ ન દેખાય તેમ, દયા વિના સત્ય, શીલ આદિ ગુણો પણ જીવનમાં ટકી શકતા નથી.

આ ગાથામાં પણ શ્રીમદ્જીએ મુમુક્ષુના ગુણોનું વર્ણન કરતાં પહેલો ગુણ 'દયા' કહ્યો.

અહીં 'દયા' એટલે સ્વદયા. જેને પોતાનું સ્વરૂપ સમજાયું છે, પોતે નિર્વિકાર શુદ્ધ ચિદ્રુપ આત્મા છે પણ કર્મના કારણે, વિભાવને કારણે, રાગાદિના કારણે એ મલિન થઈ ગયો છે. આ મલિનતા, આ વિકાર જ જીવને અકળાવે છે. અનાદિથી વિકારોના કારણે પીડિત જીવને જ્યારે આ પીડા અસહ્ય થઈ પડે ત્યારે તેને પોતાને પોતાની જ દયા આવે છે. આને સ્વદયા કહે છે. આવો જીવ નિશ્ચય કરે કે આત્મા પીડાય એવાં કાર્યો નથી કરવાં. હિંસાદિ કાર્યો આત્માને મલિન કરી પીડિત કરનારાં છે માટે હિંસાદિનો ત્યાગ થાય છે.

વળી જ્યારે પોતાને પોતાની દયા આવે ત્યારે સાથે એ પણ સમજાય કે મને મારી આત્મિક પીડા પસંદ નથી તો કોઈ પણ જીવને શારીરિક, માનસિક કે આત્મિક પીડા કેમ ગમે ? માટે મારે કોઈને દુઃખ આપવું નહીં. આમ 'સ્વદયા' માં 'પરદયા' સમાઈ જાય છે. અન્ય જીવો પ્રત્યે અનુકંપાના ભાવ સહજરૂપે જાગે.

'સ્વદયા' જેના અંતરમાં આવી તેને રાગાદિ ભાવો પીડાકારી છે, અનર્થકારી છે તે સમજાય જ. તેથી રાગાદિ ભાવોથી થતી પ્રવૃત્તિ સહજરૂપે રોકાઈ જાય. રાગાદિ છે ત્યાં જ અશાંતિ છે. રાગાદિ પ્રવૃત્તિ રોકાઈ એટલે શાંતિનો અનુભવ થાય. જે શાંતિ સંસારના કોઈ પણ પ્રસંગે, કોઈ પણ સ્થળે, કોઈ પણ પૌદ્‌ગલિક સુખમાં ન મળી હોય તે શાંતિ પોતાને પોતામાંથી પ્રાપ્ત થાય. અને જેમના ચરણોમાં સદાય શાંતિ પમાય છે તેવા સંતોના શરણે જઈ તેમની આજ્ઞાનો આરાધક બને. જેમ-જેમ આજ્ઞા આરાધક ભાવ વધતા જાય તેમ-તેમ કષાયો મંદ પડે અને ફળસ્વરૂપ શાંતિ, પરમશાંતિનો અનુભવ થાય. જેના કષાયો ઉપશાંત થાય તેને શાંતિ મળે જ.

શાંતિ આવ્યા પછી સમતા આવે, કષાયોની ઉગ્રતા જ વિષમતા પેદા



કરાવે છે. કષાયો મંદ થાય, ઉપશાંત થાય, એટલે પ્રથમ શાંતિ આવે અને પછી સમતા આવે. અંતરમાં નિશદિન ઉછળતા કષાયોનો ઊભરો બેસી જાય તો પછી તે જીવને પીડી ન શકે. જેમ કે ચૂલા પર મૂકેલું દૂધ. દૂધનો સ્વભાવ તે ઊભરાવાનો. પણ બહેનોમાં એટલી ચાલાકી હોય કે તે દૂધને ઊભરાવા દે નહીં. દૂધમાં ઊભરો આવે એટલે કાં તો દૂધને ચૂલેથી ઊતારી લે અને કદાચ ઉતારવાનાં સાધનનો અભાવ હોય તો અંજલિ ભરીને પાણી દૂધમાં છાંટી દે, તેથી ઊભરો શાંત થઈ જાય અને પછી સાધન શોધી ઉતારી લઈ એક બાજુ મૂકી દે એટલે દૂધ પોતાની મેળે જ ઠંડું થઈ જાય.

બંધુઓ! અંતરમાં સમતા લાવવી હોય તો આમ જ કરવું પડશે. કષાયો ચિત્તમાં ઊભરાઈ રહ્યા હોય તેને સમજણથી રોકી રાખવા, જે ક્ષણિક જ થઈ શકે. પણ ચિત્તને કષાયોમાંથી ખેંચી લેવું. ચિત્તને કાંઈ ને કાંઈ જોઈએ છે. તેને કષાયોથી વેગળું કરી આત્મ-સ્વરૂપની લીનતામાં રોકી દો. ધ્યાનમાં રોકી દો, તો ચિત્ત કષાયોથી વેગળું થતાં આપોઆપ કષાયો ઉપશાંત થઈ જશે. અને પછી તો ઊભરો બેસી જતાં જેમ દૂધ આપમેળે ઠંડું થઈ જાય, પોતાના મૂળ સ્વભાવમાં આવી જાય તેમ આત્માનો મૂળ સ્વભાવ સમતા જ છે તેથી આપોઆપ ચિત્તમાં સમતા આવી જ જાય.

અંતરમાં સમતા આવ્યા પછી ક્રોધાદિના નિમિત્તો જીવને બહુ મૂંઝવી શકે નહીં. ક્યારેક પૂર્વકર્મોના ઉદયે આવાં નિમિત્તો આવે. જીવને સતાવવાનો પ્રયત્ન કરે. પણ જીવ ક્ષમા ધારણ કરી લે. ક્રોધ એ તો આગ છે. આગમાં પડનાર દાઝ્યા વિના ન રહે. એમ માની ક્ષમાના શીતળ જળનો જ આશ્રય લઈ સ્વયં શીતળતાનો અનુભવ કરે.

ક્ષમાભાવ એવો વિકસિત થાય કે કોઈ માનવ, પશુ કે દેવ ઉપસર્ગ દેવા આવે તો પણ તેના પ્રત્યે દ્વેષ ન આવતાં કરુણા પ્રગટે. એમ થાય કે મને નિમિત્ત બનાવી એ જીવ વિષમતામાં પરિણમી રહ્યો છે. બિચારાને કેવું વિષમ પરિણામ ભોગવવું પડશે. આમ એ જીવ કરુણા આવતાં પોતાના આત્મામાં ક્ષમા ધારણ કરી રાખે. શાસ્ત્રોમાં શ્રમણના દશ ધર્મોમાં પહેલો ધર્મ ખંતિ એટલે ક્ષમા બતાવ્યો છે. એટલે જ આપણા કેટલાક પૂર્વાચાર્યો ક્ષમાશ્રમણ કહેવાતા. જેમનામાં ક્ષમાનો મહાન ગુણ જાગ્રત થઈ ગયો, તેમનામાં તે પછીના બીજા નવ ગુણો આવતાં વાર નથી લાગતી.

આટલા ગુણોના ધારક મુમુક્ષુને સત્ તત્ત્વની અડોલ શ્રદ્ધા હોય. સત્ અર્થાત્ આત્મા. 'હું આત્મા છું' એવું ભાન તેને નિરંતર વર્તતું હોય તેથી એ જીવ સ્વદયામાં જ રાચતો હોય. જ્યાં સ્વદશા છે ત્યાં કોઈ પણ દુર્ગુણોને આશ્રય મળે નહીં. કારણ દુર્ગુણ એ તો જીવની વિકારી દશા છે. વિકાર કદી સુખ કે શાંતિ ન આપે પણ દુઃખ અને અશાંતિ જ આપે. આવા નિશ્ચલ શ્રદ્ધાવાન જીવ કોઈ પણ વિકારોને પોષણ કેમ આપે? તેથી હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ આદિ મુખ્ય પાંચ પાપો તો જીવનમાં ઊભા જ શાના રહે? સત્‌નું લક્ષ્ય છે, સત્‌નું આચરણ છે, તેના જીવનમાં, વ્યવહારમાં, વાણીમાં, વિચારોમાં સત્ય જ હોય.

સતના ઈચ્છુક આત્મામાં સહજરૂપે ત્યાગ આવી જાય. તેને પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો પડે નહીં. કારણ વસ્તુઓનું - વિષયોનું મમત્વ તથા રાગ ઊતરી જાય તેથી ત્યાગ સહજ થાય અને ત્યાગ સાથે સંસાર કે રાગાદિની ઉદાસીનતારૂપ વૈરાગ્ય પણ હોય જ. આમ ત્યાગ અને વૈરાગ્ય આ બંને મુમુક્ષુના જીવનમાં હોય જ.

એ માટે જ આત્મસિદ્ધિ શાસ્ત્રની ભૂમિકામાં પણ શ્રીમદ્‌જી ત્યાગ-વૈરાગ્યનું ઘણું વર્ણન આપી ગયા. અહીં પણ એ જ કહે છે કે મુમુક્ષુ જીવ સદા આ ગુણોને વિષે જાગ્રત હોય. તેના અંતરઘટમાં આ ગુણોનું ઘોલન થઈ રહ્યું હોય. ખરો મુમુક્ષુ કોણ છે એ જાણવું હોય અથવા પોતે મુમુક્ષુની કોટિમાં આવી શકે છે કે નહીં એ જાણવા આ સાત ગુણોને સામે રાખી પોતાની જાતને તપાસી લેવી. આ ગુણોની જાગૃતિ જેનામાં રહેતી હોય તે મુમુક્ષુ, બીજો નહીં. હવે જ્ઞાનીદશા કેવી હોય તે અવસરે. –



# આત્મ-ચિંતન

'હું....આત્મા....છું'...'હું....આત્મા....છું'

ચેતન....એ મારું સ્વરૂપ....

હું....ચેતન છું....જગત....જડ છે....ચૈતન્ય....એ જ આત્મા,....આત્મા....એ જ ચૈતન્ય....ચૈતન્ય....એ મારો વિશિષ્ટ ગુણ છે....અસાધારણ ગુણ છે, જે મારા સિવાય...., આત્મા સિવાય....જગતનાં કોઈ પણ દ્રવ્યોમાં હોય નહીં....હું ચેતન છું....એટલે જ જગતથી જુદો છું....દૃષ્ટિથી દેખાતા બધા જ પદાર્થો....જડ છે....પુદ્‌ગલના પિંડ છે....દૃષ્ટિથી અગોચર એવો હું....ચૈતન્ય પિંડ છું....સર્વ પદાર્થો જડ છે....

આ શરીર....જડ છે....ઈન્દ્રિયો જડ છે....મન પણ જડ છે....જેટલા જડ પદાર્થો છે....તે મારાથી જુદા છે....હું ચૈતન્ય માત્ર આત્મા....દેહ મારો નથી....હું દેહનો નથી....ઈન્દ્રિયો મારી નહીં....હું ઈન્દ્રિયોનો નહીં....મન મારું નહીં....હું મનનો નહીં.... શરીર....ઈન્દ્રિય....અને મન....તે બધાથી જુદો હું....ચૈતન્ય આત્મા છું....મારા ચૈતન્યને પ્રગટ કરવાના....દેહ....ઈન્દ્રિય....અને મન....માત્ર માધ્યમ છે....

દેહના માધ્યમથી ચેતન પ્રગટ થાય છે....એટલે કે ઓળખાય છે....ઈન્દ્રિયના માધ્યમથી ઓળખાય છે....મનના માધ્યમથી ઓળખાય છે....પણ દેહ....તે આત્મા નથી....ઈન્દ્રિય....તે આત્મા નથી....મન....તે આત્મા નથી....આ ચેતન દેહ સાથે ભળ્યો છે...., એટલે જ દેહની સક્રિયતા છે....ઈન્દ્રિયો સાથે ભળ્યો છે....એટલે ઈન્દ્રિયોની સક્રિયતા છે....એ જ રીતે એ મન સાથે ભળ્યો છે....માટે જ મન સક્રિય છે....ચેતન...., દેહ-ઈન્દ્રિય અને મનથી....પર થઈ તો....એ કોઈ કાર્ય કરી શકે નહીં....સક્રિયતા છે....તે ચેતનની છે....દેહમાંથી....ચેતન નીકળી જાય

પછી....દેહ કે ઈન્દ્રિય કોઈ કાર્ય કરી શકે નહીં....

એટલે જ ચેતના....એ આત્માનો ગુણ છે...., દેહનો ગુણ નથી...., ઈન્દ્રિયનો ગુણ નથી....મનનો ગુણ નથી....હું....આત્મા છું....ચૈતન્ય....મારો ગુણ છે....ચૈતન્ય મારો સ્વભાવ છે....મારે....મારી સ્વરૂપદશાને....પ્રાપ્ત કરવી છે....મારી નિજાનંદની મસ્તીને....મારે....માણવી છે....ચૈતન્યની અનુભૂતિ કરવી છે....

એ માટે આખાયે જગતને ભૂલી....જગતનાં સમસ્ત જડ દ્રવ્યોથી પર થઈ....દેહ....ઈન્દ્રિય....અને મનથી પણ પર થઈ....મારામાં ઠરી જાઉં....મારામાં સ્થિર થઈ જાઉં...., મારામાં સમાઈ જાઉં....તો ચેતનાના આનંદને....માણી શકું છું...., ચેતનાને અનુભવી શકું છું....એ માટે વધુ....એકાગ્ર....થઈ....થોડી ક્ષણો....આત્માનું ચિંતન કરીએ....

'હું....આત્મા....છું....હું....આત્મા....છું'

ૐ....શાંતિ....શાંતિ....શાંતિ.

ડ



# બાકી કહીયે ભ્રાંત....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના ક્રમે-ક્રમે મોહભાવને ક્ષીણ કરતી જાય છે. મોહની ક્ષીણતા વધતા આત્મામાં વિશુદ્ધિ વધે છે.

આત્મામાં જે કંઈ અશુદ્ધિ છે, મલિનતા છે તે મોહના કારણે છે. મોહ બે પ્રકારે. આત્માની વિપરીત શ્રદ્ધા અને રાગાદિ ભાવોમાં મમત્વ. આ બંને ભાવોનો ક્ષય થાય ત્યારે જ આત્મા વિશુદ્ધ બને છે. આત્માના સર્વ વિકારી ભાવોમાં મોહ સર્વોપરી છે તેથી જ તેને રાજાની ઉપમા આપી છે.

રાજા જેમ પોતાની પ્રજાનું પાલન કરે, રાજ્યનો વિકાસ કરે, રાજ્યનું રક્ષણ કરે-તેમ મોહની પ્રજારૂપ અનેક પ્રકારનાં મિથ્યાત્વ તથા ક્રોધાદિ કષાયો-રતિ આદિ નોકષાયો અને તેનાથી નિષ્પન્ન વિવિધ વિકારોને મોહ પોષણ આપે છે. તેનો વિકાસ કરતો રહે છે. આ ભાવો આત્મામાંથી આઘા-પાછા ન થઈ જાય તેમ તેનું રક્ષણ કરતો રહે છે. એ સ્વયં એટલો સમર્થ છે કે પોતે બીજા બધાને સંભાળી લે. પણ પોતાને સંભાળવા માટે કોઈની જરૂર નહીં. એટલું જ નહીં એ એક જ ભાવ અનંત સંસારની પરંપરા ઊભી કરી દે. આજ સુધી જીવ સિદ્ધ- દશાને નથી પામ્યો તેનું કારણ પણ એ જ છે. મોહદશા જાય નહીં ત્યાં સુધી આત્મામાં સમ્યગ્દશા જાગ્રત થાય નહીં.

સમ્યગ્દશા વિના વીતરાગ દશા નહીં, અને વીતરાગદશા વિના સિદ્ધદશા નહીં. માટે જ જીવે સમ્યગ્પરિણામદશા આત્મામાં જાગ્રત કરવી પડશે. દશા પ્રગટ થતાં દિશા બદલાઈ જશે. જેની દશા પ્રગટે તેની દિશા બદલાઈ જ જાય. તેમાં વાર ન લાગે.

બંધુઓ! કાર ચલાવતા હો, એક સીધી દિશામાં ચાલ્યા જાવ છો. Turn આવ્યો, તમારે દિશા બદલવી છે, તો બહુ જ થોડા પ્રયાસે એકથી

બીજી દિશામાં ચાલ્યા જાવ છો. તે માટે જે જરૂર છે એ છે પ્રથમ તો ગાડી ચલાવવાનું જ્ઞાન. બીજું Licence અને ત્રીજું સ્ટીઅરીંગ પર કંટ્રોલ. આટલું હોય તો ગમે તે દિશામાં, ગમે તેટલા માઈલ ગાડી લઈ જવી હોય, તો લઈ જઈ શકો છો. બસ, એ જ રીતે જીવને રાગદશામાંથી વીતરાગદશા તરફ લઈ જવો હોય તો તે માર્ગે જવાનું જ્ઞાન, જીવમાં યોગ્યતા અને પરિણામધારા પર કંટ્રોલ, આટલું હોય તો જીવની દશા બદલાઈ જાય છે. આ દશા પ્રગટ કરી શકે તે જ જ્ઞાની.

આવા જ્ઞાનીની વ્યાખ્યા કરતાં શ્રીમદ્જી ફરમાવે છે -

**મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;**
**તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત....૧૩૯**

જ્ઞાની કોને કહીએ? કાં તો જેનો મોહભાવ સર્વથા ક્ષય થયો હોય અર્થાત્ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય રૂપ મોહનો અત્યંત ક્ષય કરી પૂર્ણ વીતરાગદશા જેણે પ્રાપ્ત કરી છે તે જ્ઞાની છે. અને કાં આ બન્ને પ્રકારના મોહ ઓછે-વત્તે અંશે ક્ષય થયા છે. પ્રશાંત થયા છે અર્થાત્ ચોથા ગુણસ્થાનથી લઈ દશમા ગુણસ્થાન સુધીની દશા, અરે! અગિયારમા ગુણસ્થાન સુધીની દશા, જેમાં ક્રમશઃ મોહભાવ ક્ષીણ અથવા શાંત થતો જાય છે. વીતરાગતા ક્રમે-ક્રમે વિકસિત થતી જાય છે તે દશા.

આવી દશા જેના અંતરઘટમાં જાગી છે તે જ્ઞાની. અર્થાત્ સંસાર અને સંસારભાવનો રાગ સર્વથા ઊતર્યો છે અથવા ધીરે ધીરે ઉતરતો જાય છે તે જ જ્ઞાનીદશા છે. બાકી સંસારના સર્વ ભાવો જીવને લોભાવતા હોય, સંસારભાવમાં પ્રીતિ હોય, તેને પામવાના પ્રયત્નમાં હોય અને શાસ્ત્રો ઘણાં જ ભણી ગયો હોય તો તે જ્ઞાની નહીં, પણ જ્ઞાનની ભ્રાંતિ.

જેના અંતરમાં ખરેખર જ્ઞાનદશા પ્રગટ થઈ હોય તેની દૃષ્ટિ બદલાઈ જાય. દૃષ્ટિ બદલાતાં તેની સૃષ્ટિ બદલાઈ જાય. અજ્ઞાની જીવને સંસારના પદાર્થોમાં જે મોહક્તા દેખાતી હોય, પુદ્ગલો આકર્ષણ કરતાં હોય તે જ્ઞાની જીવને ન હોય. પદાર્થ પ્રત્યેની તેની ભાવના જ બદલાઈ જાય. તેથી સર્વ સામાન્ય માનવની પદાર્થની વ્યાખ્યા અને જ્ઞાનીની વ્યાખ્યામાં બહુ મોટું અંતર આવી જાય.

કવિવર બનારસીદાસ, આવા જ્ઞાની-ઉત્તમ પુરુષની દૃષ્ટિ કેવી હોય



તે બતાવતાં, નાટક સમયસારમાં કહે છે –

**કીચસૌ કનક જાકૈ નીચસૌ નરેશ પદ,**
**મીચસી મિતાઈ ગુરુવાઈ જાકૈ ગારસી**
**જહરસી જોગજાતિ કહરસી કરામાતિ**
**હહરસી હૌસ પુદ્ગલ છબિ છારસી**
**જાલસૌ જગ-વિલાસ ભાલસૌ ભુવન વાસ**
**કાલસૌ કુટુંબ કાજ લોક લાજ લારસી**
**સીઠસૌ સુજસુ જાનૈ બીઠસૌ વખત માનૈ**
**એસી જાકી રીતિ તાહિં વંદત બનારસી....**

સુવર્ણ કીચડ-કાદવ સમાન છે. સુવર્ણ અને ધૂળમાં તત્ત્વતઃ કોઈ અંતર નથી. બન્ને પુદ્ગલ પરમાણુના પિંડ. વાસ્તવિકતા એ જ છે. આ દૃષ્ટિ તો કેટલાક સામાન્ય મનુષ્યોમાં પણ જોવા મળે.

એક ગરીબ પતિ-પત્ની મજૂરી કરી માંડ-માંડ પેટ ભરે. એક વાર પાર્વતીના કહેવાથી શિવજીએ એ દંપતીને સુવર્ણ આપવા વિચાર્યું. બન્ને મજૂરી કરવા જતાં હતાં ત્યાં રસ્તામાં સોનામહોરથી ભરેલી કોથળી મૂકી દીધી. આગળ પતિ ચાલ્યો જાય છે. પત્ની થોડી દૂર ચાલી આવે છે. એટલામાં પતિની ઠેસ વાગવાથી પેલી કોથળી ફાટી ગઈ. અંદરથી સોનામહોર બહાર નીકળી. જોયું તો સોનામહોર છે. પેલો ભાઈ વિચારે છે કે કોઈની કોથળી પડી ગઈ લાગે છે. તેને લઈ લેવાનો લોભ તો જાગતો નથી પણ મનમાં એમ થયું કે પાછળ મારી પત્ની ચાલી આવે છે. કદાચ એનો જીવ લોભાઈ જાય. કારણ કારમી ગરીબાઈમાં જીવી રહ્યાં છે. આવો અનર્થ ન થઈ જાય! પારકું ધન લેવાની તૃષ્ણા ન જાગે માટે તેણે સોનામહોર પર ધૂળ વાળી દીધી. એટલામાં તેની પત્ની ત્યાં આવી પહોંચી. પૂછે છે : 'શું કરો છો?' એ આવી અને જોઈ લીધું તેથી હવે જે છે તે કહી દેવું પડે. તેથી કહે છે કે કોઈની સોનામહોર ભરેલી કોથળી પડી ગઈ છે. મારું મન તો ન લોભાયું પણ કદાચ તારું મન તેમાં જાય તો! એટલે તેના પર ધૂળ વાળી રહ્યો છું. પત્નીએ બહુ જ માર્મિક જવાબ આપ્યો. એ કહે :

''તમને તો એ સોનું દેખાતું હશે પણ મને તો ધૂળ જ દેખાય છે! ધૂળ પર ધૂળ શું વાળવી?''

બંધુઓ! આ છે દૃષ્ટિનો ભેદ. જેના અંતરમાં સંતોષ પડ્યો છે, પ્રામાણિકતા પડી છે તેને પરધન પથ્થર જ દેખાય. બનારસીદાસજી પણ એ જ કહે છે કે આવા જીવને સુવર્ણ કાદવ - કીચ જેવું દેખાય છે.

રાજપદ તેને નીચપદ જેવું લાગે છે. શા માટે? આપણી પ્રાચીન ઉક્તિ છે : 'રાજેશ્વરી સો નરકેશ્વરી' રાજાને રાજનીતિ સાથે કૂટનીતિનો આશ્રય લેવો પડે. કંઈક પ્રપંચ અને મહારંભ - મહાપરિગ્રહ સેવવા પડે. તેથી પ્રાયઃ કરીને તે નરકનો જ અધિકારી બને. નરક જેવી નીચતા કઈ? તેથી રાજપદને મહાન પદ નહીં પણ નીચ પદ માને.

રાગ-મોહ વિના મિત્રતા થાય નહીં. મોહ છે ત્યાં જ ફરી ફરીને જન્મ-મરણ છે માટે મિત્રતા મૃત્યુ સમાન માને.

જગતમાં મળતી મોટાઈ તે સદા જૂઠી જ હોય. કારણ આજે જે લોકો મોટાઈ આપે છે તે લોકો જ કાલે લાત મારી ક્યાં ફેંકી દેશે તેની ખબર નહીં પડે. આજે જે પ્રશંસા કરે છે તે કાલે નિન્દા કરવા માંડશે. માટે મોટાઈ તે ગારાના લીંપણ જેવી છે.

યોગાદિ ક્રિયાઓ જે કર્મબંધનનું કારણ છે તેને ઝેર સમાન માને છે અને મંત્ર-તંત્રાદિની કરામતો, જે લોકોને ભ્રમજાળમાં ફસાવનાર છે, તેને દુઃખ સમાન માને છે.

લૌકિક ઉન્નતિ અને માન-પ્રતિષ્ઠા પામવાની ભાવનાને અનર્થ સમાન માને છે. પુદ્‌ગલના પૂતળા સમ આ દેહને સ્મશાનની રાખ સમાન માને છે. આ દેહને ગમે તેવો હૃષ્ટ-પુષ્ટ બનાવ્યો, ગમે તેવો સજાવ્યો, સુંદર દેખાવા માટે ખૂબ શણગાર્યો, તેના માટે ગમે તેટલાં પાપો કર્યાં પણ અંતે તો તેની રાખ જ થવાની. તેથી તે રાખ સમાન છે.

જગતના ભોગ-વિલાસ માછીમારની જાળ જેવા છે. તેમાં ફસાયા પછી નીકળવું બહુ જ મુશ્કેલ! ભોગો મોતના મુખમાં જ ધકેલે છે અને પરંપરા પણ ભોગ-ભાવનાની જ ઊભી થાય છે. તેથી-ભોગવિલાસ જાળ જેવા જ છે.

જ્ઞાની જીવને ભવ વિષે નિત્ય ખેદ વર્તતો હોય, તેને સંસારમાં રહેવું પડે તો પણ ભાલાની અણી પર જીવતો હોય તેવું લાગે. પરિવારની પળોજણ કાળ જેવી ક્રૂર લાગે. ગમે નહીં પણ કરવી પડે માટે જ કરતો



હોય. સાંસારિક ઈજ્જત વધારવાના પ્રયત્ન મુખમાંથી ટપકતી લાળ જેવી ગંદા લાગે. એ ઈજ્જત મળી તોય શું અને ન મળી તોય શું? તેની કશીયે કિંમત નથી. તેથી જ જેને ખરેખર અંતરલગની લાગી હોય તે લોકલાજથી ડરતા નથી. મેવાડની મીરાં મહારાણી હોવા પછી પણ કૃષ્ણની લગની લાગી તો તેણે લોક - લાજને વેગળી મૂકી દીધી. લોક-લાજની કશીયે કિંમત નથી. તેમાંય અધ્યાત્મમાર્ગે જે જીવને આગળ વધવું છે તે જો લોકલાજમાં પડ્યો રહે તો અધ્યાત્મ સાધી શકે નહીં. તેની ગતિ તો સંસારથી ઊલટી જ હોય.

યશ - કીર્તિને મેળવવાની કે વધારવાની ઈચ્છા નાકના મેલ સમાન સર્વથા ત્યાજ્ય છે. કારણ તેથી અહંનું પોષણ થાય છે અને અહં તો અથડાવનાર છે. માટે યશ-કીર્તિને ઈચ્છવા યોગ્ય નથી. વળી પુણ્યના ઉદયને વિષ્ટા સમાન માને છે કે જે ભોગવવા જેવા નથી. કારણ પુણ્યના ઉદયોને ભોગવતા રાગાદિ ભાવો જાગે અને ફરી કર્મબંધ થાય તે માટે વિષ્ટા સમાન ત્યાજ્ય છે.

આવી સર્વ ભાવનાઓ જેના ચિત્તને વિષે વર્તે છે, જેની દૃષ્ટિ બદલાઈ ચૂકી છે, સંસારમાં રહેવા છતાં તે જલકમલવત્ સંસારથી અલિપ્ત રહે છે. પોતાને સંસારમાં રહેવું પડે છે માટે રહ્યો હોય, પોતામાં સંસાર ન રહે. જેમ નાવ પાણીમાં રહે, પણ પાણી નાવમાં રહે તો નાવ ડૂબી જાય, તેમ જીવ જ્યાં સુધી શિવ ન થાય ત્યાં સુધી તેને સંસારમાં તો રહેવું પડે પણ પોતામાં સંસારનો વાસ ન થવા દે. એવા ઉત્તમ પુરુષને કવિ બનારસીદાસજી વંદન કરે છે.

શ્રીમદ્‌જી પણ તેને જ જ્ઞાની કહે છે કે જેનો મોહભાવ ક્ષીણ થઈ ગયો છે, શાંત થઈ ગયો છે. તેવા જ્ઞાની પુરુષ સંસારમાં હોવા પછી પણ તેનાં રાગ-દ્વેષ અતિ મંદ થઈ ગયાં હોય, તેથી કર્મબંધ પણ તેને બહુ જ ઓછા થાય છે.

રાગ અને દ્વેષ એ બે કર્મનાં બીજ છે અને તે બન્ને વિષમતાના પણ બીજ છે. રાગથી રત અને દ્વેષથી દ્વિષ્ટ મનુષ્ય ન તો પોતાના ભાવોને જોઈ શકે છે, ન સર્વ જીવની આંતરિક સમતાને. જે સમતાને નથી જોઈ શકતો તે કોઈના પ્રતિ રત થઈને પાપ કરે છે, તો કોઈના પ્રતિ દ્વિષ્ટ

થઈને પાપ કરે છે. સમત્વદર્શી નથી કોઈ પર રત થતો, નથી કોઈ પર દ્વિષ્ટ થતો, તેથી તે પાપ કરતો નથી.

सम्मतदंसि न करेइ पावं।।

આ ખૂબ રહસ્યપૂર્ણ સૂત્ર છે. જે પાપના યથાર્થ સ્વરૂપને જુએ છે તે પાપ કરી શકતો નથી. જે પાપના યથાર્થ સ્વરૂપને જાણતો નથી કે જોતો નથી તે જ પાપ કરી શકે છે.

जानामि धर्मं न च मे प्रवृत्तिः
जानामि धर्मं न च मे निवृत्तिः

હું ધર્મને જાણું છું પણ તેનું આચરણ નથી કરતો. હું અધર્મને જાણું છું પણ તેને છોડતો નથી. આ સ્થૂળ ચિત્તની અનુભૂતિ છે. સૂક્ષ્મ ચિત્તમાં થનાર સમ્યગ્દર્શન અસમ્યક્ આચરણમાં ન લઈ જાય, તેથી સમ્યગ્દર્શની જીવ જાણી-બૂઝીને પાપ કરતો નથી. તેનાથી અજાણતાં થઈ જાય, પણ તે કરે નહીં.

જેના ચિત્તમાંથી પાપની પ્રવૃત્તિના ભાવો ઊતરી ગયા છે તે જ્ઞાની. જેટલા અંશે મોહ ક્ષીણ થાય એટલા અંશે પાપભાવો પણ ક્ષીણ થઈ જાય. આવી આંતરદશા જેની વર્તે છે તે જ્ઞાની, બાકી બધી ભ્રાંતિ. મોહભાવમાં અટવાયેલો, ભૂલો પડેલો જીવ જ્ઞાનીની કક્ષામાં બે ી શકે નહીં. તેથી તેને ભ્રાંત જીવ કહ્યા.

હવે આવા જીવોની જગત પ્રત્યેની ભાવના કેવી વર્તતી હોય, તેની આંતરદશા કેવી હોય તે અવસરે –

૬



# સકલ જગત તે એંઠવત્....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, જડ-ચેતનની ભિન્નતાની અનુભૂતિ કરાવવાની સાથે બન્ને દ્રવ્યને યથાર્થ રૂપે ઓળખાવે છે. જડ તે જડ છે અને ચેતન ચેતન છે. આટલું સમજવા પછી પણ બન્ને દ્રવ્યોના ગુણપર્યાયોને જાણવા આવશ્યક છે.

શ્રીમદ્જી એ જ સમજાવે છે કે જેણે આત્માની અનુભૂતિ કરી ચૈતન્યને યથાર્થરૂપે જાણી લીધો છે તેની દૃષ્ટિ એવી ખૂલી ગઈ હોય કે જડ દ્રવ્યને જગત જે રીતે જોતું હોય, તેના કરતાં કંઈક જુદી જ દૃષ્ટિથી એ જોતો હોય. આખાયે જડ જગત સાથેના આંતરિક સંબંધો તેના બદલાઈ ગયા હોય. જ્ઞાનીની સૂક્ષ્મ દૃષ્ટિ જડ પદાર્થોના ઊંડાણ સુધી પહોંચતી હોય, તેના પળ-પળના પરિવર્તનને એ પકડી લેતી હોય. આ કારણે જ્ઞાનીના જીવનનો અભિગમ પણ બદલાઈ જાય. એ પહેલાં જે રીતે જીવતો હોય તેનાથી તદ્દન ભિન્ન રીતે તેનું જીવન વહેવા માંડે. દૃષ્ટિ બદલાતાં સૃષ્ટિ બદલાઈ જાય.

આવા જ્ઞાની જીવો પૌદ્ગલિક પદાર્થોને કઈ રીતે મૂલવતા હોય તે બતાવતાં શ્રીમદ્જી કહે છે -

**સકલ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન,**
**તે કહિયે જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન....૧૪૦....**

અજ્ઞાની માનવ આખાયે જગતને માત્ર બુદ્ધિના માપથી માપતો હોય. બુદ્ધિની સીમામાં જેટલું આવે એટલું જ આ જગત. એથી વિશેષ કંઈ નહીં. આવી અજ્ઞાન માન્યતા તે ધરાવતો હોય. પણ બુદ્ધિ ગમે તેટલી હોવા પછી સીમિત તત્ત્વ છે. તે પ્રત્યક્ષના સીમાડાને તોડી અસીમતામાં

પ્રવેશ ન કરી શકે. તેથી જ બુદ્ધિના સીમા પારના તત્ત્વોને અજ્ઞાની જાણી શકતો નથી. બુદ્ધિથી પાર પણ અનંત તત્ત્વો પડ્યાં છે, જે પોતાના ગજા બહારની વાત કરે છે. આટલો સ્વીકારતો થાય તો તે સંકુચિતતાને છોડી વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ પામી શકે. આ સંકુચિતતા જ જીવમાં મોહ-મમત્વ ઉત્પન્ન કરે છે.

મળેલા પદાર્થો અને સંબંધીઓમાં એનું મમત્વ બેહદ હોય છે. અજ્ઞાની કોઈ પણ ભોગે એ બધું છોડવા તૈયાર નથી. અરે! પદાર્થ કે વ્યક્તિ એને છોડીને જાય તો તે વ્યાકુળતાના વમળમાં અટવાઈને પોતાને દુ:ખી અનુભવે છે. આવા અજ્ઞાની જીવોને મન, પદાર્થ કે વ્યક્તિના વિયોગ જેવું બીજું કોઈ દુ:ખ નથી. આ નરી અજ્ઞાનતા જ છે.

વળી જે વ્યક્તિ કે પદાર્થનો વિયોગ, દુ:ખનું કારણ બનતો હોય છે તે વિયોગ શું આજ પહેલી વાર થયો છે? સંયોગ પહેલી વાર નથી માટે વિયોગ પણ પહેલી વાર નથી. સંયોગનો વિયોગ તો અવશ્યંભાવી છે જ. માટે જેટલા પદાર્થ કે વ્યક્તિનો જેટલી વાર સંયોગ થયો એટલી વાર વિયોગ થાય જ. એ સનાતન સત્ય છે. અનંત ભૂતકાળમાં એક નહીં અનેક વાર એ જ વ્યક્તિ કે પદાર્થ એક યા બીજે રૂપે પ્રાપ્ત થયા જ છે. તે સર્વ જીવને છોડીને ચાલ્યા ગયા અથવા તો જીવ તે સર્વને છોડીને ચાલી નીકળ્યો. આ ચક્રમાં અનંતકાળથી અનંત વાર જીવ ફરતો જ રહ્યો છે.

એ વિચારીએ કે વર્તમાનમાં પણ જે-જે પૌદ્ગલિક સુખ મળ્યું છે, જે કંઈક વિશિષ્ટ મળ્યું છે, કોઈને નથી મળ્યું એવું મને મળ્યું છે - વગેરે વિચારોથી આપણે અભિમાન લેતાં હોઈએ છીએ. આપણી ઉપલબ્ધિઓ પર આપણે ફુલાતાં હોઈએ છીએ. અન્યને નથી મળ્યું તે માટે આપણી જાતને વધુ ભાગ્યશાળી માનતા હોઈએ છીએ. અન્યને હીનપુણ્યા માનીએ છીએ. આવા તો અનેક પ્રકારના ભ્રમો સેવતા હોઈએ છીએ. પણ પુદ્ગલ દ્રવ્યને જોવાની દૃષ્ટિ જો બદલાઈ જાય, તેના ઊંડાણમાં જઈ પદાર્થનું પૃથક્કરણ કરી, તેનો ભૂતકાળ તપાસીએ તો તથ્ય સામે આવે.

પૌદ્ગલિક દ્રવ્યો શું છે? આપણી દૃષ્ટિમાં આવતા જેટલા પદાર્થો છે તે સર્વ જડ દ્રવ્યો, સર્વ પુદ્ગલ સ્કંધો, અનંત-અનંત પરમાણુઓના પિંડ છે. પરમાણુનો સહજ સ્વભાવ છે, મળવું અને વિખેરાવું. પરમાણુમાં રહેલી



રૂક્ષતા અને સ્નિગ્ધતા અન્ય પરમાણુને ગ્રહણ કરે છે અને છોડે છે. એક પરમાણુ બીજા પરમાણુ સાથે મળે, બે-ત્રણ કે અનેક પરમાણુ સાથે મળે, અનંત પરમાણુઓ સાથે મળે અને સ્કંધ બને. જ્યારે એ અનંતાનંત પરમાણુઓનો સ્કંધ બને ત્યારે આપણી દૃષ્ટિમાં આવે. તે પહેલાં ન આવે. જેમ એક-એક કરી, એકીસાથે અનેક મળીને સ્કંધ બન્યો તેમ વળી પ્રતિ-સમયે એ સ્કંધમાં નવા પરમાણુ આવીને મળે અને તેમાં રહેલ અન્ય પરમાણુઓ તેમાંથી છૂટા પડે. આ પરમાણુ જગતની સહજ પ્રક્રિયા છે. અને તે સહજ રૂપે ચાલ્યા જ કરે છે. આ પ્રક્રિયાના પરિણામરૂપ અનેક પ્રકારના પદાર્થોનું નિર્માણ થાય છે.

આંખે દેખાતા, નહીં દેખાતા અને આપણા ઉપયોગમાં આવતા પદાર્થો, તે સર્વ પરમાણુઓના પિંડ જ છે, તે સિવાય કશું જ નહીં. એ પિંડોને આપણે અનેક પ્રકારે ગ્રહણ કરીએ છીએ. આઠ પ્રકારની પુદ્ગલ વર્ગણા બતાવી, તેને આપણે એ-એ પ્રકારે ગ્રહણ કરીએ છીએ, ઉપયોગ કરીએ છીએ, અને છોડી દઈએ છીએ. સમષ્ટિ વિશ્વના સર્વ જીવો, અનંતકાળથી પુદ્ગલપિંડને ગ્રહણ કરે છે અને છોડી દે છે. આ કાર્ય કદી અટક્યું નથી અને અટકવાનું નથી. અવિરત ગતિએ ચાલ્યું આવે છે અને ચાલતું રહેશે.

જીવ દ્વારા થતું પુદ્ગલપિંડોનું ગ્રહણ કેટલા પ્રકારે થાય છે તે વિચારીએ.

આ વિશ્વની અંદર અનંતાનંત કાર્મણવર્ગણાઓ પડી છે. જીવ પોતાના રાગાદિ ભાવો વડે ખેંચીને, બંધ કરી એ વર્ગણાને કર્મરૂપે પરિણમાવે છે. કર્મો, કર્મરૂપે અમુક સમય સુધી આત્મા સાથે રહી, ફળ આપી આત્માથી છૂટા પડી જાય છે. વાતાવરણમાં અન્ય કાર્મણવર્ગણાઓ સાથે મળી જાય છે. ફરી એના એ પરમાણુઓ એ જ જીવ કર્મરૂપે ગ્રહણ કરે, અથવા બીજા કર્મ પરમાણુઓને પણ ગ્રહણ કરે કે જે કર્મ પરમાણુઓ અન્ય જીવોએ ગ્રહણ કરીને છોડી દીધા હોય. એ જ રીતે બીજો જીવ પણ અન્ય જીવે ગ્રહણ કરી છોડી દીધા હોય તે કર્મ પરમાણુઓને ગ્રહણ કરે. આમ એક-બીજાના ગ્રહણ કરાયેલા અને છોડાયેલા કર્મ પરમાણુઓ ગ્રહણ થયા કરે.

ભાષાવર્ગણાના પુદ્ગલો, મનોવર્ગણાના પુદ્ગલો, તથા શ્વાસોશ્વાસ

વર્ગણાના પુદ્‌ગલો સાથેનો આપણો વ્યવહાર પણ એવો જ છે. આપણે ગ્રહણ કરીએ છીએ તે અન્ય જીવોએ ગ્રહણ કરી છોડી દીધા હોય તે ગ્રહણ થાય. આપણે છોડ્યા હોય તે જ ફરી-ફરીને ગ્રહણ થાય અને આપણા છોડેલા અન્ય જીવો ગ્રહણ કરે.

વૈક્રિયશરીરધારી જીવો, જેને વૈક્રિય પુદ્‌ગલોને ગ્રહણ કરવાના છે તે પણ એ જ રીતે ગ્રહણ કરે છોડે. તથા આહારક લબ્ધિધારી મહાપુરુષ પણ ભૂતકાળમાં કોઈ જીવોએ ગ્રહણ કરી છોડેલા પુદ્‌ગલોને ગ્રહણ કરે. પોતાના છોડેલા અન્ય ગ્રહણ કરે. પોતાના છોડેલા પોતે ગ્રહણ કરે.

ઔદારિકવર્ગણા એક એવી વર્ગણા છે કે જીવ અનેક પ્રકારે ગ્રહણ કરે છે. સૌથી પ્રથમ તો આપણું આ શરીર ઔદારિક પુદ્‌ગલોનું બનેલું છે. એ પુદ્‌ગલો જ્યારે આપણે ગ્રહણ કર્યા ત્યારે તે સર્વથા શુદ્ધ ન હતા. પણ કોઈ જીવોએ ગ્રહણ કરી છોડી દીધાં હતાં તે જ ગ્રહણ થયાં. તેમાંથી જ આપણું શરીર બન્યું. શરીર બન્યા પછી પ્રતિ સમયે વાતાવરણમાંથી પરમાણુસ્કંધોને ગ્રહણ કરીએ છીએ તે આપણા છોડેલા અથવા અન્યના છોડેલા. આ શરીર પ્રતિસમયે કેટલાક પરમાણુઓ ગ્રહણ કરે છે અને છોડે છે. આ પ્રક્રિયા ચાલુ જ છે.

આહારરૂપે ગ્રહણ થતા પુદ્‌ગલસ્કંધો શાકાહારી જીવો માટે વનસ્પતિજન્ય હોય છે. વનસ્પતિમાં રહેલ જીવોએ શરીરરૂપે ગ્રહણ કરીને જે પુદ્‌ગલો છોડી દીધા. તેને આપણે આહારરૂપે ગ્રહણ કર્યા. માંસાહારી જીવો માટે પણ એમ જ છે. એ કોઈ ને કોઈ જીવનું ઔદારિક શરીર છે. એ જીવે તેને ઔદારિક શરીરરૂપે ગ્રહણ કર્યું હતું. અને જીવ તેમાંથી ચાલી જતાં એનું શરીર રહ્યું, જે પરમાણુ પુદ્‌ગલનો સ્કન્ધ છે. તેથી એ જીવ વડે ગ્રહણ કરી છોડાયેલું જ છે.

આપણા જીવનના ઉપયોગમાં આવતા સર્વ જડ પદાર્થો એ પણ ઔદારિક શરીરના કોઈ જીવ દ્વારા મુકાયેલા પદાર્થો છે. સોનું-રૂપું-ઝવેરાત-ધાતુઓ-વિવિધ રસાયણો વગેરે પૃથ્વીકાયના એકેન્દ્રિય જીવોએ શરીરરૂપે ગ્રહણ કરેલા પુદ્‌ગલો, વાપરી, ઉપયોગ કરીને છોડી દીધાં, તે પુદ્‌ગલો છે, વસ્ત્ર, લાકડું, વિવિધ ફર્નિચર્સ અને જીવન-ઉપયોગી બીજાં દ્રવ્યો એ લગભગ બધા જ વનસ્પતિના જીવે ગ્રહણ કરીને છોડેલા પુદ્‌ગલો



છે. હાથીદાંત, મોતી કે એવા બીજા પ્રાણીજન્ય પદાર્થો તે પણ તે-તે જીવોના ગ્રહણ કરીને મૂકાયેલા પદાર્થો છે.

આમ વિશ્વનો દેખાતો પસારો તે પરમાણુઓનો પસારો છે. તે સર્વ પરમાણુઓ, જગતના સર્વ જીવો દ્વારા એક નહીં અનેક વખત ગ્રહણ કરાયાં છે અને અનેક વખત છોડાયાં છે. સમષ્ટિ વિશ્વનો એક પણ પરમાણુ એવો નથી કે કોઈ ને કોઈ જીવ દ્વારા એ ગ્રહણ ન થયો હોય, કોઈ પણ જીવ દ્વારા એ ન સ્પર્શાયો હોય. કારણ પ્રત્યેક જીવ આ લોકના એક-એક આકાશપ્રદેશ પર અનંત અનંત વાર જન્મ-મરણ કરી ચૂક્યો. એક પણ આકાશપ્રદેશ છોડ્યો નથી તો એ આકાશપ્રદેશ પર રહેલા એક પણ પરમાણુને છોડ્યો હોય?

આમ આખાયે વિશ્વના સમસ્ત પરમાણુઓ કે જે જીવ દ્વારા ગ્રહણ થાય છે તે ભૂતકાળમાં અન્ય જીવો દ્વારા ગ્રહણ થયેલા છે. તે જીવોએ ગ્રહણ કરી, ઉપયોગ કરી, છોડી દીધાં છે. પોતે પણ એ પરમાણુઓને ગ્રહણ કરી છોડ્યા છે. ફરી એના એ પરમાણુઓ લીધા છે. કારણ વિશ્વમાં જીવ અનંત, પરમાણુ અનંત, જીવનું સંસાર પરિભ્રમણ અનંત, પુદ્‌ગલને ગ્રહણ કરવાપણું અનંત. હવે જો એક જીવ એક પરમાણુને એક જ વાર ગ્રહણ કરતો હોય તો પણ વિશ્વના સમસ્ત પરમાણુ તે ગ્રહણ કરી લે, તો બીજા જીવો માટે શું રહે? પણ જીવ તો અનેકવાર પરમાણુઓને ગ્રહણ કરે છે. તો એક જ જીવ ફરી - ફરીને એના એ જ પરમાણુ ગ્રહણ કરે. એમ અન્ય જીવો માટે પણ થાય જ.

આમ જીવ અને પરમાણુ - ગ્રહણના સંબંધને વિચારતાં તથ્ય એ સામે આવે છે કે જીવ જેટલા પરમાણુને જેટલી વાર, જે રૂપે ગ્રહણ કરે છે તે કોઈ પણ પરમાણુ Fresh નથી હોતા. કારણ કોઈ દ્વારા અથવા પોતા દ્વારા ગ્રહણ કરીને મૂકાયેલા છે. એકે વાપરી છોડી દીધું, તજી દીધું તે Fresh કેમ કહેવાય? એટલે જીવને Fresh માલ તો મળતો જ નથી. અહીં શ્રીમદ્‌જીની કહેલી ઉક્તિ સિદ્ધ થાય છે. તેઓએ કહ્યું : 'સકલ જગત તે એંઠવત્.' એંઠ કોને કહીએ?

આપણા વ્યાવહારિક જગતમાં કોઈ ખાઈને પડતું મૂકી દે, ને ભાણામાં પડ્યું રહે તેને એંઠ કહીએ છીએ. એક જણે તેનો ઉપયોગ કર્યો,

તેનો સ્પર્શ કર્યો, થોડું ખાધું ને બીજું પડતું મૂક્યું તે એંઠ. એંઠમાં પડેલો પદાર્થ ગમે તેવો સ્વાદિષ્ટ હોય, મનને ગમે એવો હોય, કીંમતી હોય પણ એ એંઠો થઈ ગયો પછી કોઈ સામાન્ય માણસ પણ એ ખાય નહીં. એ તો ઉકરડામાં જ જાય, ત્યાં કોઈ ભિખારી કે કાગડા-કૂતરા ભલે ખાય, પણ સારો માણસ તો એ ન જ ખાય. અરે! ગમે તેવો ભુખ્યો હોય તો પણ એંઠું તો ન જ ખાય.

બંધુઓ! તમને પૂછું કે ક્યારેક કોઈ લગ્નની વાડી પાસેથી નીકળ્યા અને બહાર પતરાળમાં એંઠા પદાર્થ હોય તેમાં તમને બહુ ભાવતી મીઠાઈ કે ફરસાણનો ટુકડો હોય તો તે તેમાંથી ઉપાડીને ક્યારેય ખાવ? નહીં, એ જોઈને મોઢામાં પાણી આવવાના બદલે તેના પ્રત્યે જુગુપ્સા થાય. જોવોય ન ગમે. અરે! એટલું જ નહીં, તમે સવારે જમવા બેઠા અને એંઠું છોડી દીધું. સાંજે એ જ થાળી એંઠાં સહિત તમને Fresh માલ સાથે આપે તો જમવું ગમે ખરું? એંઠું તો સર્વથા ત્યાજ્ય! આપણું મૂકેલું હોય કે અન્યનું! એ ખવાય જ નહીં! તમારા નાના અણસમજુ બાળકને પણ એ જ શીખવો ને? બેટા! એંઠું ન ખવાય!

વાસ્તવમાં વિચારો તો, ભિખારી ભલે હોય, પણ એનેય તમે Fresh ખાવા આપો ને જેટલો આનંદ થાય એટલો એંઠું ખાવામાં ન થાય! બિચારો લાચાર છે, પેટની આગ શાંત કરવી છે, ક્યાંય મળતું નથી, ભૂખ્યા રહેવાય તેમ નથી, તેથી ઉકરડામાંથી વીંખીને પણ એંઠું ખાય, પણ ખરેખર તેને પણ એવું ખાવું ગમતું નથી હોતું.

તો એ સાબિત થાય છે કે પૂરી માનવજાતને એંઠા પ્રત્યે સૂગ છે, ઘૃણા છે. એંઠને પસંદ કરતો નથી. ગમે તેટલાં કષ્ટ વેઠે પણ એંઠ તો નહીં જ જોઈએ!

શ્રીમદ્જીને માનવની આ મનોદશાનો ખ્યાલ છે. મનમનના ઊંડાણને તેમણે માપ્યું છે. તેથી જ જડ જગતના પરિણમનને તેમણે 'એંઠ' ની ઉપમા આપી આપણા મોહ-મમત્વ પર, આપણા અહં ને મમ પર કુઠારાઘાત કર્યો છે.

આખુંયે જગત પરમાણુના થતા પરિણમનને કારણે કોઈ જીવે લઈને મૂકી દીધેલા એંઠા પદાર્થ જેવું છે. તારી પાસે આવતો કોઈ પણ પદાર્થ, કીંમતી હોય કે નગણ્ય, પણ તે બધા જ કોઈની એંઠ છે. સવાલાખનો હીરો લાવી વીંટી બનાવી, આંગળીમાં પહેરી મલકાતો ફરતો હોય, દસ લાખની હવેલી બનાવી અભિમાનમાં રાચતો હોય, બે હજારની સાડી પહેરી, ધરતીથી ઊંચા ચાલતા હોય, બત્રીસ જાતનાં ભોજન આરોગી, ગરીબોની ઠેકડી ઉડાડતા હો, કરોડોની સંપત્તિ ભેગી કરી અહંથી આંધળા થઈ ગયા હો, પણ બધું જ પતરાળાંમાંની એંઠ! એથી વિશેષ કંઈ જ નહીં!



બંધુઓ! એંઠ ખાતા ભિખારીને જોઈ મુખ બગાડતા માનવને કહી દેજો કે તું જેટલા પદાર્થો Fresh સમજીને ભોગવી રહ્યો છે અને અહંકારમાં ચૂર થઈ ગયો છે એ બધી એંઠ જ છે. પેલા ભિખારીમાં અને તારામાં કોઈ અંતર નથી. એ પણ એંઠ આરોગી રહ્યો છે, અને તું પણ. અરે! એ તો એક જ વ્યક્તિએ મૂકેલ એંઠ છે, પણ તું તો આખાયે વિશ્વના અનંત જીવોએ, અનંતવાર મૂકેલ એંઠને આરોગી રહ્યો છે! પછી શાનું અભિમાન!

જગતના પૌદ્ગલિક પદાર્થોમાં રહેલ આપણો મોહ, અને એ મેળવ્યા પછીનું અભિમાન, બન્ને એક ક્ષણમાં ઊતરી જાય, જો આ સિદ્ધાંતને સમજીએ તો! ખરેખર જે જ્ઞાનીપુરુષ છે, પરમાણુઓના પરિણમનનો આવો ઊંડો તાગ જેણે મેળવી લીધો છે. તેને પુદ્ગલનો મોહ અને તેના પર પોતાની માલિકીનું અભિમાન ક્યાં ઊભું રહે? માનવ અનેક પદાર્થ પર પોતાની માલિકી સ્થાપતો હોય, કોઈ એ સ્વીકારવા તૈયાર ન હોય તો પરાણે માલિકી હક્ક સ્થાપે. અરે! પોતાની માલિકી સાબિત કરવા કોર્ટે ચડે. પણ જગત આખું સ્વપ્ન જેવું છે. વિશ્વનો એક પણ પરમાણુ કોઈનો થયો નથી અને થશે નહીં. એક જીવની સાથે એક પરમાણુને રહેવાની સમયમર્યાદા હોય તે, અમુક કાળ સુધી રહી, પછી આત્માથી છૂટો પડી જ જાય. ત્યાં માલિકી કેમ સંભવે?

શ્રીમદ્જીએ જગતના પદાર્થોને બીજી ઉપમા એ જ આપી 'સ્વપ્ન સમાન.' સ્વપ્નમાં જોયેલા પદાર્થો કદી કોઈના થાય ખરા? એ પદાર્થોથી સુખ મળે ખરું? તૃપ્તિ અનુભવાય ખરી? બંધુઓ! ક્યારેક સ્વપ્નમાં બહુ મીઠાં ભોજન કર્યાં હોય તો સ્વપ્નમાંથી જાગ્યા પછી ઘરમાં કહ્યું છે ખરું કે આજે તો જમવું નથી! પેટ ભરાઈ ગયું છે! સ્વપ્નમાં બહુ ખાધું! ના, સ્વપ્નના ભોજનથી પેટ ભરાય નહીં. સ્વપ્નમાં બનેલ રાજાનું દળદર ફીટે

નહીં, સ્વપ્નમાં માણેલ આનંદથી મન તૃપ્ત થાય નહીં! કારણ સ્વપ્ન એ વાસ્તવિકતા નથી. તે જ રીતે આ વિશ્વના પરમાણુઓના આવા પરિણમનથી તૃપ્તિ થાય જ નહીં. આત્મા ચેતન, જગત જડ. ચેતનને તૃપ્તિ ચેતન ભાવોથી થાય. જડ ભાવોથી નહીં. જડ ભાવો તે બદલાવાના સ્વભાવવાળા છે પણ શુદ્ધ ચેતન આત્મા અનંત સુખનું સામર્થ્ય ધરાવે છે. ચેતનમાંથી - આત્મામાંથી જેને આનંદ મેળવતાં આવડી જાય તેને કદી આનંદ ખૂટે જ નહીં. આત્માનંદ તો એવું કલ્પવૃક્ષ છે કે જેને કદી પાનખર આવતી જ નથી. તેને તો સદાયે વસંત જ વસંત. સદાયે પૂરબહારમાં ખીલેલું રહે.

બંધુઓ! તેથી જ શ્રીમદ્જી કહે છે કે જગતના ભાવોને એંઠવત્ કે સ્વપ્નવત્ જાણી લીધા છે તે જ ખરો જ્ઞાની છે. બાકી બધાં વાચાજ્ઞાન. બોલે કંઈ ને વર્તન કાંઈ! અંતરમાં પુદ્ગલ દ્રવ્યો પ્રત્યે ઉદાસીનતા ન વર્તતી હોય ત્યાં સુધી તે જ્ઞાન માત્ર વાક્પટુતા, બીજું કશું જ નહીં.

હવે મોક્ષ નિશ્ચિતરૂપે કોને મળી શકે તે બતાવતાં શ્રીમદ્જી કહે છે–

**સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ,**

**પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ....૧૪૧....**

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં છ પદોની ચર્ચા કરવામાં આવી. ૧) આત્મા છે, ૨) તે નિત્ય છે, ૩) કર્મનો કર્તા છે, ૪) કર્મફળનો ભોક્તા છે, ૫. આત્માનો મોક્ષ છે, ૬. મોક્ષનો ઉપાય છે.

આ છયે પદને બહુ જ વિસ્તૃતરૂપે જિજ્ઞાસુ જીવો અર્થે સમજાવવામાં આવ્યાં. તેમાં પાંચ પદ વિચારણીય છે અને એક પદ આચરણીય છે. પ્રથમના પાંચ પદને સમજીને તે પર ગહન ચિંતન થાય તો આત્માના રહસ્યો દૃષ્ટિ સમક્ષ ખુલ્લાં થતાં જાય. ચિંતન બહુ જ મહત્ત્વપૂર્ણ આત્મિક પ્રક્રિયા છે જે વિચારરૂપ છે. જેમ - જેમ જીવની વિચારણા પ્રત્યેક દ્રવ્યના વિષયમાં સ્પષ્ટ થતી જાય તેમ-તેમ વિચારોની વિશાળતા, વૃત્તિની ઉદારતા, ભાવોની શુદ્ધતા વધતી જાય. એ શુદ્ધતા એટલે જ રાગ-દ્વેષની મંદતા.

રાગ-દ્વેષની મંદતા રત્નત્રયની આરાધનામાં અપૂર્વ અનુકૂળતા કરી આપે, જેના પરિણામે જીવ મોક્ષ તરફ આગળ વધતો જાય. અહીં પણ એ જ કહ્યું છે કે છઠ્ઠા પદરૂપ મોક્ષના ઉપાયની વર્તના જીવની વધતી ચાલે તો પાંચમા પદરૂપ મોક્ષ મળે જ મળે. મોક્ષઆરાધના સાપેક્ષ દશા છે. જીવની



પોતાની જ દશા હોવા પછી પણ રત્નત્રયની આરાધનાની આવશ્યકતા તો છે જ.

તે માટે પ્રથમ વિચારદશા, પછી ધ્યાનદશા. શ્રીમદ્જીએ તેથી જ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં 'વિચાર' પર બહુ જ ભાર મૂક્યો છે. આત્માર્થના વિચારથી શરૂ થતી ચિંતનદશા, નિજ આત્મામાં, આત્મવિચારને ઊગવા દે છે. તે પછી શાસ્ત્રોમાં બતાવેલ રાહની વિચારણા, તટસ્થ ભાવે જાગે છે. આ તટસ્થતા આત્માર્થની ભૂમિકાને યથાર્થરૂપે સમજી શકે છે અને મોક્ષમાર્ગની એકવાક્યતા, ત્રણે કાળમાં એક જ માર્ગ હોય, અન્ય માર્ગ નહીં એવી દૃઢ શ્રદ્ધારૂપ વિચાર તેના અંતરમાં સ્થિર થાય છે. જેને સુ-વિચાર કહી શકાય. સુ-વિચારણા પ્રગટ થયા પછી વિકાસોન્મુખ થયેલો જીવ, તત્ત્વની યથાર્થ પ્રતીતિ થવા માટે અંતર-વિચારમાં ઊંડો ઊતરે છે. જેમાં જડ અને ચેતનના ધર્મની ભિન્નતાનું તેને ભાન થાય છે. ત્યાંથી આગળ વધતાં છયે પદોની યથાર્થ સમજણ વિચારમાં ઊતરી જાય છે. આટલું થયા પછી પરમ ઉપકારી ગુરુદેવ એ આદેશ ફરમાવે છે કે જેમ છ પદને સમજવારૂપ વિચારણા અંતરમાં ઊતરીને કરી, તેમ આત્માના સચ્ચિદાનંદ સ્વરૂપને વિચારીને અંતરમાં સ્થિર થા, તો તું આત્માને પણ પામી જઈશ. આત્માને પામેલ ઉદારચેતા સાધકની વિચારદશા સમસ્ત દર્શનોને અનેકાંત દૃષ્ટિથી જોવાની શક્તિ કેળવી લે ને સહુને પોતામાં સમાવી લે. અને અંતે એવું સ્ટેઈજ આવે કે વિચારદશા ધ્યાનદશામાં પરિણત થઈ જાય. ધ્યાનદશા પાંચેય પદની વ્યવસ્થિત યથાર્થ વિચારણા પાંચમા પદરૂપ મોક્ષની પ્રાપ્તિ કરાવે. આમ આત્માર્થની વિચારણાથી શરૂ થયેલ આ ચિંતનપ્રક્રિયા, મોક્ષપ્રાપ્તિના પુરુષાર્થમાં પરિણમી મોક્ષના અનંત સુખની અનુભૂતિ કરાવે.

આમ, મોક્ષમાર્ગનો આરાધક મોક્ષપ્રાપ્તિ કરે જ એવું નિ:સંદેહ જણાવી સર્વ મુમુક્ષુઓને નિ:શંક કરી દે છે. શ્રદ્ધાપૂર્વક વિચાર અને પછી આચરણ હશે તો મોક્ષ મળશે જ એમ બેધડક કહે છે.

હવે અંતે શ્રીમદ્જી પોતાની શ્રદ્ધા ક્યાં સમર્પે છે તે અવસરે –

# દેહ છતાં જેની દશા....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનાનું સર્વોત્કૃષ્ટ ફળ એટલે નિર્વાણ, દેહમુક્તિ, સર્વ વિશુદ્ધિ, આત્માના મૌલિક સ્વરૂપની ચરમ પરિણતિ. પ્રથમ સ-દેહ મુક્તિ પછી વિદેહ મુક્તિ. આ આરાધના સાધકને જ સાધ્ય બનાવી સિદ્ધિ અર્પે છે. જીવનું ચરમ અને પરમ લક્ષ્ય પણ એ જ છે. આ લક્ષ્યને જે પામી ગયા છે, જેમણે પરમાત્મ તત્ત્વને જાગ્રત કરી લીધું છે તે સદા વંદનીય છે. આત્મસિદ્ધિ શાસ્ત્રના પ્રારંભમાં શ્રીમદ્જીએ અંતરાત્મદશાને પ્રાપ્ત એવા સદ્ગુરુને વંદન કર્યાં. પ્રથમ દિવસે જ કહ્યું હતું તેમ કોઈ પણ શાસ્ત્રનો પ્રારંભ મંગલાચરણથી જ થાય. ભારતીય માનસની ભક્તિ, ઈષ્ટ પ્રત્યે શ્રદ્ધા સમર્પિત કરવા ચાહે છે. વળી શાસ્ત્ર નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવા અતિ ઉચ્ચ ધ્યેયથી મંગલાચરણ થાય છે. જેમાં શાસ્ત્રકાર પોતાના ઈષ્ટ દેવના ચરણોમાં શ્રદ્ધા સમર્પણ કરે છે. પોતાના અહં અને મમનો ત્યાગ કરે છે. શાસ્ત્ર પણ ઈષ્ટના ચરણે ધરે છે, જેથી સહજ રૂપે શરણાગતના રક્ષણની જવાબદારી ઈષ્ટદેવ પર જાય છે.

પ્રથમ મંગલ સદ્ગુરુદેવની વંદના કરી કર્યું. જે સદ્ગુરુદેવની અસીમ કૃપાથી આત્માને ઓળખ્યો, પોતે પોતાને પામ્યા, સંસારનાં અનંત દુઃખોનો અંત આવ્યો, એવા ગુરુદેવના ઉપકારને સ્મરીને, તેઓના શ્રી ચરણમાં નમસ્કાર કર્યાં. આ સાથે જ ભારતીય પરંપરા, શાસ્ત્રના અંતે પણ મંગલ કરે છે. જે એક ભગીરથ પ્રયાસ આદર્યો હતો તે અત્યંત ઉલ્લસિત ભાવે, વિઘ્નરહિત, પૂર્ણ થયો તેથી શાસ્ત્રકારનું અંતર ભક્તિભાવથી સભર બને છે અને અંતરની શ્રદ્ધા સાથે ઝૂકી પડે છે.

શ્રીમદ્જીના અંતરમાં રહેલ યથાર્થ શ્રદ્ધાના અહીં દર્શન થાય છે. તેઓએ ભૂમિકામાં કહ્યું હતું 'પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર'



આ ઉક્તિને સાર્થક કરતાં શાસ્ત્રના પ્રારંભે સદ્ગુરુને વંદન કર્યાં, તો અંતિમ મંગલ કરતાં જિનવરને વંદન કરે છે. પોતાની સર્વ શ્રદ્ધા જિનેશ્વરના ચરણોમાં સમર્પે છે. તેઓના હૈયે જિનેશ્વર પ્રભુનો ઉપકાર વસેલો છે. જિનવરની અપાર કરુણાનો એમણે અનુભવ કર્યો છે. અનુભવીને જે વેદાયું છે તે અન્યને વેદાતું નથી, તેથી અન્ય શું જાણે?

આજે તો કેટલાક લોકો અરિહંત પરમાત્માને, સર્વજ્ઞને ભૂલી જઈ પોતપાતાની પિપૂડી વગાડી રહ્યા છે. પણ તેઓ જાણતા નથી કે સર્વજ્ઞનો અધ્યાત્મમાર્ગે કેવો અસીમ ઉપકાર છે! વિચારો બંધુઓ! આજે આપણી પાસે જે કંઈ અધ્યાત્મ શાસ્ત્રો છે, જેના વડે આપણા આત્માના સ્વરૂપને જાણી શકીએ છીએ, આત્મ–અનુભવના ઉપાયો મેળવી શકીએ છીએ, આરાધનાનો રાહ પામી શક્યા છીએ, તે શાસ્ત્રો કોણે આપ્યાં? એ તત્ત્વોનું ભાન કોણે કરાવ્યું ? આપણા અનંત-અનંત ઉપકારી સર્વજ્ઞ પરમાત્માઓએ પોતાના જ્ઞાનમાં જોયું-જાણ્યું-માણ્યું-અનુભવ્યું તે બધું જ તત્ત્વરૂપે, આરાધનારૂપે, માર્ગરૂપે આપણા માટે કહી ગયા!

અહીં એક તથ્ય વિચારણીય છે. અંતકૃતાંગ નામના શાસ્ત્રમાં ૯૦ જીવોના કેવળજ્ઞાનપ્રાપ્તિના પુરુષાર્થની હકીકતો આવે છે. આ જીવો પુરુષાર્થ વડે કેવળજ્ઞાન પામ્યા. (જે સમયે) કેવળજ્ઞાન પામ્યા કે તરત જ ચાર અઘાતી કર્મોનો પણ ક્ષય થઈ ગયો અને મોક્ષે પધારી ગયા. આવા જીવોને અંતકૃત કેવળી કહેવાય છે. તેમના કેવળજ્ઞાનમાં આખાયે લોક અને અલોકને તેઓએ જોયા-જાણ્યા. સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને નિહાળ્યા, પણ કેવળજ્ઞાન થયા પછી ઉપદેશ આપવાનો તેમને સમય ન રહ્યો. તેથી પોતે જે ભાવોને જોયા તે અન્યને કહી શક્યા નહીં.

હવે વિચારો કે જો બધા કેવળીઓ આમ મોક્ષે પધારી જતા હોત તો આપણને તત્ત્વ કોણ આપત? કેવળજ્ઞાન સિવાયના બીજા કોઈ જ્ઞાનમાં સંપૂર્ણતા નથી હોતી. લોકાલોકના સંપૂર્ણ ત્રૈકાલિક ભાવોને જોવાનું સામર્થ્ય તો માત્ર કેવ જ્ઞાનમાં જ હોય. અન્ય જ્ઞાનો-પછી તે અવધિજ્ઞાન હોય કે મનઃપર્યવજ્ઞાન હોય પણ બધાં જ અપૂર્ણ. બધાં જ કેવળજ્ઞાનને અનંતમે ભાગે. તેથી કેવળજ્ઞાની ભગવંત આત્મા તથા અન્ય દ્રવ્યોનું જેવું સાંગોપાંગ જ્ઞાન કહી શકે તેવું અન્ય ન કહી શકે. અહીં પ્રશ્ન એ છે કે સર્વ કેવળી પરમાત્માઓ અંતકૃત કેવળી જ થયા હોત, કેવળજ્ઞાન પામી તરત મોક્ષે

પધારી ગયા હોત તો આજે આપણી પાસે જે અધ્યાત્મ શાસ્ત્રો છે તે ન હોત. મોક્ષમાર્ગ પામી શક્યા ન હોત. સદ્‌ગુરુદેવ પણ જે માર્ગ બતાવે છે તે જિનેશ્વર ભગવંતના પ્રરૂપેલા તત્ત્વોના આધારે જ.

ભગવાન ઋષભદેવથી ચાલી આવતી આ પરંપરા લાખો કરોડો વર્ષો પછી પણ અવિચ્છિન્નરૂપે ચાલી રહી છે. તેનું શ્રેય જિનેશ્વર ભગવંતને જ છે. તેથી જ તેઓ આપણા અનંત-અનંત ઉપકારી છે. તેથી જ શ્રીમદ્‌જી ગ્રન્થની પૂર્ણાહુતિમાં મંગલાચરણ કરતાં જિનેશ્વર પ્રભુના ચરણોમાં પોતાની શ્રદ્ધા સમર્પિત કરે છે.

**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,**
**તે જ્ઞાનીના ચરણમાં, હો ! વંદન અગણિત....૧૪૨....**

અહા! કેવી અનુપમ દશા! દેહ હોવા છતાં પણ જેને દેહ હોવાનું ભાન નથી તે દેહાતીત દશા. પૂર્વના પ્રારબ્ધ યોગે દેહ હોય, દેહના ધર્મો હોય, દેહનું સ્વાભાવિક પરિણમન હોય, આત્મા એ દેહમાં જ પુરાયેલો હોય, દેહ ન છૂટે ત્યાં સુધી છૂટી શકવાની શક્યતા ન હોય. આ બધું હોવા પછી આત્મા દેહ-ભાવથી પર હોય. દેહ હોય પણ દેહભાવ ન હોય. દેહ હોવો તે એક વાત છે અને દેહભાવ હોવો એ બીજી વાત છે.

દેહ તો સર્વ સંસારી જીવોને હોય જ. ન હોય માત્ર સિદ્ધને. જેને દેહ નથી તેને દેહભાવ શું અને દેહાતીત દશા શું? કંઈ જ નહીં. દેહરહિત જ છે તેને દેહની અપેક્ષાએ થવાવાળા ભાવ કે અભાવ ન હોય. તેથી જ શ્રીમદ્‌જીએ અહીં દેહરહિત એવા સિદ્ધ ભગવંતને નહીં, પણ દેહ સહિત અરિહંત ભગવાનની દેહાતીત દશાને લક્ષ્યમાં લઈને વંદન કર્યાં છે.

જેવો દેહ સર્વસામાન્ય સંસારીને હોય એવો જ ઔદારિક પુદ્‌ગલોનો બનેલો, સડન-પડન-વિધ્વંસના સ્વભાવવાળો દેહ અરિહંત પરમાત્માને પણ હોય. અન્ય સંસારી જીવોને દેહ સાથે દેહભાવ પણ હોય અર્થાત્ દેહનાં સુખ-દુ:ખને પોતાનાં સુખ-દુ:ખ માનવાની બુદ્ધિ હોય. દેહમાં થતાં પરિણમનની વેદનાથી એ વેદાતો હોય. દેહની સુંદરતા-અસુંદરતાનો હર્ષ-શોક હોય. દેહની સ્વસ્થતા-અસ્વસ્થતાની રતિઅરતિ હોય. આમ દેહની સાથે મોહનીયના ભેદો જોડાયેલા હોય તે દેહભાવ.

જેની આત્મભ્રાંતિ ટળી નથી, દેહાત્મબુદ્ધિ ગઈ નથી, એવા જીવો તો



દેહભાવમાં જ રાચતા હોય. પણ ભ્રાંતિ ટળી જવા પછી 'હું આત્મા છું' આવું ભાન થાય પછી ક્રમે ક્રમે દેહભાવ ઓછો થતો જાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી કંઈક દેહભાવ મંદ પડ્યો હોય, દેહાતીત દશાની અંશે અનુભૂતિ એવા જીવને હોય પણ ખરી. છતાં એ અખંડ ન રહે. ક્યારેક હોય, ક્યારેક ન હોય. કારણ ચારિત્ર-મોહનીય સંપૂર્ણ નાશ નથી પામ્યું. જ્યાં સુધી ચારિત્ર-મોહનીય સર્વથા ક્ષય ન થાય ત્યાં સુધી સંપૂર્ણ દેહાતીત દશા આવતી નથી. અરિહંત પરમાત્માએ મોહનીયને સમૂળું નષ્ટ કરી દીધું, તેથી તેઓની વિદેહ અવસ્થા સહજ હોય. આવી સહજ દેહાતીત દશા જેમને વર્તી રહી છે એવા અરિહંત જિનેશ્વરને શ્રીમદ્‌જી વંદન કરે છે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. શ્રીમદ્‌જીએ અરિહંત પરમાત્માને વંદન કર્યાં. તેમાં તેમના બીજા કોઈ ગુણોને યાદ ન કરતાં દેહાતીત દશાને જ કેમ યાદ કરી? અરિહંત પરમાત્માના અનંત ચતુષ્ટય પ્રગટી ચૂક્યા છે. તે સિવાય પણ અનંત ક્ષમા, અનંત સંતોષ, અનંત નિર્વેદ, આદિ અનંત ગુણોનું પ્રાગટ્ય છે. જે આપણા માટે આદરણીય જ નહીં, નમસ્કરણીય જ નહીં, પણ આચરણીય છે. તો તેમાંથી કોઈ ગુણોને પ્રાધાન્ય ન આપ્યું અને દેહાતીત દશાને શા માટે પ્રાધાન્ય આપ્યું?

શ્રીમદ્‌જી આ શાસ્ત્ર, આપણા જેવા દેહધારી જીવો કે જેમનામાં દેહભાવ પડ્યો છે તેમની સામે રાખી રહ્યા છે. આપણા આત્મામાં એ જ અનંત ગુણો છે કે જે અરિહંત પરમાત્મામાં છે. તેઓના વ્યક્ત છે. આપણા અવ્યક્ત છે. એ ગુણો અવ્યક્ત હોવાના કારણે આપણે અનુભવી શકતા નથી. પણ આપણો દેહ અને દેહભાવ એટલા વ્યક્ત છે કે જેને આપણે ક્ષણે-ક્ષણે અનુભવી રહ્યા છીએ. દેહભાવ એક ક્ષણ માટે લોપાતો નથી. સુષુપ્તિમાં કે જાગ્રતિમાં દેહમાં થનાર પરિણમનને અનુભવી જ રહ્યા છીએ. દેહના એક પણ રોમરાયમાં કંઈ પણ થાય તે તરત વેદીએ છીએ. તેનાથી ઉત્પન્ન સુખ-દુ:ખને વેદીએ છીએ. પણ ના વેદવાવાળો કોણ છે તેની આપણને ખબર નથી. જો થોડા જ ઊંડા જઈને વિચારીએ તો સમજી શકીએ છીએ કે દેહમાં થતા પ્રકમ્પનોને વેદનાર અન્ય કોઈ છે. અને તે દેહથી જુદો હોય તેવું જણાય છે. પણ આપણે ઊંડા જતા નથી. ઉપરના સ્તર સુધી જ રહીએ છીએ. તેથી દેહભાવથી બહાર આવતા નથી. એમ સતત અનુભૂતિ છે. આ અનુભૂતિ એ જ દેહાધ્યાસ. જ્યાં સુધી દેહાધ્યાસ દૂર થાય નહીં ત્યાં સુધી આત્મા ઉન્નતિના માર્ગે પ્રયાસ કરી

શકે નહીં. તો એક તો આપણને દેહભાવમાંથી છોડાવી આત્મોન્નતિના માર્ગે ચડાવવા માટે અરિહંતના આ ગુણને લક્ષ્ય કરીને કહ્યું છે અને બીજું આપણે દેહને વધુ ઓળખીએ છીએ તેથી દેહાતીત અવસ્થાને ઓળખવી પણ એટલી જ જરૂરી છે તે બતાવવા માટે.

વળી આપણા જેવા જીવો, જે સતત દેહભાવમાં જ રાચતા હોય તેને એમ થાય કે આવી દેહાતીત દશા કેમ આવતી હશે? દેહ હોવા છતાં નથી એ દશા કેમ આવતી હશે? દેહ હોવા છતાં નથી એ કેમ મનાય? દેહમાં થનાર પીડા-વેદનાથી અલિપ્ત કેમ રહેવાય? એ સુખ-દુ:ખના સંવેદનો કેમ ન થાય? આપણા માટે આ પ્રશ્નો યોગ્ય જ છે. પરન્તુ જ્ઞાનીઓ તેનો ઉત્તર પણ એવો જ યોગ્ય આપે છે. તેઓએ અનુભવ્યું છે, માણ્યું છે તે જ તેઓ કહે છે કે જીવે દેહાદિનાં સુખ-દુ:ખનાં અનુભવો તો અનંત ભૂતકાળમાં અનંતવાર કર્યા પણ તેનાથી કંઈ જ જીવનું સર્યું નહીં. એ બધા જ અનુભવો ક્ષણિક અને નાશવંત! એક વખત જો આત્માનો અનુભવ થઈ જાય તો તેની પાસે દેહ-સુખનાં અનંત અનુભવો તુચ્છ. એક વખત સ્વાનુભૂતિમાં સ્થિર થઈ જવાય તો બસ, પછી બહાર નીકળવાનું નામ જ ન લઈએ. પછી આ દેહને ગમે તે થાય. કોઈ શીતળ ચંદનનો લેપ કરે તો પણ ભલે અને એક સાથે સેંકડો વીંછીઓ ડંખે તો પણ ભલે. અખંડ આત્માનુભૂતિમાં લીન થઈ ગયેલ આત્માને દેહના એ સુખ-દુ:ખના અનુભવો તો તદ્દન નગણ્ય. એ તરફ લક્ષ્ય જાય જ નહીં. આત્માનુભવની મસ્તી જ કોઈ જુદી હોય. તેથી તેવા અનુભવી પુરુષો આપણને કહે છે કે દેહની વર્ગણાને છોડો. આત્માને દેહમાં રહેવું તો પડશે પણ દેહની વર્ગણાં નહીં રાખે તો એ દેહમાં હોવા છતાં દેહથી પર થઈ પોતાની મસ્તીમાં મસ્ત હશે. જ્યાં સુધી નાળિયેરની અંદર રહેલું ટોપરું કાચલીની સાથે વર્ગણાથી જોડાયેલું છે ત્યાં સુધી પોતાના સ્વતંત્ર અસ્તિત્વને પ્રગટ કરી શક્તું નથી પણ કાચલીની સાથેની વર્ગણા તોડી નાખી, વર્ગણાનો રસ સૂકવી નાખ્યો કે તે કાચલીની અંદર પેક હોય છતાં બહારના જગતને પોતાના સ્વતંત્ર અસ્તિત્વનાં દર્શન કરાવી શકે. ગડગડિયું નાળિયેર હાથમાં લઈ ખખડાવો એટલે ગોટો અંદર અલગ છે તેની ખબર પડ્યા વિના ન રહે.

બસ આમ જ જે દેહની અંદર રહેવા છતાં જેણે દેહની વર્ગણા ત્યાગી દીધી છે તે પોતાના સ્વતંત્ર અસ્તિત્વને અનુભવે છે. એ દશા જ દેહાતીત



દશા. પોતાના શુદ્ધ ચિદ્રૂપ ત્રિકાળી સ્વરૂપનો અખંડ અનુભવ વર્ત્યો જતો હોય. આત્માનો જ્ઞાયકભાવ માત્ર પોતાના સંવેદનમાં જ હોય. એવી દશા જેણે પ્રાપ્ત કરી તે જ જ્ઞાની. એવા જ્ઞાની પરમાત્મા શ્રી અરિહંત દેવના ચરણોમાં શ્રીમદ્ અગણિત વંદન કરે છે. પ્રથમ મંગલ આત્માના અંતરાત્મભાવને વંદન કરી કર્યું અને અંતિમ મંગલ પરમાત્મભાવને વંદન કરી કરે છે.

કેટલાં વંદન? શત નહીં, સહસ્ત્ર નહીં, લક્ષ નહીં, કોટી નહીં પણ અગણિત! પ્રભો! આપની વિભૂતિ અનંત, આપને વંદન અનંત! અનંત વંદન ક્યારે થાય? અંતરનો અહં સર્વથા ગળી ગયો હોય ત્યારે જ! શ્રીમદ્જી જિનેશ્વરના ચરણોનું દાસત્વ સ્વીકારે છે અને ચરણમાં અગણિત વંદન કરે છે. વળી જિનેશ્વર પ્રત્યે કેટલું માન! કેટલો આદર! જિનેશ્વરની મહત્તા જેને હૈયે વસી છે તેનું હૈયું જ જિનના ચરણોમાં ઝૂકે, અન્યનું નહીં! શ્રીમદ્જીએ પોતાની શ્રદ્ધા-ભક્તિનું સમર્પણ જિનેશ્વરના ચરણોમાં કર્યું!

બસ આત્મસિદ્ધિ શાસ્ત્ર, જિનવરની ચરણ-વંદનાની સાથે-સાથે અહીં સમાપ્ત થાય છે. ચાર મહિના સુધી આ શાસ્ત્રોનું વિવેચન અહીં કર્યું. આ શાસ્ત્રના ભાવો અતિ ગંભીર છે, અત્યંત રહસ્યપૂર્ણ છે. જેમણે આ શાસ્ત્ર લખ્યું, તેઓની આત્માનુભૂતિથી નીકળેલા એક-એક શબ્દ અણમૂલ છે. મારા જેવા અલ્પજ્ઞાની, છદ્મસ્થ જીવ, આવા ગહન શાસ્ત્રનો ઉકેલ કરવા પ્રયાસ કરે, તેમાં ક્ષતિ થવાની સંભાવના છે. હું આ શાસ્ત્રના ભાવોને પૂર્ણ ન્યાય ન આપી શકું તે સહજ છે, અંતે તો આપણી બુદ્ધિની એક સીમા હોય છે. શાસ્ત્રોના ભાવો અસીમ હોય છે. એ અસીમનું વર્ણન સસીમ શું કરી શકે ? તેથી જ શાસ્ત્રોના અદ્ભુત ભાવોની અભિવ્યક્તિમાં ક્યાંય પણ ક્ષતિ થઈ હોય તો આજે શાસ્ત્ર-સમાપ્તિના પ્રસંગે શ્રી જિનેશ્વરના ચરણોમાં ક્ષમા ચાહું છું.

આજના આ પાવન દિવસે કેવો અદ્ભુત યોગાનુયોગ સર્જાયો છે કે, જેમણે રચેલા શાસ્ત્રોની આજે આપણે પૂર્ણાહુતિ કરીએ છીએ એ જ યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીની આજે જન્મ-જયંતી છે. જેઓએ આ ધરા પર જન્મ ધારણ કરી જનમાનસ પર અનહદ ઉપકાર કર્યો. પોતે આત્મકાર્ય સાધી ગયા અને અન્ય માટે રાહ પ્રશસ્ત કરી ગયા. તેઓએ મહદ્ ઉપકાર તો એ કર્યો કે જિનેશ્વરના પ્રરૂપેલ તત્ત્વોને ભાષાકીય દૃષ્ટિએ સરળ કરી આપ્યા. સર્વસાધારણ માનવ પણ તેને સમજી શકે તેવા રૂપમાં - કાવ્ય, પત્ર કે સુભાષિતોના

રૂપમાં - આપણને આપ્યા. વળી ખરેખર જેના અંતરમાં મુમુક્ષુતા જાગી છે તેના માટે શ્રીમદ્જીનું સાહિત્ય અત્યંત ઉપકારી છે. કોઈ પણ પ્રકારના આગ્રહ વિના માત્ર તટસ્થ ભાવે શ્રીમદ્જીના સાહિત્યનું પરિશીલન કરનાર વ્યક્તિ રાગ-દ્વેષથી ઉપર ઊઠી શકે છે. આ કે તે મત સંપ્રદાયના અહંને છોડીને શાસ્ત્રોનું અવગાહન જીવ માટે ઉપકારી થઈ શકે છે. આત્મસિદ્ધિ શાસ્ત્ર જેવું બીજું એક અનોખું કાવ્ય છે તેમનું 'અપૂર્વ અવસર ગુણસ્થાન ક્રમારોહ', તે પણ આત્મવિકાસ ઈચ્છુક સાધક માટે પરમ ઉપકારી છે. સર્વ જીવોએ શ્રીમદ્જીનાં શાસ્ત્રોનું શ્રવણ-ચિંતન-મનન કરવું પરમાવશ્યક છે.

એક બીજી વાત. શ્રીમદ્જીના સાહિત્યમાં તો અનેક જગ્યાએ આપણે વાંચ્યું છે પણ મારો અનુભવ કહું. સન ૧૯૭૩ માં મુંબઈ-માટુંગા અમારું ચાતુર્માસ હતું, ત્યારે હું મારો શોધપ્રબંધ લખતી હતી. જેમાં શ્રીમદ્જીનું સાહિત્ય પણ હતું. શ્રીમદ્જી વિષે વધુ જાણવા હું તેમનાં પુત્રી જવલબા પાસે તેમના ઘરે ગઈ. વૃદ્ધ અને બીમાર શરીર, છતાં પ્રેમપૂર્વક આવકાર આપી, શાતા પૂછી. મેં શ્રીમદ્જીના અંગત જીવન વિષે કંઈક જાણવું છે તેમ કહ્યું ત્યારે તેઓ બહુ જ આનંદિત થયાં. પણ શ્રીમદ્જીની હયાતીમાં જબલબા બહુ નાનાં. તેથી શ્રીમદ્જીના જીવનને એ દૃષ્ટિથી જાણી શક્વાની શક્તિ નહીં, એમ કહેતાં તેમણે કહ્યું કે માત્ર એક પ્રસંગ મને યાદ છે, કે તે વખતે હું આઠ-દસ વર્ષની હોઈશ. પિતાજી જમ્યા પછી બહારના વરંડામાં ફરતા હતા. હું ત્યાં જઈ ચડી અને મેં તેઓની આંખમાં આંસુ જોયાં. મને ન ગમ્યું. મેં આંસુનું કારણ પૂછ્યું: પણ હું બાળક, મને શું કહે? પછી હું અંદરના ઓરડામાંથી દાદીમાને બોલાવી લાવી, દાદીમાએ જોયું અને પૂછ્યું: 'ભાઈ! તારી આંખમાં આંસુ? શું કારણ છે?' અને પિતાજીએ જવાબ આપ્યો તે આજે પણ મને યાદ છે. તેઓએ કહ્યું: 'મા! જૈનધર્મના ટુકડા થઈ ગયા છે. મત-પંથ-સંપ્રદાય કેટલા નીકળ્યા? સૌ પોતપોતાના સંપ્રદાયને સાચો માને છે અને અન્યને ખોટા સાબિત કરે છે! ધર્મના નામે આટલાં દ્વેષ-ઈર્ષ્યા વધ્યાં છે! ધર્મ વાડામાં બાંધવાની ચીજ નથી. ધર્મ તો સર્વવ્યાપક છે. ધર્મ સંપ્રદાયમાં નથી. આત્મામાં છે! આજ કદાગ્રહી જીવો આ નથી સમજતા તેનું મને દુ:ખ છે. તેનાં આંસુ આંખમાં આવે છે.' જવલબાએ કહ્યું: મહાસતીજી! કદાચ આમાં શબ્દોનો ફેરફાર હશે, પણ ભાવ તો આ જ હતા.

બંધુઓ! આ શ્રીમદ્જીના સુપુત્રીના મુખે સાંભળેલી વાત. શ્રીમદ્જીના



આવા ઉત્તમ ભાવોનું સહુને લક્ષ્ય રહે. તેઓએ પત્રો વગેરેમાં ઠેર-ઠેર લખ્યું છે કે હું કોઈ ગચ્છમાં નથી, સંપ્રદાયમાં નથી, આત્મામાં છું. આપણે પણ એ જ ઈચ્છીએ કે આપણે કોઈ મત-પંથ-સંપ્રદાયમાં ન રહીએ પણ આત્મામાં જ રહીએ. શ્રીમદ્જીની ભાવનાને મૂર્તિમંત કરીએ.

આજે એવા જ બીજા મહાપુરુષની જન્મ-જયંતી છે. તે છે મહાપ્રાણ લોંકાશાહ. આજથી લગભગ ૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયા અને શાસ્ત્રોનું ગહન અવગાહન કરી સત્ય તત્ત્વનો સ્ફોટ કરી સમાજ સામે લાલબત્તી ધરી. સાધુસમાજ અને શ્રાવકસમાજમાં ઘર કરી ગયેલ શિથિલતાને મહાપ્રયત્ને દૂર કરી, એક નિર્દોષ સમાચારી આપી અને સ્થાનકવાસી પરંપરાની સ્થાપના કરી. લોંકાશાહે પણ સમાજ માટે મહાન ઉપકારી કાર્યો કર્યાં. આવા મહાપુરુષોને આજના દિવસે સ્મરણમાં લાવી તેમને હૃદયથી શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ.

આજે ચાતુર્માસની પૂર્ણાહુતિના પાવન પ્રસંગે મારે તમારી પાસે મારી એક નાનકડી અપેક્ષા રાખવી છે. ચાતુર્માસ પ્રારંભના પ્રથમ દિવસે મેં તમારી સામે એ માંગ મૂકી હતી કે ભારતના ઋષિ-મુનિઓની પરંપરા અનુસાર મારે તમારી પાસેથી ગુરુદક્ષિણા જોઈએ છે. ચાર મહિના સુધી આવું રૂડું આધ્યાત્મિક શાસ્ત્ર તમનેપીરસ્યું તેના બદલામાં નહીં, પણ તેના ફળસ્વરૂપે તમારી પાસે એ જ માગીશ કે આપણો નિત્યનો મંત્ર રહ્યો છે : 'હું આત્મા છું.' નિત્ય વ્યાખ્યાન પછી ૧૦ મિનિટ આપણે 'હું આત્મા છું' નું ચિંતન કર્યું. તો તમારા સહુના અંત:કરણમાં એ લક્ષ્ય જાગ્રત થઈ જાય. તમારા અંત:કરણમાં જાગૃતિ રહ્યા કરે તથા રોમ-રોમમાં એ ધ્વનિ ગુંજતો રહે કે 'હું....આત્મા.... છું....' પ્રયાસ કરજો. પ્રયત્ન કરજો. માત્ર તમારી પાસે એટલું જ ઈચ્છું છું કે 'હું....આત્મા....છું.' ની અનુભૂતિ તમને થાય. જે પુરુષાર્થ કરે છે તે અવશ્ય સફળ થાય જ છે.

બસ, અંતમાં 'હું....આત્મા....છું.' ની તમારી અનુભૂતિ થવારૂપ ગુરુદક્ષિણા માગી મારું વક્તવ્ય સમાપ્ત કરું છું.

# પર્યુષણના પ્રવચનો



## એક ચિનગારી

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જેઓ કરી ગયા તે જ સિદ્ધિને પામી ગયા. આ આરાધના વિના સિદ્ધિની પ્રાપ્તિ નથી. એવા સિદ્ધિના માર્ગનું આપણે પણ અનુસરણ કરવું છે, તે માર્ગ પર ચાલવું છે, અને સિદ્ધિને પ્રાપ્ત કરવી છે. સિદ્ધિ માટે થતી સાધનાની અત્યંત પ્રબળતા આત્મા પર લાગેલ અનંત-અનંત કર્મોની નિર્જરા કરી આત્માને સર્વથા શુદ્ધ બનાવે છે.

આવી શુદ્ધિને અર્થે, આરાધના કરી શકીએ એ હેતુથી જ આપણા પૂર્વાચાર્યોએ લોકોત્તર પર્વોનું પ્રતિપાદન કર્યું છે. આજથી શરૂ થતું આ પર્વ, જેને આપણે પર્વાધિરાજ પર્યુષણ પર્વ કહીએ, તે લોકોત્તર પર્વ છે. કોઈ પણ પ્રકારની લૌકિક એષણાઓથી મુક્ત, ભૌતિક ઈચ્છાઓથી મુક્ત, સંસારિક કામનાઓથી મુક્ત, માત્ર આત્માની શુદ્ધિ અને પછી સિદ્ધિ આ એક જ ધ્યેયથી આ પર્વની આરાધના કરવાની છે.

આ દિવસોમાં આપણે, આપણા આસન્ન ઉપકારી શાસનપતિ, ત્રિલોક પૂજ્ય, ચરમ તીર્થંકર શ્રમણ ભગવંત મહાવીરને યાદ કરીએ છીએ, જેઓ સ્વયં રત્નત્રયની આરાધના કરી સિદ્ધિને પામી ગયા અને આપણને એ અમૂલ્ય વારસો આપતા ગયા.

એ પ્રભુના મહાવીર રૂપને જ આપણે જાણીએ છીએ. પણ મહાવીર બનતા પહેલા તેઓને શું શું સહેવું પડ્યું? મહાવીર થવા માટે કેટલું મૂલ્ય ચૂકવવું પડ્યું, તે નથી જાણતા. જેને કંઈક બનવું છે તેને ઘણું ઘણું કરવું પડે છે. કષ્ટો વેઠવાં પડે છે. આ વિશ્વની વંદનીય વિભૂતિ એમ ને એમ નથી બની જવાતું. અરે! બંધુઓ! વ્યવહારિકતાનો વિચાર કરીએ તો પણ સંસારમાં જેને મહાન બનવું છે, કંઈક પ્રાપ્ત કરવું છે તેને પણ કેટલો પુરુષાર્થ કરવો પડે છે? ઘરમાં નકામાં થઈ બેઠા રહે, મોટી-મોટી વાતો કર્યા કરે તેથી

મોટા થવાતું નથી. એ જ રીતે અધ્યાત્મમાર્ગે કંઈક પ્રાપ્ત કરવા અંતર-પુરુષાર્થ કરવો જ પડે છે.

પ્રભુ મહાવીર, મહાવીર બન્યા તે પહેલાંના તેઓના ૨૬ ભવોને જોઈશું તો ખ્યાલ આવશે કે તેઓ ક્યાં હતા અને ક્યાં પહોંચ્યા? ત્યાં પહોંચતાં વચમાં કેવા - કેવા માર્ગે કષ્ટો સહન કર્યાં તે પછી જ પોતામાં પડેલ પરમાત્મદશાને પ્રગટ કરી શક્યા? બંધુઓ! જૈન પરંપરા કહે છે કે પ્રત્યેક આત્મામાં પરમાત્મા થવાની શક્તિ પડી છે. પુરુષાર્થ કરો તો તમે પણ પરમાત્મા બની શકો છો, અનંત સિદ્ધિની કોટીમાં બેસી શકો છો.

પરમાત્મદશાનું બીજ છે સમ્યગ્દર્શન. તમે જાણતા હશો કે આપણાં ઈતિહાસમાં, ચોવીશ તીર્થંકરોમાંના અમુક તીર્થંકરોના ભૂતકાળના ભવોની વાતો આવે છે. તેમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના તેર ભવ, બાવીસમા તીર્થંકર ભગવાન નેમીનાથના નવ ભવ, ત્રેવીસમા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના દશ ભવ અને ચોવીશમા તીર્થંકર ભગવાન મહાવીરના ૨૭ ભવો માનવામાં આવે છે. અહીં એક પ્રશ્ન થાય છે કે જૈન પરંપરા કોઈપણ જીવનું અસ્તિત્વ અનાદિકાળથી માનવની સાથે તેના અનંત ભવોની ગણતરી કરે છે. કોઈ પણ જીવ આ વિશ્વમાં એવો નહીં હોય કે જેણે ૫-૧૦-૧૫ ભવ કર્યા હોય. પ્રત્યેક જીવે અનંત ભૂતકાળમાં અનંત ભવો કર્યા છે. તો પછી આ નવ, દસ આદિ ભવોની ગણતરી કઈ દૃષ્ટિએ ? ઉત્તર એ છે કે જે ભવમાં જીવ પ્રથમ સમ્યગ્દર્શનને પામે છે તે ભવથી આત્મ-સાધનાનો પ્રારંભ થાય છે અને મોક્ષ પામે છે ત્યાં સાધનાની પૂર્ણાહુતિ થાય છે. આ પ્રારંભ અને પૂર્ણાહુતિ વચ્ચેના સમયગાળામાં એ જીવના જેટલા ભવ થાય, એટલા જ ભવ સાધનાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. તેથી એ ભવોની ગણતરી થાય છે.

ભગવાન મહાવીરે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું અને ચરમ અને પરમ આરાધના કરી મોક્ષ પધાર્યા, તે વચ્ચે તેઓના ૨૭ ભવો થયા છે તેથી ૨૭ ભવોની ગણતરી થાય છે.

પ્રભુ મહાવીર, મહાવીરના ભવથી પશ્ચાનુપૂર્વી એ, સત્તાવીશમા ભવમાં અર્થાત્ પ્રથમ ભવમાં પશ્ચિમ મહાવિદેહની મૂકા નગરીમાં નયસાર નામના સુથાર હતા, ગામના મુખી હતા. સાથે સદ્ગુણ સંપન્ન અને સજ્જન



સદ્ગૃહસ્થ હતા. સંસારની જંજાળ અને સાંસારિક ભાવોથી ઘેરાયેલા હતા. બંધુઓ! આ પર્વના દિવસોમાં ભગવાન મહાવીરના ભૂતકાળના ભવોની વાતો તમારી સમક્ષ એટલા માટે કરવામાં આવે છે કે આપણે જાણી શકીએ કે અરિહંત-સિદ્ધપદને પ્રાપ્ત કરનારનો આત્મા એકવાર આપણા જેવો જ હતો. આપણી જે આંતર-બાહ્ય દશા છે, જેવા-જેવા સારાબૂરા ભાવોથી આપણું અંતર ભર્યું છે એવી જ દશા, એવી જ અંતરની વૈભાવિક પરિણતિ એ આત્માને પણ વર્તતી હતી, પરન્તુ તેમને માર્ગ મળ્યો. માર્ગે ચાલવાનો પુરુષાર્થ કર્યો તો પામી ગયા. માર્ગ મળ્યો પછી તેને છોડ્યો નહીં.

આપણું શું થાય છે ? શું આપણને માર્ગ નથી મળ્યો? ભૂતકાળના ભવોની વાત જવા દઈએ તો પણ વર્તમાન વીતરાગનું શાસન મળ્યું, ઉચ્ચ કુળ મળ્યું છે. સંતોનો સમાગમ મળ્યો છે. માર્ગ તો આપણા હાથમાં પણ આવ્યો છે. પણ શું કર્યું આપણે? ચાલ્યા એ માર્ગે? અરે! એક ડગલું ભરીએ છીએ ને પાછા હઠી જઈએ છીએ. આ કોઈ સરળ માર્ગ નથી. માર્ગમાં કાંટા ને કાંકરા જ પથરાયેલા છે. સામે દૃષ્ટિ કરીએ છીએ તો અનેક વિઘ્નો છે. ગભરાઈને એ માર્ગ છોડી દઈએ છીએ. પાછા ફરી જઈએ છીએ અને પરિણામે કશું પામતા નથી. આ આપણી નબળાઈ છે. બંધુઓ! મારી પ્યારી બહેનો! યાદ રાખજો. અહીં મળેલા આ વીતરાગના માર્ગને જો ખોઈ બેસશું તો ફરી-ફરી આ માર્ગ નહીં મળે. માટે જાગ્રત થઈએ, સાવધાન થઈ જઈએ, મળેલા માર્ગ પર ચાલવાનો પુરુષાર્થ કરીએ. નહીં તો ભટકતા જ રહીશું. વિટંબણાઓનો પાર નહીં આવે. જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત નહીં થઈ શકીએ. માટે જ શ્રદ્ધા સહિત આ માર્ગનું અનુસરણ કરીએ.

માત્ર ગતાનુગતિક નહીં. પર્યુષણ આવ્યાં છે, આપણે જૈન છીએ, માટે જવું જોઈએ. અહીં આવીને કંઈક સાંભળી લીધું, થોડા તપ-ત્યાગ કરી લીધા અને મનને સમજાવીએ કે આપણે ધર્મ કરી લીધો. તો બંધુઓ! બહુ મોટા ભ્રમમાં છો. ભગવાને સાધુધર્મ અને શ્રાવકધર્મ, બે ધર્મ બતાવ્યા છે. શા માટે? હું ઘણીવાર આ બાબત કહું છું કે શ્રાવકોએ સમજવું જોઈએ કે તીર્થંકરો ચાર તીર્થની સ્થાપના કરે છે. ધર્મ માત્ર સાધુઓ માટે જ નથી બતાવ્યો પણ શ્રાવકો માટે પણ બતાવ્યો છે. પરન્તુ કેટલાક ગૃહસ્થીઓ એવું માનતા હોય છે કે ધર્મ તો માત્ર સાધુઓને માટે જ છે. ગૃહસ્થીને ધર્મ સાથે

કંઈ લેવા-દેવા નથી. અરે! શ્રાવકો તો કહેતા હોય છે મહારાજ! આ ધર્મનો ઠેકો તમને સોંપ્યો છે! તમે જ બધું કરો, અમારે જરૂર નથી!

નહીં બંધુઓ! એમ નથી. સર્વજ્ઞ-સર્વદર્શી પરમાત્માનો પ્રરૂપિત આ ધર્મ, તેમાં ભૂલ હોય નહીં. પ્રભુ જાણતા હતા કે ગૃહસ્થાશ્રમમાં રહેલ ગૃહસ્થીનો પણ કોઈ ધર્મ છે. તમે જેમ તમારા ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ નિભાવો છો તેની સાથે તમારા આત્મા માટે પણ કંઈક ફરજ છે. ધર્મ એ શું છે? આત્મા પ્રત્યેની ફરજનું નામ જ ધર્મ છે. સહુને પોતપોતાનો આત્મધર્મ છે. બંધુઓ! તમે આત્મા છો તો તમારી કંઈક આત્મા પ્રત્યે પણ ફરજ છે. જો તમે જડ હોત તો તમને કંઈ કહેવાની જરૂર ન રહેત, પણ જડ નથી, તમે ચૈતન્ય છો. તેથી ધર્મને સમજવો પડશે, આચરવો પડશે, નહીં તો જડ-જગત જીવને ભટકાવ્યા કરશે. વિચારો તો ખરા કે તમારી રુચિ ક્યાં છે? માત્ર જડ જગતના વિલાસમાં જ કે અન્ય કોઈ સ્થળે? હું તમને પૂછું છું કે જડ સાથે તો બહુ ખેલ્યા, પણ ચૈતન્ય જગતમાં ક્યારેય ઊંડા ઊતર્યા છો? આપણે સહુ ભાગ્યશાળી છીએ કે આપણા ચૈતન્ય આત્માના દર્શન કરાવે એવો સર્વજ્ઞ કથિત ધર્મ આ પંચમકાળમાં પામ્યા છીએ. આ મળેલા અવસરને ગુમાવી નથી દેવો. માટે જ આ ધર્મનું શરણ લેવું છે. અને તેથી જ આ પર્વના પવિત્ર દિવસોમાં ભગવાન મહાવીરને યાદ કરી તેમના જીવનને જાણીને આપણામાં પરિવર્તનનો પ્રયાસ કરીએ.

ભગવાનના પ્રથમ ભવ નયસાર સુથારની આપણે વાત કરી રહ્યા હતા. તેઓ સજ્જન સદ્‌ગૃહસ્થ હતા. તેઓના નામ આગળ એક માર્મિક વિશેષણ લાગેલું છે. સજ્જન. સત્ + જન = સજ્જન. જન અર્થાત્ માનવ તો ઘણાં છે, ઘણાં હોય પણ જેણે પોતાનાં સત્‌ને જાગ્રત કર્યું છે અથવા સત્‌ને પામવાના પ્રયત્નમાં છે તે સજ્જન. બંધુઓ! આપણને સજ્જન કહેવડાવવું તો ગમે છે પણ આપણા સતનું આપણને ભાન નથી. હું અર્થાત્ આત્મા સત્ છે તે સતની અનુભૂતિનો પ્રયાસ કરનાર, તે સત્‌નો સાક્ષાત્ કરનાર સજ્જન. હા, તો નયસાર સજ્જન હતા.

એ નગરીના રાજાને મહેલ બનાવવા માટે ઊંચી જાતના કાષ્ટની જરૂર હતી અને તે ઓર્ડર નયસારને આપ્યો હતો. તેથી એક વખત નયસાર પોતાના હાથ નીચે કામ કરતા ૫૦૦ માણસોને લઈ દૂર જંગલમાં લાકડું



પરખવા, લેવા ગયો છે. એ લાકડાનો કુશળ પારખુ છે. મોટા રસાલા સાથે જંગલમાં પડાવ નાખ્યો અને સાથે રહેલા બધા જ માણસો માટે ભોજન બન્યું. સહુ પોતપોતાનું કામ કરી રહ્યા છે. બપોરના જમવાનો સમય થતાં નયસારે સર્વ નોકરોને - કે જેને એ કાળમાં કૌટુંબિક પુરુષ કહેતાં હતાં-બોલાવ્યા અને જમવા બેસવા કહે છે. બધાં જ જમી લે પછી પોતે જમે. નોકરો પ્રત્યે હૃદયમાં સમાન બંધુત્વની ભાવના છે. એ સમજે છે કે હું કંઈ કમાઉં છું તો મારા નોકરોના પુરુષાર્થને આભારી છે. એકલો માણસ કંઈ કરી શક્તો નથી. ગમે તેટલું બુદ્ધિબળ કે પુણ્યબળ હોય છતાં અન્યની સહાય વિના માણસ આગળ આવી શક્તો નથી.

બંધુઓ! તમે શું માનો છો? તમારી પહેલાં તમારો નોકર જમી શકે ખરો? નોકર એટલે તો નાચીજ માણસ! તમારો પગારદાર માણસ. એને વળી એવું માન-સન્માન શું? તમે શું કહો છો? આ જ ને! મેં કહ્યું એમ જ ને! તમે કહેશો, અમે ભાગ્યશાળી છીએ. અમારું પુણ્ય તપે છે એટલે લાખો-કરોડો કમાઈએ છીએ. પણ હું પૂછું કે જ્યારે તમારી ફેકટરીના મજૂરો Strick પર જાય છે ત્યારે શું થાય છે? કેટલું નુકસાન વેઠવું પડે છે! ભલેને મજૂરો Strick પર હોય, તમે ફેકટરીમાં ઉત્પાદન કરી લો ને! નથી થતું. એટલે જ સમજવું જરૂરી છે કે મારા નોકરોના સહયોગથી જ હું કમાઉં છું. મારા એકલાનું તો ગજું જ નથી. માટે અભિમાન રાખવા જેવું નથી.

નયસાર સમજે છે, નોકર પ્રત્યે પ્રીતિનો ભાવ છે તેથી પહેલાં બધા જ માણસોને પીરસવાનું કહે છે. અને સાથે-સાથે તેને એક નિયમ હતો કે પહેલાં કોઈ અતિથિને જમાડીને પછી જ જમવું. તેથી અતિથિ મળે તો સારું એવી ભાવના ભાવે છે. જો કે મનમાં સંદેહ છે કે આવા ઘોર જંગલમાં અતિથિ ક્યાં મળે? છતાં તેના અંતરમાં રહેલ **अतिथि देवो भव**ः ની ભાવના રાહ જોવડાવે છે. તે પાસેના એક વૃક્ષ પર ચડી ગયો અને દૂર-દૂર નજર નાખી કે આસપાસ કોઈ સંત-સંન્યાસી-ત્યાગી-મહાત્મા દેખાય તો તેઓને બોલાવી પહેલાં ભોજન કરાવું. પછી જ હું જમું. બંધુઓ! નયસારની ભવિતવ્યતા જાગ્રત થવાની હતી, સમય પાકી ગયો હતો. તેના અંદરનું ઉપાદાન તૈયાર થઈ ચૂક્યું હતું. તેથી જ વૃક્ષ પરથી દૂર-સુ-દૂર એક નિર્ગ્રંથ મુનિને આ બાજુ આવતા જોયા. જેવા જોયા કે વૃક્ષ પરથી ઊતરી એ દિશામાં

દોડ્યો. મુનિ પાસે પહોંચી ગયો, ચરણોમાં પડી ગયો. અંતર આનંદના અતિરેકથી ગદ્ગદિત થઈ ગયું છે. મહાન ભાગ્યે આ અઘોર અટવીમાં સંતનાં દર્શન થયાં.

તે પૂછવા લાગ્યો: ''પ્રભુ! આવા ભયંકર તાપમાં આપ એકલા અહીં?''

મુનિ કહે છે, ભાઈ! એકલો નથી. સાધુનો સમુદાય સાથે હતો, પણ થોડો પાછળ રહી ગયો અને રસ્તો ભૂલી ગયો. ક્યારનો આ વનમાં આમથી તેમ ભટકું છું, રસ્તો મળતો નથી.

''ભગવંત! આપ મારી સાથે પધારો! જોકે આપને ઘણું કષ્ટ થયું હશે. છતાં મારાં તો સૌભાગ્ય કે આ સમયે મને આપનાં દર્શન થયાં. આપ પધારો. મારી સાથે પાંચસો માણસનો કાફલો છે. ભોજન તૈયાર છે. મને આપની સેવાનો લાભ લેવા દો. પહેલાં આપ ભોજન કરો, પછી વિશ્રાંતિ કરો, તે બાદ હું આપને જે ગામ જવું છે તેનો રસ્તો બતાવી જઈશ.''

બંધુઓ! આવનાર સંત જૈન મુનિ છે. નયસાર નિર્ગ્રંથ મુનિના આચાર-વિચારથી અજાણ છે. છતાં અંતરમાં ભક્તિ-ભાવ ભર્યો છે. તેની ભક્તિ તેને બધો જ વિવેક શીખવાડે છે અને અત્યંત શુદ્ધ ભાવે, મુનિને હૃદયના ઉલ્લસિત ભાવે આહાર વહોરાવે છે. ચિત્ત-વિત્ત અને પાત્ર ત્રણે ય યોગ્ય છે. નયસારનો આત્મા આહાર વહોરાવી અનેક કર્મોની નિર્જરા કરવાની સાથે પુણ્યના થોકનાં થોક ઉપાર્જન કરી લે છે. મુનિ આહાર વહોરી થોડે દૂર એક વૃક્ષ નીચે નિર્દોષ સ્થાન જોઈ, કાયોત્સર્ગ કરી, ગૌચરીના દોષ ટાળી વિધિવત્ આહાર કરી લે છે અને થોડો સમય વિશ્રાન્તિ લીધા બાદ નયસાર મુનિને માર્ગ બતાવવા મુનિની સાથે ચાલે છે.

બંધુઓ! અહીં પણ એક વાત માર્ક કરવા જેવી છે, નયસાર શ્રીમંત ગૃહસ્થ હતો. તેની પાસે અનેક માણસો હતાં. મુનિને માર્ગ બતાવવા તે માણસોને મોકલી શક્તો હતો. પણ ના, એના અંતરમાં રહેલ મુનિ પ્રત્યેનું બહુમાન પોતાને જ જવા પ્રેરે છે. તે સમજે છે કે હું ગમે તેવો ધનવાન શ્રેષ્ઠ હોઉં પણ ત્યાગીના ચરણનો તો દાસ જ છું. સંતથી હું કદી મોટો થઈ શકું જ નહીં. તેનામાં રહેલ આ સહજ નમ્રતાએ - લઘુતાએ મુનિને માર્ગ બતાવવાનું, જંગલમાં ભૂલેલા મુનિને રાહે ચડાવવાનું પુણ્ય ઉપાર્જન કરી લીધું.



તો બંધુઓ! એ મુનિ સાથે ચાલ્યો. મુનિ વિચારે છે કે આ ગૃહસ્થે મને દ્રવ્યરાહ બતાવ્યો તો સાધુ તરીકે મારું કર્તવ્ય છે કે હું એને ભાવમાર્ગ બતાવું અને મુનિએ જડના સંયોગથી ભાન ભૂલેલા આત્માનું વાસ્તવિક ચિત્ર નયસાર પાસે રજૂ કર્યું. કર્મસત્તા પાસે હારી બેઠેલો માનવ આત્માનું કેટલું અધઃપતન કરે છે અને એ કર્મો તેને ક્યાં-ક્યાં ભટકાવે છે વગેરે ભાવો મુનિએ નયસારને સમજાવ્યા. મુનિને આહારદાન કરતી વખતે અંતરમાં પ્રગટેલ ઉલ્લસિત ભાવોએ નયસારના આત્મામાં ભૂમિકા તો ઊભી કરી જ દીધી હતી. બસ થોડી જ ચિનગારીની જરૂર હતી. મુનિના ઉપદેશે તેને અંતર તરફ વાળ્યો અને આત્મામાં સમ્યગ્દર્શનની જ્યોત પ્રગટી ચૂકી. મુનિ દ્રવ્યમાર્ગે ચડી ગયા અને નયસાર ભાવમાર્ગે.

સંતના સમાગમ વિના કોઈ પણ આત્મા સાધનામાર્ગે ચડી શકતો નથી. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ઉમાસ્વાતિજીએ સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનાં કારણ બતાવતાં કહ્યું છે:

**तन्निसर्गादधिगमाद्वा**

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે બે પ્રકારે થાય છે. એક નિસર્ગથી અને બીજું અધિગમથી. નિસર્ગ અર્થાત્ કોઈના પણ નિમિત્ત વિના. અધિગમ અર્થાત્ કોઈના નિમિત્તથી.

તેમાં પ્રથમ જે જીવ એકવાર સમ્યગ્દર્શન પામ્યો હોય પણ મોહનીયના ઉદયે તે સમ્યગ્દર્શનથી જીવ પતિત થઈ જાય. અને ફરી એ જ ભવમાં સમ્યગ્દર્શન થાય ત્યારે તેને કોઈનાય નિમિત્તની જરૂર નથી. સ્વયં જ પ્રગટે, પણ જે જીવને અનંત ભૂતકાળમાં ક્યારેય સમ્યગ્દર્શન ન થયું હોય તેને પ્રથમ સમકિતના પ્રાગટ્યમાં કોઈ નિમિત્ત હોય જ. પછી એ તીર્થંકર પરમાત્મા હોય, સામાન્ય કેવળી ભગવંત હોય, પૂર્વધારી મહાત્મા હોય, નિર્ગ્રંથ સંત હોય. આમ બે પ્રકારે સમ્યગ્દર્શન થાય છે.

નયસારનો આત્મા અનાદિકાળથી સમ્યક્ત્વવિહોણો હતો. પરંતુ તે માર્ગાનુસારી બની ચૂક્યો હતો. સમ્યક્ત્વ પામવાની ભૂમિકારૂપ આ યોગ્યતા તેનામાં હતી. કોઈ પણ જીવ સમ્યક્ત્વ ત્યારે જ પામી શકે કે જ્યારે તેની વ્યવહારશુદ્ધિ થઈ હોય. નયસારનું જીવન સદાચારી અને વિશુદ્ધ વ્યવહારી હતું. તેથી જ મુનિનું નિમિત્ત મળ્યું અને પોતાનું ઉપાદાન તૈયાર હતું તેથી

સૂતેલી ચેતનાને જાગ્રત કરી લીધી અને અહીં જ તેનો મોક્ષ નિશ્ચિત થઈ ચૂક્યો. જૈન પરંપરાની સાધના કહે છે કે એકવાર જેને સમ્યગ્દર્શન થઈ ગયું તેનું ભવ-ભ્રમણ હવે સીમિત થઈ ગયું, મોક્ષ નિશ્ચિત થઈ ગયો. જો આ સમ્યગ્દર્શન ટકી શકે તો ત્રીજે ભવે મોક્ષ થાય. નહીં તો પંદરમે ભવે અને અંતે અર્ધપુદ્ગલ પરાવર્તનમાં તો મોક્ષ થઈ જ જાય. નયસારના આત્મામાં પડેલા મહાવીરના બીજનું આરોપણ અહીં થઈ ગયું.

બંધુઓ! તમને કદી એમ નથી થતું કે આપણે પણ જ્યારે આ ભવમાં બધાં જ પ્રકારની અનુકૂળતા પામ્યા છીએ, જિનેશ્વરનું શાસન મળ્યું છે તો આપણા અંતઃકરણમાં બીજારોપણ કરી લઈએ. નયસાર જૈન ન હતો. છતાં બીજ વાવી દીધું એને સમકિતની સમજણ ન હતી. નામ પણ નો' તું સાંભળ્યું છતાં તે પ્રાપ્ત કર્યું ને આજે આપણે સમકિતનું સ્વરૂપ જાણીએ - વાંચીએ-સમજીએ છીએ, વર્ષો સુધી તે વિષયના ગ્રન્થોને છણી નાંખીએ છતાં પ્રાપ્ત ન કરી શકીએ? હવે તે માટે ગમે તેટલો પુરુષાર્થ કરવો પડે પણ આ ભવમાં કરવો જ છે. સમ્યગ્દર્શન લઈને જ જંપીશ. એવો નિર્ણય અંતરમાં કરી, લાગી જાવ પુરુષાર્થમાં, પછી જુઓ સફળ થાવ છો કે નહિ? તમારા સંસારમાં તો આટલાં વર્ષોથી મહેનત કરતા જ આવ્યા છો અને હજુ કરી રહ્યા છો, એમ નથી લાગતું કે હવે સમય આવી ગયો છે, 'હું' ની શોધ કરવાનો! 'હું' ને અનુભવવાનો!

પૂછો તમારા અંતરને, 'હું' કોણ અને એ ઉત્તર આપશે. કોઈ કહેશે ઘણા સમયથી પૂછીએ છીએ પણ અંતરથી જવાબ નથી આવતો. અરે! કેમ ન આવે! પુરુષાર્થમાં ખામી હશે. ગાઢ નિદ્રામાં સૂતેલા માણસને ઢંઢોળીને જગાડીએ છીએ તો જવાબ આપે છે તો આપણો આત્મા પ્રગાઢ મોહની અવસ્થામાં બેભાન પડ્યો છે છતાં જો તેને જગાડવાનો પ્રબળ પુરુષાર્થ થશે તો એ જરૂર જાગીને જવાબ આપશે.

પર્યુષણ જેવા દિવસોમાં તમારા જેવા જૈનોના અંતરમાં ઉલ્લાસ જાગે છે. અહીં આવો છો. તપ-ત્યાગ-વ્રત-નિયમ કરો છો. બહુ સારું છે. અંતરમાં પડેલી આસક્તિઓનાં મૂળને છેદવાં એ બહુ જરૂરી છે, કર્તવ્ય છે, પણ હું તો ઈચ્છું કે તપ-ત્યાગની સાથે સાથે પોતામાં જ ઊંડા ઊતરતાં શીખો, પોતે-પોતાની સાથે જ વાર્તાલાપ કરતાં શીખો. 'હું' ને જગાડવાનો પ્રયાસ



કરો. જે ખરેખર ભાવપૂર્વક પ્રયાસ કરે તેનો પુરુષાર્થ વિફળ જતો નથી. બંધુઓ! બહેનો! જેમ તમારા વ્યાવહારિક ક્ષેત્રે પણ આ મૂળભૂત ફરજ છે. સ્વયં-સ્વયંને શોધે, સ્વયં-સ્વયંને જાણે, સ્વયં-સ્વયંને માણે. બસ એના માટે વારંવાર પૂછ્યા કરો, હું કોણ? હું કોણ?

નયસારને માત્ર એક જ સંતનો સમાગમ થયો અને તેણે સ્વને ઓળખી લીધો, સતને પ્રગટાવી દીધું, તો આપણે પણ આ પુરુષાર્થ કરીએ.

આજના દિવસે એક વાત કહેવી છે તે એ કે આપણે ત્યાં પર્યુષણ પર્વના આઠ દિવસોનું નિર્માણ કર્યું છે પણ ખરું મહત્ત્વ તો છેલ્લા દિવસનું એટલે કે સંવત્સરીનું છે. સંવત્સરીને સાર્થક કરવા પહેલાંના સાત દિવસ સુધી તૈયારી કરવાની હોય છે. જેમ તમારે ત્યાં લગ્ન વિગેરે કોઈ પ્રસંગ આવવાનો હોય, તો માત્ર થોડા કલાક માટે જ, પણ તેની તૈયારી કેટલી સમય અગાઉથી કરો છો! આજે તૈયારી કરી ને આવતી કાલે પ્રસંગ પતી જાય એમ બનતું નથી. તો આ સંવત્સરી એ આત્માના સર્વ કલુષોને ધોવાનું મહાપર્વ છે. તે માટે સાત દિવસ તૈયારી કરવાની છે. તેમાં ખાસ કરીને આખા વર્ષમાં કંઈ ન કરનારો એક સંવત્સરી પ્રતિક્રમણ કરતો હોય છે. તો એ પ્રતિક્રમણ એવું થવું જોઈએ કે જેથી ખરેખર આત્મા પાપથી પાછો ફરી કર્મભારથી હળવો થઈ જાય.

બંધુઓ! જો ખરેખર પાપથી હળવા થવું હોય તો પ્રતિક્રમણને સમજવું જરૂરી છે. પ્રતિક્રમણ એ શું છે? વાસ્તવમાં તમારા રોજિંદા જીવનમાં થતી ભૂલોનું પ્રાયશ્ચિત. માનવમાત્ર ભૂલને પાત્ર છે. માનવ રોજ ભૂલો કરતો જ હોય છે. પણ તેને એ યાદ રહેતી નથી. યાદ રહે છે તો તેને ભૂલ તરીકે સ્વીકારવા તૈયાર નથી. અને કદાચ જો એ એકરાર થઈ જાય તો ભૂલને દૂર કરવાનો માર્ગ એ જાણતો નથી. આપણા પ્રતિક્રમણમાં આ જ બતાવવામાં આવ્યું છે. રોજ રોજ જીવનની પ્રવૃત્તિમાં કેવી-કેવી ભૂલો થવાની સંભાવના છે! તે એક-એક ભૂલો અતિચારો દ્વારા બતાવવામાં આવી છે. તે ભૂલોને પ્રતિક્રમણના શરૂઆતના ૯૯ અતિચારોમાં યાદ કરવાની છે. અને તે પછી તેમાંથી જેટલી ભૂલો થઈ હોય તે કરવા જેવી નો'તી એમ સમજી તેનો પશ્ચાત્તાપ કરી નિર્મળ થવાનું છે.

આ પ્રક્રિયા છે પ્રતિક્રમણની. અને એ સર્વ જીવો માટે આવશ્યક છે.

તેથી જ તમારામાંથી જેને પ્રતિક્રમણ આવડતું હોય, ન આવડતું હોય તે બધા જ આ સાત દિવસમાં એ તૈયારી કરી લે. રોજ થોડીવાર પ્રતિક્રમણના પુસ્તકમાંથી અર્થો વાંચી લે. સાત દિવસ સુધી વાંચશો તો જરૂર યાદ રહી જશે. અને આઠમે દિવસે સંવત્સરી પ્રતિક્રમણ કરશો ત્યારે પ્રતિક્રમણ સાંભળતાં એના અર્થનો ખ્યાલ આવતો જશે અને તેનો પશ્ચાતાપ જાગશે તો જરૂર પાપ ધોવાઈ જશે. હૃદયની શુદ્ધિ થશે. તમને આત્મ-સંતોષ થશે કે દર વર્ષે માત્ર પ્રતિક્રમણ કરવા ખાતર જ કરતા હતા. એક બોલે ને સહુ સાંભળે પણ અંતરને કાંઈ સ્પર્શતું ન હતું. તે આ રીતે કરવાથી સ્પર્શી જશે. આત્મા હળવો થયો છે તેનો અનુભવ થશે. તો તમને ખાસ કહું છું તે મારી આટલી વાત માનજો ને સાત દિવસ સુધી તૈયારી જરૂર કરજો.

નયસારે સમ્યગ્દર્શન પામ્યા પછીનું જીવન અતિ ઉચ્ચ ભાવનામાં અંતરની પ્રસન્નતાપૂર્વક, આરાધક ભાવોમાં વિતાવ્યું. આ ભાવોનાં ફળસ્વરૂપ અનંત–અનંત કર્મોની નિર્જરા કરી આત્મા હળુકર્મી બન્યો. સાથે-સાથે પુણ્ય પણ થોકબંધ ઉપાર્જન કર્યાં જેના ફળસ્વરૂપ મનુષ્યનું આયુષ્ય પૂર્ણ કરી પ્રથમ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો.

આમ નયસારે જે રીતે આત્મ-સાક્ષાત્કાર કર્યો એમ આપણે પણ કરવો છે. આપણું ચરમ અને પરમ ધ્યેય પણ એ જ છે. એ માટે જ ધર્મ કરીએ છીએ, સત્સંગ કરીએ છીએ, સત્શ્રવણ કરીએ છીએ. આપણે પણ આત્મ-સાક્ષાત્કાર કરી લઈએ. આ પર્વાધિરાજમાં આપણને એવું કોઈ નિમિત્ત મળી જાય કે જે નિમિત્તે આપણે સ્વયંને ઓળખીએ, સ્વયંને માણીએ. આપણી ભવ-પરંપરાનું ચક્ર છેદાઈ જાય જેથી આપણાં પર્યુષણ સાર્થક થઈ જાય.

હવે નયસારનો આત્મા આરાધક ભાવોમાં મૃત્યુ પામી પ્રથમ દેવલોકમાં ગયો છે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી ક્યાં જશે? ત્યાં તેની આરાધના કેમ પ્રગતિ કરશે તે અવસરે –

ડ



# વિકસતી ક્ષિતિજો

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આત્મ-સાક્ષાત્કાર થયા પછી જ થાય છે. જીવ પોતાના પુરુષાર્થથી અનાદિકાળના અંધકારને ભેદી પ્રકાશના દર્શન કરી લે તો એ પ્રકાશમાં પોતાના વાસ્તવિક સ્વરૂપનું તેને ભાન થાય. અનાદિકાળથી રખડવાનું કારણ પણ એ જ છે કે જીવને પ્રકાશ લાધ્યો જ નથી. એકવાર પ્રકાશને પામ્યા પછી કદાચ જીવ ફરી અંધકારમાં ચાલ્યો જાય. છતાં જીવે અનુભવેલી પ્રકાશની ઝલક ફરી-ફરી એવો પુરુષાર્થ કરવા પ્રેરે છે, કે અંધકારને ઉલેચી દેદીપ્યમાન આત્મજ્યોતિને પામી આત્મા તેમાં સ્થિર થઈ જાય છે. પછી તો એ જ્યોતિના સહારે આત્મ-આરાધના વેગવતી બને છે. લક્ષ્ય દૂર રહેતું નથી. આત્મામાં પડેલ યોગ્યતા પૂર્ણપણે ખીલી ઊઠે છે.

ગઈ કાલે આપણે શાસનપતિ પ્રભુ મહાવીરના ભૂતકાળના પ્રથમ ભવનું અવલોકન કર્યું, જેમાં એ આત્માએ મોહનીયની પ્રબળતા પર પ્રથમ વાર જ કુઠારાઘાત કર્યો, દર્શન મોહનીયની સાથે-સાથે ચારિત્ર મોહનીય પણ પાતળુ પડ્યું. સમ્યગ્દર્શન રૂપ પ્રકાશ તેમના આત્મામાં ફેલાઈ રહ્યો. પરિણામે શેષ-જીવન અત્યંત ઉજ્જ્વલ અને આદર્શરૂપ વ્યતીત થયું. અંતરમાં પડેલ પાપવૃત્તિ ઊતરી ગઈ. તેથી જાણી-બૂઝીને-સમજીને પાપ કરવાના ભાવ હતા તે ભાવો નષ્ટ થઈ ગયા. પાપ થયા પણ કરાય નહીં, એટલે કે અનિવાર્ય ફરજોને બજાવતાં પાપ થઈ જાય પણ રસપૂર્વક સ્વાર્થવશ પાપ કરવાની વૃત્તિ તો ન જ રહી. પરિણામે પુણ્યના થોક ઉપાર્જન થતાં દેવલોકના આયુષ્યની સાથે-સાથે, મોહનીયની મંદતાએ સમ્યગ્દર્શનની ભાવપરિણતિને એવી ને એવી જાળવી રાખી. સ્વર્ગના ભવમાં સમ્યક્ત્વ સાથે લઈને ગયેલો એ આત્મા, સ્વર્ગનું આયુષ્ય પૂર્ણ કરી આ અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના જ્યેષ્ઠ પુત્ર ભરત ચક્રવર્તીને ત્યાં

પુત્રરૂપે જન્મ્યા.

વિચારો બંધુઓ! કેટલાં પ્રબળ પુણ્ય ઉપાર્જન કર્યાં હશે એ આત્માએ કે દેવલોકનું લાંબું આયુષ્ય ભોગવ્યું છતાં પુણ્યો ખૂટ્યાં નથી અને તેથી જ કેવા ઉત્તમ કુળમાં, કેવા ઉત્તમ અને આદર્શ પિતાને ત્યાં જન્મ મળ્યો! તીર્થંકર જેના દાદા અને ચક્રવર્તી જેના પિતા, એટલું જ નહીં પણ જેનો આખોયે પરિવાર મોક્ષગામી તેવા પ્ર-દાદી માતા મારુદેવાના કુળમાં એ આવ્યો. ઊંચા આદર્શ પરિવારમાં જન્મ થવો એ કોઈ જેવી તેવી વાત નથી. પ્રબળ પુણ્યોદયે જ આવું કુળ મળે છે. આ કુળનો જ્યારે વિચાર કરું છું તો હૃદય ગદ્‌ગદ્ થઈ જાય છે. કેવું હશે એ કુળ? જેના પરિવારમાં બધાય મોક્ષે જનારાં જ ભેગાં થયાં હતાં! માતા મારુદેવા આ વિષય પર ગર્વ કરે તો ગર્વ કરી શકે! એને કદી એમ નહીં થયું હોય કે મારું કુટુંબ તો જુઓ! બધાં જ મોક્ષગામી! ખરેખર! ગર્વ કરી શકાય એવી પ્રાપ્તિ તો મારુદેવાને જ થઈ હતી.

બંધુઓ! તમારા સંતાનો બે-ચાર-કે પાંચ ગ્રેજ્યુએટ હોય તોય તમે અભિમાનથી ફૂલ્યા નથી સમાતા અને બધે જ કહેતા ફરો છો. મને યાદ છે, મુંબઈમાં એક માજી અમારી પાસે દર્શન કરવા અવાર-નવાર આવતાં અને જ્યારે આવે ત્યારે પૂછ્યા વગર ન રહે! ''મહાસતીજી! મને ઓળખી! હું ડૉકટરની મા! મારો એક દીકરો ડૉકટર છે, બીજો વકીલ છે, ત્રીજો ઈજનેર છે ને ચોથો મોટો વેપારી છે.'' અને એ માજી ગર્વથી ભરાઈ ઊઠે! અરે તમારો દીકરો ધંધામાં મોટો ખેલાડી નીકળ્યો અને ખૂબ કમાયો. લખપતિ-કરોડપતિ થઈ ગયો તો પછી તમે નીચે ધરતી પર પગ મૂકો ખરા? નહીં ને? પણ યાદ રાખજો, એ તો પુદ્‌ગલોનો ખેલ છે. આજ છે ને કાલે નહીં હોય, તેમાં ફુલાવા જેવું છે શું?

જ્યારે મારુદેવાના પરિવારમાં બે-ચાર નહીં પણ અનેક ચરમશરીરી. ઋષભદેવ તીર્થંકર થયા, ભરત ચક્રવર્તી હોવા છતાં ઘરમાં બેઠા કેવળજ્ઞાન પામ્યા. બાહુબલીએ અજોડ સાધના કરી નિર્વાણ લીધું. અને ઋષભદેવના બીજા ૯૮ પુત્રો, બ્રાહ્મી-સુંદરી અને બીજા અનેક મોક્ષે પધાર્યા. આ બધા પર ગર્વ કરવાનો તેના કુળની કોઈપણ વ્યક્તિને અધિકાર હતો પણ કોઈએ ગર્વ કર્યો નહીં.



પૌદ્‌ગલિક ચીજોની પ્રાપ્તિના કારણે ગર્વ કરનાર વ્યક્તિ ખરેખર નિર્બુદ્ધિ છે. એવો ગર્વ કરીને એ પોતાની બુદ્ધિનું પ્રદર્શન જ કરે છે. કારણ જે ચીજ નાશવંત છે, ક્ષણિક છે, આ વિરાટ વિશ્વમાં પડેલ અનંત સમૃદ્ધિની સામે તમે મેળવેલ ઉપલબ્ધિ નહીંવત્ છે. તેનાં પર ગર્વ શાનો ? વિચારો, તમે મેળવીને શું મેળવ્યું? કદી વિચાર્યું છે? મેળવ્યું વધારે કે ગુમાવ્યું વધારે? શ્રીમદ્‌જી કહે છે -

**લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?**
**શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;**
**વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,**
**એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!!**

સંસારિક ઉપલબ્ધિઓ માત્ર, મનુષ્યભવને હારી જવા રૂપ છે, અને પરિણામે જે વધ્યું તે કષાયો! માત્ર અહં! કે જે આધ્યાત્મિક ક્ષેત્રે માત્ર પતનનું જ કારણ છે. તે ગર્વનું કારણ નહીં પણ અફસોસનું કારણ છે.

હા, તો ભગવાન મહાવીરનો આત્મા આવા ઉત્તમ કુળમાં પુત્રરૂપે જન્મ્યો. જ્યાં તેનું નામ મરિચિકુમાર રાખવામાં આવ્યું. આ આત્મા અહીં આવ્યો છે તો પ્રબળ પુણ્યના કારણે પણ એને પુણ્ય ભોગવવાં નથી. કારણ આત્મામાં પડેલ સંસારભાવની ઉદાસીનતા કે જે સમ્યગ્દર્શન રૂપ પ્રગટ થયેલ છે તે સ્વર્ગમાં પણ સાથે હતી અને અહીં પણ સાથે લઈને આવ્યો છે. આધ્યાત્મિક ઉપલબ્ધિઓ જીવ સાથે લઈને જાય છે. અને તેના ફળસ્વરૂપે એ-એ ગતિમાં મળેલાં સુખ-દુ:ખને પચાવી શકે છે. મરિચિ સમ્યગ્દર્શન સાથે લઈને આવ્યો છે તેથી તેને મળેલી અમાપ રિદ્ધિ-સિદ્ધિ પણ લોભાવી શકતી નથી. અને કોઈ જાતની ત્રુટી ન હતી. જેનો બાપ ચક્રવર્તી તેને ભોગ-ઉપભોગના સાધનોની અલ્પતા ક્યાંથી હોય! ભોગોમાં ગળાડૂબ રહેવા માગે તો પણ સહજરૂપે બધું જ મળે. છતાં ભોગ-વિલાસમાં એનું મન રમતું નથી. મરિચિના ભાવોમાં સહજ રૂપે જ વિરક્ત દશા ઝળકી રહે છે. યુવાનીના આંગણે પગ મૂક્યાં છતાં તેની નિર્લેપતા એવી ને એવી જ જળવાઈ રહી છે. તેથી જ ભગવાન ઋષભદેવે દીક્ષા લીધી તે પછી સેંકડો-હજારો નર-નારીઓ તેમના માર્ગે ચાલવા, તેઓનાં જ ચરણમાં સર્વસ્વ છોડી ચારિત્ર ગ્રહણ કરવા માંડ્યા, તેમાં મરિચિકુમારે પણ સર્વત્યાગી બની

પ્રભુનાં ચરણાનું શરણ ગ્રહણ કરી લીધું. પ્રભુનાં ચરણમાં રહી સંયમની સાધના સાથે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની ઉત્કૃષ્ટ આરાધના કરવા માંડ્યા. ૧૧ અંગોનું જ્ઞાન બહુ જ અલ્પ સમયમાં પ્રાપ્ત કરી લીધું. શ્રદ્ધા અને ચારિત્રના ભાવોમાં એ રમી રહ્યા છે.

એકવાર સાધુના નિયમો પ્રમાણે ગૌચરી માટે ગયા છે. ગરમીના દિવસો છે. સખત તાપ છે, સૂર્ય આગ વરસાવી રહ્યો છે. મુનિ મરિચિ ખુલ્લે પગે, ઉઘાડે માથે છે. અને એ તાપ એના માટે અસહ્ય થઈ પડે છે. રાજકુળમાં જન્મીને ઊછરનાર રાજકુમારની કોમળ કાયા આ બધું હંમેશાં સહન તો કરી જ રહી છે. પણ આજે તેને આ અસહ્ય લાગ્યું. અને મન કાયાની માયામાં લપેટાઈ ગયું. જે માયા ફેંકતાં એમને ક્ષણ પણ નો'તી લાગી તે જ માયા ફરી વળગી, મન વ્યાકુળ થઈ ગયું. વ્યાકુળતા મનને બેહદ અકળાવી રહી છે અને એ સંયમી મુનિનો સંયમ સ્ખલિત થયો. મરિચિ વિચારે છે, મારાથી આ કેમ સહન થાય? જે સહન નથી થતું તેને પરાણે સહવાથી શું કરું? છોડી દઉં બધું? આવાં કઠોર વ્રતોને ફગાવી દઉં? ન જોઈએ આ! પણ ક્યાં જાઉં? શું કરું ? સાધુપણું છોડી સંસારમાં જાઉં તો ખરો? પણ મારા પિતા મને અપનાવશે? ના, એ તો કોઈ ઉપાયે ન બને! મારા પિતા જિનેશ્વરના ચરણના ઉપાસક છે. એમની શ્રદ્ધા, ભક્તિ અલૌકિક છે. મારા જેવા પતિત થયેલાને તે ન સંગ્રહે! તો શું કરું?

મરિચિનો દેહ, ઉગ્ર તાપથી પીડિત થઈ રહ્યો છે અને મન વ્યાકુળતાથી બેચેન થઈ ગયું છે. મનસ્તાપ વધી ગયો. મનોમંથન અનુભવે છે. ''આખરે આ પણ નહીં અને તે પણ નહીં. મુનિ નહીં, સંસારી નહીં એવો ત્રીજો જ વેષ નિજમતિ કલ્પનાથી સજી લીધો. પગમાં ચાખડી, માથે છત્ર, ભગવું વસ્ત્ર, હાથમાં દંડ અને શરીરને સુખ ઉપજાવે એવાં સાધનો વડે નવો વેષ ધારણ કરી લઈ, પોતાને ત્રિ-દંડી કહેવડાવવા લાગ્યા.

ચારિત્રથી પતિત થયા. ભગવાન ઋષભદેવે આપેલ ચારિત્રમાર્ગનું અનુસરણ તેના માટે દુષ્કર થઈ ગયું અને એ માર્ગથી નીચે ઊતર્યા. અહીં મરિચિની ભાવ પરિણતિને આપણે જોઈએ. તેઓ સમજે છે કે ચારિત્ર-માર્ગ તો પ્રભુનો પ્રરૂપેલો જ સાચો છે. યથાર્થ ચારિત્રનું પાલન તો એ રીતે જ થવું જોઈએ. પણ મારી નબળાઈ છે કે હું યથાતથ્ય પાલન કરી શકતો



નથી. મેં એ ચારિત્રનો માર્ગ મૂકી દીધો એટલે બધાએ છોડી દેવો જોઈએ અને તે છોડવા જેવો જ છે એમ નહીં. પણ એ જ માર્ગ આદરણીય છે. જેને સિદ્ધિ જોઈએ છે તેને એ રાજમાર્ગ જ અપનાવવો આવશ્યક છે. આમ આ શ્રદ્ધા તેના અંતરમાંથી ખસી નથી. ભગવાન ઋષભદેવ પ્રત્યેની શ્રદ્ધા અને તેમના પ્રરૂપેલ માર્ગની શ્રદ્ધા મરિચિના અંતરમાં એવી ને એવી જ નિર્મળ પડી છે. એ જ માર્ગ સત્ય અને તથ્યપૂર્ણ છે.

આ બળવાન શ્રદ્ધાને કારણે જ, તેના જ્ઞાન અને વાણીથી આકર્ષાઈ, કોઈ રાજા-રાજકુમાર-શ્રેષ્ઠી વગેરે તેનો ઉપદેશ સાંભળી, પ્રતિબોધ પામે છે ત્યારે તેને ઋષભદેવનાં ચરણોમાં જ મોકલે છે. એટલું જ નહીં, પોતે એકરાર કરે છે કે હું નથી પાળી શકતો એ મારી ખામી છે. પણ સત્ય માર્ગ તો ત્યાં જ છે માટે ત્યાં જ જાવ. સેંકડો લોકોને પ્રભુ પાસે મોકલે છે.

વળી તેને કોઈ પોતાનો નવો મત-પંથ-સંપ્રદાય પણ નથી ચલાવવો તેથી જ એ ભગવાનની સાથે વિચરે છે. ભગવાન જ્યાં સમોસરે ત્યાં સ્થાનની બહાર પોતે પણ રહે છે. પ્રભુનાં દર્શન તથા વાણી-શ્રવણ પણ હંમેશાં એ કરે છે. આ તેની શ્રદ્ધાનું બળ છે.

આગમ કહે છે કે જે જીવને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય તે વધુમાં વધુ ૬૬ સાગરોપમ ઉપરાંતના કાળ સુધી રહે છે. સાગરોપમનું માપ કલ્પના બહારની ચીજ છે. જેમાં અરબો-ખરબોથી પણ વધુ વર્ષો ચાલ્યાં જાય છે. એટલા સમય સુધી આ સમ્યગ્-દર્શન ટકી શકે છે. નયસારના જન્મમાં પ્રાપ્ત કરેલ સમ્યગ્દર્શન સ્વર્ગમાં સાથે હતું અને અહીં મરિચિના ભવમાં પણ સાથે છે. એના કારણે જ ચારિત્રથી પતિત થવા છતાં શ્રદ્ધાથી પતિત થયા નથી.

આવી શ્રદ્ધાથી આત્માને ભાવિત કરતા, વિચરણ કરી રહેલા મરિચિના જીવનમાં એક ઘટના ઘટિત થઈ. ભગવાન ઋષભદેવ વનિતા નગરીમાં પધાર્યા છે. મરિચિ તાપસના વેષે સાથે છે. સમોસરણની બહાર રહ્યા છે. એવા સમયે તેમના પિતાશ્રી ચક્રવર્તી ભરત ભગવાનનાં દર્શને આવે છે. દેશના સાંભળે છે. ચક્રવર્તી અમાપ રિદ્ધિ-સિદ્ધિના સ્વામી છે પરંતુ સુપાત્ર છે. તદ્ભુત યોગ્યતા તેમનામાં પડી છે. ચરમ-શરીરી છે. તદ્ભવ મોક્ષગામી છે. એ જ ભવમાં નિર્વાણ પામવું છે. અહો! કેવી હશે તેઓની ભાવપરિણતિ! કેવી નિર્મળ અને સહજ હશે એમની અંતરદશા! એ ચક્રવર્તીના મનમાં એક પ્રશ્ન ઊઠ્યો!

બંધુઓ! આપણા મનમાં પણ કંઈ કેટલાયે પ્રશ્નો ઊઠે છે. અહીં પ્રવચન સાંભળો અને પ્રશ્ન ઊઠે છે. પણ આપણે આપણા અંતઃકરણને એ રીતે તપાસવાનું છે કે આપણાને ઊઠતા પ્રશ્નો કેવા છે ? આત્મિક દૃષ્ટિએ, માનસિક દૃષ્ટિએ, સામાજિક દૃષ્ટિએ કેવા-કેવા પ્રશ્નો ઊઠે છે ? જેવો આપણો આત્મિક વિકાસ અને જેવી આપણી માનસિક દશા એવા પ્રશ્નો આપણાને જાગે. પણ આ તો ભરત છે. તેના મનમાં પ્રશ્ન થયો અને એ પ્રભુની સમીપે ગયો. હાથ જોડી અત્યંત વિનય સહિત, નમ્રતાની મુદ્રામાં પ્રભુને પૂછી રહ્યો છે :

'ભન્તે! આપ તીર્થંકર છો, આપના આ સમોસરણમાં કોઈ એવો સુપાત્ર આત્મા છે કે જે ભવિષ્યમાં તીર્થંકર થવાનો હોય ?'

પ્રભુ હસ્તે વદને જવાબ આપે છે :

'ભરત! તારો પુત્ર મારો પૌત્ર. જે અત્યારે સમોસરણની બહાર ત્રિ-દંડીના વેશમાં છે તે આ જ ચોવીશીના મહાવીર નામના અંતિમ તીર્થંકર થશે. એટલું જ નહીં, ભરત! એ તીર્થંકર થયા પહેલા એકવાર વાસુદેવ થશે, એકવાર ચક્રવર્તી થશે. આમ ત્રણ મોટી પદવીના ધારક થશે.'

આ સાંભળતાં જ ભરતના અંતઃકરણમાં આહ્લાદકતા જાગી. અહો! ધન્ય છે એ આત્માને કે જેનામાં તીર્થંકરત્વ જેવી મહાન શક્તિ પડી છે. પોતાનો પુત્ર તીર્થંકર થશે, સાથે-સાથે ચક્રવર્તી અને વાસુદેવ પણ થશે. તેનો ભરતને ગર્વ નથી આવ્યો. તેનાં ચક્રવર્તીત્વ કે વાસુદેવત્વ પ્રત્યે તેને માન નથી થયું પણ ભવિષ્યમાં શાસનનો નાથ થશે. તીર્થંકર જેવો મહિમાવાન મહાપુરુષ થશે. એ સાંભળી હૃદયમાં આદર અને ભક્તિ જાગ્યાં છે. આ છે ભરતના અંતરની સુ-પાત્રતા.

બંધુઓ! તમારે ત્યાં દીકરાનો જન્મ થાય. જ્યોતિષી પાસે જાવ. જન્મકુંડળી કઢાવો અને પૂછો દીકરો ભવિષ્યમાં કેવો થશે? જો જ્યોતિષી મહારાજ કહે કે આ જાતકના યોગ તો બહુ સારા છે. ભવિષ્યમાં એ સંત થશે. આ સાંભળી તમને શું થાય? ખુશ થાવ? પોતાને ભાગ્યશાળી માનો કે મારે ત્યાં આવું બાળક અવતર્યું? કે જ્યોતિષને કહો કે મહારાજ એ સંત ન બને એ માટે કંઈ થઈ શકતું હોય તો બતાવો! જે કરવું પડે તે બધું જ કરવા તૈયાર છું! સાચું કહેજો! આમ જ કહો ને?



પણ ના, બંધુઓ! આ તો નિર્વાણનો અધિકારી આત્મા ભરત હતો, તેથી તેને તેનો દીકરો તીર્થંકરત્વ પ્રાપ્ત કરે તેમાં અનહદ આનંદ જ હોય!

ભરત ચક્રવર્તી, જ્યાં મરિચિ હતા ત્યાં ગયા, જઈને વિધિવત્ ત્રણ વાર વંદન કર્યા. મરિચિ તો આશ્ચર્યમાં પડી ગયા. આ શું? જ્યારથી મેં આ વેષ ધારણ કર્યો, ત્યારથી મને કદી તેઓએ વંદન કર્યાં નથી, અને આજે કેમ વંદન કરે છે?

આપણને પણ પ્રશ્ન થાય કે ભરત કેમ વંદન કરતા નો'તા? મરિચિ જ્યાં સુધી મુનિવેષમાં હતા ત્યાં સુધી ભરત ભાવપૂર્વક વંદન કરતા પણ ચારિત્રથી પતિત થયા પછી નથી કરતા. કારણ એ જ કે જે ચારિત્રથી પડ્યા છે તેને વાંદવાથી, તેનું બહુમાન કરવાથી, તેને અનુમોદન મળે. તે એમ સમજે કે મેં જે કર્યું છે તે ઠીક કર્યું છે. તો જ બધા મને વાંદે ને? પૂજે ને? વળી અન્ય લોકોમાં પણ એવી જ ઈમેજ ઊભી થાય કે આ બરાબર છે. આ વેષ કે તે વેષ બન્ને સરખા. જેથી ક્યો યોગ્ય અને ક્યો અયોગ્ય તેનો વિવેક ન થઈ શકે, માટે જ આગમોમાં ચારિત્રથી પતિત થયેલી વ્યક્તિને વંદન-પૂજન કે અન્ય વ્યવહારનો નિષેધ છે. મરિચિ આ વાત જાણે છે તેથી જ તેને આશ્ચર્ય થયું કે આજે એવું શું છે કે ભરત જેવો દૃઢધર્મી-પ્રિયધર્મી આત્મા મને વંદન કરી રહ્યો છે?

ભરત સમજી ગયા અને તેમણે તરત જ કહ્યું :

'મરિચિ, હું તમારા આ વેષને વંદન નથી કરતો. પણ પ્રભુ ઋષભદેવની વાણી અનુસાર તમે ભવિષ્યમાં ચોવીશમા તીર્થંકર થવાના છો. તમારામાં પડેલા એ તીર્થંકરત્વને - ભાવિ તીર્થંકરને વંદન કરું છું. જો કે તમે ભવિષ્યમાં પ્રથમ વાસુદેવ અને ચક્રવર્તી પણ થવાના છો. પણ મારું નમન એ પદને નથી. મારું નમન તમારા તીર્થંકરત્વને જ છે.'

આટલું સાંભળતાં જ મરિચિના મનમાં ગર્વ પેદા થયો. નિમિત્ત મળ્યું ને અંદરથી કષાયભાવ ઊછળ્યો. નિમિત્ત આવ્યા પછી તેને વશ ન થતાં પોતે-પોતાનામાં જ રહેવું. એ કરનાર તો વીરલા હોય છે. મરિચિ નિમિત્તાધીન થઈ ગયા અને કુળનો મદ કરતા નાચવા માંડ્યા, એ ગાવા માંડ્યા -

आद्योऽहं वासुदेवानां, पिता मे चक्रवर्तिनाम् ।
पितामहो जिनेन्द्राणां, ममाहो उत्तम कुलम् ॥

અહો! મારું કુળ કેટલું ઉત્તમ! હું પ્રથમ વાસુદેવ થઈશ, મારા પિતા પ્રથમ ચક્રવર્તી અને મારા પિતામહ-દાદા પ્રથમ તીર્થંકર, વળી હું ભવિષ્યમાં ત્રણ પદવીનો ધારક!

આમ કહેતાં-કહેતાં એ વારંવાર નાચવા-કૂદવા માંડ્યા. મન-વચન અને કાયા ત્રણેય મદના ભાવથી ઊભરાઈ રહ્યા અને ત્યાં જ નીચ ગોત્રનો બંધ કરી લીધો. ક્ષણે-ક્ષણે અંતરમાં ઊભરાતા ભાવો સારાં કે ખરાબ કર્મનો બંધ કરાવે જ છે. કર્મનાં સિદ્ધાંતો સદા જાગ્રત અને સનાતન છે. મરિચિએ મદ કર્યો અને કર્મ બંધાઈ ચૂક્યાં.

મરિચિનું અહીં વધુ પતન થયું. પ્રથમ ચારિત્રથી પતિત થયા હતા. હવે ભાવોથી, ભાવોની નિર્મળતાથી પતિત થવા માંડ્યા. પણ હજુ આત્મામાંથી સમ્યગ્દર્શનની જ્યોત બુઝાણી નથી, એ હજુ જાગ્રત છે. શ્રદ્ધાભાવમાં મરિચિ ઝૂલી રહ્યા છે.

અને કરી કમાણીને ધૂળમાં મેળવનાર એક અધમ પળ આવી ચૂકી. મરિચિ બીમાર પડ્યો. શરીરમાં ભયંકર વ્યાધિ છે. કોઈના સહારાની જરૂર છે. પણ ચારિત્રથી ભ્રષ્ટ થયેલ મરિચિ, ઋષભદેવની સાથે રહેતો હોવા છતાં ભગવાનના કોઈ સાધુ તેની સેવા કરતા નથી. પતિતને પ્રોત્સાહન ન આપવાનો જ ભાવ માત્ર તેમાં છે. દયા-કરુણાના ભાવોથી સાધુઓનાં અંતર ભરપૂર હોવા છતાં, પતિત થયેલાના ભાવનું અનુમોદન ન થવું જોઈએ એ કારણે કોઈ તેની વૈયાવચ્ચ કરતા નથી. મરિચિને મનોવેદના થાય છે. મારા જ પ્રતિબોધેલા અનેક સાધુઓ આ સંઘમાં હોવા છતાં મારી સેવા ન કરે ? હવે જો કોઈ મારી પાસે પ્રતિબોધ પામશે તો તેને મારો જ શિષ્ય બનાવીશ. જેથી સેવા તો પામું.

આ પછી ઘણા જીવો તેની પાસે પ્રતિબોધ પામ્યા પણ અંદરની શ્રદ્ધા જાગૃત છે એટલે ફરી ભગવાનનાં ચરણમાં જ સહુને મોકલ્યા. પણ એક કપિલ નામનો રાજકુમાર આવ્યો. મરિચિના જ્ઞાન અને વાણીથી પ્રભાવિત થઈ તેનો શિષ્ય થવા તૈયાર થયો. ત્યારે મરિચિએ તેને ભગવાનના ચરણમાં જઈ મહાવ્રતરૂપ સાધુધર્મનો સ્વીકાર કરવા કહ્યું. પ્રભુની પાસે જ સાચો ધર્મ છે એમ બતાવ્યું ત્યારે તર્કવાદી અને મહાબુધ્ધિમાન કપિલે પૂછ્યું કે -

'શું પ્રભુ પાસે ધર્મ છે અને તમારી પાસે નથી?'



મરિચિ મૂંઝાયો, પોતાના અહં પર કુઠારાઘાત થાય તેવો પ્રસંગ ઊભો થયો. કેમ કહે કે મારી પાસે ધર્મ નથી. અહં પોતાનું જોર પ્રગટ કરવા માંડ્યો. અહં જ જીવને મારનાર - ડુબાડનાર છે. વ્યક્તિ પોતાની નબળાઈ બીજા પાસે પ્રગટ કરી શકતો નથી.

અરે! કેટલીક વાર એવું થાય કે તમે અમારી પાસે કંઈક પ્રશ્ન લઈને આવો. પૂછો. અમને બધું જ આવડતું હોય એવું તો ન જ હોય. ગમે તેટલું ભણ્યા પછી પણ અપૂર્ણ જ હોઈએ. જેથી બધા જ સવાલોનું સમાધાન કરવાનું સામર્થ્ય ન હોય તે સ્વાભાવિક છે. પણ જીવ આવો એકરાર પોતે પોતામાં પણ કરી શકતો નથી. એટલે પ્રશ્ન પૂછનારને ગમે તેમ ગોટાળા વાળીને પણ સમજાવી દઈએ. પણ એમ ન કહીએ કે આ વિષયની મને ખબર નથી. આ જ છે સરળતાનો અભાવ. જ્યાં સરળતા છે, નિરભિમાનતા છે એ તો કહેશે કે બધું જ અમને આવડે એવું જરૂરી નથી. તમારા પ્રશ્નનો જવાબ આપી શકું તેમ નથી. છદ્મસ્થ જીવ સંપૂર્ણ જ્ઞાની હોય જ નહીં અને હોય તો તે છદ્મસ્થ નહીં પણ કેવળજ્ઞાની.

મરિચિના અંતરનો અહં મજબૂત થઈ બહાર આવ્યો અને કપિલના તર્ક સામે ઉત્સૂત્ર પ્રરૂપણા કરી દીધી. એણે કહ્યું :

**'कपिला! इत्थंपि इहयंपि'**

'કપિલ! ત્યાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે.' ખલાસ! આટલું કહેતાં તો મરિચિના આત્મામાં જલતો સમ્યગ્-દર્શનનો દીપ બુઝાઈ ગયો. અંતરમાં અંધકાર વ્યાપી ગયો. કારણ બહુ મોટું પાપ કર્યું. અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજ ચોવીશીમાં કહે છે....

**'પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો'**

જગતમાં અનેક પાપ છે પણ સર્વજ્ઞ કથિત તત્ત્વથી વિપરીત તત્ત્વની પ્રરૂપણા કરવા જેવું અન્ય કોઈ પાપ નથી. આ પ્રરૂપણા જિનેશ્વરની તથા જિનેશ્વરની વાણીની આશાતના તો કરાવે જ છે પણ ભોળા જન-સમુદાયને કુમાર્ગે લઈ જાય છે. હજારો-લાખો માણસોને અવળો રાહ ચીંધવાનું મહાન પાપ આમાં છે.

મરિચિએ એ જ કર્યું. પરિણામે કપિલને પોતાનો શિષ્ય બનાવ્યો. એણે નવીન મતની સ્થાપના કરી. અનેકોને દોરવ્યા. આજે ભારતમાં સાંખ્યદર્શન

છે તેના સંસ્થાપક તે જ મરિચિના શિષ્ય કપિલ. જે દર્શન મિથ્યા-દર્શન છે.

મરિચિના અંતરમાં જલતી શ્રદ્ધાની જ્યોત આ પ્રસંગે બુઝાઈ ગઈ. અત્યાર સુધી ચારિત્રથી પતિત હતો પણ દર્શન એટલે શ્રદ્ધાથી પતિત થયો ન હતો. ચારિત્રથી જેનું પતન થયું હોય તેને ઉત્થાન થવામાં બહુ સમય નથી લાગતો પણ જે શ્રદ્ધાથી પતિત થઈ ગયો તેને ઠેકાણે આવતાં અનેક ભવો વીતી જાય. તેનો મોક્ષ દૂર ઠેલાતે જાય એટલે જ શાસ્ત્રમાં કહ્યું છે :

**``चरित्त भट्ठा सिज्झइ, दंसण भट्ठा नो सिज्झइ''**

ચારિત્રથી ભ્રષ્ટ થયેલો આત્મા સીઝે છે પણ જેના અંતરમાંથી સમ્યક્ત્વની જ્યોત નાશ પામી ગઈ તેને માર્ગ મળતો નથી.

મરિચિના અંતરમાંથી સમ્યગ્દર્શન લુપ્ત થઈ ગયું. નયસારના ભવમાં પ્રગટ થયેલ પ્રકાશ આજ સુધી હતો. તેના પૂરા જીવનકાળ પર એક વિહંગાવલોકન કરીએ તો એ મરિચિના રૂપે જન્મ્યા ત્યારે સમ્યગ્દર્શનનો પ્રકાશ સાથે લઈને જન્મ્યા. ભોગ–વિલાસની સામગ્રીના આકર્ષણો તેમને લોભાવી ન શક્યા. તે પછી ભગવાન આદિનાથના ચરણોમાં દીક્ષિત થઈ ચારિત્રની આરાધના શરૂ કરી. સમ્યગ્દર્શનના દીપકમાં તેલ પૂરાયું. જ્યોત વધુ દેદીપ્યમાન બની. કેટલાક સમય વૃદ્ધિ પામતી જ્યોત સાથે જીવન ઝગમગવા માંડ્યું પણ દેહની આસક્તિએ તેમને ચારિત્રથી ચૂકાવી દીધા, દીપકની જ્યોત કાંપવા માંડી, કુળમદ કરી દીવડો વધુ ડગમગ્યો અને અંતે ઉત્સૂત્રની પ્રરૂપણા કરી દીપકને બુઝાવી નાખ્યો. આમ તેમના આખા જીવનમાં પ્રકાશ અને અંધકાર વચ્ચેનું દ્વંદ્વયુદ્ધ ખેલાતું રહ્યું અને અંતે અંધકાર જીતી ગયો. અંતરમાં ચોમેર અંધકાર વ્યાપી ગયો.

બંધુઓ! મરિચિ જેવા આત્માની આ દશા જોઈ આપણે આપણાં જીવન માટે વિચાર કરવાનો છે કે આપણે ક્યાં છીએ? આપણા અંતઃકરણમાં સમ્યગ્દર્શનનો પ્રકાશ થયો છે કે નહીં? ન થયો હોય તો પ્રયાસ કરી લઈએ અને એ પ્રકાશને સ્થિર રાખવા માટે પ્રબળ પુરુષાર્થ કરતાં રહીએ. પ્રકાશ પ્રાપ્ત થઈ જાય એ એક વાત છે અને અંતરમાં સદા માટે સ્થિર રહે તે બહુ જ મહત્ત્વપૂર્ણ વાત છે. પ્રકાશ વિના કશું થઈ શકશે નહીં. અરે! તમારે તમારા ઘરમાં પણ કામ કરવું હોય તો અંધકારમાં નથી કરી શક્તા, તો આત્મઘરમાં આરાધના કરવા માટે પ્રકાશની અનિવાર્ય આવશ્યકતા છે. એ પ્રગટ કરી લો.



ભૌતિક સંસારના પ્રકાશ માટે તો બહુ કર્યું. હવે ત્યાંથી પાછા ફરવાનો સમય થઈ ગયો છે. હવે તો આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું લક્ષ્ય લઈને આધ્યાત્મિક જગતમાં પ્રવેશ કરવો છે. આ પર્વના દિવસો આધ્યાત્મિકતાનો સંદેશ લઈને આપણી સામે આવે છે. આવાં પર્વ આપણા ઉત્થાનનાં નિમિત્ત બને છે. એ નિમિત્તને વધાવી લઈએ અને આપણું આધ્યાત્મિક જગત સમ્યગ્દર્શનના પ્રકાશથી ઝળહળી ઊઠે એવો પુરુષાર્થ કરી લઈએ.

મરિચિ પાછળના જીવનમાં કરેલા પાપની આલોચના કર્યા વગર જ મૃત્યુ પામી પાંચમા દેવલોકમાં ગયો. સ્થૂલ દૃષ્ટિથી પાંચમું દેવલોક બહુ ઊંચું લાગે છે. સારું માનીએ છીએ પણ જો આત્મા પર રહેલાં પાપોની ભાવપૂર્વક આલોચના થઈ હોત તો પાપોનો નાશ થઈ જાત અને પછીના ભવોમાં જે અભાવો તેને ઘેરી વળવાના છે તે ન ઘેરી વળત, પણ જેનામાં તીર્થંકર થવાની યોગ્યતા પડી છે એવો આત્મા પણ ચૂકી ગયો. આલોચના ન કરી શક્યો તો તેનું પરિણામ પણ એવું જ ભોગવવું પડશે.

બંધુઓ! આવો આત્મા ચૂકે-ભૂલે તો ભોગવે. તો આપણે તો ક્યાં છીએ? કેટલી ભૂલો! કેટલી ક્ષતિ? શું થશે આપણું? બહુ જ સાવધાન રહેવાની જરૂર છે. જાગવાની જરૂર છે.

મરિચિ આધ્યાત્મિક દૃષ્ટિથી હારી ગયો. ભૌતિક સમૃદ્ધિ પામ્યો પણ આધ્યાત્મિક જગતમાં તેનું કોઈ મૂલ્ય નથી. હવે એ પાંચમા દેવલોકનો તેનો ચોથો ભવ. એ પછી એ ક્યાં જશે અને શું બનશે તે અવસરે –

# આરોહ-અવરોહ

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્મા પર આરાધક ભાવના સંસ્કાર સ્થિર કરે છે. આરાધનાવિહોણા જીવે ભૂતકાળના ભવોમાં માત્ર વિરાધના જ કરી અને આત્મા પર વિરાધક ભાવના સંસ્કારો એવા તો ગાઢ કર્યા કે તે પોતે આરાધનાની શક્તિ ધરાવે છે એ ભૂલી ગયો અને ભટકતો રહ્યો.

ભગવાન મહાવીરનો આત્મા પણ આવા વિરાધક ભાવો લઈને ભવમાં ભટકતો હતો. પણ સંતનો યોગ મળતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ રૂપ આરાધક ભાવ જાગ્યા. પછીના ભવમાં એટલે કે મરિચિના ભવમાં દર્શન સાથે જ્ઞાન-ચારિત્ર-તપની આરાધના ભળી, આત્મા આ સંસ્કારોથી સંસ્કારિત થયો. ઉત્કૃષ્ટ આરાધનાની કોટીએ પહોંચ્યો પણ નિમિત્તાધીન થઈ ફરી વિરાધક ભાવની લપસણી ભૂમિ પરથી લપસ્યો. સમ્યક્ત્વ અને ચારિત્ર બન્ને ખોઈ બેઠો.

મરિચિના જીવનની ઘટનાઓ આપણને ઘણું-ઘણું સમજાવી જાય છે, પહેલી વાત તો એ કે જીવને આરાધક ભાવ આવવા જ અત્યંત મુશ્કેલ છે. જીવની કેટલીક યોગ્યતા તૈયાર થાય પછી જ આરાધના તરફ જીવની રુચિ જાગે છે. આરાધનાના ભાવ જાગ્યા, તેમાં ઓતપ્રોત પણ થઈ ગયો છતાં એ ભાવોને જાળવી રાખવા તે અત્યંત દુષ્કર. એક વખત સમ્યગ્ આરાધના શરૂ થાય અને એમ માનવા માંડીએ કે હવે તો કંઈ વાંધો નથી. રાહ પકડાઈ ગયો છે એટલે આપણે રાજા! પણ ના, એવું નથી. માટે સાવધાન રહેવાનું છે. પ્રમાદમાં પડી જવાનું નથી. જીવે મોહનીય કર્મનાં બંધ ઘણાં કર્યાં છે. એ ક્યારે ઉદયમાં આવશે અને પછાડશે એ આપણે જાણતા નથી. તેથી કર્મોદય સામે સતત જાગ્રત રહેવાનું છે.



મરિચિના આત્માને ચારિત્રના ઉત્કૃષ્ટ ભાવો આવ્યા પણ દેહની મમતા જાગી અને તેને ચારિત્રથી ભ્રષ્ટ કર્યો. અહંકારનું સામ્રાજ્ય તેના પર જોર જમાવી ગયું ને કુળમદ કરી આત્માને પાપભારથી ભારે કર્યો અને એ જ અહંકારે ઉત્સૂત્ર પ્રરૂપણા કરાવી સમ્યગ્-દર્શનને ઝૂંટવી લીધું. આ બધાં જ મોહનીયના રૂપો. મોહનીયની પ્રબળતાઓએ આલોચનાના ભાવો ન જાગવા દીધાં, કરેલી ભૂલોનો પસ્તાવો ન થવા દીધો. વિરાધક ભાવો સાથે લઈ પાંચમા સ્વર્ગમાં ગયો અને ત્યાં પણ વિરાધક ભાવોને સેવતો રહ્યો, જો કે સ્વર્ગના દેવો સમ્યક્ત્વ હોય તો વિરાધક પણ નથી બનતાં. ભોગોપભોગમાં અટવાઈ નથી જતાં. મરિચિનો આત્મા સમ્યક્ત્વથી પતિત થઈને સ્વર્ગમાં ગયો છે. તેથી આરાધક ભાવ વર્તમાને આત્મામાં જાગ્રત નથી. તેણે ઘણું ગુમાવી દીધું.

આપણી સામાન્ય સમજણ એમ કહે કે આટલું ઊંચું સ્વર્ગ પ્રાપ્ત કર્યું એ કંઈ ઓછું છે? કેટલી રિદ્ધિ-સિદ્ધિ? કેટલું સુખ? ઠીક છે. પણ આ કંઈ બહુ મોટી વાત નથી. મિથ્યાત્વી જીવ પણ પુણ્યનો બંધ કરીને નવમી ગ્રૈવેયક સુધી જઈ શકે છે, બાર દેવલોક અને પછી નવ ગ્રૈવેયક. કેટલું ઊંચું સ્થાન! કેટલો લાંબો સમય ભૌતિક સુખનો ભોગવટો? બરાબર છે. ઘણા ભોગોપભોગ ચિરકાળ સુધી ભોગવે છે. ત્યાંનું અનેક સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી અહીં આ મનુષ્યલોકમાં પશુ-પંખી, જીવ, જંતુ એકેન્દ્રિયની યોનિમાં જન્મ લઈ અસંખ્ય કાળ સુધી દુ:ખ ભોગવે છે. તેનું સંસારપરિભ્રમણ મટતું નથી. અનંતકાળ રખડ્યા કરે છે. જ્યારે એક સમ્યક્ત્વી જીવ ભલે આટલા ઊંચા સ્વર્ગમાં ન ગયો હોય, પ્રથમ દેવલોક સુધી જ ગયો હોય છતાં તે ત્યાં રહીને પણ પોતાના આત્માને આરાધક ભાવોથી ભાવિત કરતો રહે છે ને ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી, અહીં મનુષ્ય થઈ ઉત્કૃષ્ટ આરાધના કરી મોક્ષ પ્રાપ્ત કરી લે અથવા સંસારને પરિમિત કરી દે છે.

આમ, મહત્તા કેટલામું દેવલોક કે રિદ્ધિ-સિદ્ધિ મળી એની નથી પણ એ આત્મા કેવા ભાવો લઈને ત્યાં ગયો છે તેની મહત્તા છે. મરિચિએ તેના જીવનના અંત સમયે પાપનો પસ્તાવો કરી આલોચના કરી હોત તો આત્મશુદ્ધિ થઈ જાત અને ફરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાત પણ એ ન બની શક્યું તેથી વિરાધક ભાવોની અનુમોદનામાં જ મૃત્યુ થયું. પરિણામ એ

આવ્યું કે તે પછીના અનેક ભવો સુધી આરાધક ભાવ જાગ્યો નહીં.

પાંચમા દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી, પાંચમા ભવમાં બ્રાહ્મણ કુળમાં જન્મ લે છે. પૂર્વજન્મના વિરાધક ભાવોને કારણે ઈન્દ્રિયોના વિષયોની પ્રબળ આસક્તિ, ધનની અમાપ તૃષ્ણા અને પાપાચરણના પરિણામો તેના આત્માને કલુષિત કરતાં રહે છે. જે જીવ ચક્રવર્તીની રિદ્ધિ-સિદ્ધિમાં નો'તો લેપાણો, એ થોડું મળ્યું તેમાં પણ લોલુપ થઈ ગયો. તેથી જ સુખની સામગ્રી માણસને ડુબાડનાર નથી પણ તેના પ્રત્યે રહેલી આસક્તિ જ ડુબાડનાર છે. એ ભવની આ આસક્તિએ ઘણાં પાપકર્મો બંધાવ્યાં અને તેના કારણે પાંચમા ભવ પછી અનેક નાના-મોટા, પશુ-પંખીના, જીવ-જંતુના તિર્યંચ ગતિના ભવો કર્યા. આ ભવોની ગણતરી સત્તાવીશ ભવોમાં કરી પણ નથી. માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયના મોટા ભવોની જ ગણતરી છે. આમાં વચમાં કરેલ તિર્યંચગતિના ભવોમાં અસંખ્ય કાળ વ્યતીત થઈ ગયો, અને ફરી છઠ્ઠા ભવમાં બ્રાહ્મણ કુળમાં જન્મ થયો. તિર્યંચના ભવોમાં ઘણાં પાપો ભોગવાઈ ગયાં તેથી આત્મા હળુકર્મી બન્યો છે. છતાં સંસારની આસક્તિ છૂટી નથી. મોહભાવની પ્રબળતા એટલી જ પડી છે. જેથી આરાધક ભાવ જાગ્રત થતા નથી. પણ બ્રાહ્મણ કુળને અનુરૂપ જીવનનાં અંતિમ વર્ષોમાં ત્રિદંડીપણું સ્વીકારી શુભ યોગોને પ્રવર્તાવી દેવલોકનું આયુષ્ય બાંધે છે. સાતમા ભવે પ્રથમ દેવલોકમાં જાય છે.

તે પછી એક બ્રાહ્મણનો અને એક દેવલોકનો એમ આઠ ભવ કરે છે. અર્થાત્ પંદરમા ભવમાં દેવલોકમાં છે. આમ ચોથાથી પંદરમા ભવ સુધી એટલે કે ૧૨ ભવ સુધી આરાધનાને યોગ્ય વાતાવરણ જ ન મળ્યું, જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરવાના ભાવ જ ન જાગ્યા. વિરાધક ભાવે આટલો લાંબો કાળ પસાર કર્યો. એક ભવની ભૂલ અનેક ભવ સુધી કારમી શિક્ષા ભોગવવાનું કારણ બને છે. ભગવાન મહાવીરનો આત્મા આ ભૂલની શિક્ષા ભોગવવાનું કારણ બને છે. ભગવાન મહાવીરનો આત્મા આ ભૂલની શિક્ષા ભોગવી રહ્યો છે. એ ભોગવતાં-ભોગવતાં કંઈક કર્મો હળવાં થયાં અને સોળમા ભવમાં જૈન આરાધનાને યોગ્ય કુળમાં જન્મ થયો. રાજગૃહ નગરના વિશાખાનંદી રાજાના નાના ભાઈ વિશાખાભૂતિ યુવરાજની રાણી ધારિણીની કુક્ષિએ વિશ્વભૂતિ રાજકુમાર રૂપે જન્મ લીધો.



વિશ્વભૂતિને અહીં પુણ્યનો ઉદય વર્તી રહ્યો છે. કર્મના ઉદયનું ગણિત એવું છે કે તેનો સાંતર ઉદય રહે છે અર્થાત્ ક્યારેક પાપનો ઉદય તો ક્યારેક પુણ્યનો ઉદય. કોઈ જીવને સદાકાળ પાપનો જ ઉદય હોય કે કોઈ જીવને નિરંતર પુણ્યનો જ ઉદય હોય એવું બનતું નથી. કારણ, જીવ જ્યારે કર્મ બાંધે છે ત્યારે પણ સાંતર જ બાંધે છે. ક્યારેક પ્રબળ પુણ્ય તો ક્યારેક પ્રબળ પાપ. એટલે ઉદયમાં પણ એમ જ આવે છે. આપણે જગતમાં જોઈએ છીએ કે આજે જે માણસ ચારે બાજુથી દુ:ખી હોય તે ધીમે-ધીમે અનુકૂળ સંજોગોને પ્રાપ્ત કરે છે અને સુખી થઈ જાય છે તથા આજે સર્વ રીતે સુખી જણાતો માનવ કાલે દુ:ખથી ઘેરાઈ જાય છે. આ છે પુણ્ય પાપના સાંતર ઉદય.

વિશ્વભૂતિ પુણ્યનાં ફળને ભોગવી રહ્યા છે. સંસારના સુખ-ભોગ મીઠાં લાગે છે. અનેક સ્ત્રીઓ સાથે પાણિગ્રહણ કરી વિષયોને માણવામાં મસ્ત બની ગયા છે. આત્મા પર પડેલા વિષયાસક્તિના સંસ્કારો આરાધક ભાવના અભાવે ભૂંસાયા નથી. કારણ છેલ્લા બાર ભવ સુધી આરાધનાનો યોગ મળ્યો નથી.

વિશ્વભૂતિ કુમાર એકવાર પોતાની પત્નીઓને લઈ રાજ્યના એક વિશાળ ઉદ્યાનમાં આમોદ-પ્રમોદ કરવા ગયા છે. પત્નીઓનાં રૂપ-સૌંદર્યનું આકર્ષણ વિષયોમાં તેને લિપ્ત કરી દે છે. એવા જ સમયે રાજપુત્ર વિશ્વનંદીને પણ એ જ ઉદ્યાનમાં ક્રીડા કરવાની ઈચ્છા થઈ. તે પોતાના અંત:પુરને લઈને ત્યાં આવ્યો. પણ વિશ્વભૂતિના દરવાને તેને રોક્યો.

અત્યારે વિશ્વભૂતિ કુમાર ક્રીડા કરી રહ્યા છે. માટે કોઈ અંદર જઈ શકે નહીં. આ સાંભળી વિશ્વનંદીનો અહં ઊછળ્યો. એ દ્વેષ, ઈર્ષ્યા, ગુસ્સાથી અભિભૂત થઈ રાજા પાસે ગયો અને ફરિયાદ કરી - 'હું યુવરાજ છતાં ઉદ્યાનમાં પ્રવેશવાનો મને અધિકાર નહીં?'

'આ રાજ્યનો ઉત્તરાધિકારી હું છું. વિશ્વભૂતિ નહીં. એ મને કેમ પ્રવેશવા ન દે? તેનો એક નાચીજ નોકર મને ઉદ્યાનમાં જતાં રોકે? મહારાજ! આ કઈ જાતનું તંત્ર ચાલે છે?' આ સાંભળીને રાજા રોષે ભરાય છે. અને આનો કંઈ ઉપાય વિચારે તે દરમ્યાનમાં તો પટ્ટરાણીની દાસી એ જ ઉદ્યાનમાં ફૂલો લેવા ગઈ હતી તે પણ અપમાનિત થઈને પાછી ફરી. રાણીને

કહ્યું અને રાણીએ કોપિત થઈ રાજાને સમાચાર આપ્યા. રાણી પણ એમ સમજે છે કે ઉદ્યાનમાં પ્રવેશવાનો મારો પૂર્ણ અધિકાર છે. મારી દાસીનું અપમાન એ મારું જ નહીં પણ મહારાજનું પણ અપમાન છે.

આમ અધિકારના અહં દ્વારા કોપાગ્નિ પ્રજળ્યો. બંધુઓ! પ્રત્યેક માનવ પોતાના માની લીધેલા અધિકાર પ્રત્યે અત્યંત સજાગ હોય છે. એ પોતાના અધિકારને જતો કરવા તૈયાર નથી હોતો. મહારાજાને પણ જાણે પોતાનો અધિકાર લૂંટાઈ જતો હોય તેમ લાગ્યું અને તેમણે ષડ્યંત્ર ઊભું કર્યું. બીજાને ફસાવવા માટે, પોતાનો સ્વાર્થ સાધવા માટે, કપટનો આશરો લેવો જ પડે. પ્રપંચ વિના અન્યને સતાવી શકાય નહીં. બંધુઓ! શું કહું તમને! મારા કરતાં વિશેષ તમે સહુ આ વિષયને જાણો છો. ક્યારેક જીવનમાં આવી પ્રપંચલીલા આચરતા પણ હશો. આ વિષયમાં તો તમારી બુદ્ધિ-શક્તિ બહુ કામ કરે છે. કોને કેમ ફસાવવા? કેમ શીશામાં ઉતારવા, તેના વ્યૂહ મગજમાં ગોઠવાતા જ રહે છે ને? મન-મસ્તિષ્કમાં આવું બધું ભર્યું છે, એટલે જ અહીં સત્શાસ્ત્રોનું શ્રવણ, સંતોના મુખેથી કરો છો છતાં કંઈ ગ્રહણ કરી શકતા નથી. સંતોનાં વચનોને હૃદયમાં ઝીલવા માટે જગ્યા તો હોવી જોઈએ? રાખી છે જ ક્યાં?

તો બંધુઓ! મહારાજાએ પણ ષડ્યંત્ર રચ્યું અને સારાયે નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે, 'આપણી સરહદે આવેલ પુરુષસિંહ નામનો સામંત ઉદ્ધત બની ગયો છે. પ્રજાને ત્રાસ આપે છે, માટે તેની સામે લડવા માટે હું જાઉં છું.'

રાજ્યના માણસો નગરની એક-એક ગલીમાં આ ઢંઢેરો પીટી રહ્યા છે. અહીં ઉદ્યાન પાસેથી પણ નીકળ્યા. ઉદ્યાનમાં રહેલ વિશ્વભૂતિએ આ સાંભળ્યું. વિશ્વભૂતિ ક્ષત્રિયપુત્ર છે. રાજબીજ છે. રાજપૂતનું લોહી એની નસોમાં વહેતું હતું. તેનું શૌર્ય જાગી ઊઠ્યું. તે સ્ત્રીઓ તથા ક્રીડાને પડતી મૂકી ઉદ્યાનમાંથી બહાર આવ્યો. મહારાજા પાસે જઈને કહે છે - 'મહારાજ! આ તો એક બહુ નાનો સામંત છે. તેની સામે આપ જેવા મહાન રાજા લડવા જાય તેમાં શોભા નહીં. એને તો હું જ પૂરો કરી દઈશ. મને આજ્ઞા આપો, સાથે સૈન્ય આપો, હું લડવા જાઉં છું.'

રાજાને આટલું જ જોઈતું હતું. તેણે તરત સૈન્ય તૈયાર કરી દીધું.



વિશ્વભૂતિ સૈન્યને લઈ યુદ્ધ માટે રવાના થઈ ગયો. પુરુષસિંહ સામંતની રાજ્યહદમાં પ્રવેશ્યો પણ ત્યાં તો બધું શાંત છે. એટલું જ નહીં પણ સમાચાર મળતાં સામંત સ્વાગત કરવા આવ્યો અને ઘણાં આદર-સત્કારથી વિશ્વભૂતિને પોતાના નગરમાં લઈ ગયો. તેની સેવા કરી તથા પોતે હંમેશાં તેઓના તાબામાં રહી આજ્ઞા ઉઠાવવા માંગે છે તેવી નમ્ર રજૂઆત કરી. વિશ્વભૂતિ તો આશ્ચર્યમાં પડી ગયો કે આ બધું શું છે? ત્યાં મહારાજા જે કહે છે તેમાંનું તો અહીં કાંઈ નથી. બે-ચાર દિવસ ત્યાં રહી એ પાછો ફરે છે.

પાછા ફરતાં પોતાના રાજ્યની હદમાં એ જ ઉદ્યાન પાસેથી નીકળે છે. ત્યાં ક્રીડા કરવા જવાની ફરી તેને ઈચ્છા થાય છે અને જવા માટે પ્રયત્ન કરે છે. પણ ઉદ્યાનના દરવાજા પર વિશ્વનંદીનો દ્વારપાળ ઊભો છે અને સમાચાર આપે છે કે વિશ્વનંદી તેની રાણીઓ સાથે ઉદ્યાનમાં ક્રીડા કરી રહ્યા છે. વિશ્વભૂતિ મહારાજાના પ્રપંચને સમજી ગયો. બંધુઓ! રાજાનું આ પ્રપંચ ખુલ્લું પડી ગયું. મને લાગે છે કે તમે જે વ્યૂહરચના કરતા હશો તે તો કોઈ સમજી શક્તું નહીં હોય. એ પ્રપંચ ખુલ્લું ન પડી જાય તેવી ગોઠવણ પણ તમે અગાઉથી જ કરી રાખી હોય. તમે તો બધા અભિમન્યુથી પણ ચડો એવા છો. અભિમન્યુ તો માતાના પેટમાંથી છ કોઠાની વિદ્યા શીખીને આવ્યો હતો. પણ આજનો આ યુગનો માનવ તો કોણ જાણે કેટલા કોઠા શીખીને આવ્યો હશે. આજનાં મા-બાપો ગર્વથી કહેતાં હોય છે કે હવેનું જનરેશન વધુ બુદ્ધિશાળી હોય છે. મને લાગે છે આ કાળમાં જ્યાં આજના જનરેશનમાં આ ભારતની આર્ય સંસ્કૃતિના સંસ્કાર ઓસરતા જાય છે, પશ્ચિમના રંગથી રંગાઈ કોઈ જુદા જ પ્રકારના સંસ્કારોથી આ પેઢી રંગાતી જાય છે, ત્યાં એ ભવિષ્યમાં સાત નહીં પણ સત્તર કોઠાની વ્યૂહરચના કરશે કે જેને કોઈ ભેદી નહીં શકે. અરે! એટલું તો નહીં પણ પોતે જ પોતાના વ્યૂહમાં ફસાઈ જાય તો પણ નવાઈ નહીં!

વિશ્વભૂતિ! રાજાના પ્રપંચને ઓળખી ગયો. પોતાની સાથે ખેલાયેલ કપટબાજીના કારણે તેને ક્રોધ આવ્યો. ક્રોધને આવતાં ક્યાં વાર છે? તેના માટે રાહ જોવી પડતી નથી. એ તો એકદમ નજીક જ હોય. નિમિત્ત મળ્યું નથી અને ક્રોધ આવ્યો નથી. બંધુઓ! જીવની આ જ દશા છે. વિભાવોને જાગ્રત થતાં વાર લાગતી નથી. તેને કહેવું નથી પડતું પણ સ્વભાવના

સહાયક ભાવોને માટે રાહ જોવી પડે. આપણને કોઈ તપ-ત્યાગ કરવાનું કહે તો કહેતા હોઈએ છીએ કે હમણા નહીં. હજુ વાર છે. આ વર્ષે આત્માસાધનાના પંથે પુરુષાર્થ કરવાનો કોઈ માર્ગ બતાવે તો પણ ઉંમરમા અને પ્રવૃત્તિના બહાના આપણી પાસે હોય પણ કદી ક્રોધાદિ કષાયો માટે એમ કહ્યું છે? ક્રોધને ઉત્પન્ન થવાનું નિમિત્ત મળ્યું તેને ક્યારેય કહ્યું, નિમિત્ત ભલે આજે આવ્યું પણ મારે ક્રોધ હમણાં નથી કરવો, પછી કરીશ. અત્યારે કરવાના બીજાં કામ ઘણાં છે.

કેટલી દુર્દશા છે જીવની? કેવી વિડંબણા? વિભાવ પરિણમનમાં જીવને વાર નથી લાગતી અને સ્વાભાવિક દશા પામવા માટે કેટલો પુરુષાર્થ? કેટલી મહેનત? કેટલો ત્યાગ? કેટલું બલિદાન? તે પછી પણ સ્વાભાવિક દશા થોડી જાગ્રત થાય, આરાધનાના માર્ગે આગળ વધતો હોય અને વિરાધક ભાવ જો અંતરમાં જાગ્રત થાય તો બધું જ ધૂળ-ધાણી, આરાધક ભાવ અદૃશ્ય થઈ જાય!

વિશ્વભૂતિનો ક્રોધાગ્નિ ભભૂક્યો. એ જ્યાં ઊભો હતો ત્યાં જ પાસે કોઠાનું ઝાડ હતું. જોરથી એક જ મુક્કી મારી, વૃક્ષ હલી ઊઠ્યું. વૃક્ષ પર રહેલા પાકાં-પાકાં કોઠાનાં ફળ એકીસાથે ટપોટપ જમીન પર આવી પડ્યાં. વિશ્વભૂતિએ પોતાની શક્તિનો પરચો બતાવ્યો. વિશાખાનંદી તો સામે પણ નથી. પણ તેના દ્વારપાળને કહે છે – 'જો મારી શક્તિને જોઈ લે. જેમ આ કોઠાના ઝાડ પરથી ફળને નીચે પાડ્યાં તેમ તમારા બધાનાં મસ્તક ધડથી નીચે પાડવાની તાકાત છે મારામાં, પણ મારે એમ નથી કરવું. કારણ તેઓ મારા વડીલ છે, હું વડીલોનો આદર કરું છું-વિનય કરું છું, તેથી એવું અપકૃત્ય મારાથી નહીં થાય. આટલું કહી એ ત્યાંથી ચાલ્યો ગયો. મનમાં વિચારે છે કે જે વડીલો પ્રત્યે હું પૂજ્યભાવ રાખું છું, આદર કરું છું. તેઓ જ મારી સામે આવું પ્રપંચ ઊભું કરે છે ? બસ, આ સંસારમાં આવી જ સ્વાર્થની મારામારી છે! આવા સંસારમાં રહીને શું કરવાનું? ન જોઈએ આ રાજ્ય, સંપત્તિ કે સંસાર.

### न रहे बाँस, न बजे बाँसुरी

અને કોઈને પણ પૂછવાની પરવા ન કરતાં એ સીધો જ રાજ્યની બહાર વનના રસ્તે ચાલી નીકળ્યો. તેના સદ્ભાગ્યે વનમાં તેને સંભૂતિ-



વિજય નામના મુનિવર મળ્યા. તેમના ચરણોમાં એ દીક્ષિત થઈ ગયો. દીક્ષા લેતાંની સાથે જ મન શાંત થઈ ગયું. સંસારના ભાવો વિલય થઈ ગયા અને છેલ્લા બાર ભવોથી જે જ્યોત બુઝાયેલી હતી તે નિમિત્તને પામીને ફરી જાગ્રત થઈ. તેઓ સમ્યગ્દર્શનને પામી ગયા. સાથે જ ચારિત્રના સંસ્કારો આત્મા પર દબાયેલા પડ્યા હતા તે પણ જાગ્રત થઈ ગયા. મરિચિના ભવમાં કરેલ ઉત્કૃષ્ટ આરાધનાના સંસ્કાર હતા, જે સમય આવ્યે જાગ્રત થઈ ગયા. આરાધનાના સંસ્કારો જો આત્મા પર ગાઢ હોય, પાકા રંગથી આત્મા રંગાયો હોય, તો ભલે અમુક સમય સુધી તેના પર આવરણ આવી જતાં એ સંસ્કારો દબાઈને રહે. જાણે કે કદી એવા ભાવો જીવમાં પ્રગટ્યા જ નહીં હોય તેમ લાગે. પણ સમય આવ્યે એ આવરણને ચીરીને સંસ્કારો પ્રગટ થઈ જાય છે.

વિશ્વભૂતિ મુનિવરના આત્મામાં રહેલ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના સંસ્કાર પ્રબળ ભાવે આવિર્ભૂત થયાં અને મુનિ જ્ઞાનની આરાધના સાથે ઉગ્ર તપની આરાધના પણ કરવા માંડ્યા, છઠ-છઠના પારણાથી આગળ વધતી તપશ્ચર્યા, ક્રમશઃ માસખમણના પારણે માસખમણ સુધી પહોંચી. માત્ર શરીરનું જ દમન નો'તું થતું પણ મન અને વૃત્તિઓનું દમન પણ થઈ રહ્યું છે. એક વિશિષ્ટ પ્રકારની યોગ્યતા તેમનામાં પેદા થઈ ગઈ છે. વધુ સાધના કરવા માટે ગુરુદેવની આજ્ઞા લઈ એકલા વિચરવા માંડ્યા. શાસ્ત્રો સાખ પૂરે છે કે કાં તો અવગુણી હોય, ઉદ્ધત હોય, નિરંકુશ હોય એવો મુનિ એકલો વિચરે અને કાં આરાધનાની ઉચ્ચતમ યોગ્યતા હોય, દૃઢ મનોબળ હોય, પોતે-પોતામાં સ્થિર હોય એવો મુનિ પોતાની કસોટી કરવા એકલો વિચરે, વિશ્વભૂતિ મુનિ યોગ્ય આત્મા છે. વધુ પ્રબળ સાધના અર્થે એકલા વિચરી રહ્યા છે અને જ્ઞાન, દર્શન-ચારિત્ર-તપની આરાધના ચાલુ જ છે.

વિચરણ કરતાં કરતાં વિશ્વભૂતિ મુનિ એકવાર મથુરા નગરીમાં પધારે છે. માસખમણનું પારણું છે, શરીર અત્યંત ક્ષીણ થઈ ગયું છે. ગૌચરી માટે નીકળ્યા છે. એ રાજાના રાજમહેલ પાસેથી પસાર થાય છે. બરાબર એ જ સમયે મુનિનો પિત્રાઈ ભાઈ વિશ્વનંદી ત્યાં આવ્યો છે. મથુરા નગરીના રાજા તેના સસરા થાય છે. કોઈ કારણસર મથુરામાં તેને આવવું પડ્યું છે. એ જ રાજમહેલના ઝરૂખામાં વિશ્વનંદી બેઠા છે. તેની આજુબાજુ તેના ચાર-

પાંચ સેવકો ઊભા છે. મુનિ રસ્તેથી ચાલ્યા જાય છે. દૃષ્ટિ નીચે છે. ઈર્યાસમિતિ શોધતાં જતનાપૂર્વક ધીમે-ધીમે પગલાં ભરી રહ્યા છે. આજુબાજુનો તેમને ખ્યાલ નથી. પણ વિશ્વનંદીના સેવકોની નજર મુનિ પર પડી અને તેઓ મુનિને ઓળખી ગયા. તેઓ વિશ્વનંદીને કહે છે, 'મહારાજ! જુઓ જુઓ, પેલા વિશ્વભૂતિકુમાર! જેઓ મુનિ બની ગયા છે તે!' વિશ્વનંદી પણ ઓળખી ગયા. અને એ સમયે જ હૃષ્ટપુષ્ટ ગાય ઉતાવળી સામેથી ચાલી આવે છે. મુનિને ગાયનો ધક્કો વાગે છે. મુનિ પડી જાય છે.

આ જોઈ વિશ્વનંદીને હસવું આવે છે. આ છે માનવમનની નબળાઈ! કોઈ પડી જાય ત્યારે તેના પર સહાનુભૂતિ લાવી તેને મદદ કરવાની હોય તેના બદલે સામાન્ય રીતે સહુને હસવું જ આવે. તેને ક્યાં વાગ્યું? શું થયું? એ પૂછવાને બદલે હસવું, એ ભયંકર અપરાધ છે. પણ માનવમન છે જ અળવીતરું. વિશ્વનંદી હસે છે. હસવાનો અવાજ મુનિના કાનમાં પડે છે. તેની નજર ઝરૂખા તરફ જાય છે. એટલામાં હસતાં-હસતાં વિશ્વનંદી મુનિનો ઉપહાસ કરે છે. કહે છે - 'ક્યાં ગઈ બધી શક્તિ? મુષ્ટિના પ્રહારથી કોઠાના ઝાડનાં ફળ પાડનાર, કેમ ગાયના ધક્કાથી પડી ગયા?'

અને બંધુઓ! મુનિને આ પરિહાસ આકરો થઈ પડ્યો. પોતાની શક્તિ પર ચેલેન્જ ફેંકનાર પર અતિ ક્રોધ જાગ્યો. અંદરનો સૂતેલો અહં સળવળી ઊઠ્યો. શબ્દોએ અગ્નિમાં ઘી હોમવાનું કામ કર્યું. મુનિનાં મનમાં વિચાર ઊઠ્યા, શું આ વિશ્વનંદી હજુ મારી સાથે આવી વેરભાવના રાખે છે? મારો આ રીતે તિરસ્કાર કરે છે? મારી શક્તિને ચેલેન્જ આપે છે! દેખાડી દઉં તેને કે મારામાં કેટલી શક્તિ છે! તેમણે ઊભા થઈ ચાલી જતી એ ગાયને બે શિંગડેથી પકડી ત્રણ વાર ગોળ-ગોળ ફેરવી દૂર ફેંકી દીધી. ક્યાંથી આવી આ શક્તિ? જે ગાયના સામાન્ય ધક્કાથી ભોંયભેગા થઈ ગયા હતા તેને જ ઉઠાવી ગોળ-ગોળ ફેરવી ફેંકી દેવાની તાકાત ક્યાંથી આવી? બંધુઓ! આ તાકાત અહં અને ક્રોધની હતી! શરીર ક્ષીણ થઈ ગયું હોય, મુખમાંથી અવાજ નીકળતો ન હોય પણ અહં અને ક્રોધ જ્યારે મગજ પર સવાર થઈ જાય ત્યારે બધી જ શક્તિ આવી જાય, છે ને તમારો આ અનુભવ! બીમારીના બિછાને પડ્યો હોય, અવાજ નીકળી શકતો ન હોય, પણ કોઈ કારણસર કોઈ સાથે ઝઘડો થાય તો કેટલો અવાજ નીકળે! ૫૦



ફૂટ દૂર સંભળાય એટલો નહીં? બસ, આ જ વાત છે અહં પર થતા પ્રહારની! બધી જ શક્તિ આવી જાય. વિશ્વભૂતિની કાયા તપશ્ચર્યાના કારણે ક્ષીણ થઈ ગઈ છે. છતાં જાગેલાં અહં અને ક્રોધે તેનામાં ભયંકર શક્તિ પ્રેરી અને તેમનાથી કુ-કૃત્ય થઈ ગયું. તેઓ ભૂલી ગયા કે હું મુનિ છું. છકાય જીવોની રક્ષા એ મારો ધર્મ છે. કોઈનું એક રૂંવાડું પણ ન દુભાવવું એવી મારી પ્રતિજ્ઞા છે. હું અહિંસાનો પૂજારી છું. બધું ચૂકી ગયા. દયા, કરુણા, પ્રેમ, અનુકંપા બધા જ ભાવો એક ક્ષણમાં વિદાય થઈ ગયા. ભયંકર આવેશ આવી ગયો. વિચારો બંધુઓ! ક્રોધના એક નાના નિમિત્તે કેટલો મહાવિનાશ સર્જ્યો!

અરે! આટલેથી ન પત્યું. અંતરમાં પ્રતિશોધની આગ સળગી. વેરનો બદલો લેવાની કારમી વેદના જાગ્રત થઈ. અને આજ સુધી કરેલા તપ-સંયમના પાલનના બદલામાં શક્તિ માગવાની વૃત્તિ જાગી. આજે આ દેહે તો હું તેને મારી શકું તેમ નથી, પણ ઘણાં વર્ષોથી તપ-સંયમની સાધના કરતો આવ્યો છું. જેનાથી ખૂબ પુણ્યો બંધાયાં હશે. એ પુણ્યનાં ફળસ્વરૂપ બીજું કાંઈ નથી જોઈતું પણ એવી પ્રચંડ તાકાત મળે કે હું વિશ્વનંદીને મારી શકું. કરી લીધું નિયાણું! માગી લીધું ફળ! વર્ષોની દીર્ઘસાધનાનું, તપ અને સંયમનું લિલામ કરી નાખ્યું. અમૂલ્ય આરાધનાને કોડીના ભાવે લૂંટાવી દીધા! કરેલી કરણીના બદલામાં આવી શક્તિ માગવી તેને શાસ્ત્રોમાં નિદાન-નિયાણું કહે છે. અને એ માગેલી શક્તિ મળે પણ છે, કારણ બદલામાં અનંત-અનંત પુણ્યોરૂપ મૂલ્ય ચૂકવવું પડે છે.

બંધુઓ! જે પુણ્યબળ આત્મ-આરાધનાના સુંદર યોગો સરજી શકે એવી શક્તિ ધરાવતાં હોય, તેને આવા વિપરીત માર્ગે ખરચી નાખ્યાં! ભૂલ્યો, એ આત્મા ભૂલ્યો! કેવો ભૂલ્યો! જરા અસાવધતા, જરા અહં જીવને ક્યાં ને ક્યાં ફેંકી દે છે.

વિશ્વનંદીએ જ્યારે પરિહાસ કર્યો ત્યારે એ શબ્દો સાંભળીને, કંઈ જ નથી થયું, એમ સમજી વિશ્વભૂતિ ત્યાંથી ચાલ્યા ગયા હોત તો તેમની આરાધકશક્તિ વધી જાત. નિદાન કરવાને કારણે ચારિત્ર પણ ગુમાવ્યું અને સમ્યગ્દર્શનની જ્યોત જાગ્રત થઈ હતી તે પણ બુઝાઈ ગઈ. બન્ને ગયા. એ ન જાત. સાધના કરનાર સાધકની જાગૃતિ કેટલી હોવી જોઈએ તે આ

ઉપરથી સમજાય છે. તેમનામાં ગજબની સહિષ્ણુતા જોઈએ. કોઈના વચનપ્રહાર કે અન્ય પ્રહારને સમતાભાવથી સહી લેવા જોઈએ. તો જ આરાધનામાર્ગમાં ટકી રહી શકાય છે. સહિષ્ણુતા ન હોય ત્યાં આરાધનાના માર્ગથી સ્ખલિત થતાં વાર નથી લાગતી. વિશ્વભૂતિએ કાયાને ઘણું કષ્ટ આપ્યું હતું, મનને પણ તાવ્યું હતું. અને એ રીતે તેમણે ઘણું સહન કર્યું હશે. પણ જીવનમાં સત્યાનાશની એક ક્ષણ આવે છે અને બાજી ઊંધી વળી જાય છે. આટલી બધી ઊંચી દશામાં પહોંચ્યા પછી પણ મોહનીયના આ ભાવો જીવને ભટકાવે છે. મુનિ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનના ભાવમાં હતા પણ અસહિષ્ણુતાના કારણે, વિશ્વનંદીના નિમિત્તે ક્રોધ અને અહં જાગ્યો અને ફરી મિથ્યાત્વ દશારૂપ ગુણસ્થાને આવીને પટકાઈ પડ્યા. માટે જ મહાયોગી આનંદઘનજી મહારાજે સાધનાનો માર્ગ તલવારની ધાર પર ચાલવા જેવો કહ્યો છે. પળ–પળની જાગૃતિ અને સતત સાવધાનતા એ માર્ગ માગી લે છે –

અરે! આપણને વિચાર થાય કે જ્ઞાનાદિની આટલી આરાધના કરનાર મુનિને, પોતે ચૈતન્ય અને શબ્દ જડ આટલું ભાન નહીં હોય! તેઓએ વિચાર્યું હોત કે હું ચૈતન્ય આત્મા અનંત શક્તિવાન અને શબ્દો જડ. એ મારા ચૈતન્યને શું કરી શકે? ખરેખર! શબ્દો સાંભળતાં આ દૃષ્ટિ આવી જાય તો ગમે તેવા કડવા શબ્દો, ગમે તેવા અપમાનજનક શબ્દો પણ આપણને અસર ન કરી શકે. મનથી એક વાર નિર્ણય થવો જોઈએ કે જડ શબ્દની કઈ તાકાત કે મને એ અસર કરી જાય! ગમે તેવા શબ્દો સાંભળીશ પણ અસર નહીં થવા દઉં. એકવાર આ નિર્ણય કરી હંમેશા ચિંતન રાખો. જ્યારે - જ્યારે કડવા શબ્દો સાંભળવાનો મોકો આવે ત્યારે-ત્યારે તરત જાગ્રત થઈ જાવ. શબ્દોમાંથી કડવાશનું વિષ વમી નાખો. બંધુઓ! ઝેરી સાપની દાઢ જ કાઢી નાખવામાં આવે કે જેમાં ઝેર છે, પછી એ સાપની કિંમત કેટલી? ઈયળથી વધારે નહીં. ઈયળથી ડરવાનું ન હોય, તેને હાથમાં લઈ બહાર મૂકી દઈએ. બસ એ જ રીતે શબ્દોના વિષને શબ્દોમાંથી કાઢી લઈએ તો તેની શક્તિ કાંઈ જ નહીં. એ આપણને અસર કરી શકે નહીં.

પણ આ કરવામાં આત્મિક શક્તિની જરૂર છે. અહીં સત્તા, સંપત્તિ કે તમારા ઘમંડની શક્તિ ચાલતી નથી. વ્યાવહારિક જગતમાં કોઈ પાસેથી



કામ કઢાવવામાં સત્તા, સંપત્તિ કે ઘમંડ કામ લાગતાં હશે. પણ અહીં તો આત્મામાં પુરુષાર્થની જરૂર પડે છે. તે પણ થોડા–ઘણા પુરુષાર્થથી ન ચાલે. જબરજસ્ત અને નિરંતર જોઈએ એ પુરુષાર્થ. આત્મા અનંત જ્ઞાનવાન છે. અનંત શક્તિ સંપન્ન છે. આ સર્વ જ્ઞાન અને શક્તિ કામે લગાડવી જોઈએ. નિરંતર જાગૃતિનું સેવન જોઈએ.

વિશ્વભૂતિ જાગૃતિ ચૂકી ગયા, ભાન ભૂલ્યા અને તપ સંયમના બદલે શક્તિ માગી લીધી. આ ભવે નહીં તો આવતે ભવે વિશ્વનંદીને મારીને જ જંપીશ. આવી ઉગ્ર વેરભાવનાથી આત્માને કલુષિત કર્યો. ચારિત્ર અને સમ્યક્ત્વ બન્ને હારી ગયા અને ત્યાંથી ચાલતા થયા. ઘણાં વર્ષો સુધી મુનિ-વેષમાં જ રહ્યા. જેમ કરણી કરતા હતા તેમ કરતા રહ્યા પણ અંતરની મલિનતા ધોવાણી નહીં. કરેલા પાપનો પશ્ચાત્તાપ ન થયો. સવળી દૃષ્ટિ જાગી નહીં અને એવા જ વિષમભાવોમાં ભવ પૂરો કર્યો.

બંધુઓ! વિશ્વભૂતિની આ વાત સાંભળી, મનમાં એમ થાય કે એક વિરાધક ભાવ જીવને ક્યાંનો ક્યાં ફેંકી દે છે! જેના આત્મામાં તીર્થંકર થવાની યોગ્યતા પડી છે, પૂર્વભવમાં સમ્યગ્દર્શનના પ્રકાશ સાથે શુદ્ધ ચારિત્ર ધર્મનું પાલન કર્યું છે. આ ભવે પણ ફરી એવી જ આરાધના, એથી પણ ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરી છે. છતાં નિમિત્તાધીન થતાં તપ-સંયમને વેચી દીધાં. આપણે આપણી જાતનો વિચાર કરીએ. જુઓ! એમ તુલના ન કરશો કે આવો મહાન આત્મા પણ ભયંકર ભૂલો કરતો હોય તો આપણાથી તો થાય જ ને! ના, એમ નહીં! આમ વિચારજો, આવો સુપાત્ર જીવ, જેની કેટલી જાગૃતિ! કેટલો વિવેક! કેવી કઠોર સાધના! છતાં નાની એવી ભૂલ તેને ભમાવી દે છે. તો આપણી પાસે તો કોઈ શક્તિ નથી. શક્તિ કેળવી શક્યા નથી અને જો ભૂલ કરીએ તો ક્યાં જઈશું ? તેઓમાં ભૂલ કરવાની શક્તિ હતી તો ભૂલ સુધારવાની પણ શક્તિ હતી. પણ આપણે તો માત્ર ભૂલ કરી જાણીએ છીએ, સુધારવાની ખબર નથી આપણને. તો કેટલું સાવધાન રહેવાની જરૂર છે!

બંધુઓ! પર્યુષણ મહાપર્વમાં આપણે મહાવીરના ભૂતકાળના ભવોને એટલા માટે જ યાદ કરીએ છીએ કે તેમના એ ભવોના ભાવોને સાંભળી આપણે જાગીએ, જાગતા રહીએ. આપણે જે ઘરેડમાં જીવતાં હોઈએ છીએ

તેમાંથી બહાર નીકળી કંઈક પરિવર્તન લાવીએ. આપણા પરમ ઉપકારી પ્રભુ મહાવીર દર વર્ષે આપણને જગાડવા આવે છે. જાગો, જાગોની આલબેલ પોકારે છે. આપણે જાગીએ. પર્વને જ નહીં સમસ્ત જીવનને સફળ બનાવીએ.

વિશ્વભૂતિ મુનિવરને નિદાન કર્યા પછી પશ્ચાત્તાપ જાગ્યો નથી. આલોચના કરી શક્યા નથી. પાપોની કાલિમા સાથે જ છે. આલોચના આત્મશુદ્ધિ માટેનું અનુપમ સાધન છે. પણ એ સહુ જીવોના હાથમાં આવતું નથી. જેના હાથમાં આ સાધન આવે અને તેનો યથાર્થ ઉપયોગ થાય એટલે કે અંતરના ઊંડાણમાં જઈ નિરીક્ષણ-પરીક્ષણ સાથે પાપોને ધોનાર આંસુ વહે તો જરૂર આત્મશુદ્ધિ થઈ શકશે.

તે છતાં ઘણાં વર્ષો સુધી આરાધક ભાવની સાથે-સાથે મન-વચન-કાયાના ત્રિયોગ શુભ - ભાવોમાં રહ્યા છે તેના કારણે પુણ્યબંધ પણ થાય છે. પરિણામે આયુષ્ય પૂર્ણ કરી સત્તરમા ભવે સાતમા મહાશુક્ર નામના દેવલોકમાં મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થાય છે.

કર્મોની એક વિશેષતા રહી છે કે અહીં પુણ્યથી પાપનો કે પાપથી પુણ્યનો છેદ થઈ જતો નથી. પહેલાં પાપ કર્યાં હોય અને તેના પર પુણ્ય કરી લઈએ તો કરેલાં પાપ ધોવાઈ જાય અને માત્ર પુણ્ય જ ભોગવવાના રહે અથવા પહેલાં પુણ્ય કર્યા પછી ઘણાં પાપ થાય તો પુણ્યનો નાશ થઈ જાય અને માત્ર પાપ ભોગવવાનાં રહે, આમ બનતું નથી. પુણ્યના ઉદયે પુણ્ય અને પાપના ઉદયે પાપ ભોગવવાં જ પડે છે. પુણ્ય તથા પાપ બંને પ્રકારનાં કર્મો આત્મામાં સત્તારૂપે સાથે જ પડ્યાં હોય છે.

વિશ્વભૂતિનો આત્મા અત્યારે તો પહેલાં કરેલાં પુણ્યને ભોગવવા દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો છે. ત્યાં ખૂબ સુખ ભોગવશે. પણ પાપકર્મો ભોગવવાના છે એ ભોગવ્યે જ છૂટકો છે, એ ભોગવશે જ.

તો હવે સત્તરમો ભવ પૂરો કરી ક્યાં જશે? ત્યાં તેમના જીવનના અવનવા રંગો શું હશે તે અવસરે –

ડ



# આરાધનાનું અમૃત

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જો નિરન્તર થાય તો બહુ જ અલ્પ ભવોમાં જીવ નિર્વાણપ્રાપ્તિ કરી લે છે. ભાવોનું સાતત્ય અનંત-અનંત કર્મોની નિર્જરા કરી નાખે છે. પણ જો આરાધના કરતાં-કરતાં વચમાં વિઘ્નો આવે, આરાધનાનો તાર તૂટી જાય તો ભવ-ભ્રમણ વધી જાય છે. તેથી જ જ્યારથી આરાધનાના ભાવ આત્મામાં જાગે અને જીવ પુરુષાર્થે ચડી જાય તે પછી તે ભાવો સતત જળવાઈ રહે તે માટે પૂર્ણ જાગૃતિ સાથે પ્રયાસ હોવો ઘટે.

અહીં આપણે ભગવાન મહાવીરના પાછલા ભવોનો ઈતિહાસ જોઈ રહ્યા છીએ, પહેલા-ત્રીજા અને સોળમા ભવે આત્મા જાગ્રત થયો છે. આરાધનાના ભાવો આવ્યા છે અને જ્ઞાન-ચારિત્ર અને તપ ચારેય બોલની ઉત્કૃષ્ટ આરાધના કરી છે. અંતરની વૃત્તિઓ સમૂળગી નાશ નથી પામી પણ વૃત્તિઓ શિથિલ તો થઈ ગઈ છે. શુદ્ધ ભાવોની આરાધના એવી ઉત્કૃષ્ટ છે કે તેની સાથે યોગોની શુભ પ્રવૃત્તિ પુણ્યબંધ પણ કરાવે છે. ક્રમશઃ ઊંચા-ઊંચા દેવલોકને પ્રાપ્ત કરે છે. પણ મહત્ત્વ પુણ્યબંધનું નથી. આરાધનાના ઉત્કૃષ્ટ ભાવો હોવા પછી પણ વિરાધક ભાવનો પ્રબળ ઉદય આરાધનાથી દૂર દૂર ફગાવી દે છે અને ઊંચે ચડેલો આત્મા પણ નીચે પટકાઈ પડે છે.

પ્રભુ મહાવીરનો આત્મા સત્તરમા ભવે દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી અઢારમા ભવે જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પોતનપુર નગરના પ્રજાપતિ રાજાની મૃગાવતી રાણીની કુક્ષિથી ત્રિ-પૃષ્ઠ વાસુદેવ તરીકે જન્મ્યો. બાહ્ય દૃષ્ટિએ વિચારતાં ભૌતિક સુખ-સુવિધાથી ભરપૂર રાજઘરાણામાં જન્મ થયો. જેને સ્થૂલ વિચારે તો પુણ્યનું ફળ કહીએ પણ ભૌતિક સમૃદ્ધિ મળ્યા પછી પણ જીવન કેવું વ્યતીત થાય છે તેના પર સૌભાગ્ય કે દુર્ભાગ્યનો આધાર છે.

અહીં, પૂર્વે કરેલ નિદાનના કારણે વાસુદેવ રૂપે જન્મ્યા છે. પૂર્વે તપ-સંયમના બદલામાં અમાપ શારીરિક શક્તિ, સત્તા માગી લીધી હતી અને તે

મળી. જ્યારે આ રીતે માગ્યું મળે ત્યારે વિચાર આવે કે આપણે પણ જોઈતું કંઈક માંગી લઈએ પણ કર્યા વિના કશું જ મળતું નથી. બહુ મોટા પુણ્યો બાંધ્યાં હોય ત્યારે તેના બદલામાં આવી શક્તિ-સંપત્તિ મળે. નિયમ છે કે Pay the Price. કિંમત ચૂકવો ને વસ્તુ તમારી છે. સત્તા ને સંપત્તિ મળી તો ખરી. ભૌતિક દૃષ્ટિએ બહુ મીઠી લાગે પણ આધ્યાત્મિક દૃષ્ટિએ અધ:પતનનું કારણ છે. વિશ્વભૂતિ નિદાન કરીને પોતાનું જ પતન નોતરી બેઠા. હાથે કરી પગ પર કુહાડો માર્યો. શાસ્ત્રો કહે છે, વાસુદેવ નિદાન કરીને જ આવ્યા હોય. પરિણામે તેની દુર્ગતિ પણ નિશ્ચિત હોય. તે મરીને નિશ્ચય નરકે જ જાય. એક તો નિયાણું કરતી વખતે અનંતાનુબંધી કષાયનો તીવ્ર ઉદય હોય તેથી અનેક ભયંકર કર્મો ત્યારે જ ઉપાર્જન કરી લીધાં હોય અને બીજું વાસુદેવના જીવનમાં પણ અનેક પાપો કરે જેથી નરકના આયુષ્યનો બંધ પડે જ પડે.

વળી વાસુદેવ હંમેશાં પ્રતિવાસુદેવના વેરી જ હોય. તેને મારીને જ વાસુદેવ રાજા બને. ઈતિહાસ કહે છે કે લક્ષ્મણ વાસુદેવ હતા ને રાવણ પ્રતિવાસુદેવ. કૃષ્ણ વાસુદેવ હતા અને જરાસંધ પ્રતિવાસુદેવ. જેને આપણે વેરીના રૂપમાં જોયા છે. અહીં ત્રિ-પૃષ્ઠ વાસુદેવના વિરોધી અશ્વગ્રીવ પ્રતિવાસુદેવ હતા અને વાસુદેવના પિતા તેના તાબાના નાના રાજા હતા.

અશ્વગ્રીવ રાજાએ એકવાર તેમના જ્યોતિષીને બોલાવી પોતાના મૃત્યુનું નિમિત્ત પૂછ્યું. જન્મ લેનાર પ્રત્યેક વ્યક્તિ જાણે છે કે તેનું મૃત્યુ નિશ્ચિત જ છે છતાં કેટલાક મૃત્યુને ટાળવાનો પ્રયાસ કરતા જ હોય છે. માણસની જીજીવિષા કેટલી છે તે આ ઉપરથી સમજાય છે.

એક રાજાને ત્યાં ઘણા વર્ષે પુત્રજન્મ થયો. સારાં-સારાં નૈમિત્તિકો પાસે તેનું ભવિષ્ય જોવડાવ્યું. બધાનો એક જ મત થયો કે કુમારનું આયુષ્ય બહુ ઓછું છે અને તે બિલાડીના નિમિત્તે મૃત્યુ પામશે. બસ, રાજાએ હુકમ આપી દીધો કે રાજ્યભરમાં જેટલી બિલાડીઓ હોય તે બધીને મારી નાંખો. એક પણ બિલાડી જીવતી ન રહેવી જોઈએ. બંધુઓ! આ તો રાજાનો હુકમ! સેંકડો બિલાડીઓને મારી નાંખવામાં આવી. જ્યાં ક્યાંય એકે બિલાડીનું બચ્ચું પણ દેખાય કે તરત ઠાર. આખાયે રાજ્યમાં ક્યાંય એક બિલાડી રહેવા ન પામી. વિચારો! માનવ એક જીવને બચાવવા કેટલી ક્રૂરતા કરી શકે છે! બીજાનો જીવ છે, પીડા છે, સંવેદના છે, જીજીવિષા છે તેનો વિચાર એ



કરતો નથી. બધી જ બિલાડીઓ મરી ગઈ. હવે રાજા નિશ્ચિંત - જ્યોતિષના જોશને ખોટો પાડી દીધો. નિમિત્ત જ ન રહ્યું તો હવે કુંવર મરશે જ નહીં! બંધુઓ! કુંવર દોઢ વર્ષનો થયો હતો ને રાજાને સમાચાર મળ્યા કે કુંવરનું મૃત્યુ થઈ ગયું. કેમ થયું ? શું થયું? કુંવર મરે જ નહીં! તપાસ કરતાં ખબર પડી કે કુમાર રાજમહેલના એક ઓરડાના દરવાજા પાસે રમતો હતો. જૂના જમાનામાં એ દરવાજા પર પિત્તળનો બહુ જ મોટો વજનદાર આગળિયો હતો. કોઈ કારણે એ કુમારના માથા પર પડ્યો ને કુંવર મરી ગયો. પણ આમાં બિલાડી ક્યાં આવી? ફરી તપાસ કરી તો એ પિત્તળના આગળિયા પર બિલાડીનું મુખ કોતરેલું હતું અને એ જ ભાગ કુંવરને વાગ્યો હતો.

બંધુઓ! જીવિત રહેવાના હજારો ઉપાય કર્યા પછી પણ મરવું જ પડે. જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત જ છે. જો સદા માટે જીવવું હોય તો સર્વ કર્મોનો ક્ષય કરી સિદ્ધ થઈ જવું જોઈએ કે પછી કદી મરવું જ ન પડે.

**મરના મરના ક્યા કરે? મરી ન જાણે કોઈ**
**મરના ઐસા કિજીએ, ફિર ન મરના હોય.**

પ્રતિવાસુદેવ રાજા અશ્વગ્રીવે પણ જ્યોતિષાચાર્યોને પોતાના મૃત્યુનું નિમિત્ત પૂછ્યું. જ્યોતિષીઓએ તેની જન્મકુંડળી જોઈ, ગ્રહોની ગણતરી કરી બતાવ્યું કે રાજા! તમને મારનાર આ પૃથ્વી પર પેદા થઈ ચૂક્યો છે. પણ ખબર કેમ પડે? રાજન્! તમારા ચંડાવેગ નામના દૂતનો જે પરાભવ કરશે તથા ખૂંખાર સિંહને શસ્ત્ર વિના માત્ર બાહુબળથી જે મારી નાખશે તે વ્યક્તિના હાથે તમારું મૃત્યુ થશે.

બસ! રાજા તો એ વ્યક્તિની શોધ કરવા માંડી પડ્યો. ચંડાવેગને, પોતાની અન્ડરમાં રહેલ રાજાઓને ત્યાં મોકલ્યો. દૂત જ્યાં જાય છે ત્યાં તેને માન-પાન મળે છે. રાજ્યનો એક નિયમ હોય છે કે દૂત હંમેશાં અવધ્ય હોય, ચાહે યુદ્ધ ચાલતું હોય, શત્રુ રાજાનો દૂત કાંઈ સંદેશો લઈને આવે તેને કાંઈ કરી શકાય નહીં. તેનું અપમાન થાય નહીં. તેથી ચંડાવેગ જ્યાં-જ્યાં જાય છે ત્યાં-ત્યાં માન-પાન પામે છે. એ પોતનપુર આવ્યો. વાસુદેવના પિતાએ તો તેનો ખૂબ સત્કાર કર્યો. ચંડાવેગ પાછો ફર્યો. રસ્તે ત્રિ-પૃષ્ઠ વાસુદેવ જે યુવાન વયમાં છે. તે મળ્યો. તેને કંઈક નિમિત્ત મળી ગયું અને દૂતનું ભયંકર અપમાન કરી ધુતકારીને કાઢી મૂક્યો. અપમાનિત થયેલો દૂત રોતો-કકળતો અશ્વગ્રીવ પાસે આવ્યો અને બધી વાત કહી બતાવી. રાજા

સમજી ગયા કે આ જ મારો શત્રુ.

જ્યોતિષની કહેલી એક વાત તો સત્ય થઈ. હવે બીજી વાતની પરીક્ષા પણ કરવી રહી. તેનું રાજ્ય વિશાળ હતું. તેના તાબાના નાના-નાના રાજાઓ પોત-પોતાનાં રાજ્યને સંભાળતા હતા. તેમાં થોડા દિવસથી જંગલનો એક સિંહ ગામમાં આવતો અને પ્રજાના પશુઓને મારી નાખતો. ઘણા પ્રયત્ન પછી પણ પ્રજાજન પોતાના પશુઓને બચાવી શકતા નથી. તેથી ત્રાહિમામ્ પોકારતા રાજા અશ્વગ્રીવ પાસે ફરીયાદ લઈને ગયા. રાજાએ સહુને પોત-પોતાના ક્ષેત્રની રક્ષા કરવાનો હુકમ આપી દીધો. પોતે કંઈ વ્યવસ્થા કરી નહીં. કારણ એ જાણવા માગતા હતા કે સિંહને પોતાના હાથ વડે કોણ પરાસ્ત કરે છે!

ત્રિ-પૃષ્ઠ પોતાના રાજ્યના સીમાપ્રદેશનું રક્ષણ કરવા રથ લઈને જાય છે. અને તે દિવસે એ સીમામાં જ સિંહ પ્રવેશ્યો. ડાલામથ્થો સિંહ છે. ખુમારીથી ચાલ્યો આવે છે. નિર્ભયતાથી ડગ ભરી રહ્યો છે. જેવો રથ અને રથ સાથે માણસો જોયા કે જોરથી ગર્જના કરે છે. ત્રિ-પૃષ્ઠ સામે પડકાર ફેંકે છે. ત્રિ-પૃષ્ઠ રથમાંથી નીચે કૂદી પડે છે. તેના હાથમાં હથિયાર છે. હથિયાર લઈ સિંહ સામે ત્રાટકે છે પણ બીજી જ ક્ષણે હથિયાર ફેંકી દે છે. સિંહ પાસે હશિયાર નથી તો મારે પણ ન રખાય. સિંહ જેવો ત્રિ-પૃષ્ઠ પર આવવા જાય છે ત્યાં જ દોડીને ત્રિ-પૃષ્ઠ પોતાના બન્ને હાથ સિંહના મુખમાં નાખી દે છે અને એક કાપડનો વેપારી કપડું ચીરે તેમ સિંહને આખો ને આખો ચીરી નાખે છે. પોતાની પ્રચંડ શક્તિના દર્શન કરાવે છે. તપ અને સંયમના બદલામાં માગેલી શક્તિ અહીં પ્રદર્શિત થાય છે. પૂર્વે કરેલ નિયાણું સફળ થયું. વેરનો બદલો લઈ લીધો. વિશ્વનંદીનો આત્મા સિંહરૂપે હતો તેને ચીરીને નિદાનને સાર્થક કરે છે.

સિંહ તરફડી રહ્યો છે. મરણની વેદના કરતાં પણ એક ઊગતા યુવાનના હાથે મરવું પડ્યું તેની મનોવેદના વધારે છે. હું જંગલનો રાજા અને મારી આ દશા? આવો અહં સિંહની અંદર પણ પડ્યો છે. ત્યારે ત્રિપૃષ્ઠના રથનો સારથી સિંહ પાસે જઈ તેના કાનમાં નવકાર મંત્ર સંભળાવે છે અને કહે છે, 'હે વનરાજ! તને મારનાર કોઈ જેવો તેવો યુવાન નથી, પણ કાલે જે ત્રણ ખંડનો અધિપતિ થવાનો છે તે ત્રિ-પૃષ્ઠ વાસુદેવ છે.' સિંહ તરફડીને મૃત્યુ પામે છે. વેર સમાપ્ત થાય છે. નવકાર મંત્ર સંભળાવનાર સારથિ તે ગૌતમનો



આત્મા હતો. મહાવીરનો આત્મા વાસુદેવ અને ગૌતમનો આત્મા તેમના રથનો સારથિ. બન્ને સાથે જ છે. ભવોભવ સુધી સાથે રહે છે.

ત્રિ-પૃષ્ઠે પોતાના હાથથી સિંહને વિદારી નાખ્યો. આ સમાચાર પ્રતિવાસુદેવ રાજા અશ્વગ્રીવને મળ્યા. નૈમિત્તિકની કહેલી બન્ને વાતો સાચી ઠરી તેથી અશ્વગ્રીવ સમજી ગયો કે આ જ મારો કાળ છે. મારા માર્ગનો કાંટો છે. તેને ક્યારે ઉખાડી નાખું ને હું સલામત થઈ જાઉં. કોઈક નિમિત્ત ઊભું કરી તે યુદ્ધ માટે ચડાઈ કરીને આવ્યો. ભીષણ યુદ્ધ ખેલાયું. જેમાં ત્રિ-પૃષ્ઠ જીત્યા અને રાજ્ય તેના હાથમાં આવ્યું. તેઓ ત્રણ ખંડના અધિપતિ બન્યા. રાજ્યનું સંચાલન કરતાં-કરતાં અનેક સારાં કામો પણ કર્યાં અને અનેક પાપો પણ કર્યાં.

એકવાર અગિયારમા તીર્થંકર શ્રેયાંસનાથ ભગવાન પોતનપુર નગરીમાં પધાર્યા.વાસુદેવને મળ્યા. તેઓ દર્શન કરવા ગયા. તીર્થંકરના મુખેથી વાણી શ્રવણ કરી અને સૂતેલા સંસ્કારો જાગ્રત થઈ ગયા. ત્રિ-પૃષ્ઠે શ્રેયાંસનાથ પ્રભુની વાણી સાંભળી ફરી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું.

ક્યાં કેવી રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. જરા વિચારીએ. વાસુદેવના જીવનમાં ક્રૂરતા-વેર-ઝેર-કષાયોના ભાવો જ વધુ આપણે જોયા. સિંહને હાથેથી ચીરી નાખનાર અને પ્રતિવાસુદેવ પ્રતિ આટલો દ્વેષ સેવનાર આત્મા કેટલો મલિન હશે? તેને સમ્યક્ત્વ થાય શી રીતે? પણ આત્માના ભાવોમાં આરોહ-અવરોહ તો થાય જ કરે છે. એકવાર સારા ભાવો આવ્યા હોય તો બીજી વાર હલકા ભાવ ન આવે એવું બનતું નથી. એ જ રીતે ઘણા ક્રૂર ભાવો સેવ્યા પછી આરાધક ભાવો ન જાગે એવું પણ બનતું નથી. ઉદય-નિમિત્ત બે કામ કરે છે અને સારા-નરસા ભાવોની ધૂપછાંવ ચાલ્યા કરે છે.

આ આત્માએ એક વાર નહીં પણ એકથી વધુ વાર સમકિતનો સ્વાદ ચાખ્યો છે જે તેની દાઢમાં રહી ગયો છે. આધ્યાત્મિક રસનો આસ્વાદ એવો હોય છે કે એકવાર અનુભવ્યા પછી એ ભૂલાતો નથી. વારંવાર તેને માણવાના ભાવ થયા કરે છે. અરે! બંધુઓ! રસેન્દ્રિયમાં આસક્ત જીવોને પૂછો કે એકવાર કોઈ હોટેલમાં કે કોઈનાં ઘરે કોઈ સ્વાદિષ્ટ પદાર્થ ખાધો હોય તો તેને વર્ષો સુધી યાદ રાખે છે. અને ફરી ત્યાં જઈને એ પદાર્થ ખાવાની ઈચ્છા થયા જ કરે છે. રસાસ્વાદ કર્મબંધનનું કારણ છે. તેમાં જીવને કેટલી પ્રીતિ, કેટલી આસક્તિ હોય છે પણ હું તમને પૂછું છું કે ક્યારેક

આત્મ-અનુભવનો રસ ચાખ્યો છે? એકવાર તો ચાખી લ્યો! ઈન્દ્રિયોના વિષયમાં એટલા બધા લુબ્ધ થઈ ગયા છો કે તેમાંથી બહાર નીકળવાનું મન નથી થતું. પણ ઈન્દ્રિયોના વિષયોનો આનંદ તો ક્ષણિક છે. જ્યારે આત્માનંદ એકવાર માણી લેશો તો એ ભવ-ભવની ભાવટ ભાંગી નાખશે. માટે બંધુઓ! પુરુષાર્થ કરો. અંતરના ઊંડાણમાંથી આધ્યાત્મિકતાના આનંદને માણવાના ભાવ જગાવો.

ત્રિ-પૃષ્ઠ વાસુદેવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. જીવનમાં રહેલી ક્રુરતા-દ્વેષ-વેર-ઝેર સર્વ શાંત થવા માંડ્યા. જીવનનો રાહ જાણે બદલાઈ ગયો. રાજ્ય સંભાળે છે પણ ઉદાસીન ભાવે. આમ, આખું જીવન પલટાઈ ગયું. બધું બદલાયું પણ એક કર્ણેન્દ્રિયના વિષયની આસક્તિ ન ગઈ, અને તે જ તેનાં પતનનું નિમિત્ત બની ગયું. તમે પૂછશો બંધુઓ! કે કેટલી વાર પડવાનું? દરેક જન્મમાં ચડવું અને પડવું આમ જ થવાનું ? જો ચડીચડીને પડવું હોય તો પછી ચડવું શા માટે? તમારો પ્રશ્ન બરાબર છે. પણ વારંવાર પડ્યા વિના કોઈ ચડી શક્યું નથી. અરે! આપણે બાળક હતાં, ચાલતાં શીખ્યાં, કેટલી વાર પડ્યાં હોઈશું? પૂછજો કોઈ માવડીને કે તારો બાળક ચાલતાં શીખ્યો તો કેટલી વાર પડ્યો! ગણતરી નહીં હોય તેની પાસે! બસ એમ જ છે જીવનું અને જીવનનું. એ અનેક વાર ચડે, પડે, ફરી ચડે ને પછી જ તેનામાં સ્થિરતા આવે. મોટા માણસો પણ પોતાની કે પારકી સીડી ઉપરથી પડે છે. હાડકાં ભાંગે, ફ્રેક્ચર સારું કરવા છ મહિના પ્લાસ્ટરમાં ને પથારીમાં રહે ને જેવો સાજો થાય કે તરત જ સીડી ચડે છે. સાધનાના ક્ષેત્રે પણ પડવા અને ચડવાનો ક્રમ રહે જ છે. પડ્યા વિના કોઈ ચડી શકતું નથી.

વાસુદેવને સંગીત અતિપ્રિય છે. એક આદત પડી છે કે રાત્રે શયનગૃહમાં સૂવા જાય તો મધુર ગીતો સાંભળ્યા વગર ઊંઘ ન આવે. સાજ સાથે સંગીત વાગતું હોય, રાજા સૂઈ જાય પછી જ સંગીત બંધ થાય. એકવાર એવું બન્યું વાસુદેવ સુંવાળી સેજમાં પોઢ્યા છે. અતિ કર્ણપ્રિય મધુર સંગીત ચાલી રહ્યું છે. રાજાને ઊંઘ આવવા માંડી અને તેમણે શૈય્યાપાલકને આજ્ઞા કરી કે મને ઊંઘ આવે છે. હું ઊંઘી જાઉં એટલે આ સંગીત બંધ કરાવી દેજે. જી મહારાજ! કહી શૈય્યાપાલકે હુકમ માથે ચડાવ્યો. સમજો છો ને! શૈય્યાપાલક! તમારા શબ્દોમાં Body Guard. રાજાને ઊંઘ આવી ગઈ. સંગીતના સૂરો અતિ મધુર છે.



શૈય્યાપાલક પણ આંખો બંધ કરી સાંભળવામાં લીન થઈ ગયો છે. તેને ભાન ન રહ્યું કે રાજા તો ઊંઘી ગયા છે અને સંગીત ચાલુ છે. ઘણો સમય વ્યતીત થઈ ગયો. સંગીતજ્ઞો હુકમની રાહ જુએ છે પણ શૈય્યાપાલક તરફથી હુકમ ન મળે ત્યાં સુધી બંધ ન થાય. અને રાજાની ઊંઘ ઉડી ગઈ. આંખો ખૂલતાં દૃષ્ટિ ચારે બાજુ કરી તો અર્ધીરાત વીતી ગઈ છે. જોઈને વાસુદેવને ભયંકર ક્રોધ આવ્યો. મારા હુકમનો અનાદર! ક્રોધથી બરાડી ઊઠ્યા, સત્તા સાથે અહં ભળેલો છે. અહંકાર જ્યારે અંદરમાં જાગે અને સાથે ક્રોધાગ્નિ ભળે પછી તમારો tone કેવો હોય છે? તપાસજો. ક્યારેક તમે જ તમારા અવાજને સાંભળશો તો અપરિચિત લાગશે. બિલકુલ બદલાઈ જાય. વાસુદેવનો સત્તાનો મદ જાગ્રત થયો. એક નાચીજ નોકરને સંગીતનો શોખ? પોતાને સાંભળવા માટે મારા હુકમનો અનાદર કર્યો! આ કેમ ચાલે!

બંધુઓ! સર્વ શોખ રાખવાનો અધિકાર તમારો જ! ધનવાનોનો. ગરીબ માણસને કંઈ શોખ પણ ન રખાય ખરું? શું માનો છો તમે? તમે જ માણસ છો અને એ નોકર છે, માટે પશુ છે! સંસારનાં સર્વ સુખોનો અધિકાર તમને જ, બીજાને નહીં? કેવી છે mentality તમારી? બસ, આમ જ ચાલતું આવ્યું છે અને આવી માન્યતાએ કંઈ કેટલાયે અનર્થો સર્જ્યા છે!

વાસુદેવના અંતરમાં આવા જ અહંનો ઉદય થયો. ક્રોધાગ્નિથી લાલચોળ થઈ ગયો. એ જ ઘડીએ શૈય્યાપાલકને શિક્ષા દેવા માટે ભાન ભૂલીને દાસને હુકમ કર્યો. 'જાવ, સીસાને ગરમ કરીને લાવો!' આ રાજા, તેનો ગમે તેવો હુકમ હોય તે માન્યે જ છૂટકો. નહીં તો પ્રાણ ભયમાં! સીસું ગરમ થઈને આવ્યું. રાજા ક્રોધથી કંપી રહ્યા છે. શૈય્યાપાલક ભયથી ધ્રૂજી રહ્યો છે અને રાજાએ વગર વિચાર્યે કુકૃત્ય કરી નાખ્યું. શૈય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડ્યું! 'લે સાંભળ! કર્ણના વિષયનો શોખ છે ને સાંભળ!' અને ત્રાહિમામ્ પોકારતો અસહ્ય પીડાને વેદતો, શૈય્યાપાલક નોકર છે, કશું કરી શક્તો નથી પણ અંતરમાં ભયંકર દ્વેષના ભાવોને સેવતો ત્યાં જ મરણ પામ્યો!

બંધુઓ! મહાવીરના આત્માએ સેવેલા દ્વેષે સમ્યક્ત્વનું વમન તો કરાવ્યું, નરકના આયુષ્યનો બંધ કરાવ્યો અને શૈય્યાપાલકના આત્મા સાથે વેરના નિકાચિત કર્મો બંધાવ્યાં. ત્રણ જાતના નુકસાન થયાં.

પૂછો આપણા આત્માને! જાગે છે આવો અહંકાર ક્યારેય? આવે છે આવો ક્રોધ ક્યારેય? એક વખત નહીં, અનેક વખત! આપણા સમ્યગ્દર્શનના ઠેકાણાં નથી. એક વાર પણ આ જીવને આવો આરાધક ભાવ સ્પર્શ્યો છે કે નહીં તે જાણતા નથી. પણ ક્રોધ અને અહંકારથી તો ઉન્મત્ત જ રહીએ છીએ. તેમાંય જો આવો નોકર હાથમાં આવી જાય તો તેનું બિચારાનું તો આવી જ બન્યું. ન કહેવાય તેવા શબ્દો તેને કહો. એ તમારી સત્તાથી દબાઈને બોલી ન શકે તેનો ગર્વ કરો. જોયું? એક શબ્દ પણ ન બોલી શક્યો. સાંભળી લીધું ચૂપચાપ. મારા પ્યારા બંધુઓ! એમ ન સમજશો કે કંઈ બોલી શક્યો નથી માટે તેના અંતરમાં પણ તમારા પ્રતિ કંઈ નથી થયું! એવા ઉગ્ર દ્વેષના ભાવો એને જાગે કે તમારી સાથે મહાભયંકર વૈરાનુબંધ થઈ જાય. પછી તમે ગમે તેવા શ્રીમંત કે સત્તાધીશ કેમ ન હો. પણ તમને એ મૂકે નહીં. આ ભવમાં તમે શેઠ થયા છો અને એ તમારો નોકર છે. તેથી કંઈ થઈ શક્તું નથી તેનાથી. પણ ભવિષ્યના ભવમાં એનામાં એવી તાકાત આવે કે એક નહીં અનેક ભવ સુધી એ વેરનાં કડવાં ફળ તમને ચખાડ્યા કરે. માટે જ સત્તા અને શ્રીમંતાઈના મદમાં આવી, આવો ભયંકર દ્વેષ કરતાં ખ્યાલ રાખજો. કોઈ જીવ સાથે વેરાનુબંધ ન થાય તે માટે સાવધાન રહેજો.

ત્રિ-પૃષ્ઠ વાસુદેવ, આવા જ ભાવમાં આયુષ્ય પૂરું કરી મરીને સાતમી નરકે ગયા. મિથ્યાત્વદશા સાથે છે. તેથી ત્યાંના ભયંકર દુ:ખોમાં સમતા રહેતી નથી. ત્યાં પણ એટલાં જ પાપકર્મ ઉપાર્જે છે. એ તેમનો ઓગણીસમો ભવ. વીસમા ભવમાં જંગલના સિંહ થયા. આખુંયે જીવન ક્રૂરતાના ભાવોની હલકી પરિણતિમાં પસાર કરી ફરી એકવીસમા ભવમાં ચોથી નરકે ગયા.

બંધુઓ! વિચારો જેનામાં મહાવીરત્વ પડ્યું છે, મોક્ષના મંડાણ આત્મામાં થઈ ચૂક્યાં છે, સમકિત અને ચારિત્રનું પાલન, જ્ઞાનાદિની આરાધના ઉત્કૃષ્ટ ભાવે છે, એવા આત્માને પણ ઈન્દ્રિયોની આસક્તિ અને સત્તાનો મદ ક્યાં સુધી નીચે પતનની ખાઈમાં પટકી દે છે? સાતમી નરકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય સુધી ભયંકર દુ:ખો સહન કર્યાં તો પણ કરેલાં પાપોમાંથી છૂટકારો ન મળ્યો, એટલે પશુની યોનિમાં જવું પડ્યું અને તે પણ ક્રૂર એવો સિંહનો જન્મ. ત્યાં પણ અનેક પાપો ભોગવ્યાં છતાં હજુ કેટલાં પાપો બાકી રહ્યાં છે કે ફરી ચોથી નરકમાં જવું પડ્યું. આ જીવ થોડી ભૂલે કેટકેટલાં પાપોના થોક ઉપાર્જન કરી લે છે ? માટે જ કહેવાય છે કે જીવ એક



જન્મમાં એટલાં પાપ બાંધે છે કે જે અનેક જન્મો સુધી ભોગવતાં પણ ન ખૂટે. એટલું જ નહીં પણ પાપના ઉદયો પાપ બંધાવ્યા જ કરે. આમ પાપની કડી પાછી જોડાતી જાય. તેનો અંત ન આવે.

હા, જો જીવ સમ્યગ્દર્શન સાથે લઈને નરકમાં ગયો હોય તો ત્યાં દુ:ખો ભોગવતાં પણ સમતા રહે તો નવાં પાપ ઓછાં બંધાય. પણ સમ્યક્ત્વદશા ન હોય તો વિષમતાના યોગે પાપોનો બંધ ખૂબ થાય. તમને અહીં પ્રશ્ન થશે કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરેલો જીવ પણ નરકમાં જાય? હા જાય. પહેલાં નરકના આયુષ્યનો બંધ થઈ ગયો હોય અને પછી સમ્યગ્દર્શન થાય તો તેને નરકમાં જવું જ પડે. વળી આયુષ્યનો બંધ એવો છે કે તે ટાળ્યો ટળતો નથી. એકવાર બંધ પડ્યો એટલે જવું જ પડે. પણ સમ્યગ્દર્શન સહિત આત્મા નરકમાં જાય તો ત્યાં ભોગવવાં પડતાં દુ:ખ તેનામાં વિષમતા ન આવવા દે. તેથી કર્મબંધ ઓછાં થાય.

અહીં મહાવીરનો આત્મા સમ્યગ્દર્શનથી પતિત થઈ મિથ્યાત્વ ભાવોથી ઘેરાઈ ગયો છે અને નરકમાં ગયો તેથી ત્યાં તેની પાપની પરંપરા વધી ગઈ. એક સિંહનો ભવ અને વળી બીજો નરકનો ભવ કર્યો તો પણ પાપ પૂરાં પૂરાં ભોગવાઈ ન રહ્યાં તેથી એકવીસમો ભવ ચોથી નરકનો પૂર્ણ કરી તિર્યંચ ગતિમાં ચાલ્યો ગયો. નાનાં-મોટાં અનેક પશુ-પંખી-જીવ-જંતુના ભવો કર્યા. આ પરિભ્રમણના કાળની કોઈ સીમા નથી. અસંખ્ય કાળ ગયો. અરે! ગ્રન્થકારો કહે છે કે આ ભવો દરમ્યાન એક ભરવાડના ધાબળામાં સાડા સત્તર ભવ જૂ પણે કર્યા! કેટલો ક્ષુદ્ર ભવ! કરી શકો છો કલ્પના! જે એક-બે વાર ન નહીં ચાર-ચાર વાર સમ્યગ્દર્શન પામ્યા, બે ભવોમાં ચારિત્રનું પાલન કરી ચૂક્યા, અનેક માસખમણ અને નાની-મોટી તપશ્ચર્યા કરી. ઉગ્ર પરિષહ અને ઉપસર્ગો સહ્યા, તે જીવ આવા ભવો કરે? કદી માથામાં પડેલ જૂને હાથમાં લઈ વિચાર કર્યો છે કે આ શરીરમાં રહેલ આત્મા થોડા કાળ પછી મોક્ષે જઈ શકે છે! આપણે સંસારમાં ભટકતા રહીશું અને આ જીવ મોક્ષનો મોતી બની જશે. ત્રિલોકનો પૂજ્ય બની જશે? કેવી અકળ ગતિ છે કર્મની! કેવા કર્મો જીવને ક્યાં-ક્યાં લઈ જાય છે? અપ્રતિમ સામર્થ્ય ધરાવનાર આત્મા આજે ક્યાં હોય અને કાલે ક્યાં ફેંકાઈ જાય?

આપણા નાથ, શાસનપતિ પ્રભુ વીરનો આત્મા કંઈ કેટલાયે કાળ સુધી આવા ભવોમાં ફરે છે. અનંત-અનંત પાપકર્મો ભોગવે છે. વિવિધ

પ્રકારના દુ:ખો વેઠે છે, એને સહેતાં-સહેતાં ઊંચો ચડે છે, તિર્યંચ ગતિમાં કરેલ આ ભવોને તો ગ્રંથકારોએ ગણતરીમાં પણ લીધા નથી. આવા ક્ષુદ્ર ભવો પૂર્ણ કર્યા પછી બાવીશમા ભવે રથપુર નગરના પ્રિયમિત્ર રાજાને ત્યાં વિમલા રાણીના કુક્ષિએ વિમલકુમાર નામે. પુત્રરૂપે જન્મ્યો. પાપકર્મો પાતળા પડી ગયાં છે. પુણ્યનો ઉદય થયો છે. તેથી જ સુયોગ્ય-સુસંસ્કારી, કુળવાન માતા-પિતાને ત્યાં જન્મ થયો.

અત્યાર સુધી મહાવીરના આત્માની અંતરંગ દશા આરોહ-અવરોહના ભાવવાળી હતી. શાસ્ત્રમાં બે પ્રકારના જીવો બતાવ્યા છે. અમુક જીવો 'ક્ષપિત કર્માંશ' વાળા હોય છે, જ્યારે અમુક જીવો 'ગુણિતકર્માંશ' વાળા હોય છે.

ગમે તે જીવયોનિમાં ઉત્પન્ન થાય પછી જે આત્માને અન્ય જીવોની અપેક્ષાએ ઓછામાં ઓછું કર્મબંધન થાય અને સહજ રીતે કર્મનિર્જરાનો યોગ વધુ મળે, ભલે પછી એ અકામ નિર્જરા હોય, પણ તેવા આત્માઓને ક્ષપિત કર્માંશ કહ્યાં છે. તેથી ઊલટું જે આત્માઓને અન્યની અપેક્ષાએ કર્મબંધન વધુ અને કર્મનિર્જરા ઓછી થાય તેવા યોગ મળતા હોય તેવા આત્માઓને ગુણિત કર્માંશ કહ્યા છે.

આ બંને પ્રકારના જીવોમાં ક્ષપિતકર્માંશ જીવોનો ગુણસ્થાનની શ્રેણીમાં આરોહ થતાં વાર નથી લાગતી અને એક વાર આરોહ થયા પછી અવરોહ થવાની સંભાવના ઓછી હોય છે. પણ ગુણિતકર્માંશ જીવોને ગુણસ્થાનમાં આરોહ થવો જ મુશ્કેલ, અને કદાચ થઈ જાય તો ત્યાં ટકી રહેવું એનાથી પણ મુશ્કેલ.

ભગવાન મહાવીરના આત્માને નયસારનો ભવ, મરિચિનો ભવ, વિશ્વભૂતિનો ભવ અને ત્રિ-પૃષ્ઠ વાસુદેવનો ભવ. આટલા ભવોમાં ગુણસ્થાનના આરોહ-અવરોહની દશા જ રહી છે. ચડ્યા છે અને પડ્યા છે. ફરી ચડ્યા છે. પણ અઢારમા વાસુદેવના ભવમાં પડ્યા પછી કેટલાક કાળ સુધી પડતી દશા જ રહી, ચડવાના યોગ મળ્યા જ નહીં અને જીવ ભટકતો રહ્યો. ભટકતાં-ભટકતાં અકામ નિર્જરા થતી રહી હવે આરોહ થાય તેવા યોગ પ્રાપ્ત થઈ રહ્યા છે. વિમલ રાજકુમારના ઉદયે આરાધનાની અનુકૂળતા પણ મળવાની છે. હવે પછીના દરેક ભવમાં આરોહની સ્થિતિ વધુ ને વધુ અનુકૂળ પ્રાપ્ત થશે. મહા-ભયંકર, ભમાવનાર, વિભાવ-ભાવો મંદ-મંદતર-મંદતમ



થઈ ગયા છે.

બંધુઓ! વિચારો! તીર્થંકર પદની યોગ્યતાવાળા આત્માને પણ પાપ ભોગવવા અધમ ગતિમાં જવું પડ્યું. અસહ્ય દુ:ખો વેઠ્યાં. તો આપણે કરેલાં પાપોનું શું? કેટલાં કરીએ છીએ? ભૂતકાળના ભવોની તો ખબર નથી પણ વર્તમાન ભવમાં કેટલાં પાપો કર્યાં? છે કોઈ હિસાબ? કર્મનું ગણિત બહુ જ પાકું છે. તેમાં જરા પણ મીન-મેખ થાય નહીં. જેટલા કર્યાં ને જેવા કર્યાં, એટલાં ને એવાં ભોગવવાનાં જ. પાપ કરીને રોજ ભગવાનને પ્રાર્થના કરો, પ્રભુ! મારાં પાપ માફ કરી દે! તો અહીં ભગવાન એવો ભોળો નથી કે તેને વિનવ્યે કે તેના ચરણમાં ફૂલ, ચોખા કે પૈસા ધરી દો અને તે રીઝી જાય? અરે! આપણાં કરેલા પાપને માફ કરવાની શક્તિ ન તો અરિહંતમાં છે કે ન તો સિદ્ધિ ભગવંતમાં! આપણા કરેલા પાપ કાં તો ભોગવવા પડશે અને કાં તો પુરુષાર્થ વડે, તપત્યાગની સાધના વડે ખપાવવાં પડશે. એ સિવાય આરોવારો નથી. અરે! તીર્થંકર સ્વયં પોતાનાં કરેલાં કર્મો ભોગવીને કે ખપાવીને જ છૂટી શકે છે. જો તેઓ પોતે પણ પોતાને માફ કરી શકતા નથી. તો આપણને તો માફ કેમ કરશે?

**જ્યાં ગજ ગોથા ખાય ત્યાં ગાડરડાની શું તાકાત?**

તમારે ત્યાં એવી અંધાધૂંધી ચાલે કે પ્રધાનના સંતાનો વગર ભણ્યે પાસ થઈ જાય અને સાથે-સાથે લાંચરુશ્વત દેવાથી તમારાં બાળકોને પણ પાસ કરી દે. પણ કર્મના દરબારમાં આવું ચાલતું નથી. ત્યાં તો મહાવીર હોય કે મજૂર બધા જ સરખા! બધા જ એક લાકડીએ! મહાવીરના આત્માને પણ ઊંચા ચડવા માટે કેટલાં કર્મો ભોગવવા પડ્યાં? ત્યારે હવે તેમનાં કર્મો ઓછાં થયાં છે અને તેઓને માનવજન્મ મળ્યો.

વિમલકુમારના ભવમાં દૃઢધર્મી, માતા-પિતાના સંસ્કારે, તેમનામાં દયા–કરુણા-પ્રેમ-વાત્સલ્યના ભાવો અંતરમાં સહજ થઈ ગયા. તે ભવમાં પશુઓ પ્રત્યે અનુકંપા લાવી જીવદયા ખૂબ પાળી. પરિણામે શુભકર્મના યોગે મનુષ્યનું આયુષ્ય બાંધ્યું.

બંધુઓ! આ પણ સમજી લેજો કે મનુષ્ય મરીને મનુષ્ય થઈ શકાય છે. એક મનુષ્યનો જન્મ એવો છે કે જ્યાંથી પાંચેય રસ્તા ખુલ્લા છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી આ ચારમાંથી કોઈપણ ગતિમાં જઈ શકાય. અને સાધના થાય તો મોક્ષરૂપ પાંચમી ગતિમાં પણ જઈ શકાય.

વિમલકુમારે મનુષ્યના આયુનો બંધ થયા પછી સંતના સમાગમે ધર્મારાધન કર્યું. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ અને તે પછી ચારિત્ર ગ્રહણ કરી મુનિના વ્રતોનું પાલન કરવાની સાથે, જ્ઞાન, દર્શનની આરાધના નિર્મળ ભાવે કરી. પહેલા મનુષ્યના આયુષ્યનો બંધ થઈ ગયો છે તેથી મહાવીરનો આત્મા આયુષ્ય પૂર્ણ કરી ત્રેવીસમા ભવે પશ્ચિમ મહાવિદેહની મૂકા નગરીના ધનંજય રાજાની ધારિણી રાણીની કુક્ષિથી પુત્રરૂપે જન્મ પામ્યો.

અહીં ચક્રવર્તી થવા જેટલું પુણ્યબળ સાથે લઈને આ આત્મા આવ્યો છે. સાથે માતા-પિતા પણ પુણ્યવાન છે. તેથી જ આવા સુપાત્ર સંતાન તેને ત્યાં આવે, અમાપ રિદ્ધિ-સિદ્ધિ છે. ખૂબ જ લાડ-પ્યારમાં પોષણ પામ્યા અને તેમની યુવાન વય થતાં તેમનાં માતા-પિતા દીક્ષા લઈ ચાલી નાકળ્યાં. પ્રિયમિત્ર રાજ્યના માલિક બન્યા. રાજા થયા પછી ચક્રવર્તિત્વની મહત્વાકાંક્ષાએ, રાજ્યો સાથે યુદ્ધ કરી, વિશાળ સામ્રાજ્યના સ્વામી બનાવ્યા. પોતાનાં બાહુબળ, બુદ્ધિબળ, અને પુણ્યબળથી છ ખંડના અધિપતિ બન્યા. આમ તેઓને ચક્રવર્તી પદ પ્રાપ્ત થયું. પ્રજાનું પાલન પુત્રવત્ કરતાં પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો. એટલું જ નહીં મળેલ ભોગ-વિલાસની સામગ્રીના ભોગવટામાં અંતર ઉદાસીન ભાવોથી ભર્યું છે. ધર્મ, અર્થ અને કામ ત્રણેય પુરુષાર્થને યથાર્થરૂપે જીવનમાં જાળવ્યા. શ્રાવકોચિત દાન-શીલ-તપ-ભાવરૂપ ચતુર્વિધ ધર્મનું પાલન પણ પ્રશસ્ત ભાવે કરી રહ્યા છે. પ્રબળ પુણ્યના ઉદયે રાજ્યરિદ્ધિ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામી રહી છે. છ ખંડના અધિપતિ છે. અપાર વૈભવ તેમના ચરણોમાં આળોટે છે છતાં તેમનું અંતર વૈરાગ્યથી વાસિત છે.

પ્રિય મિત્ર ચક્રવર્તીને અખૂટ ઐશ્વર્યનું સ્વામિત્વ પ્રાપ્ત થયું છે છતાં તેમાં રસ નથી, આનંદ નથી. પરંતુ અંતરમાં નિરંતર એ ભાવના રહે છે કે ક્યારે નિર્ગ્રંથ મુનિનો યોગ મળે ? ક્યારે એમના મુખેથી જિનવાણીનું શ્રવણ કરું? ક્યારે હું પણ પંચ મહાવ્રત રૂપ ચારિત્રને ગ્રહણ કરું? આ ઝંખના રાત-દિવસ તેમના ચિત્તમાં રમ્યા કરે છે. એ યોગ પણ આવી પહોંચ્યો. તેમની જ નગરીમાં પોટ્ટિલાચાર્ય નામના નિર્ગ્રંથ મુનિ પધાર્યા. મુનિની દેશના સાંભળતાં જ ચક્રવર્તીના અંતરમાં રહેલ ભાવો વિકસિત બન્યા અને આચાર્ય પાસે સંયમ ગ્રહણ કર્યો. પૂર્વે પાળેલ ચારિત્ર ભાવના સંસ્કારોએ જ આ કામ કર્યું. ચક્રવર્તીની રિદ્ધિ મળ્યા પછી પણ તેમાં ન લેપાવાનું કારણ એ જ કે પૂર્વના ચારિત્ર સંસ્કારો દૃઢ હતાં.



બંધુઓ પ્રિયમિત્રની આ ભાવદશા આપણને પણ ઘણું કહી જાય છે. તમે આ ભવે ચારિત્ર લઈ શકો તો બહુ સારું છે. ન લઈ શકો તો એક ભાવના તો હૃદયમાં રાખજો જ કે હે પ્રભુ! આ ભવે યોગ નથી, હવે પછી એવો ભવ મળે કે જ્યાં ચારિત્ર ગ્રહણ કરી આત્માને હળુકર્મી બનાવું. આ ભાવના નિરંતર ભાવશો તો પણ સંસ્કાર પડશે. અરે! ઘણા સમજદાર શ્રાવકો એમ કહેતા હોય છે કે, આ જન્મમાં ચારિત્ર લેવાની એવી ઉત્કૃષ્ટ ભાવના હોવા છતાં ન લઈ શક્યા. જવાબદારીમાંથી મુક્ત ન થઈ શક્યા. પણ આયુષ્ય પૂર્ણ થવાનું હોય ત્યારે પણ છેલ્લા બે દિવસ, માત્ર બે દિવસ માટે પણ ચારિત્રનું પાલન કરું અને આત્મા ચારિત્રના ભાવમાં જ ભવ પૂરો કરે! આત્મા પર ચારિત્રના સંસ્કાર પાડવા અત્યંત આવશ્યક છે.

ઘણા લાંબા સમય સુધી પ્રિયમિત્ર મુનિએ ચારિત્રનું પાલન કર્યું. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની ઉત્કૃષ્ટ આરાધના કરી. શુદ્ધ પરિણતિએ આત્માનું પરિણમન થતું રહ્યું. તેથી પુણ્યો પણ એટલાં જ ઉપાર્જન કર્યાં. અને દેવભવનું આયુષ્ય બાંધી ચોવીસમા ભવમાં સાતમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. હવે આત્મા સરળ ભાવોમાં પરિણમી રહ્યો છે. તેથી ભવનું ભ્રમણ પણ સરળ છે. આરોહ-અવરોહ, ચડતી-પડતીના ક્રમમાંથી મુક્તિ મળી ગઈ છે. હવે આત્મા માત્ર ઉત્થાનના રાહે જ છે. સમ્યક્ત્વ અને ચારિત્રના ભાવોથી ભીંજાયેલ આત્માની ભાવધારક વૃદ્ધિંગત થતી રહી છે. હવે દેવનો ભવ હોય કે મનુષ્યનો, આત્મા સ્થિર ભાવમાં તીવ્રતર ગતિથી આગળ વધી રહ્યો છે. દેવલોકનો ભવ પણ આત્મભાવમાં પૂર્ણ કરી પચ્ચીસમા ભવે જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં છત્રા નગરીના જિતશત્રુ રાજાની ભદ્રારાણીની કુક્ષિથી નંદનકુમાર નામે પુત્રરૂપે જન્મ થયો.

ભગવાન મહાવીરનો આ ભવ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ ભવમાં જ ભાવી તીર્થંકર થવાની યોગ્ય ભૂમિકા તૈયાર થવાની છે. સમ્યગ્દર્શનની જ્યોત અંતરમાં જલતી હોવાથી જીવન સરળ અને સહજ ભાવોમાં વહી રહ્યું છે. ભોગોપભોગના ભોગવટામાં નિરસતા વર્તી રહી છે. સાંસારિક ઋણાનુબંધો પૂર્ણ કરવા માટે ભોગવી રહ્યા છે પણ જલ-કમલવત્. યુવાન થતાં માતા-પિતા નંદકુમારને રાજ્ય સોંપી ચારિત્રના માર્ગે પ્રયાણ કરે છે. સર્વસ્વ ત્યાગી માતા-પિતાના ભાવો નંદનના હૈયામાં ચારિત્ર-ગ્રહણની શ્રદ્ધા મજબૂત બનાવે છે.

બંધુઓ! વિચારો તમારા આજના આ યુગમાં તમારી સંસારભોગ પ્રત્યેની અદમ્ય લાલસાઓ, સોસાયટીને નામે અધઃપતન તરફ જતું તમારું જીવન વલણ તમારા સંતાનોમાં ક્યા સંસ્કાર જગાવશે! તમારા સંતાનને તમારા તરફથી વારસો શું આપો છો? આજના યુવક-યુવતીઓ વ્યભિચાર-ભ્રષ્ટાચાર અને અધમ માર્ગે જઈ રહ્યાં છે. તેમાં તમારો ફાળો કેટલો છે એ વિચાર્યું છે? તમારા હૃદયમાં જ ધર્મ-શ્રદ્ધા કે આ દેશની સંસ્કૃતિ માટે માન નહીં હોય, તમે પણ ઈન્દ્રિયના વિષયોમાં લોલુપ હશો તો યાદ રાખજો, તમારાં બાળકો તમારાથી સવાયાં જ થશે. જરાય ઓછાં નહીં ઊતરે. અને પછી માથે ઓઢીને રડશો તો પણ પાર નહીં આવે. જમાના કે સોસાયટી અથવા સ્ટેટસના નામે જે કરો છો ત્યાંથી પાછા ફરો, નહીં તો આ જમાનો જ આપણી કૌટુંબિક, ધાર્મિક, સામાજિક સંસ્કૃતિનો સર્વનાશ કરી નાખશે. સંતાનોવાળા મા-બાપની એ ફરજ થઈ પડે છે કે તેઓના જીવનમાં એક પણ બૂરી આદત ન હોય કે જે બાળકોના અહિતનું કારણ બની જાય. માટે હવે જાગવાની જરૂર છે. જાગો....જાગો....!

નંદનકુમાર પ્રબળ પુણ્યાઈનો ધણી છે. માતા-પિતા પણ એવાં મળ્યાં કે જે તેને ચારિત્ર માર્ગની પ્રેરણારૂપ બની રહે. નંદને કેટલાક વર્ષ રાજ્ય કર્યું. ભાવદયા સાથે દ્રવ્યદયાનું પણ પાલન કર્યું અને મહાન આચાર્યના ચરણે જીવન સમર્પી દીધું. રાજ અને પાટ, વૈભવ અને વિલાસ, સુખ અને ભોગ બધું જ છૂટી ગયું. કોઈ તેને અટકાવી શક્યું નહીં. કારણ અંતરથી મમત્વ ઊતરી ગયું હતું. બંધુઓ! પૂછો અંતઃકરણને, ઊતરે છે મમત્વ? કે ઉંમર વધે તેમ સંસારની માયા તમને વધુ લપેટે છે? કોઈ સંભાળનાર હોય તો પણ છૂટે છે ખરું? કે બહાનાબાજી કર્યા કરો છો?

મને યાદ છે કે મુંબઈમાં એક શ્રીમંત ગૃહસ્થ હતા. તેલના વેપારી. ભારત અને ભારતની બહાર તેમનો વ્યાપાર ચાલે. કરોડોનું Turn Over કરે. તેમને ચાર દીકરા. ચારેય ધંધામાં જોડાઈ ગયા હતા. ભાઈની ઉંમર થઈ. શરીર ચાલે નહીં High B.P. રહે. ૨૬૦-૨૭૦ હોય તો પણ ઓફિસે જાય. એક વાર ઓફિસે જતાં પહેલા ઉપાશ્રયમાં દર્શન કરવા આવ્યા. તેમની આંખો અને ચહેરા પરથી સમજાય કે B.P. High થઈ ગયું છે. પૂ. બાપજીએ તેમને કહ્યું: 'શ્રાવકજી! આટલી તબિયત સારી નથી રહેતી છતાં ધંધો નથી છોડી શકતા?' 'શું કરું મહાસતીજી! છોકરાઓ હજુ નાના છે. નથી સંભાળી શકે તેમ!'



બંધુઓ! છોકરા એટલા નાના હતા કે તેના દીકરા પણ પરણાવવા જેવડા હતા. છતાં બુઢ્ઢા બાપાને પોતાના દીકરા નાના દેખાતા હતા. પૂ. બાપજી કહે: 'કાલે તમારી આંખ મીચાઈ જશે તો ધંધાનું શું થશે?' 'મહાસતીજી! પછી તો જે થવું હશે તે થશે. પણ છું ત્યાં સુધી તો મારે સંભાળવો જોઈએ ને?'

અને થોડા વખત પછી એ ભાઈ રામશરણ થઈ ગયા. અમે કોઈને પૂછ્યું, મૃત્યુ કેવું થયું? તો કહે ઘરમાં, પણ ધંધાની જંજાળ સાથે જ હોય. બપોરે જમવાના સમયે ટેબલ પર જમવાની થાળી હતી. બે બાજુ બે કાને વેપારીઓના ફોન હતા. બન્ને સાથે ફોનમાં વાત કરી રહ્યા હતા અને તેઓ ઢળી પડ્યા! બોલો એ કયા ફોનમાં ગયા?

આવી છે માનવની મનોદશા! જિંદગીના અંત સુધી છૂટતું નથી. હાયવોય કરતો જ મરે છે. આ દેશની સંસ્કૃતિ તો કહે છે કે પાછલી ઉંમરે તો જીવનમાં ત્યાગ આવવો જ જોઈએ. દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં કહ્યું છે:

**पच्छा वि ते पयाया, खिप्पं गच्छन्ति अमर भवणाइं ।**
**जेसिं पिओ तवो संजमो य, खंति अ बम्भचेर च ॥**

જે માનવ, જીવનની પાછલી અવસ્થામાં પણ ચારિત્ર ગ્રહણ કરી સંયમ, તપ, ક્ષમા, બ્રહ્મચર્યનું પાલન કરે છે તે સ્વર્ગના સુખને પામે છે અને પરંપરાએ મોક્ષને પણ પામે છે. યુવાનીમાં ધર્મ થાય તો બહુ સારું પણ ત્યારે ન થયો તો જિંદગીના અંતે તો ધર્મરુચિ જગાડો.

નંદનકુમારનું આયુષ્ય હજુ ઘણું બાકી હતું ત્યાં જ તેણે દીક્ષા લીધી અને દીક્ષાદિનથી જ પ્રતિજ્ઞા કરી કે જીવનપર્યંત માસખમણના પારણે માસખમણ કરીશ. સાથે જ જ્ઞાન-સાધનામાં પણ રત થઈ ગયા અને અગિયાર અંગોનું જ્ઞાન ઉપાર્જન કરી લીધું. સંયમ, તપ અને જ્ઞાનના ત્રિવેણી સંગમમાં આત્માને પાવન કરી રહ્યા છે સાથે-સાથે તેમના અંતઃકરણમાં ભાવદયા ઊભરાઈ રહી છે. ભવિષ્યમાં તીર્થ-સ્થાપના કરી ભવ્ય જીવોને મોક્ષમાર્ગ બતાવવાનો છે. એ સામર્થ્ય તીર્થંકરમાં જ હોય. અંતરમાં પડેલી યોગ્યતાને આવિર્ભૂત કરવી છે. તેથી વીશ સ્થાનક કે જેના સેવનથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન થાય છે. તેનું સેવન કરવા માંડ્યા :

अरिहंत सिद्ध पवयण गुरू थेर बहुस्सुए तवस्सीसु ।
वच्छल्लया य तेसिं अभिक्खनाणोवओगे य ।।
दंसण-विणय आवसए य, सीलव्वए निरइयारे ।
खणलव तवच्चियाएः वेयावच्चे समाहीए ।
अपुव्वनाणग्गहणे सुयभत्ती, पव्वयणे पभावणया
एएहिं कारणेहि तित्थरत्तं लहई जीवो ।।

પ્રથમ-અરિહંતપદ, બીજું સિદ્ધપદ, ત્રીજું પ્રવચનપદ અર્થાત્ જિનશાસન, ચોથું આચાર્યપદ, પાંચમું સ્થવિરપદ, છઠ્ઠું ઉપાધ્યાયપદ અને સાતમું સાધુપદ. આ સાત પદની બહુમાન-આદરપૂર્વક શ્રદ્ધાભક્તિભાવે આરાધના કરી; આઠમું જ્ઞાનપદ, નવમું દર્શનપદ, દશમું વિનયપદ, અગિયારમું ચારિત્રપદ. આ ચારેય પદ આત્માના ગુણરૂપ છે. પહેલાં સાત પદ ગુણીજનોનાં છે. જ્યારે આ ચાર પદ ગુણનાં છે. તેથી તે ગુણોનું ઉત્કૃષ્ટ ભાવે સેવન કર્યું. બારમું બ્રહ્મચર્યપદ, તેરમું ધ્યાનપદ, ચૌદમું તપપદ. આ પદોને નિરતિચાર અને અતિ ઉલ્લસિત ભાવે સેવ્યાં. પંદરમું આવશ્યકપદ બે વખત આવશ્યક પ્રતિક્રમણ કર્યાં. સોળમું વૈયાવચ્ચપદ, ગુરુ-વૃદ્ધ જનોની વૈયાવચ્ચ, સેવા-શુશ્રૂષા કરી. સત્તરમું સમાધિપદ. સમભાવની યથાર્થ સાધના કરી નિરંતર સમાધિભાવમાં રહ્યા. અઢારમું અભિનવ જ્ઞાનપદ. નિત્ય નૂતન જ્ઞાન સંપાદનની અતીવ જિજ્ઞાસા સાથે જ્ઞાનની પ્રાપ્તિ કરતા રહ્યા. ઓગણીશમું શ્રુતપદ. શ્રુતની આરાધના, વીસમું તીર્થપદ-ચતુર્વિધ તીર્થની ઉપાસના.

આમ નંદન મહર્ષિએ વીસે-વીસ સ્થાનકની આરાધના કરી અને પ્રબળ પુણ્યો ઉપાર્જન કર્યાં. જો કે વીસમાંથી એક અથવા બે-ત્રણ આદિ સ્થાનકની પણ યથાર્થ ઉપાસના કરનાર તીર્થંકર નામકર્મ બાંધી લે છે. જ્યારે આ આત્માએ તો વીશ-વીશ સ્થાનની આરાધના કરી તીર્થંકર નામકર્મ બાંધ્યું. તીર્થંકર નામકર્મનો નિયમ છે કે જે ભવમાં બાંધે તે પછી ત્રીજે ભવે ચોક્કસ ઉદયમાં આવે, અર્થાત્ તે જીવ ત્રીજે તીર્થંકર થાય જ. વચમાં એક ભવ નરક અથવા દેવલોકનો કરે પછી મનુષ્યભવમાં અવશ્ય તીર્થંકર થાય જ. ઈતિહાસ કહે છે કે શ્રેણિક મહારાજાએ તીર્થંકર નામકર્મ બાંધ્યું. પણ પહેલાં નરકમાં આયુષ્યનો બંધ થઈ ગયો હતો તેથી અત્યારે નરકમાં છે તે આયુષ્ય પૂર્ણ કરી આ જ ભરતક્ષેત્રમાં આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થશે.

નંદન મહર્ષિએ અનેક વર્ષો ચારિત્ર પર્યાયનું પાલન કર્યું. સાથે અનેક



માસખમણ કર્યાં અને જીવનને અંતે બે મહિનાનો સંથારો આવ્યો. તપશ્ચર્યા કરવી સહેલ છે પણ સંથારો કરવો બહુ જ કઠિન છે. ગમે તેવી લાંબી તપશ્ચર્યા કરનારને પારણાની આશા છે, જ્યારે સંથારો કરનારને 'આજથી હવે હું મરણપર્યંત ભોજન નહીં કરું' એવો મક્કમ નિર્ધાર કરી લેવાનો હોય છે. એ સંથારો બે દિવસ ચાલે, બે મહિના ચાલે કે એથી અધિક ચાલે. ત્યાં સુધી નિરંતર ક્ષણે ક્ષણ સમાધિભાવમાં વીતે. જે કર્મોની ક્રોડો ખપાવી નાખે.

અમારું એ સૌભાગ્ય રહ્યું કે સન ૧૯૬૮ માં રાજગૃહીમાં અમારા જ ગુરુદેવના મહાતપસ્વી શિષ્ય પૂજ્ય શ્રી જગજીવનજી મહારાજે સંથારો લીધો હતો. અમે એક મહિના સુધી તેઓનાં શ્રી ચરણોની સેવામાં રહ્યા હતાં. બ્યાસી (૮૨) વર્ષની ઉંમર અને જીર્ણ કાયા પણ મનોબળ મજબૂત, આત્મબળ અલૌકિક, અનશનવ્રતધારી એ મહાત્મા હંમેશાં સવારે ૩ કલાક અને સાંજે ૩ કલાક પદ્માસનને ધ્યાનમાં બેસતા. ધ્યાનની એમની સ્થિરતા! સમાધિભાવ અદ્ભુત હતા. તેમની સમાધિભાવનાના અમે સાક્ષી રહ્યાં છીએ. એક ક્ષણ માટે પણ એમને વિષમતા આવી નથી. મૃત્યુ નજીક ને નજીક આવી રહ્યું છે. છતાં પોતે મૃત્યુંજયની જેમ શૌર્ય દાખવી રહ્યા હતા. તેમના રોમે-રોમમાંથી પ્રસન્નતા ફૂટતી હતી. ન કોઈ જાતની સ્પૃહા, ન ઈચ્છા, બિલકુલ નિર્લેપ યોગી. તેમની સમાધિ જોઈને જાણે અમને અંદરમાંથી ગર્વ થતો હતો. આવા સમાધિભાવના દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું એ જ અમારા ગર્વનું કારણ હતું. અમારા જીવનનો અમૂલ્ય અવસર આ જ હતો. તો બંધુઓ! એ અમારા તપસ્વીરાજ અખંડ સાધના કરી સ્વર્ગે સિધાવી ગયા.

એ સંથારાના અમે સાક્ષી રહ્યાં, એ જોઈને વિચાર આવે કે પ્રભુ મહાવીર જેવો આત્મા, ઉત્કૃષ્ટ આરાધક જીવ, તીર્થંકરત્વ જેમના આત્મામાં પડ્યું છે એમણે સંથારો કર્યો હશે ત્યારે તે કેવા ભાવમાં ઝૂલતા હશે! તેમની સમાધિદશા કેટલી અવર્ણનીય હશે! એ ભાવધારા તેમના આત્માને કેટલી હળુકર્મી બનાવી રહી હશે! અત્યંત સમાધિભાવમાં સંથારો પૂર્ણ કરી નંદનમુનિ દસમા દેવલોકમાં પુષ્પોત્તરાવતંસક નામના વિમાનમાં મહર્દ્ધિકદેવ થયા.

આમ અહીં ભગવાન મહાવીરના ભૂતકાળના છવીસ ભવો પૂર્ણ થયા છે. આજે ચાર દિવસથી આપણે આ સાંભળી રહ્યાં છીએ. આ સાંભળી આપણે આપણા આત્માને શુદ્ધ કરવો છે. એક વાર સમ્યગ્દર્શનની જ્યોત

આત્મામાં જાગ્રત કરી લેવી છે. આજથી એક એવો પાકો નિર્ણય કરીએ કે આ જન્મમાં સમકિત લીધા વિના મરવું નથી. બંધુઓ! હું તમને વારંવાર આ વાત કરી રહી છું. તમને એમ થતું હશે કે મહાસતીજી એકની એક વાત લઈને બેઠાં છે. પણ જે વાત મૂકી શકાય તેવી ન હોય તે વાત ન કહું તો શું કહું? આ સિવાય બીજું કંઈ કહેવા જેવું મને તો લાગતું નથી.

પ્યારા બંધુઓ! આ કહેતાં-કહેતાં પણ મારું હૃદય ભરાઈ આવે છે કે કેમ આપણાં અંતરમાં આ ભાવો જાગતા નથી? વીતરાગનું શાસન મળ્યું છે. વીતરાગની વાણી મળી છે! સંતોનું સાંનિધ્ય મળ્યું છે. આપણને આટલી બુદ્ધિ અને શક્તિ મળી છે તો કેમ આપણે અંતરજ્યોત ન જગાવી લઈએ?

બસ, ભગવાન મહાવીરના ભાવોના વૃત્તાંતને સાંભળી આંતરશુદ્ધિનો નિર્ધાર કરીએ. અને એ નિર્ધારને સફળ બનાવવાના પુરુષાર્થમાં લાગી જઈએ એ જ પર્યુષણ પર્વની સાર્થકતા છે.

મહાવીરનો આત્મા દશમા દેવલોકના સુખને નિરસ ભાવે ભોગવી રહ્યો છે. અંતરતમના ઊંડાણમાં પડેલ વૈરાગ્યભાવ એ ભવમાં ઝળકી રહ્યો છે. ત્યાંનું આયુ પૂર્ણ કરી પ્રભુ ક્યાં પધારશે તે કાલે વાંચન કરીશું.

આપણી પરંપરા પ્રમાણે આવતી કાલે મહાવીર-જન્મ વાંચન થશે....પ્રભુ જન્મ્યા હતા તો ચૈત્ર શુક્લા ત્રયોદશીના પવિત્ર દિને પણ આપણે પર્વાધિરાજમાં પ્રભુના જન્મનું વાંચન કરી એ મહાવીર-મહાવીર કેમ થયા, શું કર્યું તે જાણવા વાંચન કરીએ છીએ.

આપણા એ નાથ, ત્રિલોકીનાથ કેવી રીતે બન્યા તે અવસરે –



# પ્રગટ્યો ભાણ

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનાથી સંસ્કારિત આત્મા સર્વત્ર નિર્લેપ ભાવે રહે છે. ગમે તે યોનિમાં ગયો હોય અને ગમે તેવા ભોગ-ઉપભોગના સાધનોની પ્રાપ્તિ થઈ હોય છતાં આરાધક આત્મા એવા આકર્ષણોથી પર હોય. સંસારના કોઈ પ્રલોભનો તેને લોભાવી શકે નહીં.

ભગવાન મહાવીરનો આત્મા સંસારના અંતની નજીક પહોંચ્યો છે. બસ, હવે માત્ર એક જ ભવ બાકી રહ્યો છે. દસમા દેવલોકની મહર્ધિ મળી છે પણ સમ્યગ્દર્શનનો પ્રકાશ ભોગના અંધકારમાં તેમને ડૂબવા દેતો નથી, બાવીસ સાગરોપમનો સુ-દીર્ઘ કાળ આત્મિક આરાધનાની બળવતી ભાવના સાથે વ્યતીત થયો છે. દેવનાં આયુષ્યને પૂર્ણ થવાનો સમય આવી પહોંચ્યો. મનુષ્ય લોકમાં જન્મ લેવો છે પણ દેવનાં સુખને છોડવાની જરાપણ વ્યથા તેમના મન પર નથી. જાણે છે કે માનવભવમાં ગમે તેટલી સંપત્તિ કે સુખ મળે પણ તે દેવતુલ્ય તો ન જ હોય. છતાં સુખ-સંપત્તિનાં સંયોગ કે વિયોગ તેમના આત્માને ચલાયમાન કરે તેમ નથી. આત્મ સ્થિરતામાં સુ-સ્થિર મહાવીરનો આત્મા અષાઢ સુદ છઠની રાત્રીએ દેવલોકથી ચ્યવી, બ્રાહ્મણકુંડ નગરના ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાં આવ્યો.

પ્રભુનો આત્મા જે સમયે દેવાનંદાની કૂખે આવ્યો, દેવાનંદાની અંતર-ભાવધારા ઉલ્લસિત થઈ ઊઠી. તેનાં અંતરના પરિણામો અલૌકિક શુભતાને પામ્યા. પોતે સમજી નથી શકતી કે શું થઈ રહ્યું છે. સાંસારિક ભાવો તુચ્છ પ્રતિભાસવા માંડ્યા. દિન-પ્રતિદિન તન-મન આત્મા પ્રફુલ્લિત થવા માંડ્યા. એને જાણ થઈ કે તેની કૂખે કોઈ મહાન આત્મા અતુલ પુણ્યરાશિ લઈને

આવ્યો છે. તે આનંદવિભોર થઈ ગઈ. પણ આ આનંદ લાંબા સમય સુધી ટકવાનો નથી. પ્રભુનો ગર્ભ કાળ સાડાબ્યાસી રાત્રીનો થયો અને સ્વર્ગમાં ઈન્દ્રનું સિંહાસન ચલાયમાન થયું. ઈન્દ્ર મહારાજા, શું થઈ રહ્યું છે તે સમજી શક્યા નથી. તેમણે અનુભવ્યું કે મારું અંતઃકરણ ઉદ્વેલિત થઈ રહ્યું છે. ઈન્દ્રરાજે પોતાના જ્ઞાનમાં જોયું કે ત્રિલોકીનાથ ભગવાન મહાવીરનો આત્મા, માનવ બનવા મૃત્યુલોકમાં પધારી ગયો છે. પણ એક બ્રાહ્મણીની કુક્ષિમાં વૃદ્ધિ પામી રહ્યો છે. બ્રાહ્મણી માતાની કૂખથી પ્રભુને જન્મ લેવાનો નથી. અહીં રહેવાનો સમય પૂરો થઈ ગયો છે.

ઈન્દ્ર મહારાજાએ તરત જ હિરણ્યગમેષી દેવતાઓને બોલાવી હુકમ આપી રવાના કર્યા. દેવતાઓ મૃત્યુલોકમાં બ્રાહ્મણ કુંડમાં આવ્યા. દેવાનંદાની કુક્ષિમાંથી પ્રભુ મહાવીરનાં આત્માને લઈ ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિશલાદેવી ક્ષત્રિયાણીની કુક્ષિમાં મૂક્યો અને ત્રિશલાદેવીની કૂખે પુત્રીરૂપે જે ગર્ભ હતો તેને દેવાનંદાની કૂખે મૂક્યો. બંને માતાઓને અવસ્વાપિની નિદ્રા મૂકી ગર્ભનું સાહરણ કરી લીધું.

આ સમયે દેવાનંદાને સ્વપ્ન આવ્યું કે તેનાં બહુમૂલ્ય રત્નનો દાબડો ચોરાઈ રહ્યો છે. ખરેખર! આ સ્વપ્ન સાંકેતિક હતું. તેના પૂર્વભવમાં ત્રિશલાદેવી અને દેવાનંદા દેરાણી જેઠાણી હતા. દેવાનંદાએ ઈર્ષાવશ ત્રિશલાનો રત્નનો દાબડો ચોરી લીધો હતો. જેના ફળસ્વરૂપ રત્ન જેવો દીકરો કૂખમાં આવીને ચોરાઈ ગયો. દેવાનંદાનું સૌભાગ્ય ન હતું કે તે તીર્થંકરની માતા બની શકે.

બંધુઓ! કેટલાક લોકો ગર્ભ સાહરણની આ ઘટનાને કાલ્પનિક માને છે. પરંતુ આવું થવું તે અશક્ય ઘટના નથી. આજે વિજ્ઞાને પ્રુફ કરી બતાવ્યું છે. આજ સુધીમાં કેટલી ટ્યૂબ બેબી જન્મી ગઈ. એક સ્ત્રીના પેટમાં ગર્ભનો થોડો વખત ઉછેર કરી અન્યના ગર્ભમાં મૂકવામાં આવે છે. સ્ત્રીના ગર્ભથી બહાર ટ્યૂબમાં ગર્ભનો થોડો સમય વિકાસ થવા દઈ પછી સ્ત્રીના ગર્ભમાં દાખલ કરવામાં આવે છે. આજે વિજ્ઞાન આ બધું કરી શકે છે તો દેવો પણ પોતાની શક્તિ વડે આવું બધું કરી શકે તે કાલ્પનિક વાત નથી.

ત્રિશલાની કુક્ષિએ આ મહાન આત્મા આવ્યો. ત્રિશલાના તન-મન



રોમાંચિત થઈ ઊઠ્યા. મન-મયૂર પ્રસન્નતાથી નાચવા માંડ્યો. શરીરમાં રૂપ-સૌંદર્યની વૃદ્ધિ તો થઈ અને સ્થૂલ દૃષ્ટિથી આખાયે નગરમાં સુખ સમ્પત્તિની વૃદ્ધિ થવા માંડી પણ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારતા પરમ પુરુષ પરમાત્મા કુક્ષિમાં આવ્યા છે. ક્ષાયિક સમકિત, ત્રણ જ્ઞાન સાથે જ છે. કેવળજ્ઞાન પામવા જેવો પુરુષાર્થ જેને આ ભવમાં કરવો છે એવો મહાન આત્મા શિશુ બનીને જ્યારે માતાની કુક્ષિમાં આવે ત્યારે એ માતાની સર્વ આંતરવૃત્તિઓ કેટલી નિર્મળ થઈ જાય. શુદ્ધભાવની પરિણતિ વૃદ્ધિંગત થતી ચાલી છે.

મા ત્રિશલાને અર્ધ જાગૃત અવસ્થામાં એ જ રાત્રિએ મહા તેજસ્વી ચૌદ સ્વપ્ન આવ્યાં. વિચારો બંધુઓ! જે સમયે માતા આ સ્વપ્ન જોઈ રહી હશે ત્યારે તેનું અંતઃકરણ કેટલી પ્રસન્નતા અનુભવતું હશે! શું શું થઈ રહ્યું હશે દિલમાં? આપણને આવતાં સ્વપ્નો ઠેકાણા વગરના હોય. અરે! ક્યારેક કોઈ એવું સ્વપ્ન આવે કે જેમાં આપણે કંઈક વિશિષ્ટતા અનુભવતા હોઈએ તો એ સ્વપ્ન જોયા પછી કેટલા પ્રફુલ્લિત થઈ ઊઠીએ? બે ચાર દિવસ સુધી તેની અસર મન પર રહે. એ સ્વપ્ન સાર્થક હોય કે ન પણ હોય. કશો ય સંકેત મળે કે ન મળે પણ કંઈક સારું જોયું તેનો આનંદ હોય. જ્યારે મા ત્રિશલાએ જે સ્વપ્ન જોયાં તે તો સાંકેતિક હતાં. ગર્ભમાં જે શિશુનું પાલન થઈ રહ્યું છે તે શિશુ ભવિષ્યમાં કેવો થશે એનો સંકેત હતો. પુણ્યવાન જીવ ગર્ભમાં આવે તો સ્વપ્ન પણ એવા જ ઉત્તમ હોય.

માતા ત્રિશલા જાગૃત થયા, સ્વપ્ન જોઈને તેમનાં રોમે-રોમ પુલકિત થઈ ઉઠ્યા. અંતઃકરણ પ્રસન્નતાથી ભરાઈ ગયું. જે વસ્તુ આ વિશ્વમાં પ્રત્યક્ષ કદી જોઈ નથી એવી અદ્‌ભુત વસ્તુઓ સ્વપ્નમાં જોઈ. તે સુલક્ષણા સ્ત્રી હતી, શીલવતી હતી, સચ્ચારિત્રવાન હતી, સદ્‌ગુણ સંપન્ન હતી. સ્વપ્ન જોઈને જ તેનું અંતર પોકાર કરવા માંડ્યું કે તારી કૂખ રત્નથી ભરાઈ ગઈ છે. તુ રત્નકુક્ષી બની છે. કોઈ મહાન આત્મા તારા ઉદરે આવ્યો. તને મંગળ માતૃત્વનો લહાવો લેવડાવવા એ આવ્યો છે. ત્રિશલામાતા શય્યામાંથી બેઠા થયા. નવકારમંત્રનું સ્મરણ કરી રાજા સિદ્ધાર્થના શયનકક્ષમાં ગયા.

ચરણસ્પર્શ કરીને પતિને જગાડ્યા. રાજા સિદ્ધાર્થની આંખો ખૂલે છે ત્યાં સામે દેવને દુર્લભ એવા રૂપ-સૌંદર્યની સ્વામિની ત્રિશલા પ્રસન્નવદને હાથ જોડીને ઊભા છે. રાજા પણ પ્રસન્ન થઈ ગયા. આટલો વહેલો શા માટે ઉઠાડ્યો? ઊંઘ ખરાબ થઈ તેનો ઉદ્વેગ નથી પણ ત્રિશલાની પ્રસન્નતા તેમને સ્પર્શી ગઈ. પૂછે છે 'દેવાનુપ્રિયે! કેમ આવવું થયું તમારું અહીં?'

ત્રિશલા મધુર હાસ્ય સહિત કહે છે 'નાથ! રોમ રોમ પ્રસન્નતાથી નાચી રહ્યા છે! મારા હૃદયમાં ખુશી સમાતી નથી. અંતરમાં આનંદનો મહાસાગર ઊછળી રહ્યો છે.'

'દેવી એવું શું થયું? આટલો આનંદ શાનો?'

'નાથ! આ જીવનમાં આજ સુધી નથી પામી, અરે ભવોભવમાં જે નથી પામી, તે આજે પામી ગઈ. કંઈક મળી ગયું મને મારા સ્વામી!'

'દેવી! આવી અટપટી ભાષા ન બોલો! મને સમજાતું નથી. કહો! તમે શું પામ્યા?'

'નાથ! આજની પાછલી રાત્રીએ મેં એક નહીં, બે નહીં, ચૌદ-ચૌદ મહાતેજસ્વી સ્વપ્ન જોયાં. સ્વપ્ન જોતાં જ સ્વપ્નાવસ્થામાં મારું અંતર પ્રસન્નતાથી ઝૂમી ઉઠ્યું. દેવ! શું હશે તે સ્વપ્નના અર્થ? શું હશે સંકેત?'

પછી ત્રિશલારાણીએ જોયેલાં ચૌદ સ્વપ્ન, જેમ જોયા હતાં તેમ જ વર્ણન કરી બતાવ્યા. સાંભળી રાજા સિદ્ધાર્થ આનંદવિભોર થઈ ગયા. તેમના સુખની કોઈ સીમા ન રહી. તેઓ સમજી ગયા કે મહા ઉત્તમ સ્વપ્ન છે. સિદ્ધાર્થ કોઈ જેવાતેવા પુરુષ ન હતા, સમજદાર હતા, જાણકાર હતા. એક સત્પુરુષમાં જેટલા સદ્ગુણ હોવા જોઈએ તે બધા જ તેમનામાં હતા. તેઓ કહે છે –

'દેવી! આજે તમે રત્નકુક્ષી બની ગયા. તમારી કૂખે કોઈ મહાન આત્મા આવ્યો છે. વધુ તો નથી જાણતો પણ આ ચોવીશીના ચરમ અને પરમ તીર્થંકરને પ્રગટ થવાનો સમય પાકી ગયો છે. બની શકે કે તીર્થંકર થનાર એ મહાન આત્મા જ તમારા ઉદરે આવ્યો હોય! તીર્થંકરની માતા થવાનું સૌભાગ્ય તમને સાંપડ્યું હોય, દેવી! મહાન તીર્થંકરની માતાને મારા પ્રણામ હો!'



આનંદવિભોર થયેલા રાજાનું હૃદય ગદ્ગદિત થઈ ઊઠ્યું. રાણીને સ્વપ્નના અર્થ જાણવા છે તેથી રાજાએ માન-સન્માન સહિત સ્વપ્નશાસ્ત્રીઓને બોલાવ્યા. આદર સહિત બેસાડ્યા અને રાણીને આવેલ સ્વપ્નોની હકીકત તેમની સામે રાખી. સ્વપ્નશાસ્ત્રી સ્વપ્નોને સાંભળી આનંદિત થઈ સ્વપ્નના અર્થ બતાવે છે.

(૧) **સિંહ વીરતા કા પ્રતીક હૈ** — સ્વપ્નમાં સિંહ જોયો. સિંહમાં અદ્ભૂત વીરતા હોય છે. તે કાયર ન હોય. તમારો પુત્ર જગતમાં અજોડ શૂરવીર થશે. કાયરતા તો તેનાથી દૂર ભાગશે.

(૨) **હાથી નિશ્ચલ હોતા** — હાથી અચલ અને અડોલ હોય છે. ગમે તેવા યુદ્ધમાં હાથી ડોલાયમાન ન થાય તેમ તમારો પુત્ર, જીવનના સંઘર્ષોમાં ગમે તેવા ઉપસર્ગ-પરીષહોને સામી છાતીએ ઝીલશે પણ ડગશે નહીં. અડોલ-અચલ મેરુ સમાન નિષ્કંપ રહેશે.

(૩) **પુષ્ટ બૈલ દૃઢતાકા દ્યોતક કર્મઠ મંગલમય હોતા** – બળદ જેવી દૃઢતા શારીરિક, માનસિક અને આત્મિક દૃઢતાથી પરિપૂર્ણ તમારો પુત્ર કર્તવ્યમાં પણ દૃઢ અને મંગલ કાર્યોનો કરનારો થશે.

(૪) **લક્ષ્મી ખિલે કમલ પર બૈઠી અક્ષય વૈભવકી પહચાન** — શત શત પાંખડીઓથી ખીલેલા કમળ પર લક્ષ્મીદેવીને બેઠેલા જોયાં. અર્થાત્ તમારો પુત્ર મહાન વૈભવનો સ્વામી થશે. તે લક્ષ્મી નાશવંત નહીં પણ શાશ્વત આત્મ-લક્ષ્મી, અક્ષય રહેનારી હશે.

(૫) **દો માલાએં વિજય વિશ્વકી** — બે વિજય માળ, તમારો શિશુ આખાયે વિશ્વને જીતી લેશે. અર્થાત્ તેનાં આંતર જગતને પરાજિત કરી આત્મ-વિજયી બનશે. તેને કોઈ હરાવી શકશે નહીં.

(૬) **ચંદ્ર અચલ સુખકા વરદાન** — ચંદ્ર જેવા શીતળ-સૌમ્ય સુખને પામશે. જે સુખની પ્રાપ્તિ થયા પછી જશે નહીં. અનંત શાશ્વત આત્મિક સુખને તમારો પુત્ર પામશે.

(૭) **ઉદિત સૂર્ય ઉત્કર્ષ બતાતા, જિસકી દીપ્તિ અહર્નિશમેં** — ઊગતો સૂર્ય ઉત્કર્ષ કરે છે તેમ તમારો પુત્ર દિન-પ્રતિદિન સર્વ પ્રકારે ઉત્કર્ષને પામશે. એટલું જ નહીં, સૂર્ય પ્રકાશ તો માત્ર દિવસે જ હોય પણ

આ શિશુની તેજોદીપ્તિ રાત અને દિવસ ચમકશે.

(૮) **ફહરાતા ધ્વજ-કીર્તિપતાકા યશ ફૈલાયે દશ દિશામેં —** લહેરાતો ધ્વજ સૂચવે છે કે તમારા કુંવરના યશ-કીર્તિ ચાર દિશામાં જ નહીં પણ દશે દિશામાં ફેલાશે.

(૯) **ઢંકા કલશ સૌભાગ્ય ચિન્હ હૈ —** ઢાંકેલો કળશ બતાવે છે કે આ પુત્ર મહાન પુણ્ય રાશિ લઈને જન્મ્યો છે. તેનું સૌભાગ્ય અતિ ઉત્તમ છે.

(૧૦) **પદ્‌મ સરોવર યશકી ખાન —** સરોવર આખુંય પદ્‌મકમળથી છવાયેલું છે એ કહે છે તમારો લાડલો એટલો યશ પામશે કે જાણે ખાણમાંથી નીકળતો પદાર્થ ખૂટશે જ નહીં.

(૧૧) **સાગરકા ગર્જન બતલાએ, યુદ્ધ વીરકી યહ પહચાન —** સાગરની ગર્જના બોલે છે કે આ પુત્ર કર્મશત્રુના યુદ્ધમાં વીરતાનો પરિચય કરાવે એવો શૂરવીર અને ધીર થશે.

(૧૨) **દેવ વિમાન દિખા જો નભમેં, અન્તર કા ઉત્થાન મહાન, દેવ વિપૂજિત જીવ પ્રકટ હો, ઈસે સત્ય કરકે લો જાન —** ઊંચે ગગનમાં દેવ વિમાનને જોયું. એ સૂચવે છે કે તમારા પુત્રનું આત્મ ઉત્થાન એટલું થશે કે માનવો જ નહીં પણ દેવો અને દેવના દેવ ઈન્દ્રો પણ તેમને પૂજશે. નિરન્તર તેમની સેવામાં હાજર રહેશે.

(૧૩) **રત્નોંકા અમ્બાર પ્રાણપ્રિય માનવકી ઉપલબ્ધિ મહાન —** ભૌતિક ક્ષેત્રે રત્નોના ભંડાર મળવા તે મહાન ઉપલબ્ધિ છે તેમ તમારો પુત્ર આધ્યાત્મિક ક્ષેત્રે સંપૂર્ણ ત્રિ-રત્નની પ્રાપ્તિ કરશે. કેવળજ્ઞાન-કેવળદર્શન-યથાખ્યાત ચારિત્ર રૂપ રત્નોને પામશે. અનંત ગુણોનો સ્વામી બનશે.

(૧૪) **ધૂમ્રહીન પાવકકી જ્વાલા સહનશીલતા કી પહચાન —** પાવક એટલે કે અગ્નિની જ્વાળા અને તે પણ ધૂમ્ર રહિત સ્વચ્છ-એ બતાવે છે કે તમારા પુત્રમાં અમાપ સામર્થ્ય હશે. સહિષ્ણુતા ચરમ સીમા પર પહોંચેલી હશે. તેના માટે કંઈ પણ અસહ્ય નહીં હોય.

અને હે દેવી! અંતે તમે જોયું કે એક બાલ હાથી તમારા મુખમાંથી ઉદરમાં પ્રવેશ્યો. એ સૂચવે છે કે તમારા ગર્ભમાં અતિ ગંભીર જીવ આવ્યો



છે કે જે સુખ અને દુ:ખ બધું પચાવી જાણશે. રાજન્! આ સ્વપ્નોના સંકેતો કહે છે કે દેવીની કૂખે આવેલો જીવ અસાધારણ સામર્થ્યનો ધણી છે. ધર્મ ચક્રવર્તી થશે. તીર્થંકર થશે.

સ્વપ્ન શાસ્ત્રીઓનાં મુખેથી સ્વપ્નની આ હકીકત સાંભળી રાજા-રાણી અત્યંત પ્રસન્ન થયા. તેઓને અઢળક ધન આપી ખુશી વ્યક્ત કરી અને આદરથી વિદાય આપી.

માતા ત્રિશલા ગર્ભનું જતનપૂર્વક પાલન કરી રહ્યાં છે. દિન-પ્રતિદિન ધર્મભાવના વધી રહી છે. દાન-પુણ્યનો પુનિત પ્રવાહ સિદ્ધાર્થના મહેલમાંથી વહેવા માંડ્યો છે. રાણી ત્રિશલા પોતાના હાથે જ દાન આપી યાચકોને સંતોષી રહ્યા છે. તીર્થંકરની માતા થવાનાં કોડે ત્રિશલાનાં રોમ રોમમાં નિરંતર આનંદનો ઉદધિ ઉછાળા મારી રહ્યો છે.

કેવા પ્રબળ પુણ્ય હશે ત્રિશલાના? કે જેની કૂખે ત્રિલોકનો નાથ 'શિશુ' બનીને આવ્યો છે. પુણ્ય તો ઘણા માનવો ઘણી રીતે કરતાં હોય પણ આવા સાત્ત્વિક અને નિર્મળ પુણ્ય તો કોઈક સ્ત્રીના જ હોય. બાળક ત્રણ જ્ઞાનનો સ્વામી છે. આ પૃથ્વી પર જન્મ લઈ ઉત્કૃષ્ટ આરાધના વડે કેવળજ્ઞાન, કેવળદર્શનને પ્રાપ્ત કરવાનો છે. શુક્લધ્યાનની શ્રેણી પર આરૂઢ થઈ અયોગી બની સિદ્ધ, બુદ્ધ મુક્ત થવાનો છે. એ માતાને કયા શબ્દોમાં બિરદાવવી? માનતુંગાચાર્ય તીર્થંકરની માતાની મહત્તા ગાતા કહે છે:

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसुता।
सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं
प्राच्येव दिग्जनयति स्फूरदंशु जालम्॥

આ સંસારમાં સેંકડો સ્ત્રીઓ પુત્રોને જન્મ આપે છે. પણ હે મા! તારા જેવા અનુપમેય પુત્રને જન્મ દેનાર માતા તો વીરલ હોય છે. જેમ ગ્રહ-નક્ષત્રો તારાને જન્મ આપનાર તો સર્વ દિશાઓ છે. પણ વિશ્વપ્રકાશક સહસ્ત્ર રશ્મિ સૂર્યને જન્મ દેનાર માત્ર પૂર્વદિશા જ છે.

તીર્થંકરની માતાની તુલના અન્ય કોઈ માતાઓ સાથે થઈ શકે નહીં. મા ત્રિશલાની કૂખ કેટલી પાવન હશે કે મહાવીર જેવા આત્માને એ

કૂખમાં જન્મ લેવાનું મન થયું. બંધુઓ! કોઈકે પ્રશ્ન પૂછ્યો હતો કે આ કાળમાં જ્યાં પાપો વધી ગયા છે. સર્વત્ર દુ:ખ અને ત્રાસ વધી રહ્યા છે. આ કાળમાં જ સહુથી વધારે જરૂર મહાપુરુષોની છે. વળી ગીતામાં શ્રીકૃષ્ણ કહી પણ ગયા છે કે જ્યારે જ્યારે ધર્મની હાનિ થશે ત્યારે ત્યારે હું પૃથ્વી પર જન્મ લઈશ. આ કાળે જેટલી હાનિ થઈ રહી છે એથી વધુ હવે શું હોઈ શકે? તો અત્યારે કેમ શ્રીકૃષ્ણ અવતાર નથી લેતા? આ પ્રશ્નનો ઉત્તર આપતાં પણ સંકોચ અનુભવાય છે. કૃષ્ણ તો તૈયાર છે અહીં આવવા, પણ એને જન્મ લેવાનું મન થાય એવી માતા તો જોઈએ ને? ક્યાં છે એવી પવિત્ર અને સતીત્વ ધરાવતી નારી કે જેની કૂખે ભગવાન અવતાર લે!! બંધુઓ! બહુ જ શરમજનક સ્થિતિ છે. ભારતની અસ્મિતા ઓગળી રહી છે. સંસ્કૃતિનો સર્વનાશ થઈ રહ્યો છે. પશ્ચિમના આંધળા અનુકરણે સ્ત્રીનું શીલ અને પુરુષનો ધર્મ બંનેને લૂંટી લીધા છે. કહો ક્યાંથી ભગવાન અવતરે?

આ જોતાં માતા ત્રિશલાની પવિત્રતાનું મૂલ્યાંકન કરવાનું આપણું ગજુ નથી. તેની પરમ પવિત્રતાનો પુરાવો જ એ છે કે મહાવીર નવ મહિના એ કૂખમાં રહ્યાં, નવ મહિના સુધી ત્રિશલાએ જે સુખ અનુભવ્યું હશે, કેવું હશે એ સુખ? પૂછો માતા થનાર નારીને! પ્રથમ બાળક ઉદરમાં આવે તે પછી નવ મહિના સુધી એ કેવી સુખાનુભૂતિ કરતી હોય છે અને તે ય સામાન્ય બાળક! જ્યારે આ ત્રિલોક પૂજ્ય, દેવાધિદેવ, ચરમ તીર્થંકર માતાના ઉદરમાં પોષાઈ રહ્યો છે. માને શું શું થતું હશે!

માતાએ સવા નવ મહિના સુધી અત્યંત જતન કરી એ આત્માને પોષણ આપ્યું. સમય થતા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં શુભ યોગ કરણમાં ચૈત્ર સુદ તેરસના દિવસે માતા ત્રિશલાએ શિશુને જન્મ આપ્યો.

**ત્રિલોકી નાથ ભગવાન મહાવીર સ્વામી કી જય....**
**બોલો ભગવાન મહાવીર સ્વામી કી જય....**
**ત્રિશલા નંદન પ્રભુ વીર કી જય...**
**ચરમ તીર્થંકર પ્રભુ મહાવીર કી જય....**

જન્મ થયો અને ત્રણે લોકમાં પ્રકાશની એક રેખા વ્યાપ્ત થઈ ગઈ. અંધકારથી ભરપૂર એવા નરકના સ્થાનમાં પણ પ્રકાશ વીજળીની જેમ



ચમકી ગયો. ભયંકર દુ:ખ યાતના ભોગવતા નારકીના આત્મામાં એક ક્ષણ પરમ શાંતિનો અનુભવ થયો. તીર્થંકરનો જન્મ સર્વ જીવોનાં કલ્યાણનું કારણ બને છે. માટે જ આ દિવસને જન્મ કલ્યાણક કહેવાય છે. જેમનો જન્મ નારકી જીવો માટે પણ શાતાનું કારણ બને તે મૃત્યુલોકના જાગૃત માનવ માટે તો આત્મ ઉત્થાનનું કારણ બને જ. સુષુપ્ત પડેલા માનવને કોણ તારી શકે? તેથી જ નિત્ય નિરંતર જાગૃત રહેવાની જરૂર છે. ક્યારેક આત્માને આ પ્રકાશ સ્પર્શી જાય તો આત્માને રાહ સાંપડી જાય.

મહાવીરનો જન્મ થયો અને રાજા સિદ્ધાર્થે મહોત્સવની ઘોષણા કરાવી. ખૂબ ધામ-ધૂમથી પુત્ર જન્મ મહોત્સવ મનાવી રહ્યા છે. વિચારો! કેવો હશે એ પ્રસંગ? તમારે ત્યાં પ્રસંગ હોય અને સાથે તમારી પાસે સંપત્તિ હોય તો લાખો લૂંટાવો છો. રાજા સિદ્ધાર્થ પાસે ભરપૂર ભંડારો ભર્યા છે. વળી પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારથી ચારે બાજુ ધન-ધાન્યની વૃદ્ધિ થઈ રહી છે. એટલું જ નહીં પિતા જાણે છે કે જન્મ લેનાર બાળક મહાન શક્તિનો સ્વામી છે. આ કાળનો અંતિમ તીર્થંકર છે. તો એ પિતાના અંતરમાં કેટલો ઉલ્લાસ હશે? તેમના અંતકરણમાં એક બાજુ પુત્ર પ્રત્યેનું વાત્સલ્ય ઊછળતું હશે તો બીજી બાજુ ત્રિલોકીનાથ પ્રતિ ભક્તિની અપૂર્વ ભાવધારા ઉલ્લસિત હશે. વાત્સલ્ય અને અનુપમ ભક્તિનું સાકાર સંમિશ્રણ કેવું અલૌકિક હશે? તેઓએ સગા-સ્નેહી સંબંધીઓને તો બોલાવ્યા પણ યાચકોને દાન દઈ ખૂબ સંતોષ્યા. લાખો નહીં કરોડો સોનૈયા લૂંટાવ્યા અને યથા સમયે ‘વર્ધમાન’ નામથી નવાજ્યા.

શિશુ વર્ધમાન મોટા થઈ રહ્યા છે. સમય પસાર થઈ રહ્યો છે. બાલ્યક્રીડા કરી રહ્યા છે. ક્યારેક આપણું મન વિચારે ચડી જાય કે જેને ત્રણ જ્ઞાન છે. સમ્યગ્દર્શન છે. અમાપ યોગ્યતા લઈ શિશુરૂપે જે રમી રહ્યા છે, તેની રમત કેવી હશે? બાળ સુલભ ચેષ્ટા કેવી હશે. જે સમયે માતાએ રમવા માટે રકમડાં આપ્યાં હશે. પછી એ ચાંદીના હોય કે સોનાનાં! રમકડું હાથમાં આવતાં જ એ શિશુએ વિચાર્યું હશે કે આ જડ પદાર્થ. સમયે-સમયે પલટતી પર્યાયના કારણે જીર્ણ થતી તેની અવસ્થા અને હું અખંડ અનંત જ્ઞાનમય ચૈતન્ય! આ જડ રમકડું મને શું આનંદ આપી શકે? આનાથી હું કેવી રીતે રમું? આવી વિચારધારા વર્ધમાનના

ચિત્તમાં વહી રહી હશે. અવધિજ્ઞાન વડે રૂપી પદાર્થોના ભૂત-ભવિષ્યને પણ જાણતાં હોય તેની વર્તમાન પર્યાય એને ક્યાંથી રીઝવી શકે? તે છતાં માતા નારાજ ન થાય એ માટે શિશ–સહજ ક્રીડા પણ કરી હશે.

ક્યારેક મને વિચાર આવે છે કે આ કાળમાં પણ કોઈ બાળક કંઈક વિશિષ્ટ શક્તિ લઈને જન્મ્યું હોય તો મા-બાપ ગૌરવ અનુભવતા હોય. તેને જાણનારા અને માનનારા તેનું સાંનિધ્ય માણવા ઉત્સુક હોય તો વર્ધમાન જ્યારે બાળક હશે, કુમાર હશે, તેમની અદ્‌ભુત પ્રતિભા, અલૌકિક તેજ જોઈને, તેમની સમજણ અને જ્ઞાનભરી વાતો સાંભળીને, માતા-પિતા-સ્નેહી, અન્ય નગરજનો તેને પોતાની સાથે રાખવા કેવા ઉત્સુક હશે? કેવો હશે એ વર્ધમાનનો બાલ્યકાળ? ખરેખર! અદ્‌ભુત હશે! ત્યારનો સમય. મહા-ભાગ્યશાળી હશે! એ નગરના માનવો કે જેણે વર્ધમાન સાથે રહી ક્રીડા કરી હશે કોઈને ય રાજી રાખવા પોતાના આત્મભાવમાંથી ડગ્યા નહીં. આત્મસ્થિરતા એવી ને એવી જ, મહાવીર જેવી જ અડોલ રહી!

બંધુઓ! વિચારો, બીજાને પ્રસન્ન કરવા શું શું કરો છો? જેમાંથી તમારે તમારો ભૌતિક સ્વાર્થ સાધવો છે ત્યાં કદાચ ચારિત્રના ધોરણે નીચે ઊતરવું પડે તો પણ તૈયાર! ખરું કે નહીં? મનમાં વિચારો છો આટલાથી શું થઈ જવાનું? મારું કામ થઈ જાય છે ને! પછી ચારિત્ર શું ને સંસ્કાર શું? ધર્મની તો ઐસી તૈસી! મેં સાંભળ્યા છે મારા વ્યાપારી ભાઈઓને કહેતા! તેને બિઝનેસ માટે કોઈ ઓફિસરો સાથે, વ્યાપારી સાથે, મોટા ગ્રાહકો સાથે ચર્ચા-વિચારણા કરવી હોય તો નોનવેજ હોટેલમાં લઈ જાય. ત્યાં પોતે પીએ ને પેલાઓને પીવરાવે. કામ કઢાવે, એ લોકો કહેતા હોય છે કે બિઝનેસ માટે અમારે આમ કરવું જ પડે! ચાલે જ નહીં. પણ હું કહું છું, ખોટા છો તમે! શા માટે જાતને છેતરો છો? અમે એવા પણ આપણાં વ્યાપારી ભાઈઓને ઓળખીએ છીએ કે જેમણે કરોડોનાં વ્યાપાર ચાલે છે. ફોરેનને સાથે પણ ધંધો હોય છે. છતાં તેઓ પોતાના ધર્મ અને સિદ્ધાંતના પાલનમાં મક્કમ છે. પીતા નથી અને પાતાય નથી, ખાતાય નથી ને ખવરાવતાય નથી. તો પણ સારી રીતે ધંધો કરી શકે છે. અરે! એટલું જ નહીં પણ એ ન પીએ તો સામાવાળો ફોર્સ તો ન કરે પણ તેને રિસપેક્ટ આપે છે. માનની દૃષ્ટિથી જુએ છે! એવા



માણસો પણ પડ્યા છે આ યુગમાં. વર્ષોથી ફોરેન રહેતાં હોય છતાં ખાતા-પીતા ન હોય! હમણાં જ મેં ત્યાંના જ એક મોટા વ્યાપારીની વાત સાંભળી. તેમને કેબલની ફેક્ટરી છે. તેઓ ધર્મમાં અતૂટ શ્રદ્ધા ધરાવે છે. તેમને બહુ મોટો સોદો કરવાનો હતો પણ પીવાની વાત આવી; પોતે પીવા તૈયાર ન થયા. સામાવાળા માનવા તૈયાર ન થયા. તો સોદો જતો કર્યો. એ ભાઈ કહે છે કે ચારિત્ર વેચીને ધન નથી કમાવું!

બંધુઓ! બહુ જ વિચારણીય છે આ પ્રશ્ન. આજે તમે આ કરો છો. કાલે તમારા સંતાનો શું કરશે? તમે તમારી ભાવી પેઢીને કઈ બાજુ લઈ જઈ રહ્યા છો! માત્ર પૈસો કમાવો તે જ જીવનનું ધ્યેય નથી. ચારિત્ર ન હોય! સંસ્કાર ન હોય! તેવા ધનથી શું? માટે પ્રથમ સદાચાર માટે અંતરમાં દૃઢતા કેળવો. ગમે તેવો લાભ હશે કે ગમે તેવું નુકસાન હશે સદાચારનાં ધોરણમાં એક તસુ ભાર પણ ફરક નહીં પડવા દઉં. સર્વસ્વ ગુમાવીશ પણ મારા ચારિત્રને તો પવિત્ર જ રાખીશ! આવા ભાવ જન્માવો અંતરમાં! ભગવાન મહાવીરના ઉપાસક છો! પ્રભુના સપૂતો છો! ભગવાને જે કર્યું તેમાંનું થોડું તો કરી લઈએ!!

પ્રભુ મહાવીરને આજે ૨૫૦૦થી પણ વધારે વર્ષ થયાં છતાં તેમને યાદ કરીએ છીએ. પ્રભુના ગુણગાન ગાઈએ છીએ. શા માટે? આપણાં બે-ચાર પેઢી પહેલાં થયેલાં પૂર્વજો આપણને યાદ નથી પણ હજારો વર્ષ પહેલાં થયેલા જિનેશ્વરને યાદ કરીએ છીએ? શા માટે? એમણે આપણને શું આપ્યું? ભૌતિક દૃષ્ટિએ તો કશું નથી આપ્યું પણ જીવનને સુખ-શાંતિમય બનાવવાની દૃષ્ટિ એમણે આપી. જીવનનું મૂલ્ય સમજાવી, આ માનવ ભવને સાર્થક કરવાની રીત એમણે જ બતાવી. આપણે સહુ આજે એક પ્લેટફોર્મ પર ઊભા છીએ તે પણ તેમની અસીમ કરૂણાના કારણે, આપણાં પર અનંત-અનંત ઉપકાર પ્રભુએ કર્યો છે.

એવા પ્રભુનું જન્મ વાંચન કરી એમનામાં રહેલ વિશેષતાઓનું સ્મરણ કરવું છે આજે! તેઓ જે આધ્યાત્મિક ઉત્થાન કરી ગયા, જે રીતે ભવ-ભવના ભ્રમણથી આત્માને મુક્ત કર્યો એ રીતે આપણે પણ અનંત જન્મ-મરણના ચક્રમાંથી છુટકારો મેળવવો છે. તેઓ જ્યાં પહોંચ્યા ત્યાં આપણે પહોંચવું છે.

એક વાત અહીં સમજવા જેવી છે. અન્ય ધર્મ પરંપરાના પ્રભાવે આપણે પણ કહીએ છીએ કે મહાવીરના આત્માનું અહીં અવતરણ થયું. પણ ના, આપણે અવતારવાદમાં વિશ્વાસ નથી કરતા, અવતાર એટલે નીચે ઊતરવું. જ્યાં છે ત્યાંથી નીચે ઊતરે તેને અવતરણ કહેવાય. આપણાં તીર્થંકરોનો અવતાર નથી હોતો પણ ઉત્તાર થાય છે. અર્થાત્ એ ઉપર ચડે છે. અનંતકાળના ભ્રમણમાં જેટલી ઊંચાઈ પર ન પહોંચ્યા હોય એટલી ઊંચાઈ પર આ ચરમભવમાં પહોંચે છે. તીર્થંકરોનો આ છેલ્લો ભવ હોય છે. આ ભવની ચરમ કોટીની, પરમોચ્ચ આરાધના વડે સર્વોત્કૃષ્ટ સિદ્ધિને પામી જાય છે. અને સર્વ કર્મથી મુક્ત થઈ લોકાગ્રે જઈ સ્થિર થઈ જાય છે. ત્યાંથી તેઓને દ્રવ્યથી કે ભાવથી નીચે ઊતરવાનું હોતું નથી. માટે તીર્થંકરોનો અવતાર ગણાતો નથી.

બંધુઓ! આપણાં ચરમ તીર્થંકર, ત્રિલોકીનાથ, ત્રૈલોક્ય પ્રકાશક, શાસનપતિ પ્રભુ મહાવીરના જન્મનું વાંચન આજે આપણે કર્યું. દર વર્ષે કરીએ છીએ. તેમનાં જીવનની કથા પણ જાણીએ છીએ. પરંતુ હું તો તમને કહીશ કે ભગવાન મહાવીરના આત્મા સાથે આપણા આત્માનું અનુસંધાન કરવું છે. આપણા અંતરનો તાર તેઓના આત્મા સાથે જોડવો છે. આપણા અંતરમાં એવા ભાવ જગાવો કે જે ત્યાં સુધી પહોંચે! આપણે પ્રભુને કહીએ કે હે પ્રભુ! તું જેવી આધ્યાત્મિક પરિણામધારાથી પરિણત થઈ રહ્યો છે એવી પરિણતિ મારામાં પણ જાગે. બસ! માત્ર આ એક કારણથી જ તારી સાથે મારું જોડાણ ઈચ્છું છું. બંધુઓ! ભાવના જગાડો. ભાવમાં ઉલ્લાસ લાવો. ભાવનામાં ભરતી લાવો. તો આપણે પણ મહાવીર બની શકીશું.

બંધુઓ! જૈન પરંપરા કહે છે, તમારા સર્વની અંદર મહાવીર સુષુપ્ત દશામાં પડ્યો છે. એક એક વ્યક્તિમાં એ મહાવીરત્વ પડેલું છે તેને જાગૃત કરો. તમારું મહાવીરત્વ જાગૃત કરો તો તમે પણ મહાવીર બની જશો.

મહાવીરનો સંદેશો એ જ છે કે આપણે પણ મહાવીર બનીએ. આપણી આધ્યાત્મિક પરિણતિ પણ એમના જેવી જ બને. આત્મા વિશુદ્ધ થઈ જાય અને સર્વ કર્મનો ક્ષય કરી આપણે પણ સિદ્ધ બુદ્ધ અને મુક્ત થઈ જઈએ.



# વીરનું વીરત્વ

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના ચૈતન્યને સંપૂર્ણપણે જાગૃત કરે છે. આરાધનાના અભાવે જ અસીમ શક્તિ સંપન્ન ચૈતન્ય, નિર્માલ્ય અનુભવાય છે. એકવાર પણ આરાધનાનો રંગ જો એને ચડી જાય તો, ફરી-ફરી આરાધનાના યોગ પણ મળતા રહે તથા એ આરાધના ચૈતન્યને તેની સંપૂર્ણ શક્તિ સાથે જાગૃત કરી દે છે.

ચૈતન્યની જાગૃતિ, ચૈતન્યની નિજાનુભૂતિ, ચૈતન્યની શક્તિઓનું સહજભાવમાં પરિણમન અને એ શક્તિઓનું આચરણમાં આવવું થાય છે ત્યારે સ્થળ-કાળની સીમાઓ તૂટી જાય છે. આત્માએ એક વખત પોતાના પોતને પારખી લીધું પછી શરીરની શક્તિ, શરીરની ઉંમર સાથે બહુ વધારે સંબંધ રહેતો નથી.

આજે પર્યુષણ પર્વનો છઠ્ઠો દિવસ. પાંચ દિવસમાં આપણે ભગવાન મહાવીરના ભૂતકાળના ભવો, તથા ગઈ કાલે, મહાવીર પોતાનું મહાવીરત્વ પ્રાદુર્ભૂત કરવા આ અવની પર ત્રિશલાના ખોળે પુત્રરૂપે પ્રગટ થયા એ પણ જોયું. મહાવીર શિશુ છે. બાળક બનીને આવ્યા છે. પણ શરીરથી જ બાળક છે, તેમનો ચૈતન્ય આત્મા તો આત્મ-મસ્તીમાં ઝૂલી રહ્યો છે. જડ જગતનાં પસારામાં આ બાળક ક્યાંય લોભાતો નથી. જેનો અનુભવ માતાને ડગલે ને પગલે થઈ રહ્યો છે. માતા બાળક વર્ધમાનને ઉછેરી રહી છે. પણ એ સમજે છે કે સર્વ સામાન્ય જેવો આ બાળક નથી. **જગથી જુદેરી એની જાત.** એ ઉક્તિ પ્રમાણે એ સર્વથી જુદો જ છે. વર્ધમાનના આત્માની નિજાનુભૂતિ માતાના અંતઃકરણને પણ સ્પર્શી જાય છે. અને તેથી જ જ્યારે બાળ-શિશુ પારણામાં પોઢ્યો હોય છે ત્યારે માતા ત્રિશલા એને માટે હાલરડાં ગાય છે તે પણ એવા જ ભાવવાહી હોય છે :–

**ત્રિશલા માતા પારણું ઝુલાવે, મહાવીર પોઢે રે.**
**રેશમ દોરે માતા હિંચોળે, મહાવીર પોઢે રે.**
**વીર થજે મારા બાળ જગતમાં**
**ધીર ગંભીર તું થાજે જીવનમાં**
**સ્નેહ થકી તુજ જીવને ભરજે આ સંસાર રે....ત્રિશલા.**
**ઘર ઘર વન-વન ઘૂમી વળજે**
**અહિંસા પરમોધર્મ તું રટજે**
**જિન શાસનની જ્યોત બનીને મુક્તિ વરજે રે...ત્રિશલા.**

માતા ત્રિશલા હાલરડાં ગાય છે તેમાં પણ સંસ્કારનું સિંચન થઈ રહ્યું છે. ધીર-વીર-ગંભીર બનવાની સૂચના આપે છે. જગતમાં હિંસાનું તાંડવ ખેલાઈ રહ્યું છે. માટે ગમે તેટલા કષ્ટો વેઠવા પડે, વેઠીને, વન જંગલમાં ઘૂમીને, જગતનાં વિષ પીવા પડે તો પી જજે અને ઓડકાર અમૃતનો ખાજે, પણ આ વિશ્વને અહિંસાનો માર્ગ બતાવજે. જૈન શાસનની ધ્વજાને વધુ ઉન્નત કરી અંતે ભવોભવની તારી ઝંખનારૂપ મુક્તિને વરજે.

બંધુઓ! માતા પયપાન સાથે જ મુક્તિનો રસ પાઈ રહી છે, આ છે ભારતની સંસ્કૃતિ, અરે! આ તો ૨૫૦૦ વર્ષ પહેલાંની વાત થઈ પણ તે પછી થયેલા સંતોની માતાઓએ પારણામાં ઝૂલતા-અજ્ઞાન બાળકોને અંતરના કેવા અમી પાયાં છે તેનો વિચાર કરીએ ત્યારે જરૂર એમ થાય કે સંતોની મા થવાનું સૌભાગ્ય આવી સદ્‌ગુણી નારીઓને જ મળે. એવી માતાઓએ ગાયું છે –

**सिद्धोसि बुद्धोसि निरंजनोसि, संसार माटा परिवर्जितोसि।**
**संसार स्वप्नं तज मोह निद्रा, श्री कुन्दकुन्दं जननी दमुचे**

કેટલો ઊંચો આદર્શ છે? ઝૂલામાં ઝૂલથાં શિશુને માતા કહે છે, બેટા! તું સિદ્ધ છે, બુદ્ધ છે, મુક્ત છે, નિરંજન-નિરાકાર તારૂં રૂપ છે. તેં ભલે આ સંસારમાં જન્મ લીધો પણ તારે સંસારની માયામાં ફસાવાનું નથી. આ માયા તો લોભામણી છે. પણ તારે તેનો ત્યાગ કરવાનો છે. એટલું જ નહીં મોહની નિદ્રામાં આ સંસાર સ્વપ્નવત્ છે. સંસારમાં જે સુખ દેખાય છે તે મોહનાં કારણે, વાસ્તવમાં સંસારમાં કંઈ નથી. માટે



બેટા! મોહનિદ્રાનો ત્યાગ કરી. તારા ચૈતન્યમાં તારે જ જાગૃત થવાનું છે. આ ઉદ્‌ગાર છે, કુંદકુંદાચાર્યની જનેતાનાં.

વર્ષો પહેલાં થયેલા આ આચાર્ય જૈનોની દિગમ્બર શાખામાં થયા અને તેઓએ અત્યંત સમૃદ્ધ એવા આગમ સાહિત્યની સમાજને ભેટ આપી. આવું અનુપમ કાર્ય એ આચાર્ય કરી ગયા. તેનાં મૂળમાં માતાનાં દૂધનાં સંસ્કાર! જે સંસ્કાર બાળકને સંસારી થવા ન પ્રેરે પણ સાધક થવા પ્રેરે. નિર્ભયતા, નિર્લેપતા, સહિષ્ણુતા, આદિ ગુણોનું સિંચન એવું થાય કે ગમે તેવી પરિસ્થિતિમાં એ બાળક અડોલ રહી શકે!

પૂછો મારી બહેનોને! કેવું-કેવું ગાય? અર્થ વગરનું!

**ભાઈ મારો ડાયો, ને પાટલે બેસી નાયો,**
**પાટલો ગયો ખસી, ને ભાઈ પડ્યો રે હસી.**

અરે! આજના તકલાદી શરીરવાળો ભાઈ! નહાતાં નહાતાં પાટલેથી પડી જાય તો રોકક્ળ કરી મૂકે કે હસે! જોયો છે હસતા કોઈ ભાઈને! અરે એટલું જ નહીં, માનાં આંતરમાં પડેલી વેર-ઝેરની વૃત્તિ, હલકી વૃત્તિ શિશુને પારણામાંથી સાથે મળે. બાળકના પણ કેવા કમનસીબ? મા ગાય–

**મોસાળ મામી જૂઠી, ને ધોકો લઈને રે ઉઠી.**

બાળકનાં કોમળ મનમાં એક વાત બેસી જાય કે મામી નામનું પ્રાણી સારું હોય જ નહીં. હું મોસાળ જઈશ એટલે મામી મને મારશે. આ શું છે? માની તુચ્છ વૃત્તિ! સંકુચિત દૃષ્ટિ અબોધ શિશુના મનમાં આવા ભાવો ભરી દે છે પણ માને ખબર નથી, પરિણામ શું આવશે! પછી બાળકમાં ઉત્તમ સંસ્કારો આવે કઈ રીતે?

મા, ત્રિશલાએ આજની માતાઓ ગાય છે એવું નો'તું ગાયું. એણે તો જગતનાં ઝેરને ઝીરવી મહાન બનવાનાં પયપાન કરાવ્યાં હતાં એટલે જ એનો શિશુ જગનાયક બન્યો, ત્રિલોકીનાથ થયો, વિશ્વવંદ્ય પરમાત્મા થયો.

આ ઉત્તમ હાલરડાં સાંભળતા-સાંભળતાં વર્ધમાન મોટા થઈ રહ્યા છે. એ જાણે છે પોતે સિદ્ધ છે, બુદ્ધ છે. માના મુખેથી નીકળેલ ગીતો પણ આ ભાવોને વધુ ને વધુ પુષ્ટ કરી રહ્યા છે. અધ્યાત્મભાવો વધુ પરિપક્વ થઈ રહ્યા છે. માતાને રાજી રાખવા, નિર્દોષ બાળક જેવા તોફાન કરી રહ્યાં છે. એના તોફાનમાં પણ તેનું આત્મતેજ ચમકે છે.

એક વારની વાત છે. દાસીઓ માતા ત્રિશલાનું માથું ગૂંથી રહી છે. સુંદર માથું ગૂંથી બગીચામાંથી લાવેલા સુગંધી પુષ્પોની વેણીથી માતાનો શૃંગાર કરી રહી છે. બાળ વર્ધમાન ત્યાં જ આસપાસ રમી રહ્યા છે. ત્રણ વર્ષની માત્ર ઉંમર છે. દાસીઓ દ્વારા થતી સજાવટને એક નજરે જોઈ રહ્યા છે અને એકાએક રડવા માંડ્યા. માતા ગભરાણી, શું થયું મારા લાલને? દોડીને તેડી લે છે.

'લાલૂ! શું થયું બેટા, કેમ રડે છે?'

'મા! ફૂલને કેમ મારી નાખ્યા?'

'ક્યાં માર્યાં છે બેટા! ડીળીઓથી ચૂંટ્યા છે. જો બેટા! કેવા સુંદર છે ફૂલ! કેવી મીઠી સુગંધી આવી રહી છે. લે! જો સૂંઘ એને!'

'મા! આ ફૂલ ડાળીઓ પર રહેવા માટે છે. તારા માથાના શૃંગાર માટે નથી! તને ખબર છે મા! ડાળી પરથી ફૂલને ચૂંટી લઈએ તો એ મરી જાય! મા? મરેલા ભૂલથી તારા શરીરને તું શણગારે છે? શણગાર આનાથી ન થાય. મા તારું સૌંદર્ય તો તારામાં જ છે. તારો શણગાર તું તારામાંથી જ કર. મા, ફૂલોથી ન કર!'

'બેટા! હું કાંઈ સમજી નહીં. આ ફૂલ ક્યાં મર્યાં છે? જો કેવા પ્રફુલ્લિત છે?'

'મા! તને એ પ્રફુલ્લિત દેખાય છે. મને તો મરેલા દેખાય છે.'

જો, આમાં જરા-જરા જીવ બચ્યો છે. બાકી મરી ગયાં! મા, મને બહુ દુઃખ થાય છે. ફરી ફૂલને ન ચૂંટીશ, મા!'

બંધુઓ! આ શું છે! ત્રણ વર્ષના બાળકમાં આ સમજણ? હા, મતિ-શ્રુતિ-અવધિ ત્રણ જ્ઞાન સાથે લઈને જન્મ્યો છે. પોતાના જ્ઞાનથી તેને બધે જ આત્માનાં દર્શન થાય છે. એણે ફૂલમાં આત્માને જોયો.

એ જ રીતે એકવાર મા વર્ધમાનને લઈ પાસેના બગીચામાં ફરવા ગઈ છે. લીલા ઘાસની લોનમાં મા, દાસીઓ સાથે ચાલી રહી છે. વર્ધમાન ન આવ્યો. દૂર ઉભો છે. મા બોલાવે છે. 'બેટા! આવ, જો અહીં કેવું સુદંર લીલું-લીલું ઘાસ છે. કેટલી ઠંડક છે. આવ' વર્ધમાન આવ્યો તો નહીં પણ માને કહેવા લાગ્યોઃ

'મા, એ ઘાસનાં જીવોને તે શા માટે કચરી નાખ્યાં? એને કેટલી પીડા થઈ રહી છે? જો એના ઉઝરડા મારી પીઠ પર પડ્યા છે!'



માએ દોડીને વર્ધમાનને લઈ લીધો. તેની પીઠ પર જોયું તો તાજા જ ઉઝરડાના નિશાન હતાં. એમાંથી લોહી ફૂટવાની જ વાર હતી, મા શરમાઈ ગઈ, દુઃખી થઈ. ત્રણ-ચાર વર્ષના અબોધ શિશુની દૃષ્ટિ ક્યાં ક્યાં પહોંચે છે? વાત-વાતમાં એ માતા-પિતાને સર્વને ટોકે છે. સૂક્ષ્મ જીવની હિંસા પણ એનાથી સહન નથી થતી. વર્ધમાનની આવી વાતો ક્યારેક માતાને ગમે છે, ક્યારેક સારી લાગે છે, તો ક્યારેક આશ્ચર્ય પણ ઉપજાવે છે.

ભગવાન મહાવીરનું જીવન અનેક પ્રસંગ-રંગોથી ભરેલું છે. અહીં આપણે તેમાનાં થોડા પ્રસંગો જોઈશું. એક પ્રસંગ તો બહુ પ્રસિદ્ધ છે. વર્ધમાન આઠ વર્ષનાં છે અને અન્ય બાળકો સાથે રમી રહ્યા છે. ત્યાં એક મોટો ભયંકર સાપ નીકળ્યો. બધા જ બાળકો ડરીને આમ તેમ ભાગી ગયા. વર્ધમાન ન ડર્યા. તેણે પેલા સાપને ઉઠાવી દૂર-દૂર ફેંકી દીધો. આપણે સહુ જાણીએ છીએ આ પ્રસંગ, પણ કદી ઊંડાણમાં જઈ વિચાર્યું છે કે જે કરૂણાસાગર પ્રભુના અંતઃકરણમાં ફૂલ પ્રત્યે કરૂણા હોય, એકેન્દ્રિય એવા લીલા ઘાસ માટે અનુકંપા છલકાતી હોય તે સાપ જેવા પ્રાણીને ફેંકી દઈ શકે ખરા? ન જ બની શકે!

આ પ્રસંગને આપણે યથાર્થતામાં સમજીએ. બન્યું એવું કે વર્ધમાનના જન્મ પછી તેના બાલ્યકાળનાં સાહસ અને શૌર્ય, બલ અને પરાક્રમની યશોગાથા ચારે બાજુ ફેલાઈ. તે સ્વર્ગલોક સુધી પહોંચી. એકવાર સભામાં દેવરાજ ઈન્દ્ર મૃત્યુલોકના આ અસાધારણ બાળકની વિશેષતાની પ્રશંસા કરે છે. સાંભળી સહુ દેવો હરખાયા પણ સંગમ નામના એક દેવને એમ થયું, કેવી જૂઠી પ્રશંસા? સ્વર્ગ દેવતાની તુલનામાં મૃત્યુ લોકનો માનવ ઊભો જ ન રહી શકે! સંગમના અંતરમાં ઈર્ષ્યા જાગૃત થઈ. ઈર્ષ્યા તત્ત્વ ત્રણે લોકમાં સમાનરૂપથી વ્યાપ્ત છે. પોતાને ગમે તેટલું મળ્યા પછી, બીજો એનાથી ચડિયાતો કેમ કહેવાય? એ સહન ના થાય અને ઈર્ષ્યા જાગે જ જાગે. સંગમે આ અનોખા બાળકની પરીક્ષા લેવા ધાર્યું. જોઉં કેવી શક્તિ છે, કેવું સાહસ છે. કેવી વિશેષતા છે એનામાં?

સંગમ ભયંકર વિકરાળ મોટા સર્પનું રૂપ લઈને આ બાળકો રમતાં હતાં ત્યાં આવ્યો. બાળકો ઝાડની ડાળીઓ પકડી-પકડી બેઠાં હતાં. સાપને જોઈ સહુ બાળકો ડર્યાં. ભયભીત થઈ ભાગી છૂટ્યાં. જ્યારે

વર્ધમાન બિલકુલ નિર્ભયતાથી સાપ જે ડાળ પર હતો તેની સામેની ડાળ પર બેઠા. અવધિજ્ઞાનની શક્તિ ધરાવનાર વર્ધમાન જાણી ગયા હતા કે આ સાચો સાપ નથી. સાપનું રૂપ ધારણ કરી દેવ આવ્યો છે. તેથી સામે બેસીને તેની સાથે વાતો કરે છે.

'નાગરાજ! કેવા સુંદર છો તમે? મને તમારું સૌંદર્ય બહુ પ્રિય લાગે છે. ચાલો આપણે બન્ને રમશું?'

બંધુઓ! તમને થશે આ તો કલ્પના માત્ર! શું આવું બની શકે? આઠ વર્ષનો બાળક આવી નિર્ભયતા દાખવી શકે? હા, હું તમને એક સામાન્ય બાળકની વાત કહું. ઊંટી પાસે કુનૂરમાં એક જૈન પરિવાર રહે છે. તેની લગભગ ૧૪-૧૫ વર્ષની દીકરીના હૃદયમાં પશુ-પંખી, જંતુઓ પ્રત્યે એટલો પ્રેમ છે કે આપણે કલ્પના ન કરી શકીએ. જે જંતુઓને જોઈ મોટી ઉંમરનાં સ્ત્રી-પુરુષો ડરે કે દૂર ભાગે, તેની સાથે તે રમે. દિવાલ પર ચાલી જતી-ગરોળીને ધીરેથી પકડે, તેને પંપાળે, તેને ચૂમે, અને મમ્મી પાસે લઈ જઈ કહેઃ મમ્મી, જો તો આના શરીરનો રંગ કેવ સુંદર છે. જેને જોવી પણ ન ગમે જોતાં જ આપણા મનમાં ઘૃણા પેદા થાય એવી ગરોળીને એ પ્રેમ કરે. આમ અનેક જીવ-જંતુ સાથે એ વાતો કરે. માનવ-બાળ પર એવો પ્રેમ નહીં પણ પ્રાણી સૃષ્ટિ એને બહુ વહાલી! કહો, જો આ યુગમાં એક સામાન્ય બાળા આટલી નિર્ભય અને પ્રાણી જગત પર પ્રેમ ધરાવનાર હોય તો વર્ધમાનની તો શું વાત કરવી! એમના અંતરમાં તો વિશ્વનાં સમસ્ત જીવો પ્રત્યે અખૂટ વાત્સલ્યની ધારા વહેતી હતી. તેઓ માટે શું અશક્ય?

હા, તો તેઓ નાગરાજ સાથે વાત કરે છે 'નાગરાજ! તમારી ફેણ કેટલી કોમળ છે, કેટલી મુલાયમ છે. જાણે રેશમની શૈય્યા! શું મને તમારી ફેણ પર ન બેસવા દો?' સાંભળીને દેવનો ગર્વ ગળી ગયો. આવડા બાળકમાં આટલું સાહસ? આવી નિર્ભયતા? આટલો પ્રેમ? અને દેવ ખુશ થઈ ગયો. પોતાની ફેણ ફેલાવી, પોતે જ એ બાળ વર્ધમાનને ઉઠાવી પોતાની ફેણ પર બેસાડી દીધો. વર્ધમાન નાગની ફેણ પર બેસી મોજ કરી રહ્યા છે. તેને મઝા આવે છે અને દેવની ખુશી પણ સમાતી નથી. વળી વર્ધમાન પોતાના શરીરને સાવ હળવું કરી નાખ્યું. જેથી સાપને વજન ન લાગે. કેટલી કરૂણા? કોઈ જીવન એ દુભાવવા નથી માગતા.



થોડી વાર પછી સાપરૂપ દેવ પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયા અને વર્ધમાનને ખોળામાં બેસાડી વહાલ કરવા માંડ્યા. બીજા બાળકો દૂર ઊભા-ઊભા બધો જ ખેલ જોઈ રહ્યા છે. દેવે વર્ધમાનને પૂછ્યું:

'બેટા! તારૂં નામ શું?'

વર્ધમાન ઉત્તર આપે છે. 'લોકો મને વર્ધમાન કહે છે.'

'હા બેટા! તું વર્ધમાન તો છે જ. રાત-દિવસ તારી વૃદ્ધિ થવાની જ છે. પણ તારું સાહસ અને શક્તિ જોઈને, તારી વીરતા અને નિર્ભયતા જોઈને હું તને વીર જ નહીં, મહાવીર કહીશ!'

અને ત્યારથી મહાવીરના નામે એ પ્રસિદ્ધ થઈ ગયા. આપણે પણ તેમને મહાવીરના નામે જ ઓળખીએ છીએ. બંધુઓ! મહાવીરની આ કરૂણા હતી, તેને સર્વ શરીરોમાં આત્માનાં દર્શન થતાં હતાં. વળી **આત્મવત્ સર્વ ભૂતેષુ** – જેવા પોતાનો આત્મા એવો જ અન્યનો આત્મા. તેઓ સાપ સાથે આવો ક્રૂરતાનો વ્યવહાર કરી જ કેમ શકે?

છતાં પ્રશ્ન એ છે કે તો આ વાતની પરંપરા ચાલી કેમ? આજ સુધી આપણે આમ જ સાંભળતા આવ્યા છીએ? શું કારણ?

તેનું પણ કારણ છે. જરા સૂક્ષ્મતામાં જઈ વિચાર કરીએ. ભારતમાં અનેક ધર્મ-પરંપરા છે. ભિન્ન-ભિન્ન સંસ્કૃતિઓ છે. એક સંસ્કૃતિનો પ્રભાવ અન્ય સંસ્કૃતિ પર પડ્યા વિના ન રહે. હિન્દુ પરંપરામાં સાંભળ્યું છે કે શ્રીકૃષ્ણે જમનાનાં જળમાં જઈ કાળીનાગને નાથ્યો. નાગનું દમન કર્યું અને બાલ્યવયમાં જ પોતાની શૂરવીરતાનો પરિચય આપ્યો. જ્યારે આ કહાની જૈનો સામે આવી ત્યારે કોઈકે વિચાર્યું હશે કે કૃષ્ણ આવું સાહસ અને નિર્ભયતા બતાવી શકે તો શું આપણા મહાવીર કંઈ ઓછા હોય! તેમનામાં શક્તિ અને સાહસ ન હતાં શું? નિર્ભયતા ન હતી શું? તો તેમણે જોડી કાઢ્યું કે મહાવીર તો વિના શસ્ત્રે એક હાથથી ભયંકર વિષધરને ઉછાળી દૂર ફેંકી દઈ શકે એવી શક્તિ ધરાવતા હતાં, ગ્રન્થોના આ પ્રસંગોમાં આ રીતે ઓપ આપવામાં આવ્યો અને કથા પ્રચલિત થઈ! પણ બંધુઓ, જેનું રોમ-રોમ કરૂણાથી ભર્યું છે તે અહિંસાના પૂજારી મહાવીર આવી ક્રૂરતા આચરી જ ન શકે.

આવી જ એક બીજી વાત. એક દેવ, બાળકનું રૂપ લઈને મહાવીર અન્ય બાળકો સાથે રમી રહ્યાં છે ત્યાં રમવા આવ્યો. પોતે હારી ગયો અને

મહાવીરને પોતાના ખભા પર બેસાડ્યા. મહાવીર બેઠાં એટલે તેમને ડરાવવા માટે પોતાનું રૂપ વિકરાળ અને બિહામણું બનાવ્યું. પણ એ શાના ડરે! એમણે તો જોરથી એક મુષ્ટિનો પ્રહાર દેવના માથા પર કર્યો અને દેવ અર્ધો જમીનમાં ઘૂસી ગયો!

ના, આ વાત પણ યોગ્ય નથી. મહાવીરને મુષ્ટિ પ્રહારની જરૂર જ ન હોય, ચરમ શરીરી જીવ, જેની આત્મ પરિણામધારા શુદ્ધ દશામાં પરણિત થઈ રહી છે. તેમનાં શરીરમાંથી છૂટતાં પરમાણું પણ પાવન હોય, મહા શક્તિશાળી હોય દેવે જ્યારે મહાવીરને પોતાનાં ખભા પર બેસાડ્યા હશે ત્યારે મહાવીરના શરીરના સ્પર્શથી, તેમના પવિત્ર પરમાણુના સ્પર્શથી દેવ શાંત બની ગયો હશે. મહાવીરની પરીક્ષા લેવાની કે તેમને ડરાવવાની વૃત્તિ પણ આપોઆપ જ ઉપશમી ગઈ હશે. પણ આપણી દૃષ્ટિ માત્ર સ્થૂલતાને જ માપી શકે છે. સૂક્ષ્માતામાં જઈને જોતા આપણને આવડતું જ નથી. આપણે આપણા માપથી જ બધાને માપીએ પણ બંધુઓ! એ મહામાનવને આપણી ફૂટપટ્ટી નાની પડે. એનાથી ન મપાય.

જેમને ક્ષાયિક સમકિત છે. સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યના ગુણોથી જેનો આત્મા સરાબોર ભર્યો છે તેઓને કોઈ દેવ, માનવ કે પશુરૂપ નથી દેખાતું પણ બધા જ આત્મા દેખાય છે. તેઓ કદી કોઈને, કોઈપણ કારણે જરા માત્ર પણ દુ:ખ દઈ શકે ખરા? તો બંધુઓ! પ્રભુ મહાવીરના જીવનમાં ઘટિત થયેલી ઘટનાઓને યથાર્થ રૂપે જાણવાનો પ્રયાસ કરીએ. ખરેખર! આપણે સહુ મહાવીરના અનુયાયી કહેવડાવીએ છીએ પણ મહાવીરને મહાવીરરૂપે ઓળખ્યા નથી. મહાવીરને ઓળખવા માટે આપણી દૃષ્ટિને બદલવી પડશે. આ ચક્ષુથી પ્રભુને નહીં ઓળખી શકીએ! મહાવીરના જીવનમાં બનેલી ઘટનાઓને યથાર્થ દૃષ્ટિકોણથી મૂલવતાં શીખીએ તો જ મહાવીરનું સાચું સ્વરૂપ આપણી સામે આવશે.

અને ખરેખર લોકોની દૃષ્ટિએ તોફાન દેખાય એવા કાર્ય પણ વર્ધમાન કરતો હતો. રાજ્યનું એક પ્રાણી-સંગ્રહાલય હતું. વર્ધમાન ૭-૮ વર્ષનો છે. તેથી તેને એ જોવા માટે લઈ ગયા. અનેક જાતના પશુ અને પંખીઓથી આખુંય સંગ્રહાલય ભર્યું હતું. આ જોઈને અન્ય બાળકો તો ખુશ થાય. નાચે-કૂદે, પણ વર્ધમાનને તો આ જોતાં જ આંખો ઉદાસ થઈ ગઈ. ઘરે આવીને મા સાથે ઘણી ચર્ચા કરી. શા માટે મુક્ત ગગનમાં ઊડતા



પક્ષીઓને કેદમાં પૂર્યા છે! શા માટે એની સ્વતંત્રતા છીનવી લીધી છે? કયો અધિકાર છે તમને? આમ વર્ધમાનનું અંત:કરણ તો વ્યાકુળ થઈ ગયું. એને ક્યાંય ચેન પડતું નથી.

એક દિવસ કોઈનેય કહ્યા વિના, જ્યાં પ્રાણીઓ હતાં ત્યાં પહોંચી ગયો. પોતાના પ્રભાવથી પેહેરેગીર અને અન્ય માણસોને ત્યાંથી દૂર જવા કહ્યું અને પાંજરામાં રહેલા પશુ-પંખી સહુને છોડી મૂક્યા. મુક્ત થયેલા પશુ-પંખી ગેલમાં આવી જઈ પોત-પોતાને માર્ગે દોડી ગયાં.

મહારાજા સિદ્ધાર્થને જાણ થઈ કે આખુંયે સંગ્રહાલય ખાલી પડ્યું છે. શું થયું અને કોણે આ કર્યું? તે કોઈ જાણતું નથી! સંગ્રહાલયના રખેવાળો પણ પોત-પોતાના ઘરે ચાલ્યા ગયા છે. રાજા સિદ્ધાર્થે ત્રિશલાને પૂછ્યું કે આ શું છે? ત્રિશલા કંઈ જવાબ આપી શકતા નથી. ત્યારે મહારાજા, વર્ધમાનના આ કાર્ય પાછળ પડેલી કરૂણાને જાણી શકતા નથી. પણ નાનકડા કુમારનાં તોફાનો દિન-પ્રતિદિન વધી રહ્યા છે, વધતાં જ જાય છે. હવે કુમાર કાબૂમાં રહેતો નથી. એમ સમજી જો તેને ગુરુકુલમાં ભણવા મૂક્યો હોય તો કંઈક શાંત થશે, આવું વિચારવા માંડ્યા અને રાજા સિદ્ધાર્થ સારો દિવસ જોઈ વર્ધમાનને ભણવા માટે ગુરુકૂળમાં લઈ ગયા. સુંદર અને તેજસ્વી બાળકને જોઈ ગુરુ પણ ખુશ થયા. બાળકને શિક્ષાનો પ્રારંભ કરાવે છે. એ સમયે બાળકોને ધર્મનું જ્ઞાન પહેલું દેવામાં આવતું અને પ્રારંભ પણ એનાથી જ થતો. પ્રથમ ભગવાનનું નામ શીખવવામાં આવતું. આજ ક્યાંથી શરૂ થાય છે? Dog-ડોગ, Cat-કેટ, તમારા બાળકો કૂતરાં-બિલાડાંથી ભણવાનું શરૂ કરે છે અને તેનાથી ડરે છે.

વર્ધમાનને કુલપતિ પ્રથમ જ શીખવાડે છે!

'બોલો બેટા! ૐ નમો ભગવતે શ્રી અરિહન્તાય.'

વર્ધમાન કુમાર બોલે છે:

'ૐ નમો ભગવતે શ્રી મહાવીરાય.'

'અરિહન્તાય બોલ બેટા, એ ભગવાનનું નામ છે.'

જે ભગવાનને મેં જોયા નથી તેમનું નામ કેવી રીતે બોલું? તેમને નમન કેવી રીતે કરું? સંગમ દેવે જે ભગવાન બતાવ્યા, તેમનું નામ બોલું છું, તેમને વંદન કરુ છું.'

બાળક વર્ધમાન શું બોલે છે તે કોઈ સમજી શક્યુ નહીં. કુલપતિ તેમજ અન્ય વિદ્યાર્થીઓ માત્ર હસી રહ્યા છે. કુલપતિએ શાસ્ત્રો ખોલી તેમાંથી શ્લોક બોલાવવા શરૂ કર્યા. તો કહે :

'આ જૂના શ્લોક છે, તેમાં શું બોલવું? હું તો એવું ન બોલું. મારી સામે જે આવે, જે જોઉં જે જાણું તે જ બોલું.'

અને સહુના આશ્ચર્ય વચ્ચે નવા-નવા, સ-રસ, સરલ, અર્થગંભીર શ્લોક સ્વયં રચતો જાય છે અને બોલતો જાય છે. તેની અલૌકિક પ્રતિભા અને અસાધારણ પ્રજ્ઞા તેજ જોઈ કુલપતિ અંજાઈ ગયા. આ બાળકને ભણાવવાનું મારું ગજું નથી એમ સમજી તે જ દિવસે સાંજે તેને વિદાય આપી દીધી.

જેનો આત્મા જ્ઞાન-તેજની દિપ્તિથી દિપ્ત છે તેને કોણ ભણાવી શકે? એના તેજ સામે ભલભલા પંડિતો પણ ઝૂકી જાય છે. તેના જ્ઞાન તેજ આગળ સહુ ઝંખવાણા પડી જાય છે. કુમારને કોઈ ભણાવી શક્યું નહીં. ભણાવવાની જરૂર પણ ક્યાં હતી? કેવળજ્ઞાન-સંપૂર્ણજ્ઞાન પ્રગટ થવા માટે પ્રતીક્ષા કરી રહ્યું છે. તેને શું ભણતર??

સમય વ્યતીત થતાં યુવાન થયાં. ૩૦ વર્ષની ઉંમરે વડીલ બંધુ નંદી વર્ધનની આજ્ઞા લઈને દીક્ષા લે છે. અહીં પણ કેટલાંક લોકો કહે છે કે મહાવીર સ્વામીને તીર્થંકર થવાનું હતું છતાં મા-બાપને દુઃખી નથી કર્યાં, માતા-પિતા જીવિત હતા ત્યાં સુધી દીક્ષા નહીં લઉં એવો નિશ્ચય કર્યો હતો. આ ઉદાહરણ આજ-કાલ દીક્ષા લેવા તૈયાર થાય તેવા ભાઈ-બહેનોને અપાય છે કે તમે મહાવીરથી પણ આગળ વધ્યા? મા-બાપને દુઃખી કરો છો. પણ કહેનાર એ વિચારતા નથી કે મહાવીર જ્ઞાની હતાં. તેઓ જાણતાં હતા કે માતા-પિતાના મૃત્યુ પછી પણ પોતાનું આયુષ્ય કેટલું છે! અને બીજું, પોતાને જે જીવો સાથે સંસારમાં રહી ઋણાનુબંધ ભોગવવાના હતા, એ કેટલા સમયનાં છે એ પણ તેઓ જાણતા હતા.

આપણે તો જાણતા નથી કે મા-બાપનું આયુષ્ય કેટલું છે અને સંતાનનું કેટલું છે? ક્યારેક માતા-પિતા પહેલાં પણ સંતાન ચાલ્યા જાય, તેથી મહાવીરનું આવું અનુકરણ કરવાનું ન હોય. તેઓએ જે સાધના કરી તેનું અનુકરણ થાય તો કરવું જરૂરી છે. વળી મહાવીર તો કલ્પાતીત પુરુષ



હતા. તેમના જીવન સાથે આપણી તુલના થાય નહીં. તે ક્યાં અને આપણે ક્યાં?

કેટલાક લોકો એવો પણ પ્રશ્ન પૂછે છે કે મહાવીર જ્ઞાની હતા. તેઓ જાણતા હતા કે સંસાર પાપમય છે તો તેમણે લગ્ન શા માટે કર્યા? ભોગનો ત્યાગ પહેલેથી જ કેમ ન કર્યો? પણ મહાવીર એ જાણતા હતા કે યશોદા સાથે પતિ-પત્ની તરીકેનાં ઋણાનુબંધ છે, તે આ ભવે જ પૂર્ણ કરવાનાં છે. હવે પછી ભવ નથી. તેથી સારા કે ખરાબ વૈરાનુબંધ કે પ્રેમાનુંબંધ બધાં જ આ ભવે ભોગવી લેવાનાં છે. તેથી ૩૦ વર્ષની ઉંમર સુધી સંસારમાં રહેવું જ પડ્યું.

તે પછી એકાકી સ્વયં દીક્ષા લીધી. તમે જાણો છો કે તીર્થંકરને કોઈ ગુરુ ન હોય. તેઓ પૂર્વ ભવોની સાધનાના કારણે સ્વયંબુદ્ધ જ હોય. હા, માત્ર એક એવી પરંપરા છે કે તીર્થંકર જાણતા હોય કે હવે સંસાર છોડી સાધુ થવાનો સમય પાકી ગયો છે. તેઓ તૈયાર જ હોય છતાં ઈન્દ્ર મહારાજા આવી તેઓને વિનંતિ કરે કે 'પ્રભુ પ્રવજ્યા ગ્રહણ કરી તીર્થ-પ્રવર્તન કરો!' અને પ્રભુ સ્વયં દીક્ષા લઈ ચાલી નીકળે.

વર્ધમાન કુમાર પણ સ્વયં દીક્ષિત થઈ વનની વાટે ચાલી નીકળ્યા. એકાકી છે. કાલનો રાજકુમાર આજે ખુલ્લા શરીરે, ખુલ્લા પગે, ખુલ્લા મસ્તકે નવમાં વિચરી રહ્યો છે. ત્યારે ન હતા ઉપાશ્રય કે ન હતા ભવન, ક્યાંક જંગલમાં, એકાંતમાં, ગુફામાં, મકાનમાં, ખંડેરમાં ધ્યાન ધરી ઊભા રહી જાય છે. સર્વથા નિર્લેપ, અંતર-બાહ્ય દિગંબર. ન તો શરીર પર વસ્ત્રનો પરિગ્રહ છે. ન અંતરમાં વૃત્તિઓનો સંગ્રહ છે. બાહ્યાંતર નિગ્રંથ બન્યા છે.

સાપ કાંચળી ઉતારીને ભાગે તેમ સર્વથા, સર્વસ્વ છોડી દીધું છે. સાપ શા માટે કાંચળી ઉતારે, જાણો છો? સાપને વરસમાં એકવાર શરીર પરની ચામડીની ખોળ ઉતારી નાખવી પડે. કારણ જૂની ચામડી સુકાઈને સંકોચાવા માંડે, એ સાપના સુંવાળા શરીરને ખૂંચવા માંડે, જે વેદના અસહ્ય હોય. કેટલા દિવસ સુધી એ પીડા સહન કરવી પડે. જ્યાં સુધી આખા શરીરની પૂરી ચામડી સુકાઈ ન જાય અને નવી ચામડી પૂરી ન આવી જાય ત્યાં સુધી તેનો ત્યાગ ન થઈ શકે. પણ જે ક્ષણે બધી જ ત્વચા

સુકાઈ જાય તે ક્ષણે જ તેને શરીર પરથી ઉતારીને એવો ભાગે કે પાછું વાળીને જુએ નહીં. એ ચામડીએ તેને એટલી પીડા આપી હોય કે પાછું વાળીને જોવાની ઈચ્છા ન રહે!

કેવી સુંદર ઉપમા આપી છે, સંસાર ત્યાગીઓને! સાંપના કાંચળીની જેમ સાધુ સર્વસ્વનો ત્યાગ કરી સંસારથી ભાગી છૂટે છે. ફરી તેની સામું જોતો નથી. સંસારના સંબંધો, સર્વ બંધનો જેને ખરેખર પીડાકારી લાગ્યા છે તેને જ એ અંતરથી છૂટી જાય છે. જ્યારે અંતરથી છૂટે પછી તેનાં પ્રત્યે જરા પણ આસક્તિ નથી રહેતી. પ્રભુ મહાવીરે ઘણા ભવોમાં આ પીડાને અનુભવી છે. જે તેઓ જાણે છે તેથી જ સર્વસ્વનો ત્યાગ કરી એકલા ચાલ્યા ગયા.

દીક્ષા લીધા પછી જ્યાં-જ્યાં વિચર્યાં ત્યાં-ત્યાં ખૂબ-ખૂબ પરિષહો ઉપસર્ગો સહ્યા છે. બંધુઓ! ભૌતિક સંસારમાં કંઈક પામવું હોય તો પણ કેટલું સહન કરવું પડે છે! તો આ તો ભવ-ભવની યાત્રામાં જે નથી પામ્યા તેવું અપૂર્વ પામવું છે, તો સહન કર્યા વગર ક્યાંથી મળી શકે?

અહીં થોડી તત્ત્વજ્ઞાનની વાતે કરી લઈએ. છે તો થોડી સૂક્ષ્મ અને ગહન છતાં સમજવા જેવી છે તેથી કહું છું. જીવ જ્યારે આત્મવિકાસ કરતો ગુણસ્થાનનાં ક્રમમાં આગળ વધે છે ત્યારે જીવને બે વખત અપૂર્વકરણ થાય છે. અપૂર્વકરણ એટલે જે ભાવધારા આજ સુધી કદી ન આવી હોય. પૂર્વે નથી થયું તે થાય તેનું નામ અપૂર્વ.

અનાદિકાળનાં મિથ્યાત્વી જીવને શુભ ભાવો ઘણી વાર આવે. પુણ્યબંધ થાય પણ જ્યાં સુધી શુદ્ધ આત્મદશાની અપૂર્વ ભાવધારા જાગૃત ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શનનો સ્પર્શ ના થાય. કદી નહીં આવેલા એવા ભાવ કે જે મિથ્યાત્વ દશાને તોડી નાખે, રાગદ્વેષને મંદ કરી નાખે એ ભાવોને અપૂર્વકરણ કહે છે. આ કરણ આવ્યા પછી અનિવૃત્તિકરણ આવે કે જેનાં કારણે જીવને સમ્યગ્દર્શન થાય જ. તો આ અપૂર્વકરણ તે સમ્યગ્દર્શન માટેનું અપૂર્વકરણ.

બીજું અપૂર્વકરણ થાય તે આઠમાં ગુણસ્થાને જે ચારિત્રના ભાવોનું હોય. પ્રથમ અપૂર્વકરણ કરતાં પણ આ અપૂર્વકરણ માટે અત્યંત પ્રબળ પુરુષાર્થ કરવાનો હોય છે. આઠમાં ગુણસ્થાન પહેલાં, સમ્યગ્દર્શન થયા પછી



જીવ પાંચમા. છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનને સ્પર્શે છે. સાતમું ગુણસ્થાન અપ્રમત્ત ભાવોનું હોય છે. સાતમે ગુણસ્થાને પહોંચેલો સાધક આત્મ-સ્થિરતામાં લીન થઈ ગયો હોય. આત્મ-સ્વરૂપની અપ્રતિમ રમણતા હોય. તે આત્મામાં એવો તન્મય થઈ ગયો હોય કે દેશ-કાળનું તેને ભાન ન રહે.

એક વાત અહીં સમજવા જેવી છે તે એ કે પંચમહાવ્રતધારી મુનિ પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિનું યથાર્થ પાલન કરે. આવશ્યક પ્રતિક્રમણ પ્રતિલેખન, આવશ્યક આદિ ક્રિયાઓ તેના સમયે કરે. પણ આવા યથાર્થ મુનિનાં અંતરની ભાવધારાનું ઉત્થાન થાય અને તે સાતમા ગુણસ્થાનની દશાને પામી જાય. પોતાની આત્માનુભવમાં એકાગ્ર થઈ જાય અને પ્રતિક્રમણ કે પ્રતિલેખનનો સમય ચાલ્યો જાય. મુનિ એ ન કરી શકે તો પણ મુનિને દોષ લાગતો નથી. કારણ મુનિધર્મની ક્રિયાઓનું કરવું તે છઠ્ઠા ગુણસ્થાનની દશા છે. અને આત્મ-સ્વરૂપની રમણતામાં લીન થઈ જવું તે સાતમા ગુણસ્થાનની સ્થિતિ છે. વધુ ઉત્કૃષ્ટ ભાવમાં રહ્યા તેથી દોષ ન લાગે.

કોઈ કહેશે, એ સમયે મુનિ શા માટે ધ્યાન કરે? ઉત્તર એ છે કે ધ્યાન કોઈ કરવાની ચીજ નથી. એ તો સહજરૂપે થઈ જાય છે. અત્યારે આપણે જે ધ્યાન કરીએ છીએ કે કરાવીએ છીએ એ તો ધ્યાનદશાને સાધવા માટેની પૂર્વ પ્રક્રિયા છે. એકાગ્રતા કેળવવાની પ્રેક્ટીશ છે, તો આવી સહજ ધ્યાનદશા તે સાતમા ગુણસ્થાનની સ્થિતિ છે.

પ્રભુ મહાવીરનો આત્મા સંયત દશામાં છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનના ભાવોમાં ઝૂલી રહ્યા છે. ત્યાર પછીનું ગુણસ્થાન તે આઠમું અપૂર્વકરણ ગુણસ્થાન છે. આ ગુણસ્થાને જીવ, આવે ત્યાંથી શ્રેણી શરૂ કરે. ક્ષપકશ્રેણીથી આગળ વધે તો નવમા-દસમા ગુણસ્થાને થઈ બારમાને સ્પર્શે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય. અર્થાત્ આઠમાં ગુણસ્થાન માટે થતું ચારિત્ર દશાનું અપૂર્વ-કરણ આવે પછી જ જીવ કેવળજ્ઞાન સુધી પહોંચી શકે અને તે પણ માત્ર બે ઘડીમાં જ, વધુ સમય ન લાગે.

અહીં આ ચર્ચા આપણે એટલા માટે કરી કે સાતમા ગુણ-સ્થાનથી આગળ વધી અપૂર્વકરણમાં ક્ષપક શ્રેણીએ જીવ જો આગળ વધે તો માત્ર બે ઘડીમાં કેવળજ્ઞાનને લઈ લે. જ્યારે પ્રભુ મહાવીરને આટલું પ્રાપ્ત કરવા માટે બાર વર્ષ અને તેર પખવાડિયા સુધી પુરુષાર્થ કરવો પડ્યો. જ્યાં

માત્ર બે ઘડીમાં પહોંચી શકાય ત્યાં પહોંચતા સાડાબાર વર્ષ!

વિચારો બંધુઓ! મહાવીર જેવા આત્માને આટલો સમય અને આટલો પ્રબળ પુરુષાર્થ કરવો પડ્યો તો આપણું શું? ક્યાં છીએ આપણે? એટલા લાખ કે એટલા કરોડ વર્ષે પણ આપણે ત્યાં પહોંચી શકીએ તો પણ આપણાં સદ્‌ભાગ્ય! કેટલા પુરુષાર્થની જરૂર છે આપણે! કલ્પનામાં ઊતરે છે? સમજાય છે?

ભગવાન મહાવીરે દીક્ષા લીધા પછી બીજું કશું કર્યું જ નથી. માત્ર પુરુષાર્થને પુરુષાર્થ જ. દીક્ષા લેતાંની સાથે મૌન. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી મૌન. ઉપદેશ નહીં! જ્યાં સુધી મારા જ્ઞાન-દર્શન વડે જગતનાં સર્વ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ ન જાણું. ત્યાં સુધી ઉપદેશ નહીં આપું. તત્ત્વો કે સિદ્ધાંતોનું નિરૂપણ નહીં કરું આજે એક પ્રકારે તત્ત્વને કહું અને કેવળજ્ઞાન થયા પછી એ બીજી રીતે કહેવાય તે ઉચિત નથી. માટે મૌન ભાવે, પ્રભુ વિચરી રહ્યા હતા!

મારા પ્યારા બંધુઓ! પ્યારી બહેનો! મહાવીરના જીવનને જાણવું હશે તો તેમનાં સાધનાકાળનાં સાડાબાર વર્ષને જાણવાં પડશે. આટલો સમય તેમણે કેવી રીતે વિતાવ્યો? શું શું કર્યું? ક્યાં ક્યાં ગયા? આપણે તો માત્ર એટલું જ જાણીએ છીએ કે ૩૦ વર્ષે દીક્ષા લીધી. સાડા બાર વર્ષે કેવલજ્ઞાન થયું. કહેતાં જરા પણ વાર ન લાગી! કેટલું સહેલું છે! હું તો તમને કહું છું તમારામાંથી જેને ૩૦ કે ૩૦ ની ઉપર થયા હોય તે લઈ લ્યો દીક્ષા. થઈ જશે સાડાબાર વર્ષે કેવળજ્ઞાન! ના, પણ એમ નથી થતું હં!

એ મહાવીરે શું શું કર્યું હતું? એક-એક ક્ષણ કેવી રીતે વિતાવી? તે સર્વે ક્ષણોનો પુરુષાર્થ ભેગો થયો ત્યારે કેવળજ્ઞાન પ્રગટ્યું? એમ જ નથી થઈ જતું.

મહાવીર, મહાવીરનાં રૂપે કેમ પૂજાયા! ચોસઠ ઈન્દ્રનાં પૂજનિક, વંદનિક, અર્ચનિક કેમ બન્યા? તેમનો આંતરબાહ્ય પુરુષાર્થ કેવો હતો? તે સર્વ અવસરે!

૮



# ક્રાંતિવીર મહાવીર....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરનાર જીવની આત્મિક દશા એવી સહજ થઈ જાય છે કે ગમે તેવા સંયોગોમાં એ આત્મભાવમાં જ વર્તતો હોય. બહારની કોઈ પણ પરિસ્થિતિ તેને સ્વ–સ્વભાવમાં સ્થિર રહેવામાં વિઘ્નરૂપ ન બને. પછી એ અન્ય વ્યક્તિની સંયોગજન્ય પરિસ્થિતિ હોય, નાની વય હોય કે બાહ્ય દૃષ્ટિએ અલ્પજ્ઞાન હોય, તે પોતામાં જ વર્ત્યા કરતો હોય.

શ્રમણ ભગવંત મહાવીરના જીવનની મીમાંસા ગઈ કાલે આપણે કરી. તેઓના જીવનના એક-એક પ્રસંગો અદ્‌ભુત છે. બધે જ તેમના ચૈતન્યની ચમત્કૃતિ સ્પષ્ટ તરી આવે છે. સામાન્ય બાળક અને વર્ધમાનની બાલ્યાવસ્થાનો ક્યાંય મેળ નથી. 'પુત્રના લક્ષણ પારણામાં' એ કહેવતથી પણ આગળ વધી વર્ધમાને તો માના ઉદરમાંથી જ પોતાનાં ઉત્તમ લક્ષણોનો પરિચય આપવા માંડ્યો હતો. પોતે આત્મરત જીવ છે એ અનુભવ પણ માતાને કેટલી વાર થઈ ચૂક્યો હતો!

ખરેખર તો મહાવીર-વર્ધમાન તરીકે જન્મ્યા પછી આત્મજાગૃતિ માટે તેમને કંઈ પુરુષાર્થ કરવો પડ્યો નથી. તેમની સ્વરૂપ-સમાધિ સહજ હતી. હા, જે કંઈ પુરુષાર્થ કર્યો તે સર્વજ્ઞતા-વીતરાગતા સુધી પહોંચવા માટે કર્યો. એ પહેલાંની તો સર્વ યોગ્યતા તેમનામાં વિદ્યમાન હતી.

ઈતિહાસ કહે છે કે તેઓ બિલકુલ શિશુવયમાં હતા ત્યારે એટલે કે ચાર-પાંચ વર્ષની ઉંમરમાં રાજમહેલના ઉપરના માળના એક એકાંત રૂમમાં ધ્યાન ધરી બેસી જતા. દાસ-દાસીઓ કે માતા આખો રાજમહેલ ફરી વળે, વર્ધમાન નજરે ન પડે. છેક છેલ્લા ઓરડાના એકાંત ખૂણામાં પદ્માસન લગાવી, આંખો બંધ કરી, નિજમાં લીન થઈ ગયા હોય. કલાકો સુધી તેમની સમાધિ ઊતરે નહીં. કેટલીક વાર તો દિવસો સુધી કંઈ ભોજન પણ લીધું ન

હોય. ભોજનના થાળ એમ જ પડ્યા રહે અને વર્ધમાન પોતાની ધ્યાન-મસ્તીમાં હોય.

બંધુઓ! તમે કહેશો કે આ અતિશયોક્તિ નથી લાગતી? આટલી નાની ઉંમરનો બાળક શું સમજે આત્મા અને શું સમજે ધ્યાન? હા! એ બધું જ સમજે. ઉંમર તો શરીરની હોય, આત્માની નહીં. વય ભલે નાની હોય પણ આત્મામાં ઊગેલ ચૈતન્યની શક્તિ એવી તો પ્રબળ હોય કે સર્વ-સામાન્ય દૃષ્ટિએ અશક્ય દેખાતું કાર્ય તેમને માટે સહજ હોય!

હું તમને આ કાળમાં થઈ ગયેલ મહાપુરુષની વાત કરું. સ્વામી વિવેકાનંદ, જે હમણાં જ થઈ ગયા. તેમના જીવન-ચરિત્રમાં બતાવ્યું છે કે તેઓ જ્યારે સાડાત્રણ વર્ષના હતા ત્યારે એક ઓરડામાં આંખો બંધ કરી કલાકો સુધી બેસી જાય. એ દશામાં તેમને પ્રકાશ દેખાય. અંતરમાં એક પ્રકારના આનંદની અનુભૂતિ થાય. બાલ્યાવસ્થા એટલે વાણી દ્વારા કહેતાં ન ફાવે પણ પોતે-પોતામાં અનુભવે. એ એમ સમજે કે નાનાં બાળકોને બધાને જ આવું થાય.

એકવાર પોતાની ઉંમરના ૮-૧૦ બાળકોને ભેગાં કરીને કહે, ચાલો આપણે રમીએ! બધાં જ બાળકોને એક રૂમમાં બેસાડ્યા. રૂમ બંધ કરી દીધો. પછી કહે હું જેમ આંખો બંધ કરીને બેસું તેમ તમે બધા બેસી જાવ. બધાંને ધ્યાનમાં બેસાડી દીધાં. આ છે તેમની અલૌકિકતા, પાત્રતા, યોગ્યતા! એક કલાક સુધી પોતે તો સ્થિર થઈ ગયા પણ બીજા બાળકોને સ્થિરતા ક્યાંથી આવે? એ બિચારા તો ચંચળ થવા માંડ્યા. હાથ-પગ હલાવવા માંડ્યાં. પણ એટલી ઉંમરમાંય વિવેકાનંદની પ્રતિભા એવી હતી કે કોઈ બાળક એના વિરોધમાં કાંઈ કરી શકે નહીં. તેથી કોઈ બાળક ઊભો ન થયો. બધા કલાક સુધી ગમે-તેમ બેઠાં રહ્યાં. વિવેકાનંદનું ધ્યાન પૂર્ણ થયું એટલે એ બીજાં બાળકોને પૂછે છે કે 'તમને કેવો પ્રકાશ દેખાયો?' અંધારું જ હતું અમારી સામે! વિવેકાનંદ કહે છે : 'મને તો લાલ-પીળો પ્રકાશ દેખાયો!'

બંધુઓ! આ છે આત્મિક યોગ્યતા! તેમાં વયનો શો સંબંધ? વળી આપણી સ્થૂળ દૃષ્ટિ માત્ર વર્તમાનને જ જાણે, પણ કાળના પડને આરપાર ભેદી ભૂતકાળ સુધી પહોંચી શકે નહીં. આવા યોગ્ય આત્માઓ પૂર્વભવે સાધના કરીને આવ્યા હોય અને સંસ્કાર સાથે લઈને જન્મે તેથી બાલ્યવય ભલે હોય પણ આત્મામાં સમજની પરિપક્વતા હોય. વળી તેમનાં ક્રિયા-



કલાપ, વર્તન કંઈક એવાં અસાધારણ હોય કે બધાં તેમને સમજી પણ ન શકે.

વર્ધમાન ગુરુકુળમાં તો ભણ્યા નહીં, તેથી પિતાએ ભણાવવાનાં સર્વ સાધનો મહેલમાં લાવી દીધાં કે તેમનો લાડલો મહેલમાં રહી ભણે. પણ દિવસો અને મહિનાઓ વીત્યા છતાં એક પણ સાધનને હાથ નથી અડાડ્યો, ત્યારે એકવાર મા પૂછે છે : 'બેટા! તું શું ભણે છે?'

'મા! હું રોજ ઘણું-ઘણું વાંચું છું!'

'અરે બેટા! એક પણ ગ્રંથ ઉઘાડ્યો નથી. બધું જ એમ ને એમ પડ્યું છે. તું શું વાંચે છે ?'

'મા! ગ્રન્થની શું જરુર છે? હું તો વિશ્વના એક-એક દ્રવ્યોને વાંચું છું. જેટલા જડ પદાર્થો મારી સામે આવે અથવા ન પણ આવે, તેના પરિણમનને જોઉં છું, જાણું છું, વાંચું છું, એટલું જ નહીં મા! હું મને વાંચું છું, હું આત્મા, મારામાં પ્રત્યેક સમયે થતાં પરિણમનને વાંચું છું!'.

'બેટા! તુ આ શું બોલે છે? મને કંઈ સમજાતું નથી. પદાર્થોને તે કંઈ વાંચવાના હોય! પોતાને વાંચવાનું હોય! બેટા! તારી વાતો જ બધી અટપટી!'

બંધુઓ! અવધિજ્ઞાન સાથે લઈને આવેલા જીવને શું ભણવું? ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણે કાળના અમુક મર્યાદિતરૂપી પદાર્થોના પર્યાયને જાણે. તેને માટે બાહ્ય જગતનું જ્ઞાન શું મેળવવાનું રહે? આપણને કંઈ વાંચવા, શીખવાની જરૂર, વિચારવાની જરૂર તો ત્યારે જ રહે કે જો એ વિષયથી અજ્ઞાત હોઈએ. પણ જેને જાણતાં હોઈએ તેમાં શું શીખવાનું? વળી તેઓની દૃષ્ટિ સ્થૂળ પદાર્થોના બાહ્ય આવરણ સુધી જ ન રહે પણ તેને ભેદીને પદાર્થની સૂક્ષ્મતા સુધી પહોંચતી હોય.

આમ ભગવાન મહાવીરની જીવનચર્યાનો વિચાર કરીએ તો આપણી બુદ્ધિ કામ ન કરે. એમના જીવનની એક-એક પળ કેવા ભાવોમાં, કેવા વ્યવહારમાં વ્યતીત થઈ હશે તે આપણે કઈ રીતે સમજી શકીએ ? આપણા જીવનવ્યવહાર સાથે એમનાં જીવનને મૂલવીએ તો બંધ બેસે જ નહીં. શું તેઓ તમારી જેમ સવારે ઊઠી, છાપું વાંચતા હશે? નિત્યકાર્ય પતાવી સ્નાન કરી ઓફિસે જતા હશે? આવીને જમીને ઘરનાં સાથે થોડી સુખ-દુ:ખની વાતો કરી સૂઈ જતા હશે? આવી હશે એમની જીવનચર્યા? શું લાગે છે

તમને?

ના, સહુથી નિરાળા એવા એ વર્ધમાનને બાહ્ય જગત સાથેના સ્થૂળ વ્યવહારો સહજ છૂટી જતા હશે. દીક્ષા લીધા પહેલાં પણ કલાકો સુધી એક જગ્યાએ બેસી ઊંડા ચિંતનમાં એકાગ્ર થઈ જતા હતા. વાતાવરણમાં શું થઈ રહ્યું છે, તેની ખબર રહેતી નથી. આવી દશા જેની હોય તેને કેમ સમજીએ આપણે?

દીક્ષા લીધા પછી પણ માત્ર જ્ઞાતા-દૃષ્ટા ભાવમાં રહ્યા છે. અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય કે તેઓએ તીર્થંકર નામકર્મ બાંધેલું હતું. તીર્થંકર થવાના છે તે નિશ્ચિત જ હતું. અને સાથે આ જ ભવે મોક્ષ થવાનો છે એ પણ નિશ્ચિત જ હતું. વળી બાલ્યવયમાં જ પૂર્વજન્મોની સાધનાના ફળસ્વરૂપ આટલી યોગ્યતા લઈને જન્મ્યા હતો તો શું તેઓ દીક્ષા ન લેત તો ન ચાલત? ભરત ચક્રવર્તી કે મારુદેવા માતા ગૃહસ્થ વેષે જ કેવળજ્ઞાન પામ્યાં, તો મહાવીરે શા માટે દીક્ષા લીધી? તેમના માટે દીક્ષા લેવી કોઈ અનિવાર્ય ન હતી! સહજ છે આ પ્રશ્ન, પણ આ વિષયને સૂક્ષ્મતાથી વિચારીએ!

મહાવીરનું ગૃહસ્થાશ્રમ છોડીને સાધુ થઈ જવું. એ એક પ્રકારનું પરિણમન હતું. જેમ અન્ય પરિણમન થયા કરે છે તેમ આ પણ એક પરિણમન થયું. ગૃહસ્થનો વેષ ઉતારી સાધુવેષ સ્વીકારી લીધો. બસ, માત્ર આટલું જ. બાકી તો તેમને સર્વ છૂટેલું જ હતું. કંઈ છોડવાપણું હતું નહીં. અંતર તો ક્યારનું નિર્ગ્રંથ થઈ ગયું હતું. આ એક તેઓની ભાવપરિણતિ હતી અને તે પરિણમન સાકારરૂપે ઘટિત થઈ ગયું.

પ્રભુ સાધુ બની ગયા.

દીક્ષા લીધા પછી આત્માના ભાવોમાં વૃદ્ધિ થઈ રહી છે. તરત જ ચોથું મન:પર્યવજ્ઞાન પ્રગટ થયું છે. પ્રભુ સ્વના ઉત્થાન સાથે પરના ઉત્થાનમાં નિમિત્ત બની રહ્યા છે.

દીક્ષાના પ્રથમ માસથી જ પ્રભુને ઉપસર્ગો શરૂ થઈ ગયા છે. દિગમ્બર વેષે, મૌન સાથે વિચરે છે. ક્યાંક ધ્યાનમાં ઊભા રહી જાય છે. કોઈ તેમને ચોર સમજે, ધુતારો સમજે અને પીડા આપે છે. તો વળી કોઈ દેવો અને પશુઓ પણ પ્રભુને સતાવે છે. પ્રભુનું વિચરણ વૈશાલીની આજુબાજુ થતું રહ્યું ત્યાં સુધી તો મોટે ભાગે પ્રભુને સતાવનાર, પહેલા સતાવે અને પછી ઓળખી જાય કે આ તો વૈશાલીના રાજકુમાર વર્ધમાન છે.



એટલે પ્રભુને પગે પડે, માફી માગે, માન-સન્માન કરે. આહાર-પાણી વહેરાવે.

આમ બધે જ થવા માંડ્યું ત્યારે પ્રભુએ એ પ્રદેશ છોડી દીધો અને જ્યાં તેમને કોઈ નો'તું જાણતું તેવા અનાર્ય દેશમાં ગયા. ત્યાંની પ્રજા તદ્દન અસભ્ય-અસંસ્કારી. વળી કુરૂપ. આ સુંદર દેહધારી માનવને તેઓએ ક્યારેય જોયો જ ન હતો. લોકો પ્રભુને જોવા માટે ટોળા વળે. તેમના દેહમાંથી નીકળતી સુગંધથી આકર્ષાઈ તેમની પાસે આવે અને જંગલી પશુની જેમ પ્રભુના શરીરમાંથી માંસ-કાપી કાપી, કાચું ને કાચું ખાઈ જાય. આ માંસ તો બહુ મીઠું લાગે. આવું સ્વાદિષ્ટ માંસ કદી ખાધું નો'તું એમ કહી ફરી-ફરી પ્રભુના શરીરનું માંસ તોડી-તોડી ત્રાસ આપે છે.

પ્રભુ બધા જ પરિષહો-ઉપસર્ગો સમતાભાવે સહન કરે છે. કદી કોઈ જીવ પર વિષમતા આવી નથી. આમ એકધારા સતત સાડા-બાર વર્ષ સુધી આ દુ:ખો સહન કર્યાં!

અહીં વિચાર આવે કે શા માટે પ્રભુને આ બધું સહેવું પડ્યું? શું કારણ હતું? તેનો ઉત્તર ચિંતનમાંથી જ શોધવો પડે છે. પ્રભુને જે-જે માનવ-દેવ કે પશુઓએ ઉપસર્ગ આપ્યા તે બધા જ જીવો સાથે પ્રભુને વેર હોય તો જ એ જીવોના અંતરમાં વેરના ભાવો જાગ્યા હોય. કહેવત પણ છે કે 'વેર વિના ઝેર ન હોય.' અહીં તો કર્મ-ફિલોસોફીનું ગણિત એક્યુરેટ છે. તેમાં જરા પણ ફેરફાર ન થાય. તેથી એ નક્કી થાય છે કે પ્રભુ મહાવીરે પોતોના ભૂતકાળના ભવોમાં-કેટલા જીવો સાથે કેવાં-કેવાં વેર બાંધ્યા હશે? સંગમદેવ એક રાતમાં એક સાથે ૧૯ પરીષહ આપે, તે બધા જ વેરાનુબંધ એકસાથે ઉદયમાં આવ્યા. તો એ બાંધતી વખતે પણ એકસાથે જ બાંધ્યા હશે ને?

વિચારો બંધુઓ! મહાવીર જેવો આત્મા, જેમનામાં તીર્થંકર થવાની યોગ્યતા પડી છે, એ આત્માએ કેટકેટલા વિષમતાના પરિણામો સેવ્યાં હશે. રાગ-દ્વેષ બન્ને ભાવો કેટલા ગાઢ પ્રવર્ત્યા હશે કે સાડા બાર વર્ષ સુધી એકધારા ભોગવવા પડે એવાં ભયંકર વેર બાંધી લીધાં. એ પણ બે-ચાર જીવો સાથે નહીં પણ અનેકો સાથે!

ગ્રન્થકાર કહે છે કે ચોવીસ તીર્થંકરમાં સહુથી વધારે કર્મો અંતિમ તીર્થંકર પ્રભુ મહાવીરના હતાં. એક બાજુ ત્રેવીસ તીર્થંકરના કર્મો અને એક

બાજુ એકલા મહાવીરના કર્મો. તો પણ મહાવીરનાં કર્મો વધી જાય. એ પણ વૈરાનુબંધ જ વધારે! આનો મતલબ એ નીકળે છે કે અન્ય તીર્થંકરો કરતાં પ્રભુ મહાવીરના આત્માએ કેટલાં કર્મો બાંધ્યાં હશે. બાંધ્યાં હોય તે જ સત્તામાં હોય અને સત્તામાં હોય તે જ ઉદયમાં આવે!

છતાં plus point એ હતો કે આ બધાં જ કર્મો, આ અંતિમ ભવમાં ઉદયમાં આવ્યાં કે પ્રભુના આત્મામાં એ કર્મો સાથે લડવાનું સામર્થ્ય પ્રગટી ચૂક્યું હતું. પરાકાષ્ઠાની સમતા અને સહિષ્ણુતા કેળવાઈ ગઈ હતી, જેથી જૂના વેરાનુબંધ, નવા કર્મનાં બંધનમાં નિમિત્તરૂપ ન બન્યા. જો આ પહેલાંના કોઈ ભવોમાં ઉદયમાં આવ્યા હોત તો કદાચ તેને યુદ્ધ આપવામાં પાછા પડી જાત, હારી જાત. સોળમા વિશ્વભૂતિના ભવમાં શબ્દો સામે હારી ગયા, અને નિયાણું બાંધી તપ-સંયમ વેચી નાખ્યા. ત્રિ-પૃષ્ઠ વાસુદેવના ભવમાં સત્તાના મદ સામે હારી ગયા અને સીસું રેડાવી ભયંકર વેરાનુબંધ કરવા સાથે સમ્યક્‌ત્વનું વમન કરી નાખ્યું. એ બંને ભવોમાં સમતા રહી શકી નહીં. પરંતુ તીર્થંકરના ભવમાં સ્વને સાધી લીધો છે. તેથી ગમે તેવા ભયંકર ઉપસર્ગ-પરિષહને પણ અત્યંત સમતાપૂર્વક સહી લીધા. દેવરાજ ઈન્દ્રની સહાયનો પણ અસ્વીકાર કર્યો. બધા જ કર્મોને હસતાં-હસતાં આવકાર્યાં.

જ્યાં મોહનીય કર્મની એકાદ પ્રકૃતિ ઉદયમાં આવતી ત્યાં પણ તેની સામે હાર સ્વીકારવી પડતી હતી. તે હવે આખા ને આખા મોહનીયકર્મ સાથે બાથ ભીડી છે અને અન્તે એ મોહને પરાજિત કર્યો.

પ્રભુને આટલાં કર્મો ભોગવવાં પડ્યાં એ હકીકત કર્મના-એક અન્ય સિદ્ધાંતને સાબિત કરે છે. તીર્થંકર થવું હોય તેનાં પુણ્યો જબરજસ્ત હોય. આ વિશ્વની અંદર વધુમાં વધુ પુણ્ય લઈને પેદા થાય. તે માત્ર તીર્થંકર જ! દેવો તથા ઈન્દ્રો પણ તેમના અગાધ પુણ્યબળના કારણે જન્મથી નિર્વાણ સુધી સદાય સેવામાં રહે. એક પણ પ્રભુથી દૂર ન રહે. એવા પુણ્યના રાશિ હોવા પછી પણ તેના કારણે પાપો દૂર નથી થઈ જતાં, નાશ નથી પામતાં, એ તો ભોગવવાનાં એટલે ભોગવવાનાં જ! ચાહે તીર્થંકર હોય કે તેલી! બંનેને પુણ્ય અને પાપના હિસાબ તો બરાબર જ ચૂકવવા પડે! કર્મના દરબારમાં સહુ સમાન! કોઈ નાનો નહીં, કોઈ મોટો નહીં!

હવે મહાવીરના જીવનના એક અન્ય પાસાનો વિચાર કરીએ. તેઓ



જેમ આધ્યાત્મિકતાનું સર્વોચ્ચ શિખર સર કરવા આવ્યા હતા, તેમ પ્રભુના નિમિત્તે સામાજિક સુધારો પણ થવાનો હતો.

તેમાં સહુ પ્રથમ વાત. પ્રભુના જન્મ સમયમાં બ્રાહ્મણો પોતાનું બ્રહ્મતેજ વીસરી ચૂક્યા હતા. જાણે તેઓ સમાજના સરમુખત્યાર થઈ ગયા હતા. માનવોનાં જીવનનો બધો જ આધાર બ્રાહ્મણો પર રહેતો. ગૃહસ્થાશ્રમીને કાંઈ પણ મેળવવા માટે મોટા ખર્ચાળ યજ્ઞ કરવા પડતા. એ યજ્ઞમાં વેદના નામે બલિદાન દેવાતાં. **'वैदिकी हिंसाहिंसा न भवति'** આ સૂત્રનો જોરશોરથી પ્રસાર કરી, ધર્મ માટે કરવામાં આવતી હિંસામાં પાપ નહીં, પણ પુણ્ય થાય છે એમ ભોળા લોકોને ભરમાવી, બ્રાહ્મણો યજ્ઞમાં પશુબલિ જ નહિ પણ માનવબલિ પણ દેતા હતા. બ્રાહ્મણ કુળમાં માંસાહાર પણ પ્રચલિત હતો. જે આજે પણ હજુ બિહાર-બંગાળના બ્રાહ્મણોમાં છે. આમ બ્રાહ્મણત્વ ભૂલીને હલકા સંસ્કારોથી હલકી જાત જેવા થઈ ગયા હતા.

એટલે જ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિએ આવેલ મહાવીરના આત્માનું ગર્ભ સાહરણ દેવોને કરવું પડ્યું અને ક્ષત્રિયાણીની કૂખે મૂકવા પડ્યા! કેટલાક પ્રશ્ન કરે છે કે ગ્રંથકારો અનુસાર મહાવીરને નીચ ગોત્રનો બંધ પડ્યો હતો તેથી દેવાનંદાની કુક્ષિએ આવ્યા. તો શું બ્રાહ્મણ કુળ નીચું કુળ છે? ના, બ્રાહ્મણ કુળ ઊંચું, પણ તે તેના સંસ્કારોમાં રહે તો! જો બ્રહ્મત્વને ભૂલી જઈ ઘોર હિંસામાં રાચતો હોય તો તે ગમે તેવું કુળ હોય તેને ઊંચું કેમ કહી શકાય! આખર ઊંચ ગોત્ર અને નીચ ગોત્રની વ્યાખ્યા શું છે? જેનામાં ઊંચા સંસ્કાર, સભ્યતા અને સદ્‌ગુણો છે તેનું કુળ ઊંચું અને જે સારા કહેવાતા કુળમાં જન્મ્યા પછી કુ-સંસ્કાર, અસભ્યતા અને દુર્ગુણોના રંગથી રંગાયો હોય તો તેનું કુળ નીચું!

દેવાનંદા-ઋષભદત્ત સંસ્કારી હોવા છતાં, એ વખતે હિંસાનું સામ્રાજ્ય ફેલાયેલું હતું. એ જ ધર્મને અનુસરનારાં હતાં. યજ્ઞના ક્રિયા-કાંડને માનનાર હતાં. પોતાની પરંપરાને નિભાવવી પડતી હતી. આવા કુળમાં જન્મ લઈને તીર્થંકરત્વ જેવી અસાધારણ પ્રતિભાને તેઓ ખીલવી ન શકે, અને ઘોર હિંસામાં ધર્મ માનનાર સ્ત્રી-પુરુષ તીર્થંકરનાં માતા-પિતા થવાનું સૌભાગ્ય ન પામી શકે. આ બધી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી એ સમયે બ્રાહ્મણ કુળને નીચ કુળ કહ્યું.

પ્રભુએ દીક્ષા લીધા પછી એ જ બ્રાહ્મણ કુળ સામે જેહાદ જગાડી.

હિંસાનું તાંડવનૃત્ય જ્યાં થઈ રહ્યું હતું તેની સામે અહિંસાનો ઝંડો લઈ મેદાને પડ્યા. યજ્ઞો અને બલિદાનો બંધ કરાવ્યા. આધ્યાત્મિક દૃષ્ટિકોણથી આત્મા-સાધનાની વેદી પર પોતાની જ દુષ્વૃત્તિના બલિદાન રૂપ યજ્ઞો સમજાવ્યાં. અહિંસા પરમોધર્મ રૂપ મહાયંત્ર જગતને આપ્યો. વળી શૂદ્ર અને નારી, ધર્મના અધિકારથી વંચિત હતાં. અરે! શુદ્રો તો અસ્પૃશ્ય ગણાતાં. પ્રભુએ એ બતાવ્યું કે ધર્મનો અધિકાર સહુનો સરખો છે. અને તેઓએ પોતાના ધર્મસંઘમાં શૂદ્ર જાતિના લોકોને તથા નારીને દીક્ષા આપી સહુનાં સમાન અધિકારને સ્થાપ્યો.

પ્રભુ મહાવીરના જીવનનો બીજો એક બહુ પ્રસિદ્ધ પ્રસંગ છે. આપણે સહુ જાણીએ છીએ પણ તેના હાર્દથી અજ્ઞાત છીએ.

પ્રભુ કોશામ્બી નગરીમાં પધાર્યા છે. આહાર લેવા માટે અભિગ્રહ ધારણ કર્યો છે, દાસી બનેલ રાજપુત્રી યાતના વેઠતી હોય, યાતનાના ચિન્હ રૂપે હાથે પગે બેડી, માથે મુંડી, ભોંયરામાં બંધ, ત્રણ દિવસની ભૂખી, સૂપડામાં અડદના બાકુળા, આંખમાં આંસુ આદિ-આદિ તેર બોલનો અભિગ્રહ છે પ્રભુને!

શું પ્રભુ કોઈ રાજરાણી, શ્રેષ્ઠી-પત્ની, કોઈ શેઠ-શ્રીમંતના ઘરનો અભિગ્રહ નો'તા કરી શકતા? માટે આવો અભિગ્રહ કર્યો? પ્રભુના ચરણના ઉપાસકો આ નગરીમાં ઘણા હતા. જ્યાં જાય ત્યાંથી અત્યંત ભાવપૂર્વક આહાર મળે તેમ હતો. છતાં આવી તુચ્છ ચીજ અને તિરસ્કૃત વ્યક્તિનો અભિગ્રહ કરવા પાછળ જરૂર કંઈક રહસ્ય છુપાયેલું હશે!

પ્રભુ રોજ આહાર માટે ઘરે-ઘરે પધારે છે. આજે આ શેરીમાં તો કાલે પેલી શેરીમાં. ધનવાનને ત્યાં જાય છે, તો નિર્ધનને ત્યાં પણ જાય છે, પણ બધેથી જ ગૌચરી લીધા વિના જ પાછા ફરે છે. જેના આંગણામાં પ્રભુ પધારે તે આનંદ-વિભોર થઈ ભાવપૂર્વક પ્રભુને આહારદાન કરવા આગળ આવે અને પ્રભુ માત્ર એક દૃષ્ટિ નાંખી પાછા ફરે. હાથમાં આહારપાત્ર લઈ ઊભેલ ગૃહસ્થની પાત્રતામાં માત્ર નિરાશા!

આમ રોજ બનવા માંડ્યું. જેના આંગણેથી પ્રભુ પાછા ફરે તે નિરાશ થઈ પોતાના દુર્ભાગ્યની કહાની બીજા બે-ચારને કરે. દિવસો પર દિવસો વીતવા માંડ્યા. અરે! મહિનાઓ પસાર થવા માંડ્યા! યોગી અન્ન વિનાના છે. આખીયે નગરીમાં હાહાકાર મચ્યો છે. શું માગે છે યોગી? શાની કામના



છે તેમને! મૌન યોગી કંઈ બોલતા નથી. જેવી પ્રસન્ન મુદ્રા સાથે આવ્યા હોય એવી જ પ્રસન્નતા સાથે પાછા ફરે છે. મહિનાઓ વીત્યા પણ યોગીના મુખ પર ખેદની એક રેખા નથી! નગરજનો વધુ વ્યાકુળ છે. કોઈ સમજી શક્તા નથી શું છે? સહુના અંતરમાં માત્ર એક પ્રશ્ન એ છે કે અમે શું કરીએ તો વર્ધમાન પ્રભુ આહાર લે! પણ કોઈને સૂઝતું નથી!

એક દિવસ કોશામ્બીના રાજા શતાનિકના મહેલના આંગણામાં પ્રભુ પધાર્યા. રાણી મૃગાવતી મહાવીરનાં માસી, પ્રભુને જોઈ અંતઃકરણમાં આનંદના ઓઘ ઊછળવા માંડ્યા. અહા! હું કેટલી ભાગ્યશાળી છું કે આજે વર્ધમાન સ્વામી, ભાવિ તીર્થંકર મારા આંગણે પધાર્યા, અને તે સ્વયં રસોઈઘરમાં જઈ સાત્ત્વિક આહાર લઈ બહાર આવી. પ્રભુએ તે અન્ન પર દૃષ્ટિ પણ ન કરી અને પાછા ફરી ગયા! બસ. મૃગાવતી પર વજ્રઘાત થયો. એ બેભાન થઈને ઢળી પડી! આસપાસ રહેલા દાસ-દાસીઓ ભેગાં થઈ ગયાં. ઉપચારથી રાણીને સચેત કર્યાં રાણીના આંખમાંથી ચોધાર આંસુ વહેવા માંડ્યાં! અહા પ્રભો! શું અપરાધ થયો મારો! ક્યાં ખામી રહી ગઈ? મારાં કેવાં પ્રબળ પાપ કે આંગણે આવેલા પ્રભુ પાછા ફર્યા. તેના હૃદયનું કલ્પાંત ક્યાંય સમાતું નથી. ત્યાં તો મહારાજ મહેલમાં પધાર્યા અને રાણી રાજા પર રોષ ઠાલવવા માંડી :

'રાજા છો તમે આ નગરીના? શું કરો છો? તમારી નગરીમાં મારો વર્ધમાન, મુનિ બનીને ઘરે-ઘરે ભિક્ષા અર્થે ઘૂમી રહ્યો છે. અન્નનો એક દાણો આજે પાંચ-પાંચ મહિનાથી પ્રભુના પાત્રમાં નથી પડ્યો તેનો વિચાર છે તેમને! ધિક્કાર છે તમારા રાજ્યને!'

સાંભળી રાજા પણ વ્યાકુળ થઈ ઊઠ્યા. પણ શું કરે? તેણે તરત મોટા જ્યાતિષાચાર્યને બોલાવ્યા અને પૂછ્યું. એય બિચારા નિરુત્તર! મહારાજા, આ યોગીને કોઈ કઠિન અભિગ્રહ છે. તે હું પણ ન જાણી શકું.

યોગાનુયોગ એવું બન્યું કે બીજે જ દિવસે મહાવીર રાજ્યના મંત્રી સુગુપ્તને આંગણે પધાર્યા. મંત્રીપત્ની નંદા મહાવીરની પરમભક્ત હતી. શ્રમણોપાસિકા હતી. મહાવીર પ્રત્યે અખૂટ શ્રદ્ધા-ભક્તિ તેના અંતરમાં હતાં. એ પણ પ્રભુને જોઈ હર્ષથી ઘેલી-ઘેલી થઈ ગઈ. હાશ! આજ મારે ત્યાં પ્રભુનું પારણું થશે-એવા ભાવ સાથે મધુર અન્ન

વહોરાવવા હાથ ઉપાડે છે, ત્યાં પ્રભુ ચાલ્યા ગયા અને નંદાના હૃદયના બંધ તૂટી ગયા. બોર-બોર આંસુએ રુદન કરવા માંડી. 'હાય! મારા નાથ, શું અપરાધ થયો? કેમ પાછા ફર્યા? જ્યારથી સાંભળ્યું છે કે આપ આહાર નથી લેતા ત્યારથી મારા માટે પણ અન્ન ઝેર થઈ ગયું છે. રોજ ખાઉં છું પણ અન્ન કડવું લાગે છે! પ્રભુ, કેટલા દિવસોથી પ્રતીક્ષા કરતી હતી કે પ્રભુ મારે આંગણે પધારે. આપ પધાર્યા અને મને દુર્ભાગીને તડપતી છોડી ચાલ્યા ગયા. પ્રભુ! શું કરું હું આપના માટે?' નંદાની આંખમાં આંસુ વહી રહ્યાં છે. એટલામાં રાજાની દાસીએ આવીને સમાચાર આપ્યા કે ગઈ કાલે પ્રભુ રાજમહેલ પધાર્યા હતા, ત્યાં પણ આમ જ થયું. નંદા વધુ વિહ્‌વળ બની ગઈ. ત્યાં ને ત્યાં બેસી રહી.

જમવાનો સમય થયો. મહામંત્રી સુ-ગુપ્ત જમવા ઘરે આવ્યા, અને નંદાના અંતરનું દુઃખ ગુસ્સો બની પતિ પર વરસી પડ્યું. 'તમે મંત્રી છો આ રાજ્યના? ભાન છે તમને પ્રજામાં શું થઈ રહ્યું છે? કોણ દુઃખી છે, કોણ સુખી છે, એની તપાસ કરી છે કદી તમે? ક્યાં ગઈ છે તમારી બુદ્ધિ? ક્યાં ગઈ છે તમારી શક્તિ?'

નંદા રોષભર્યા સ્વરે એકસરખું બોલ્યે જ જાય છે. વાણીનો વિવેક પણ ચૂકી ગઈ છે. પ્રભુ પ્રત્યે રહેલ ભક્તિનો ભાવ અત્યારે આવેશ બની ઊમટી રહ્યો છે. મંત્રી સમજી નથી શકતા કે આ બધું શું છે? શા માટે આજે નંદા આટલું બોલે છે! આવી સુ-સંસ્કારી નારી આજે આટલા કઠોર શબ્દો કેમ કહી રહી છે. મંત્રી વિચારે છે અને નંદાની વાણીનો પ્રવાહ આગળ વધે છે :

'આટલા મહિના વીતી ગયા. તમે કેમ તપાસ કરવાનો પ્રયાસ નથી કર્યો કે પાંચ-પાંચ મહિનાથી યોગી કેમ આહાર લેતા નથી? ગયા છો ક્યારેય પ્રભુ પાસે? પૂછ્યું એમને? આપને શું છે? ક્યારે ભોજન કરશો? તમને તો રોજ મેવા-મીઠાઈ જોઈએ છે અને યોગી રોજ ઘરે-ઘરે અન્ન માટે ભટકી રહ્યા છે! ધિક્કાર છે તમારા રાજ્યભંડારને, ધિક્કાર છે તમારાં હર્યાભર્યાં ખેતરોને! ધિક્કાર છે તમારા ધાન્યકોઠારોને! જેનો એક દાણો પણ પ્રભુ માટે નથી!'

બોલ-બોલીને નંદા થાકી ગઈ. મંત્રી શાંત છે. સમજી ગયા, શું થયું છે. ગઈ કાલે રાજમહેલમાં પણ આ પ્રમાણે જ થયું હતું. મંત્રીના હૃદયમાં હલચલ મચી ગઈ. ખરેખર કાંઈક કરવું જોઈએ.



મંત્રી મહારાજ પાસે ગયા. મહારાજાએ પણ એ જ વાત કરી અને તપાસ કરવા વિચાર કર્યો. તેઓ પોતે મંત્રી સાથે નગરનાં અન્ય શ્રેષ્ઠિઓને લઈને પ્રભુ જે ઉદ્યાનમાં બિરાજતા હતા ત્યાં ગયા. વંદન કરી નમ્રતાપૂર્વક પ્રભુને પૂછવા પ્રયત્ન કર્યો

'પ્રભુ! આપ શું ઈચ્છો છો? આપ જે કહો તે બધું જ કરવા તૈયાર છીએ, પરંતુ આપ ભૂખ્યા ન રહો. અમારાથી આ નથી સહેવાતું! અમે કમાઈએ, ખાઈએ, બધું જ વ્યર્થ? આપના આહાર માટે અમારા અન્નનો એક દાણો પણ ઉપયોગી ન થાય તો અમારું અનાજ વાંઝિયું કહેવાય. પ્રભુ! કહો શું કરીએ અમે!'

પણ પ્રભુ તો એ જ મસ્તીમાં, મધુર હાસ્ય સાથે મૌન! કંઈ ઉત્તર નહીં. સહુ નિરાશ થઈ પાછા ફરે છે!

પ્રભુ રોજ આહાર માટે નગરમાં પધારે છે. સેંકડો માણસો, નર અને નારીઓ-બાળકો પ્રભુની પાછળ-પાછળ જાય છે. પ્રભુને ક્યાં કોના હાથે અભિગ્રહ પૂરો થાય છે એ જાણવાની સહુને ઉત્સુક્તા થાય છે. પણ પ્રભુ તો ઘેર-ઘેરથી પાછા ફરે છે. જેના ઘેરથી પાછા ફરે તેને અત્યંત દુઃખ થાય છે. બંધુઓ! તમારે ત્યાં સંત-સતીજી પધારે અને અસૂઝતું થાય અથવા કોઈ કારણે વહોરાવી ન શકો તો કેટલું દુઃખ થાય છે! મારા ભાઈ-બહેનોની આંખમાં આંસુ આવી જાય. અને ફરી જ્યાં સુધી સંત આંગણે ન પધારે ને વહોરાવે નહીં ત્યાં સુધી શાંતિ નહીં, તો આ તો ત્રિલોક પૂજ્ય તીર્થંકર! આંગણે પધારે અને કંઈ પણ લીધા વિના પાછા ફરે તો દુઃખ થાય તે સ્વભાવિક જ છે.

પ્રભુના આહાર સમયે તેમની પાછળ જનાર વ્યક્તિઓમાં રોજ વધારો થઈ રહ્યો છે. જેમ-જેમ દિવસો વ્યતીત થતા જાય છે તેમ-તેમ લોકોનાં હૈયાં વધુ ને વધુ દુઃખી થતાં જાય છે. આખા નગરમાં હલચલ મચી ગઈ છે. સહુ સૂતાં-બેસતાં બસ એક જ વાત કરે છે. જાણે આખા નગર પર કણ-કણમાં મહાવીર છવાઈ ગયા છે. સહુનાં હૃદય વ્યાકુળતાથી વ્યથિત થઈ રહ્યાં છે.

પાંચ માસ પર આજે પચ્ચીસમો દિવસ છે. પ્રભુ આહાર માટે નીકળ્યા, પાછળ સેંકડો નહીં, હજારો માણસોનું ટોળું છે. રાજા શતાનિક, રાણી મૃગાવતી, મંત્રી સુગુપ્ત અને નંદા પણ ખુલ્લે પગે પ્રભુની પાછળ પાછળ ચાલ્યાં જાય છે. દસે દિશાઓ પ્રભુના જય-જયકારથી ગાજી રહી છે.

સહુના હૈયામાં એક જ ભાવ છે કે હવે તો પ્રભુનો અભિગ્રહ પૂરો થાય!

પ્રભુ ધનાવહ શેઠના આંગણે પધાર્યા. મકાનની નીચે પાછળના ભાગમાં એક ભોંયરું છે. ભોંયરાના દ્વાર પાસે પ્રભુ અટકી ગયા. સામે જોયું તો એક યુવાન દાસી મુંડિત મસ્તકે, જીર્ણ વસ્ત્રે, હાથે-પગે બેડી, હાથમાં સૂપડું, સૂપડામાં બાકુળા, મુખે નવકાર ગણી રહી છે. મનથી ભાવના ભાવે છે કે કોઈ અતિથિ, કોઈ ત્યાગી, કોઈ સંત પધારે તેમને બાકુળા વહોરાવી પછી જ ત્રણ દિવસનું પારણું કરીશ. તેણે સામે મહાવીરને જોયા. જેના માટે વર્ષોથી ચિર ઝંખના હતી તે પ્રભુ પધાર્યા છે. હૃદય આનંદની આનંદની પ્રફુલ્લિત થઈ ઊઠ્યું, અને સસ્મિત વદને પ્રભુને આવકાર્યા!

પ્રભુએ એક દૃષ્ટિ આ દાસી પર નાખી અને પાછા ફરવા પગ ઉપાડ્યો. ત્યાં તો દાસીના દિલમાં કારમો આઘાત લાગ્યો. 'અરે! મુજ અભાગણીના ભાગ્ય ક્યારે ખૂલશે! આંગણે આવેલા નાથ પાછા ફરે છે?' અને આંખ ાંથી અશ્રુધારા વહેવા માંડી. પ્રભુએ જરા પાછળ વળીને જોયું. દાસીની આંખમાં અશ્રુ જોયાં અને એ દિગમ્બર પ્રભુએ પોતાના બન્ને હસ્ત લંબાવ્યા. દાસીએ અંતરના ઉલ્લાસ ભાવે પ્રભુના કરપાત્રમાં બાકુળા વહોરાવ્યા. પ્રભુનો અભિગ્રહ ફળ્યો. પ્રભુએ પારણાં કર્યાં અને ગગનમાં દેવદુંદુભિ વાગી. એ જ ક્ષણે ચમત્કાર થયો. દાસીના હાથ-પગની બેડી તૂટી ગઈ. મુંડિત મસ્તક પર સુંદર કેશકલાપ થઈ ગયો. સોળે શણગાર શરીર પર થઈ ગયા. દાસી આગળ આવી પ્રભુના ચરણોમાં ઢળી પડી. દેવોએ સોનૈયાની વૃષ્ટિ કરી.

સાથે રહેલાં સહુ નર-નારી આશ્ચર્યવિભોર થઈ ગયાં. પ્રભુએ એક દાસીના હાથે, એક ગુલામડીના હાથે પારણું કર્યું.

બંધુઓ! કહાની અહીં સમાપ્ત થાય છે. પણ પ્રસંગનું હાર્દ અહીંથી શરૂ થાય છે. મેં પહેલાં કહ્યું તેમ પ્રભુ સાથે રાજા-રાણી હતાં, મંત્રી, શેઠ, શ્રીમંતો, અનેક સ્ત્રી-પુરુષો હતાં! રાજા શતાનિક અને રાણી મૃગાવતી આગળ આવી ઓળખવા પ્રયત્ન કરે છે, કોણ છે એ ભાગ્યશાળી યુવતી? દાસી હોવા છતાં પ્રભુના અભિગ્રહને પૂર્ણ કરવા એ ભાગ્યશાળી બની! અને તરત ઓળખી ગયા. મૃગાવતીની જ બહેન-ધારિણીની પુત્રી વસુમતી. જોઈને બન્ને શરમિંદા બની ગયા. અરેરે! એક રાજપુત્રી! આપણી જ ભાણેજ. આપણા રાજ્યમાં દાસત્વ વેઠી રહી છે? રાજાને પોતાની જાત પર તિરસ્કાર



છૂટ્યો! અરે આટલી સમજદારી હોવા છતાં મેં દાસપ્રથાને પોષણ આપ્યું? દાસ ખરીદવાની છૂટ આપી, તો મારી વસુમતીને પણ દાસ બનવું પડ્યું! ધિક્કાર છે મારી બુદ્ધિને! તેઓ સજળ નયને પ્રભુનાં ચરણોમાં પડી ગયા. પ્રભુ સમક્ષ પ્રતિજ્ઞા કરી, પ્રભુ! આજથી મારા સમગ્ર રાજ્યમાંથી દાસત્વ પ્રથાને દૂર કરું છું. જેના-જેના ઘરમાં ખરીદાયેલા દાસ-દાસીઓ હોય તે બધાને સ્વતંત્ર કરવાનો હુકમ કરું છું. બસ, પ્રભુને જે જોઈતું હતું તે મળી ગયું. પ્રભુ ગંભીર મુદ્રામાં ત્યાંથી વિદાય થયા!

બંધુઓ! તમને ઈતિહાસમાં ખબર હશે કે આપણે ત્યાં પ્રાચીન કાળમાં આ દાસત્વ પ્રથા હતી. એક રાજા બીજા રાજા પર ચઢાઈ કરે, જે જીતે તે હારનાર રાજાના નગરમાં લૂંટ ચલાવે, તેમાં નર-નારીઓને પણ પકડીને લઈ આવે. તેમાં શેઠ-શ્રીમંતના ઘરનાં સ્ત્રી-પુરુષો પણ હોય. રાજરાણી, રાજકુંવરી પણ હોય અને સામાન્ય ઘરનાં નર-નારી પણ હોય. તે બધાંને પોતાના રાજ્યમાં લઈ આવે અને જેમ પશુની બજાર ભરાય તેમ દાસ-દાસીઓનું બજાર ભરાય. પશુ કે ચીજ-વસ્તુની જેમ સ્ત્રી-પુરુષ વેચાય, તેના સોદા થાય. જેના ઘરમાં દાસરૂપે જાય તે માણસો દાસ સાથે કસાઈથી પણ ક્રૂર વ્યવહાર કરે. પશુથી પણ બદતર જીવન ત્યાં જીવવું પડે. કામ તો કરે જ. ખાવા ન મળે અને ઉપરથી ભયંકર માર સહન કરવો પડે. બિચારાં દાસ-દાસી ત્રાસી જાય. તેને એમ થાય, આના કરતાં નરકની વેદના સારી. તે ક્યાંય કોઈ પાસે જઈ બોલી ન શકે. પોતાનું દુઃખ કહી ન શકે. કારણ કે ઘરે-ઘરે આ દશા હોય. રાજા-મહારાજા કે શેઠ શ્રીમંતો પણ આ પ્રથાને પ્રોત્સાહન આપે. રાણી ધારિણીની પુત્રી પણ દાસી થઈને અહીં આવી હતી. ધનાવહ શેઠને ત્યાં ખરીદાઈને આવી હતી. જ્યાં તેનું નામ ચંદના હતું. આવા તો હજારો દાસ-દાસીઓ ગામેગામ હતાં.

ભગવાન મહાવીરના અંતરમાં આ દાસ-પ્રથા શલ્યની જેમ ખૂંચતી હતી. માનવ સાથેને આ ક્રૂર વ્યવહાર તેમના અંતઃકરણાનો સુખ લેવા દેતો ન હતો. તેમના હૃદયમાં એક પીડા હતી. જ્યાં સુધી આ પ્રથા દૂર ન થાય ત્યાં સુધી તેમને ચેન પડે તેમ ન હતું.

પ્રભુએ આવો અભિગ્રહ એટલા માટે જ કર્યો હતો. તેઓ જાણતા હતા કે આ જલદી પૂરો નહીં થાય. તેઓ પાંચ માસ અને પચ્ચીસ દિવસ ફર્યા. તેમના અભિગ્રહના બધા બોલ તો છેલ્લા ત્રણ દિવસથી જ સર્જિત

થઈ રહ્યા હતા અને છેલ્લે દિવસે જ પૂરા થવાના હતા. પણ રોજ-રોજ નગરમાં આહાર લેવા જઈ, નગરવાસીઓના દિલમાં એક જાતની વ્યાકુળતા ઊભી કરી દીધી. એટલું જ નહીં રાજા-મંત્રી, શેઠ-શ્રીમંતો સહુના અંતરને એવી રીતે તૈયાર કર્યાં કે સમય આવે પ્રભુ જે કરવા ઈચ્છે છે તે સહજ રીતે થઈ જાય. જન-માનસને ઉદ્વેલિત કર્યું. અને એમ નગરજનો અને રાજાના દ્વારા જ આ કામ કરાવ્યું. પ્રભુને કહેવું ન પડ્યું કે આ દૂર કરો. ચંદનાની દારુણ દશા સુધી સહુને પહોંચાડવા હતા. સહુએ નજરે નિહાળ્યું. રાજપુત્રીની અધમ દશા જોઈ અને વ્યાકુળ થયેલાં હૃદય પીગળી ગયાં. અન્યથા રાજા-મહારાજાઓ પાસે, સત્તાધીશો પાસે કોઈ કામ કરાવવું સહેલું નથી. પ્રભુએ જનમાનસને સમજી તેના દ્વારા જ આ કામ કરાવ્યું.

બંધુઓ! લોકો કહે છે કે પ્રભુને અભિગ્રહ હતો તેર બોલનો! પણ ના, હું કહીશ કે પ્રભુને અભિગ્રહ હતો કે જ્યાં સુધી દાસત્વ પ્રથાને દૂર કરવાના ભાવો રાજવીના અંતઃકરણમાં નહીં જન્મે ત્યાં સુધી આહાર નહીં લઉં! અને પ્રભુનો અભિગ્રહ ફળ્યો. આપણે સહુ ચંદનાની આ કહાની માત્ર કહાની રૂપે જ જાણીએ છીએ. પણ આ રીતે તેની પાછળના હાર્દને સમજવાનો પ્રયાસ કર્યો ખરો! પ્રભુએ શા માટે અભિગ્રહ કર્યો! અરે! દાસ-પ્રથામાંથી જ ચંદનાને મુક્તિ અપાવી, એટલું જ નહીં પણ તેને પોતાની પ્રથમ શિષ્યા બનાવી નારીત્વનું ગૌરવ કર્યું!

હા તો બંધુઓ! પ્રભુએ જેવી રીતે આધ્યાત્મિક ઉત્થાનનો માર્ગ બતાવ્યો તેમ આપણી સામે સામાજિક ઉત્થાનનો પણ એક આદર્શ પ્રસ્તુત કર્યો. તમારી પાસે રહેલી શારીરિક, માનસિક, આર્થિક શક્તિઓનો ઉપયોગ આવી સામાજિક કુ-રૂઢિઓને દૂર કરવા માટે કરજો. યુગે-યુગે કંઈ કેટલીયે કુ-પ્રથાઓ ચાલી આવતી જ હોય છે. ધર્મના ક્ષેત્રે પણ આવા રિવાજો ઘર કરી ગયા હોય છે. જે સમય બદલતાં બદલાવા જોઈએ. પણ આપણે એમ જ ચલાવતા હોઈએ છીએ. વળી જે પ્રથાઓથી કેટલાકને ખમવું પડતું હોય, જીવનમાં મુશ્કેલી ઊભી કરે એવી હોય તેને તો સર્વ પ્રથમ તિલાંજલિ આપી દેવી જોઈએ.

બંધુઓ! પર્યુષણ પહેલા પણ મેં તમારી સામે વાત રાખી હાતી. આજે ફરીથી કહું છું કે આપણે ત્યાં આ એક પરંપરા છે કે અઠ્ઠાઈ કે એથી વધુ તપશ્ચર્યા કોઈ કરે તો એણે સાંજી-પ્રભાવના-લાણી કંઈક કરવું જોઈએ.



આખાયે સમાજને એ અપેક્ષા રહે કે અમુક વ્યક્તિએ તપશ્ચર્યા કરી છે તો આપણને કંઈક તો મળવું જોઈએ. જો ન આપે તો સમાજની વ્યક્તિઓ જ બોલશે કે આ તો લાંઘણ કરે છે. તમને આપે તો જ તપશ્ચર્યા સાચી? ન આપે તો લાંઘણ! આ ડેફિનેશન કોણે બનાવી? ક્યાંથી લાવ્યા? તમે જ છોને આ કહેનારા?

શા માટે આ કુ-પ્રથાઓમાં અટવાવ છો? જે કાળમાં આ પ્રથા શરૂ થઈ હશે ત્યારે એ વખતના દેશ-કાળ અનુસાર કદાચ એ જરૂરી હશે, પણ આજે નથી. વળી એ વખતે કદાચ આવી પ્રથા નહીં હોય. અમે મેંગ્લોર પાસે મુડબિદ્રી તીર્થ છે જૈનોનું, ત્યાં ગયા હતા. ત્યાંના મઠમાં એકસરખાં અનેક શાસ્ત્રો તાડપત્રી પર લખેલાં હતાં. એક જ શાસ્ત્રની અનેક પ્રત! અમને આશ્ચર્ય થયું કે એક જ શાસ્ત્રની આટલી પ્રતની શી જરૂર! શા માટે આટલી છે? પૂછ્યું તો ખુલાસો મળ્યો કે આજથી ૮૦૦ થી ૧૦૦૦ વર્ષ પહેલાં અહીં એવો રિવાજ હતો કે કોઈ તપશ્ચર્યા કરે તો તેઓ લહિયા પાસે આવાં શાસ્ત્રો તાડપત્રી પર લખાવે, અને આખા સમાજમાં ઘરે-ઘરે પ્રભાવના કરે. જેથી શ્રુતની સેવા થાય, ધર્મની પ્રભાવના થાય. ઘરે-ઘરે શાસ્ત્રો હોય તો આપણું આગમ સાહિત્ય સચવાઈ રહે. કેટલાક એ શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે તો તેનું જ્ઞાન પણ વધે. આવા અનેક હેતુઓથી આ પ્રભાવના કરવામાં આવતી. એ જૂનાં શાસ્ત્રોનું ઘર-ઘરથી કલેકશન કરી હવે મઠમાં રખાયાં છે!

બંધુઓ! આનું નામ પ્રભાવના! એ પ્રથા વાસણમાં ક્યારે પુરાઈ ગઈ તે મને ખબર નથી. પણ હું તમને પૂછું છું, આજે અહીં તમે ૨૫૦૦-૩૦૦૦ ભાઈઓ-બહેનો બેઠાં છો. કહો, તમારા કોઈના ઘરમાં એક નાનું વાસણ-વાટકી કે ડીસ આવશે તો તમારું ક્યું દળદર ફીટી જવાનું? ક્યાં બંગલા બંધાઈ જવાના? છે કોઈ લાભ? વિચાર કરો આ મોંઘવારીના જમાનામાં લહાણી દેનારને ૮-૧૦-૧૫ હજારનો ખર્ચો થાય અને જેનું પરિણામ શૂન્ય. વાટકી લઈને અહીંથી બહાર જશો અને દેનારની જ નિંદા કરશો? કેવી છે વાટકી? આપણે તો મેડામાં જૂનો ક્ચરો પડ્યો છે તેમાં ક્ચરો વધ્યો!

જો આવું જ કહેવું છે તો શા માટે આ પ્રથા નથી તોડતા? જેમાં કંઈ જ લાભ ન હોય તે શા માટે ચાલુ રાખવું? વિચારો! ઘણા બિચારા એવા સાધારણ માણસો હોય છે કે જેને શારીરિક-માનસિક શક્તિ હોય છે કે જે

મોટી-મોટી તપશ્ચર્યા કરી શકે પણ આર્થિક સ્થિતિ ન હોય તો તેઓ તપશ્ચર્યા કરી શક્તાં નથી. તેઓ કહેતા હોય છે કે અમને તપ કરવાની શક્તિ તો છે પણ સમાજ સાથે ઊભા રહેવાની શક્તિ નથી. બંધુઓ! આપણા સમાજના ભાઈઓ-બહેનો જો આવાં કારણે તપ ન કરી શક્તાં હોય તો તે તપની અંતરાય આખા સમાજને લાગે છે. સામુદાયિક બાંધેલી અંતરાય સામુદાયિક ભોગવવી પડે. જે અનેક રીતે ભોગવાતી હોય છે. કેટલાક ગામોમાં ઉપાશ્રય હોય, આપણો સમાજ પણ મોટો હોય, સાધુ–સંતોનો યોગ પણ થતો હોય પણ સમાજમાં કોઈ વ્યક્તિ ખરા દિલથી ધર્મ કરી ન શકતી હોય. ધર્મ કરવાના ભાવ જ ન જાગે! એવાં-એવાં ગામ હોય છે કે સાધુ-સાધ્વી ત્યાં ચાતુર્માસ જાય. કેટલી મહેનત કરે પણ સમાજમાં ધર્મ કરવાનો ઉલ્લાસ જ ન જાગે. આ છે સામુદાયિક અંતરાય-કર્મનું સામુદાયિક ફળ!

બંધુઓ! માફ કરજો. પણ મોટાં શહેરોમાં તો લાણી દેવાની competition ચાલે છે! એક વ્યક્તિ ૨૫ રૂપિયાવાળું વાસણ આપે તો બીજો ૧૦૦નું આપે, તો ત્રીજો ૫૦૦ નું આપે. એટલું જ નહીં, સોનાની ચેનો ને વીંટીઓ અપાય! હું તમને પૂછું છું કે તમારી મહામૂલી તપશ્ચર્યા શા માટે આટલામાં વેચી દો છો? જે તપશ્ચર્યા અનંત-અનંત કર્મનિર્જરા કરી આત્મશુદ્ધિ કરે છે તેનું મૂલ્ય સ્ટીલ-ચાંદી કે સોનામાં આંકો છો! મારા ભાઈઓ! બહુ ભ્રમમાં છો, ભૂલાવામાં પડ્યા છો! નીકળો તેમાંથી બહાર. મનથી નિર્ણય કરો કે તપ-ત્યાગના નિમિત્તે કોઈની પાસેથી લઈશ નહીં અને કોઈને દઈશ નહીં! હું આવી રીતે લઉં તેથી મારા જ સાધર્મી બંધુને મુંઝાવું પડે, ખેંચાવું પડે. સમાજ સામે ટકી રહેવા, દેવું કરવું પડે એવું પાપ નહીં આચરું! મારા શ્રીમંત ભાઈઓને તો હું પહેલાં કહીશ કે તમારી પાસે શક્તિ છે, સંપત્તિ છે તો એ ખર્ચવાનાં સ્થાન પણ અનેક છે. તમારા સાધર્મી ભાઈ કે જેની આર્થિક સ્થિતિ ન હોવાથી જીવન જીવવું પણ મુશ્કેલ છે. પહેલાં તો તેની ભાળ મેળવી ગુપ્તદાન આપો કે એ સધ્ધર થઈ જાય.

બીજી વાત, આજે રોજનાં હજારો પશુઓ કતલખાને જાય છે, કારણ શું છે! તમારા ઘરમાંથી પશુધન તમે કાઢી નાખ્યું. તેનું પોષણ તમે કરી



નથી શકતા. તમે તો નથી કરતા પણ જ્યાં પાંજરાપોળમાં પશુઓને ઉછેરાય છે, તે પાંજરાપોળોને એવી સધ્ધર બનાવો કે ગમે તેટલાં પશુઓ આવે, તેઓ તેનું પોષણ કરી શકે. બંધુઓ! ખ્યાલ રાખજો કે તમારી પાસે સંપત્તિ હોવા છતાં પણ તમે જો આ બાબતમાં બેદરકાર રહો તો કતલખાને જતાં પશુઓની હિંસાના પાપના ભાગીદાર તમે પણ છો. તમે તેમાંથી છટકી જઈ શક્તા નથી. તમે કહેશો કે અમે પશુઓને કતલખાને મોકલતા નથી. તે જાય તો અમે શું કરીએ! ના બંધુઓ! તમે જો આંખો બંધ કરીને બેસી રહેશો અને પશુઓને કતલખાને જતાં અટકાવવા માટે કંઈ જ પ્રયાર નહીં કરો તો અનુમોદનાનું પાપ તો વહોરી જ લ્યો છો!

હું તમને એ કહેવા માગતી હતી કે તપ સાથે દાનને જોડવા ઈચ્છો છો તો એ રીતે જોડો કે જેથી તમને આત્મિક લાભ થાય અને લેનારને દ્રવ્યલાભ થાય. કોઈ એવી સંસ્થાઓ, જીવદયા ખાતા, જ્ઞાનખાતામાં ગમે ત્યાં આપી શકો છો. પણ તપ સાથે વાસણ વગેરેની લાણી આપવાની કુ-પ્રથાનો હવે આ સમયમાં ત્યાગ થવો અત્યંત જરૂરી છે. માટે તમને સહુને કહીશ કે આ ત્યાગ કરશો. આજના આ યુગમાં આ પ્રથા ઉચિત નથી. માટે એ કુ-પ્રથા જ છે. બસ વધુ ન કહેતાં સહુ પ્રતિજ્ઞા કરો એવી ભાવના....

આ ચાતુર્માસમાં અનેક ભાઈ-બહેનોએ આવી પ્રતિજ્ઞા કરી, આખાયે ચાતુર્માસમાં તપ-ત્યાગ ઘણા થયા, પણ લાણી-પ્રભાવના નહીં, માત્ર નિર્જરાના ધ્યેયથી જ તપશ્ચર્યા થઈ. સંઘનાં ભાઈ-બહેનોને ધન્યવાદ!

# અપરાધને અલવિદા....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના વિભાવદશાને સંપૂર્ણ નષ્ટ કરવા માટે છે. સંસારના સર્વ જીવો વિભાવમાં જીવી રહ્યા છે. વિભાવ છે ત્યાં જ ભ્રમણ છે. સ્વભાવ છે ત્યાં સ્થિરતા છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં ત્યાજ્ય જો કંઈ હોય તો તે વિભાવ છે. અંતરનો વિભાવ છૂટે, વૃત્તિઓ છૂટે તો બાહ્ય ત્યાગ સહજ છે.

વિભાવને સમજી, વિભાવના પરિણમનને સમજી, વિભાવના પરિણામને સમજી તેને દૂર કરવા માટે જ પૂર્વાચાર્યોએ આવા પર્વોનું નિર્માણ કર્યું છે. હંમેશાં સંસારના વ્યવહારોમાં મસ્ત રહેતો જીવ આવા પર્વોનાં નિમિત્તે પરમાંથી સ્વ તરફ વળી શકે, પોતે પોતાનું નિરીક્ષણ કરી શકે. પરમાં અશાંત રહેતો માનવ સ્વમાં શાંત થઈ શકે, માટે જ આ પર્વની મહત્તા છે.

જૈન પરંપરાના પ્રત્યેક પર્વ સાથે તપ-ત્યાગ જોડાયેલા છે, શા માટે? સારાયે જીવનની પ્રવૃતિ ખાવા-પીવાના કારણે જ છે. તેની પાછળ જ બધું પાપ છે, સંઘર્ષ છે, સારોયે સંસાર આ પ્રવૃત્તિ પાછળ જ છે. ક્ષણભર માટે માની લો કે માનવ-પશુ-પંખી કોઈનેય ખાવાનું જ ન હોત તો પ્રવૃત્તિ શું બચત? મોટા ભાગનાં કાર્યો ક્ષુધા-તૃષાની તૃપ્તિ માટે જ છે. માટે જો પર્વોનાં દિવસોમાં ખાવા-પીવાનું બંધ થાય તો તેની પાછળનો આરંભ-સમારંભ રોકાઈ જાય અને સમય પણ બચે. એ સમયમાં માનવ પોતા તરફ જોઈ શકે. આપણાં પર્વો મનોરંજન માટે નથી હોતાં પણ આત્મવિકાસ માટે હોય છે. તપ-ત્યાગ વિના આત્મશુદ્ધિ થતી નથી. તેથી જ આપણા મહાપુરુષોએ પર્વો સાથે તપ-ત્યાગની મહત્તા પણ ગાઈ છે.

આજે પર્વાધિરાજ પર્યુષણનો અંતિમ દિવસ. આ સાત દિવસમાં ઘણાં



ભાઈ-બહેનોએ તપશ્ચર્યા કરી છે. પણ હવે કંઈક ત્યાગ કરવાનો છે. એ શું? પ્રથમ તો આપણાં અંતઃકરણના ઊંડાણમાં જઈ પોતે-પોતાને નીરખીએ. વિચાર કરો! કે આ સાત દિવસથી કંઈક આરાધના તો તમે કરી રહ્યાં છો. જ્ઞાનની આરાધના અન્ય પ્રકારે ન કરી હોય પણ અહીં આવીને પ્રવચન સાંભળો છો તે શ્રુતજ્ઞાન છે. માટે તે થઈ જ્ઞાનની આરાધના. વાણી સાંભળી તમારી શ્રદ્ધાને દૃઢ કરી. ચારિત્રની દૃષ્ટિથી કંઈક ક્રિયા-અનુષ્ઠાન, સામાયિક-પ્રતિક્રમણ વગેરે કર્યાં અને યથાશક્તિ તપ પણ કર્યું આમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની કંઈ ને કંઈ આરાધના તો તમે કરી. એ આરાધનાનું ફળ શું? સાત દિવસથી વાણી સુણવારૂપ જ્ઞાનની આરાધના કરો છો, તેનું ફળ શું?

પોતાના આત્મામાં ઊતરી, સ્વદોષોને જોવા, જોઈને તેને દૂર કરવા પ્રયત્ન કરવો, દૂર થાય તો તે આરાધનાનું ફળ! બંધુઓ! પ્રથમ દિવસે જ મેં તમને કહ્યું હતું કે સાત દિવસ સુધી સ્વ-નિરીક્ષણ કરી, આઠમે દિવસે દોષોને ધોવા તૈયાર થઈ જવાનું છે. સાત દિવસના આંતરનિરીક્ષણમાં અંતર શું કહે છે? અપરાધોને વિદાય આપવાની સ્વીકૃતિ આપી કે નહીં તમારા અંતઃકરણે? બંધુઓ! આ જીવ ૧૮ પાપોથી ઘેરાયેલો છે. નિત્ય અનેક પાપો કર્યા કરે છે. બધાં જ પાપો સાથે, રાગદ્વેષાત્મક વૃત્તિઓ જોડાયેલી છે. આ રાગ-દ્વેષના ભાવો જ આપણામાં સમતા કે ક્ષમા પ્રગટ થવા દેતા નથી. રાગ-દ્વેષ મંદ થાય તો જ ક્ષમા જાગે. ક્ષમા એ જીવનો પોતાનો સ્વભાવ છે. પણ રાગાદિ ભાવોએ એ ગુણને આવર્યો છે. તેથી ક્ષમા આપણાં જીવનમાં પ્રેક્ટિકલ રૂપમાં આવતી નથી. ક્ષમા જાગ્રત ન થવાનું કારણ છે આપણું અહં. અહં જ્યાં સુધી ગળે નહીં ત્યાં સુધી ક્રોધ જાય નહીં. ક્રોધ હટે નહીં ત્યાં સુધી ક્ષમાગુણ આવિર્ભૂત થઈ શકે નહીં.

આવી છે આ સાંકળ. પ્રથમ કડી અહં. તેને જ જો તોડી નાખીએ તો કાર્ય સરળ થઈ જાય, પ્રભુ મહાવીરના જીવનની વાતો ઘણી કરી. તેઓએ કેવળજ્ઞાન થયાં પહેલાં છદ્મસ્થ અવસ્થામાં જ્યારે વિચરતા હતા ત્યારે જ અહંને ગાળી નાખ્યો હતો. એટલે જ એમને કોઈ શત્રુ ન હતો. ભયંકરમાં ભયંકર પીડા દેનાર વ્યક્તિ પણ તેમને પ્રિય લાગી છે. જે લોકોએ પ્રભુને પીડા આપી, તેને પ્રભુએ પ્રતિબોધ આપ્યો. જેણે પ્રભુને આમરણાંતિક ઉપસર્ગ આપ્યો, તેમને સમજાવી-બુઝાવી-મુક્તિની રાહે ચડાવી દીધાં. આ

છે તેમની ચરમ કોટિની કરુણા! પ્રભુ મહાવીરે તેમના સારાયે જીવનમાં કરુણા જ વહાવી છે. ક્યાંય તેઓ વિષમતા લાવ્યા નથી. બંધુઓ! પ્રભુ જેવી વીતરાગતા આપણા માટે દુષ્કર હોય પણ આ જીવનમાં ઉપશાંત કષાયી તો જરૂર બની શકીએ. જો આટલું થાય તો પણ કોઈ સાથે આપણી શત્રુતા ન રહે.

હું તમને પૂછું, તમારે મિત્ર કેટલાં? બે-પાંચ-સાત-દસ. બસ મર્યાદા હશે. તો શું બીજા બધા જ શત્રુ? ના, એમ પણ નહીં. બાકીની વ્યક્તિઓ પ્રત્યે માધ્યસ્થ ભાવ! હા, પાંચ-સાત-દુશ્મન પણ હોઈ શકે! પણ જૈન પરંપરાએ બહુ જ ભાવવાહી સૂત્ર આપ્યું છે. **मित्ति मे सव्व भूएसु** સર્વ જીવો પ્રત્યે મારી મૈત્રી. જ્યારે આ સૂત્રો બોલો ત્યારે તેમાંથી પાંચ-સાત દુશ્મનોને કાઢી નાખો અને બાકીનાં સર્વ મારા મિત્રો, એમ નહીં જે તમારાથી પ્રતિકુળ વર્તે, તમને ન માને તે તમારો શત્રુ, ને જે તમારાથી અનુકુળ હોય, તમને માનતો હોય તે તમારો મિત્ર. આમાં કઈ મોટી વાત? આ તો પશુઓમાં પણ હોય! તું માનવ થયો તો તારી વિશેષતા શું? તારી સામે સંઘર્ષ કરે, તારાથી જેને વૈમનસ્ય હોય તેને પણ હૃદયથી ચાહી શકે તો જ તું સાચો જૈન! જૈન પરંપરા આવી મૈત્રી શીખવે છે.

પ્રભુ મહાવીરના સાધનાકાળમાં ઘટિત થયેલ એક પ્રસંગ આપણને મૈત્રી શું હોઈ શકે કે બતાવે છે! ભગવંત ગ્રામાનુગ્રામ વિચરણ કરતા–કરતાં અસ્થિગ્રામ પધારે છે. ગામ તદ્દન ઉજ્જડ થઈ ગયું છે. ગામની સુંદરતા નષ્ટ થઈ ગઈ છે. જ્યાં ત્યાં હાડકાંનાં ઢગલાં યત્ર-તત્ર પડ્યા છે. આખુંયે વાતાવરણ ભયાનક દુર્ગંધથી વ્યાપ્ત થઈ ગયું છે. એ નગરની બહાર એક યક્ષાયતન છે. જેમાં શૂલપાણી નામના યક્ષની મૂર્તિની સ્થાપના ગ્રામવાસીઓએ જ કરી છે. એકાંત-નિર્જન સ્થાન જોઈ એ મંદિરના એક ખૂણામાં સ્થિર થઈ ગયા.

શૂલપાણી યક્ષે જોયું કે કોઈ દિગમ્બર વેષધારી માનવ મારા મંદિરમાં આવ્યો છે. કેમ આવ્યો? આ મારું સ્થાન! તેમાં કોઈ આવી જ કેમ શકે? અહં ને મમ બન્ને જાગ્યાં અંતરમાં! પ્રભુને પરેશાન કરવાનો વિચાર કર્યો અને ભયંકર બિહામણા રાક્ષસના રૂપમાં આવી જોરથી ચિત્કાર કરે છે. કાન ફાડી નાખે એવું અટ્ટહાસ્ય કરી પ્રભુને ડરાવવા માગે છે. એની ગર્જનાથી મંદિરની દીવાલો ધ્રુજી ઊઠી. દૂર દૂર સુધી અવાજના પડઘા પડ્યા. જેના



કાને આ ઘોર ભયંકર શબ્દો અથડાયા તે ધ્રુજી ઊઠ્યો પણ મહાવીર વિચલિત ન થયા. તો શૂલપાણિએ ભયંકર સિંહનું રૂપ બનાવી ત્રાડ નાંખી. હુંકાર કર્યા. પણ મહાવીરના કાન સુધી પહોંચતો નથી. પ્રભુનું એક રૂવાડું પણ હલતું નથી. ભયની તો વાત જ ક્યાં કરવી?

શૂલપાણિ પોતાની સર્વ શક્તિથી પ્રભુને ધ્યાનભંગ કરવાનો પ્રયાસ કરે છે, પણ સામે પ્રતિક્રિયા કંઈ થઈ નહીં તેથી વધારે ગુસ્સે થયો. જ્યારે કોઈ પણ વ્યક્તિને અન્ય વ્યક્તિ ઉપર વેરની ભાવના જાગે છે, વેરનો બદલો લેવા પ્રયાસ કરે ત્યારે એ ઈચ્છે કે સામી વ્યક્તિને ગુસ્સે કરું. પીડિત કરું. ત્રાસ આપું. પણ જો સામી વ્યક્તિ શાંત-સ્થિર રહે તો પેલાને વધુ ગુસ્સો આવે. એની ઈચ્છાની તૃપ્તિ ન થાય તેથી તેનું વેર વધુ ફુંફાડો મારે. અને તેણે વિકરાળ વિષધરનું રૂપ ધારણ કરી જોર-જોરથી ફુત્કાર કરવા માંડ્યા. આસપાસની હવા જાણે વિષમય થઈ ગઈ, તેના ફુત્કારના પડઘા ચારે બાજુ પડવા માંડ્યા. પણ મહાવીર અચલ, અડોલ-નિષ્પ્રકંપ! !

અત્યાર સુધી મહાવીરના શરીરને એણે સ્પર્શ નો'તો કર્યો. હવે એકસાથે અનેક વીંછીના રૂપ બનાવી પ્રભુનાં એક-એક રોમમાં ડંખ દીધા. આખા શરીરમાં પીડા થઈ રહી છે. વીંછીનો એક ડંખ પણ ભલભલા યોદ્ધાને ખળભળાવી મૂકે. પણ પ્રભુને એની પણ અસર નથી. અરે! હાથીનું રૂપ લઈ પ્રભુને સૂંઢમાં પકડી જમીન પર પટકે છે. ઉપર પોતાના બન્ને પગે ઊભો રહી જાય છે. છતાં મહાવીર મેરુ જેવા જ નિશ્ચલ-ગંભીર. તેમની ધ્યાનસમાધિ તૂટતી નથી! બંધુઓ! વિચાર કરજો. પ્રભુની આત્મ-મસ્તી કેવી હશે! સ્વ-સ્વરૂપની રમણતામાં કેવા લીન હશે ?

શૂલપાણિ ક્રોધથી વ્યાકુળ થઈ ઊઠ્યો છે. વેરની તૃપ્તિ થતી નથી. અંતર વેરની આગથી ભડભડ બળી રહ્યું છે. તેને થાય છે કે આ તે માનવ છે કે કોઈ દેવ? કોણ છે? આટઆટલું કર્યા પછી જરા પણ ચંચળ થતો નથી! શું કરું હું? કઈ રીતે મારા મનને તૃપ્ત કરું? વિહ્વળતા વધી પડી!

ત્યાં તો મધુર ઘંટડી જેવો સ્નેહાળ સૂર સંભળાયો : 'શૂલપાણિ? શાંત થા! શા માટે વેરની આગમાં બળે છે? તારે જે કંઈ કરવું હોય તે કર મારા ઉપર! પણ તું ભૂલી ગયો, હું તો તારો મિત્ર છું. પરમ સખા છું. તારા પર મને અસીમ પ્રેમ છે શૂલપાણિ!'

મહાવીરના મુખથી આવી પ્રેમાળ વાણી સાંભળી શૂલપાણિનો જુસ્સો

ઓસરવા માંડ્યો. એ વિચારે છે, આ માનવ શું બોલે છે? હું એને આટલી પીડા આપું છું અને બદલામાં એ મને પ્રેમ આપે? એ કહે છે:

'માનવ! હું તને આટલું દુ:ખ આપું છું અને તું કહે છે, હું તારો મિત્ર છું એ કેવી રીતે ?'

'હા, ભાઈ! તું માત્ર મારો મિત્ર જ નહીં, આખા જગતનો મિત્ર છો.'

આ વળી વધુ વિચિત્ર! આજ સુધી મને કોઈએ મિત્રરૂપે સ્વીકાર્યો નથી. આટલા પ્રેમથી કોઈએ મારી સાથે વાત કરી નથી. આ કોણ છે? શૂલપાણિ નરમ થઈ ગયો.

પ્રભુએ જોયું કે યક્ષનું હૃદય પીગળવા માંડ્યું છે. તેના અંદરનું વેર શાંત થવા માંડ્યું છે એટલે પ્રભુએ મોકો જોઈ તેના હૃદયને વધુ શાંત તથા નિર્મળ કરવા કહ્યું:

'શૂલપાણિ, વિચાર તો ખરો! ગયા ભવમાં તું કોણ હતો? તેં કેટલી સેવા કરી સહુની, અને તારા મૃત્યુના કારણરૂપ તું અન્યને માને છે પણ ખરેખર તારા મોતનું કારણ તું જ હતો. અન્ય કોઈ નહીં! કોઈ કોઈને મારી શકે નહીં, જીવાડી શકે નહીં! જરા વિચાર શૂલપાણિ, જરા વિચાર!'

શૂલપાણિ વ્યંતર દેવ હતો. અવધિજ્ઞાનથી એ જાણતો હતો કે પૂર્વભવે એક સાર્થવાહને ત્યાં હૃષ્ટ-પુષ્ટ બળદ હતો. સાર્થવાહને એ ઘણો પ્રિય હતો. એક વાર આ સાર્થવાહ પોતાના સાર્થને લઈ વ્યાપાર અર્થે નીકળ્યો છે. સાથે માલ ભરેલાં અનેક ગાડાઓ છે. આ ગામ પાસે એક વિશાળ નદી હતી. પણ કોઈ કારણે તેમાં ખૂબ કીચડ ભરાઈ ગયો હતો. એ સાર્થવાહને ખબર ન રહી અને બધાં જ ગાડાં નદીમાં ઉતાર્યાં. ગાડાં કીચડમાં ફસાઈ ગયા, નીકળે જ નહીં. આ બળદ બહુ જ શક્તિશાળી હતો. તેને સહુથી આગળ જોડ્યો. અને તેણે ખૂબ જ મહેનત-કરી, એક-એક ગાડાને કીચડમાંથી બહાર કાઢ્યાં. પણ આટલી શક્તિ વાપરવી પડી તેથી તેના શરીરને ખૂબ ધક્કો પહોંચ્યો. નદીના સામે કિનારે બળદ બેસી પડ્યો. તે ઊભો થઈ શક્યો જ નહીં. તેના માલિકને બહુ જ પ્રિય એવો એ બળદ-આ રીતે ભાંગી પડ્યો તે માલિકથી સહન ન થયું.

સાર્થવાહે બે-ચાર દિવસ રહી બળદનો ઔષધોપચાર કરાવ્યો પણ તેમ બળદ સારો થાય એવું લાગ્યું નહીં. આખો સાર્થ અટકીને બેઠો છે. એ



પણ ચાલે તેમ નથી. તેથી સાર્થવાહે આ ગામના મુખીને બોલાવી બધી વાત કરી. ઘણું ધન આપ્યું અને બળદની સારી રીતે સારવાર કરવા કહ્યું. સારો થયે પોતે આવીને લઈ જશે એમ પણ કહ્યું. મુખીએ સ્વીકૃતિ આપી. તેથી સાર્થવાહ બળદને ત્યાં જ છોડી આગળ વધ્યો.

અહીં ગામમુખીએ બે-ચાર દિવસ તો બળદનો ખ્યાલ કર્યો. પણ પછી ધનનો લોભ લાગ્યો. તેથી બળદને તેણે રઝળતો મૂકી દીધો. દવા તો નહીં પણ ખાવા-પીવાનું પણ બંધ કરી દીધું. બળદને પીડા વધતી ચાલી, એક તો બીમાર શરીરની પીડા, બીજી ભૂખની પીડા. વ્યાકુળતા વધી. સંજ્ઞી જીવ છે. સમજે છે. તેથી મુખી પર તેને વેરની ભાવના આવવા માંડી. કેટલાક દિવસે બળદ તડપી-તડપીને વગર દવાએ, વગર અન્ન-પાણીએ તરફડી-તરફડીને મર્યો.

મરીને હલકી જાતનો વ્યંતર દેવ થયો. એને આ યોનિમાં કેમ આવવું પડ્યું એ અવધિજ્ઞાન દ્વારા તો જાણ થઈ કે શું બન્યું છે! મુખી પર ભયંકર ક્રોધ આવ્યો. મુખીનો ખૂબ બહોળો પરિવાર હતો તે બધાને પોતાની શક્તિ વડે મારી નાંખ્યા. મારીને તેનાં શબ એવી જગ્યાએ નાખી દીધાં કે કોઈ તેનો અગ્નિસંસ્કાર ન કરી શકે. શબ સડે, ગીધડાં-બાજ-કૂતરા વગેરે એ મરેલા શરીરના માંસને ખાઈ જાય અને હાડકાં પડ્યાં રહે. જાણે એક ઢગલો થઈ ગયો હાડકાનો.

મુખીના પરિવારને માર્યા પછી પણ આ વ્યંતરનું વેર શાંત ન થયું. તેણે તો એ ગામના એક-બે પરિવારને રોજ મારવા માંડ્યા. અને બધાના શબની એ જ દશા! ગામની બહાર તો હાડકાનાં ઢગ ખડકાવા માંડ્યા. ઘણા દિવસો સુધી આ ક્રમ ચાલ્યો. ગામમાં બાકી રહેલાં માણસો ભયથી જીવે છે. ક્યારે કયા પરિવારનો વારો આવી જશે એ ખબર નથી. પણ કોઈ એક બુદ્ધિમાન માણસે વ્યંતરને પ્રાર્થના કરી. તેની મૂર્તિ સ્થાપવાનું વચન આપ્યું ને આ ઘોર હિંસા બંધ થઈ. ગામના માણસોએ ગામની બહાર પાદરમાં મંદિર બાંધી તેમાં આ યક્ષની મૂર્તિની સ્થાપના કરી. ગામનું નામ તો બીજું કંઈ હતું પણ ગામ બહાર નાની-નાની ટેકરીઓ જેવડા હાડકાંના ઢગલા થવાથી, ગામનું નામ અસ્થિગ્રામ એવું પડી ગયું. અસ્થિ એટલે હાડકાં.

પોતાના પૂર્વભવને વિચાર્યો: મહાવીર કહે છે:

'ભાઈ! વિચાર તો ખરો! કે આટઆટલા જીવોને માર્યા પછી પણ તારા વેરની તૃપ્તિ નથી થઈ! રાત ને દિવસ તુ વેરની ભીષણ આગમાં જલી રહ્યો છે. તને ક્યાંય શાંતિ નથી. ક્યારે તારું વેર તૃપ્ત થશે? તેં આ બધાં જ જીવો સાથે મૈત્રીભાવ રાખ્યો હોત તો આજે તારી આ દશા ન હોત! તારી આ સ્થિતિનું સર્જન તેં જ કર્યું છે! માટે હે યક્ષ! હું તને મિત્રભાવે કહું છું, હવે શાંત થા! વેરને ભૂલી જા! મને તારા પર અનહદ પ્રેમ છે! એવો જ પ્રેમ તું જગતના સર્વ જીવો પર ફેલાવી દે! તારા દિલને શાંત કર!'

ભગવાનની આવી મીઠી વાણી સાંભળી શૂલપાણિ ઠરી ગયો. તેનાં રોમ-રોમમાં શીતળતા પ્રસરી ગઈ. પ્રભુનાં ચરણમાં પડી કદી કોઈને ન મારવાની પ્રતિજ્ઞા કરી, શાંત થઈ ગયો!

પ્રભુ આપણને પણ આવા ક્ષમાના પાઠ શીખવે છે. આપણા પર તો એવા મરણાંતિક ઉપસર્ગ આવવાની સંભાવના નથી. નાનાં-નાનાં નિમિત્તોને પણ આપણે સહન નથી કરતાં અને તરત ક્રોધિત થઈ ઉઠીએ છીએ. કોઈ ભૂલ કરે કે તરત આપણને ક્રોધ આવે છે. જરા પણ ભૂલને જતી કરી શકતા નથી. તે વખતે ખામોશ થઈને વિચારી શક્તા નથી કે સામી વ્યક્તિએ જે સંયોગોમાં આ ભૂલ કરી એ સંયોગોમાં જો હું હોઉં તો હું પણ એ જ ભૂલ કરું, તો પછી બીજા ભૂલ કરે ત્યારે કેમ એને માફ ન કરી દઉં? માફી આપવી, ક્ષમા રાખવી તે બહુ મોટી વાત છે.

અને તેનાથી પણ મોટી વાત છે, આપણે જેમના પ્રત્યે અપરાધ કર્યો છે તેની પાસે ક્ષમા માંગવી. ક્ષમા નહીં માગવાથી જ મતભેદ અને પછી મનભેદ વધતા જાય છે. માણસના અંતરથી અહં ગળ્યો હોય તો જ એ ક્ષમા માગવા જઈ શકે. અન્યથા તો તેને એમ થાય કે હું જેની પાસે જઈશ, એ મને કહેશેઃ કેમ આવવું પડ્યું? તારી ભૂલ હતી એટલે આવ્યો ને! તો તો હું નીચો દેખાઈશ! હું કાંઈ નીચો છું? પણ ના બંધુઓ! એમ નથી. ક્ષમા માગવાવાળો મહાન જ હોય છે. તેની અંદરનો અહં ગળે તો જ એ ક્ષમા માગી શકે. સામાવાળો ક્ષમા આપે કે ન આપે પણ આપણે આપણાં અંતઃકરણમાં ગાંઠો બાંધીને નથી રાખવી. આ ગાંઠ તો નરકનું કારણ છે. શાસ્ત્રો કહે છે કે જે વ્યક્તિ વેરઝેરની ગાંઠ બાંધીને અંતરમાં રાખે છે તે તો અનન્તાનુબંધીના અનુબંધ કરે છે અને પરિણામે નરકમાં જાય છે.



માણસ ગમે તેટલા તપ-ત્યાગ, વ્રત-નિયમ કરતો હોય પણ જો અંતર વેરભાવથી ભરેલું હોય તો તેનાં તપ-ત્યાગ નિષ્ફળ છે. આવા માણસો એટલા જીદ્દી હોય કે બધું છોડવા તૈયાર હોય પણ જેની સાથે કોઈ કારણે વેરભાવ થયો છે તે વેરને પોતે મરે તોય ભૂલવા તૈયાર નથી હોતા.

એવાં એક માજીને અમે જાણીએ છીએ. મહારાષ્ટ્રના એક ગામમાં અમે ગયા હતાં. ત્યાં ૬૦-૬૫ વર્ષના એક માજી ત્રણ વર્ષથી છઠ્ઠ-છઠ્ઠના પારણે વર્ષીતપ કરતાં હતાં. રોજની ૫-૬ સામાયિક કરતાં હતાં. આર્થિક સ્થિતિ બહુ જ સારી. શરીર પર ૩૦ થી ૪૦ તોલા સોનું પહેર્યું હતું. અમે તેમના ઘરે ગૌચરી ગયાં. એક જ મોટા ઓરડામાં વચમાં પાર્ટીશન, એક બાજુ વહુનું રસોડું-એક બાજુ સાસુનું. બન્નેએ વહોરાવ્યું. અમને સમજાયું નહીં કે આમ કેમ?

ઉપાશ્રય આવ્યાં ત્યાં જ એ ગામનાં બીજાં બહેનોએ કહ્યું, મહારાજ સાહેબ, આપ જ્યાં વહોરવા ગયાં હતાં ત્યાં શું થયું? બે ચોકા હતા ને? અમે કહ્યું હા, અમને પણ આશ્ચર્ય થયું. તો તેઓ કહે, મહારાજ સાહેબ, આપ પધાર્યાં ત્યારથી અમારે કહેવું હતું પણ આપ અજાણ્યાં તેથી કીધું નહીં.

એ માજી આટલી તપશ્ચર્યા કરે છે. ધર્મ-ધ્યાન કરે છે પણ એકના એક દીકરા અને વહુ સાથે કંઈ જ વ્યવહાર નથી રાખતાં. ઈજ્જતના ડરથી જુદા મકાનમાં રહેવા જતાં નથી. પણ એક મકાનમાં જુદાં રહે છે. દીકરો બહુ સંસ્કારી ને ભણેલો છે. વહુ પણ એવી જ છે. તેનો દીકરો તો આ ગામના ઘણા મોટા માણસો પાસે જઈને રડ્યો છે. દીકરાને આ વાત બહુ ખટકે છે પણ ડોશીને કાંઈ પડી નથી. મહારાજ સાહેબ, આપ સમજાવો.

અરે! આટલાં વર્ષોથી જે કોઈથી ન સમજ્યાં તે અમારાથી શું સમજશે! છતાં સાંજે પ્રતિક્રમણ કરવા આવ્યાં ત્યારે પ્રયાસ કર્યો. પૂ. મોટાં મહાસતીજીએ તેમને કહ્યુંઃ માજી, મારી એક વાત માનશો? માજી તરત સમજી ગયાં કે આજે મહારાજ સાહેબ ઘરે ગૌચરી આવ્યાં હતાં અને જોઈ ગયાં છે તેથી એ જ વાત હશે. તેઓએ જે જવાબ આપ્યો તે માર્મિક હતો. એ કહેઃ

'મહારાજ સાહેબ! હું આપની એ વાત જ સાંભળવા માગતી નથી! આપ બીજું જે કહેશો તે કરવા તૈયાર છું. છઠ્ઠ-છઠ્ઠના પારણાં કરું છું, તો

અટ્ઠમ-અટ્ઠમના કરીશ. રોજની પાંચ સામાયિક કરું છું તો આઠ કરીશ. તમે કહેશો તે બધી લીલોતરીનો ત્યાગ જિંદગીભર કરી દઈશ! એ સિવાય પણ આપ કહો તે કરવા તૈયાર છું! પણ પહેલી વાત તો આપ મને કહેશો જ નહીં. એ તો નહીં જ માનું!'

બંધુઓ! કહો! આને શું કહેવું? તમારી સ્થૂલ દૃષ્ટિ આ માતાને ધર્મિષ્ઠ કહે છે કે નહીં? કેટલો તપ, કેટલો ત્યાગ? પણ અંતરની વેરવૃત્તિઓનો ત્યાગ નથી કરવો. એ તો કહે મરીશ તો પણ વહુ-દીકરા સાથે નહીં બોલું! આવા તપસ્વીઓના સમાજ બહુમાન કરાવે! એને કંઈ કેટલીયે માળ પહેરાવો! પણ નથી લાગતું કે આજે યુવાનોમાં ધર્મશ્રદ્ધા રહી નથી તેના કારણોમાં આ પણ એક કારણ છે? ધર્મની ક્રિયાઓ કરે પણ વેર-ઝેર ન છોડે!

અરે આ વેર-ઝેર થયાં હોય તે પણ કેટલી નાની વાતોમાં થયાં હોય? કોઈ મોટી ભયંકર વાત પણ ન હોય! આપણી અસહિષ્ણુતા કેવી-કેવી ગાંઠો મનમાં બાંધી દે અને આ વૈરાનુબંધ ભવોભવ ચાલે. ગ્રન્થોમાં આવા અનેક જીવોનાં વેરની વાતો આવે છે. સમરાદિત્ય કેવળી સાથે જે જીવને વેર હતું તે નવ-નવ ભવ સુધી ચાલ્યું. નવમે ભવે સમરાદિત્ય નિર્વાણ પામ્યા અને અગ્નિશર્મા નામના તેમના વેરી આત્માએ અનંત જન્મ-મરણની પરંપરા વધારી. અનંત સંસાર ભટકવા ચાલ્યો ગયો. બંધુઓ! વેરની પરંપરા એટલી ભયાનક છે કે જીવને તેમાંથી જલદી મુક્ત ન થવા દે. માટે જ ખૂબ ચેતીને ચાલવાની જરૂર છે. જો અનંત સંસારના દુ:ખો ન જોઈતાં હોય તો જેની સાથે વેર-ઝેરના ભાવો હોય તેની ક્ષમા માગી, ક્ષમા આપી, વેરથી મુક્ત થઈ જજો.

પર્યુષણ પર્વની આરાધનાની સફળતા તો એમાં જ છે કે જ્યારે આપણા અંતરની વિષમ વૃત્તિઓમાં સુધારો થાય. પર્યુષણની સફળતા એમાં ન માનશો કે આપણે ત્યાં ઉપાશ્રયમાં કેટલા માણસ વ્યાખ્યાનમાં આવ્યા? કેટલી વધુ તપશ્ચર્યા થઈ? લોકો આવીને કહી જાય છે: મહસતીજી! આપનું આ ચોમાસુ સફળ! રોજ ૨૫૦૦-૩૦૦૦ માણસ વ્યાખ્યાનમાં આવતાં હતાં. વળી ૧૫૦-૨૦૦ તપશ્ચર્યા થઈ. વાહ-વાહ થઈ ગઈ! ના, હું એમાં સફળતા માનતી નથી. ગમે તેટલું માણસ આવે કે ગમે તેટલી તપશ્ચર્યા થાય પણ જેટલા પોતાને સુધારી શક્યા, કષાયોને મંદ કરી



શક્યા, રાગ-દ્વેષને પાતળા પાડી શક્યા અને આત્મલક્ષ્યે જેની સાધનાની દૃષ્ટિ ખૂલી એટલાએ જ પર્યુષણ ઉજવ્યાં. બાકી તો રુટિન છે, પરંપરા છે માટે આવવું, આવીને ચાલ્યા જવું. પછી ભલે એ અઠ્ઠાઈ-નવાઈ કે માસખમણ કરી લે. પણ આત્મલક્ષ્ય જાગ્રત ન થયું, અંતરમાં વિકારો ના શમ્યા, સમતા-ક્ષમાનો સ્પર્શ આત્માને ન થયો તો સરવાળામાં શૂન્ય!

ભૂલ કરી હોય તેની ક્ષમા માગીને, અને ક્ષમા માગવા આવે તેને ક્ષમા આપીને હળવા થઈ જજો. દિલને થોડું વિશાળ બનાવો, થોડા ઉદાર બનો તો ક્ષમા સહજ થઈ જશે. બંધુઓ! વિચારો તો ખરા, જ્યાં તમારું કંઈ ચાલે તેમ ન હોય ત્યાં કેવા નરમ થઈ જાવ! નોકર હોય તો શેઠ પાસે નરમ! અને તમે બધા શેઠ! સરકારી ઓફિસરો, ઈન્કમટેક્ષ-સેલ્સટેક્ષ ઓફિસરો પાસે કેવા ગરીબ ગાય જેવા થઈ જાવ. સલામ ભરો છો! એના અપમાનજનક શબ્દો પણ કેવા સાંભળી લો છો! પણ એનું નામ ક્ષમા નથી. એ તો લાચારી છે. ત્યાં કંઈ ચાલે તેમ નથી તો શું કરો? ક્ષમા તો એનું નામ કે તમારાથી નાનો છે, નીચો છે, એની કંઈ ભૂલ થઈ ને તેના પ્રત્યે ઉદાર દિલે સમતા રાખી શકો, એ તમારી ક્ષમા માંગે તો પ્રેમ-પૂર્વક એની પીઠ થપથપાવી એને આશ્વાસન આપી શકો તો જ તમારી બહાદુરી, કહ્યું છે:

**ક્ષમા સોહતી ઉસ ભુજંગકો, જિસકે પાસ ગરલ હો,**
**ઉસકો ક્યા જો દંતહીન, વિષરહિત, વિનીત સરલ હો.**

વિષધર સર્પને છંછેડો અને એ ન કરડે તો તેની વિશેષતા, પરંતુ જેની દાઢમાંથી ઝેર કાઢી લીધું છે, જે નિર્માલ્ય થઈ ગયો છે એ સાપ ન કરડે તો તેમાં કઈ મોટી નવાઈ? તો શક્તિ હોવા છતાં ક્ષમા માગનારને હડધૂત ન કરતા, તેના પ્રત્યે તિરસ્કાર ન દાખવતા, પ્રેમપૂર્વક તેની વાતનો સ્વીકાર કરી હૃદયના શદ્ધ ભાવે ક્ષમા આપી દેજો.

જાણો છો બંધુઓ! જે માણસ અંદરના વેર-ઝેર સાથે લઈને મરે. તેને કેવી ગતિમાં જવું પડે છે? ઝેરી જીવ-જંતુની યોનિમાં, ઝેરી વનસ્પતિના રૂપમાં કે પછી સાપ કે વીંછીની ગતિમાં! બોલો ક્યાં જવું છે મરીને! શું ઈચ્છો છો? મોક્ષ! અરે ભાઈ! મોક્ષ તો બહુ દૂર છે, નજીક નથી. એટલું તો કરો કે દુર્ગતિ ન થાય! જો વેર-ઝેર અંતરમાં સંઘરી રાખ્યાં તો પરિણામ દુર્ગતિ જ છે એ નિશ્ચય માનજો. માટે જ અંતરને શુદ્ધ કરી, સદ્ગતિ મળે

એટલો પ્રયાસ તો કરી લ્યો.

જેમ વેર-ઝેર થવામાં કોઈ વાર નાનું નિમિત્ત જ કારણભૂત હોય છે તેમ એ વેર-ઝેરને શાંત થવામાં પણ નાનું નિમિત્ત જ કામ કરી જાય છે. કચ્છમાં બનેલી એક ઘટના હું તમને કહું :

બે ભાઈઓ હતા. ખૂબ શ્રીમંત. બાપનું ધન ઘણું હતું. બન્ને પ્રેમથી રહેતા હતા. એક-બીજા વગર ચાલે નહીં એટલો ગાઢ પ્રેમ બે ભાઈઓ વચ્ચે હતો. બન્ને એકબીજાને સાચવવા-સંભાળવા માટે બધું જ કરી છૂટતા. માતા-પિતા પરલોક સિધાવી ગયા અને ઘરમાં સંઘર્ષ ઊભો થયો. બન્ને ભાઈઓની પત્નીઓને બનતું નથી, બહુ જ નાની બાબતમાં શરૂ થતો કલહ, મોટું રૂપ ધારણ કરવા માંડ્યો. રોજની અશાંતિ ચાલુ થઈ ગઈ. ભાઈઓથી આ સહેવાતું નથી. અંતે જુદા થવાનો નિર્ણય લેવાયો.

બાપની પુષ્કળ સંપત્તિના ભાગ પડ્યા. બધી રીતે બરાબર શાંતિથી ભાગ થઈ ગયા. બંનેને સંતોષ છે પણ સુંદર કોતરકામવાળી એક કાચની બરણી માટે વાદ-વિવાદ ઊભો થયો. એ જમાનામાં તેની કિંમત વીસ-ત્રીસ રૂપિયાની હશે, આજે બસો-ત્રણસો કદાચ થાય! પણ કિંમતની વાત ન હતી! બરણી પર કરેલી નકશી, આંખ અને મનને લોભાવે એવી હતી. બરણી જ્યારથી ઘરમાં આવી ત્યારથી બધાને જ બહુ ગમતી હતી. તે બંનેને જોઈએ છે, કોઈ છોડવા તૈયાર નથી, બરણીના ગમે તેટલા પૈસા દેવા તૈયાર છે પણ બરણી છોડવા કોઈ તૈયાર નથી. કરવું શું? બે ટુકડા થાય તેવી ચીજ પણ નથી.

અને બંધુઓ! તમે માનશો? આ વિવાદે કોર્ટના દરવાજા ખખડાવ્યા! બરણી કોના ભાગમાં જાય તે માટે વકીલો સામ-સામા લડવા માંડ્યા. સમય વીતતો ચાલ્યો. એક-બે-ત્રણ વર્ષ, વર્ષ પર વર્ષ વીતે છે. સમય-શક્તિ-સંપત્તિ-ઈજ્જત બધો જ વ્યય થઈ રહ્યો છે. ચુકાદો બેમાંથી એકની પણ તરફેણમાં આવતો નથી. જેમ-જેમ સમય જાય છે તેમ વટનો પ્રશ્ન થઈ ગયો. બંનેમાંથી કોઈ નમતું જોખવા તૈયાર નથી. પૂછજો તમારા મનને! આ જ મનોદશા છે ને તમારી? ગમે તે ક્ષેત્રે હો પણ નમવા તૈયાર નથી. છાતી કાઢીને જ સામા થાવ છો! આ બંને ભાઈઓને પણ આમ જ ચાલી રહ્યું છે.

ત્યાં તો એક ઘટના ઘટી. એક વાર નાનો ભાઈ કોર્ટમાં આવ્યો છે.



આજે તારીખ છે. થોડીવાર થઈ, મોટોભાઈ આવ્યો. બહાર બૂટ ઉતાર્યા. ત્યાં તો વરસાદ આવવા માંડ્યો. મોટા ભાઈએ જોયું કે એક કીંમતી મોજડી ત્યાં પડી છે. મખમલની મોજડી ને ઉપર મોતી ભરેલાં. મોટા ભાઈ ઓળખી ગયા. આ તો મારા નાના ભાઈની મોજડી! વરસાદના છાંટા મોજડી પર પડશે તો મોજડી ખરાબ થઈ જશે. એણે મોજડીને અંદર મૂકી દેવા માટે વાંકા વળી મોજડી હાથમાં લીધી. બરાબર એ જ સમયે નાનો ભાઈ કોર્ટ રૂમમાંથી બહાર આવ્યો. એણે મોટા ભાઈના હાથમાં પોતાની મોજડી જોઈ! તે થંભી ગયો. અરે! આ શું? જે ભાઈના પ્રેમને વિસારી દઈ હું એની સામે કોર્ટે ચડ્યો છું ને એ જ ભાઈ મારા પગની મોજડી ઉપાડે છે! ધિક્કાર છે મને! આજ સુધી હું મોટા ભાઈને ઓળખી શક્યો નહીં! એ દોડીને મોટા ભાઈના પગમાં પડી ગયો. રડવા માંડ્યો!

મોટા ભાઈ! મને માફ કરો. હું ભૂલી ગયો. વસ્તુના મોહમાં અને મારા અભિમાનના નશામાં મેં તમને ખૂબ દુ:ખી કર્યા. મારે નથી જોઈતું કાંઈ! જે છે તે બધું તામરું જ છે! એ બરણી પણ આપ જ રાખો! નાના ભાઈનું હૃદય નરમ થઈ ગયું છે. એના શબ્દો સાંભળી મોટા ભાઈ પણ ગદ્‌ગદ થઈ ગયા. એ બોલી શક્યા નહીં. આંખમાં પાણી આવી ગયાં અને પગમાં પડેલા નાના ભાઈને ઉઠાડી છાતીસરસો ચાંપી દીધો. બંને ભાઈઓ એક થઈ ગયા. અંતરના ઊંડાણમાં પડેલી પ્રેમ ભાવનાનો વિજય થયો. વેર-ઝેર ચાલ્યા ગયા. બંનેનાં અંતર નિર્મળ થઈ ગયા.

બંધુઓ! એક નાના નિમિત્તે વેર ઊભાં કર્યાં હતાં. પણ ઊંડી શત્રુતા ન હતી. તેથી જ જ્યાં પ્રેમનું નિમિત્ત મળ્યું, પ્રેમનો અનુભવ થયો ત્યાં વેરના ભાવ વિરમી ગયા. બંને વચ્ચેની દીવાલો તૂટી ગઈ. બધું જ ભૂલીને બંને ભાઈઓ એક થઈ ગયા. આમ જ વેર-ઝેરની સમાપ્તિ કરવી છે!

આજે સંવત્સરીનો દિવસ. સાંજે પ્રતિક્રમણ કરી અહીં આવેલા ૧૫૦૦-૨૦૦૦ માણસોને તમે ખમાવશો. દર વર્ષે જેમ વ્યવહાર કરો છો તેમ કરશો. પણ ના, હું કહું છું બધાને ખમાવવાની જરૂર નથી. આટલા લોકોમાંથી પાંચ-સાત-દસ વ્યક્તિ કે જેના માટે ખરેખર તમારા મનમાં કંઈક વિરોધની ભાવના છે. વૈમનસ્ય છે, મતભેદ છે એટલી વ્યક્તિઓને જ ખાસ ખમાવજો. એના પગમાં પડજો. એ તમારાથી ઉંમર, સત્તા કે સંપત્તિમાં નાનો હોય કે મોટો! પણ એને ખમાવજો. જેણે તમારી સાથે

દુર્વ્યવહાર કર્યો, કે તમે જેને કટુ શબ્દો કહી અપમાન કર્યું હોય તેવા બધા જ જીવોને પ્રેમથી ગળે લગાડી ક્ષમા માગજો અને ક્ષમા આપજો. પર્યુષણ પર્વની-સંવત્સરીની સફળતા એ જ છે કે શત્રુને મિત્ર બનાવી દો.

તમે તો બધા બહુ શૂરવીર છો. જ્યારે કોઈ તમારી સામે વિરોધી બનીને આવે છે, ત્યારે તમે પણ તેને બહાદુરીપૂર્વક કહેતા હો છો કે તું શું સમજે છે તારા મનમાં? તું શેર છે તો હું સવાશેર છું. મને બધુંય આવડે છે. હું કાંઈ કમ નથી! બંધુઓ! હું તો કહીશ કે એકવાર તો પ્રભુ મહાવીરને સામે રાખી પ્રભુને કહે કે હે પ્રભુ! હું પણ તારાથી કંઈ કમ નથી! તું મરણાંતિક ઉપસર્ગ આપનાર સામે ક્ષમા રાખી શકે છે તો હું પણ તેવી જ ક્ષમા રાખી શકું છું! તું પરમાત્મા બન્યો તો હું પણ બની શકું છું! મારામાં પણ તારા જેવું જ પરમાત્મત્વ પડ્યું છે. હું કંઈ તારાથી કમ નથી! આમ એકવાર તો કરો! તમારી શક્તિને તમે ઓળખી લો! મહાવીર જે કરી શક્યા તે આપણે પણ કરી શકીએ છીએ! જ્યાં સુધી આપણો વીર્યોલ્લાસ સ્ફુરાયમાન થયો નથી ત્યાં સુધી જ આપણે ભક્ત અને પ્રભુ ભગવાન! પણ જ્યારે આત્માના અસંખ્ય પ્રદેશે રહેલ અનંત વીર્ય ઉલ્લસિત થઈને પ્રેક્ટિકલ થઈ જશે ત્યારે આપણે પણ ભગવાન!

જેનામાં ભગવાન બનવાની શક્તિ પડી છે તે શું ક્ષમા ન ધારણ કરી શકે? જરૂર કરી શકે. વળી બંધુઓ! જેની સાથે આપણો વેરભાવ હોય છે તે પણ કોઈ ભૌતિક કારણથી જ હોય છે. કાં તો આર્થિક પ્રશ્ને વૈમનસ્ય થયું હશે, કાં તમારી પ્રતિષ્ઠાના કારણે સંઘર્ષ ઊભો થયો હશે, કાં તમે સત્તાધીશ હશો અને તમારી મર્યાદા નહીં જળવાઈ હોય. આમ કોઈ ને કોઈ ભૌતિક વ્યવહારના કારણે જ વિરોધ ઊભો થયો હશે! હવે આ બાબત પર વિચાર કરો કે જે સત્તા, પ્રતિષ્ઠા કે ધન માત્ર એક ભવનું જ સાથી છે! અહીં તમારી પ્રતિષ્ઠા છે અને તમને થાય કે મને કોઈ પૂછતું નથી. પણ કાલે મરીને કંદમૂળમાં ઉત્પન્ન થશો! બહુ પ્રિય છે ને કંદમૂળ! તો ત્યાં જ જવું પડશે! ત્યારે કોણ પૂછવા આવશે કે ભાઈ કેમ છો? અરે! એક સ્વતંત્ર શરીર પણ નહીં મળે! એક શરીરમાં અનંત જીવોની સાથે રહેવું પડશે! આલુ કે કાંદાને હાથમાં લો છો. તેમાં અનંત જીવો હોય છે. તેને જોઈને એમ થયું છે ક્યારેક કે કાલનો પ્રતિષ્ઠિત માનવ, કાલનો સત્તાધીશ આજે આમાં પુરાયો છે! કાલ સુધી જેને લોકો માન આપે, સન્માન કરે.



ભાઈ-ભાઈ કરે એ બહુ ગમતું હતું તે આજ છેદાવા ને બફાવા તૈયાર થયો છે! ક્યાં ગઈ તેની પ્રતિષ્ઠા? સત્તા? શ્રીમંતાઈ? તો બંધુઓ! આવી ક્ષણિક વિશેષતાઓના માનની પૂર્તિ માટે કોઈ જીવો સાથે સંઘર્ષમાં ન ઉતરીએ! એટલું તો નક્કી કરો! ગર્વને ગાળી નાખો! અહંને ફેંકી દો! બસ, પછી જુઓ સર્વ જીવો સાથે આપોઆપ મૈત્રીભાવ જાગે છે કે નહીં? મૈત્રીભાવનાના હાર્દને સમજો! કેવી સુંદર ભાવના એમાં વ્યક્ત કરી છે, જે આપણા હૃદયને સ્પર્શી જાય–

**મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,**
**શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.**

આ બે જ પંક્તિમાં કેટલી ઉદાત્ત ભાવના વ્યક્ત કરવામાં આવી છે? મૈત્રીભાવને પવિત્ર ઝરણાની ઉપમા આપવામાં આવી. ઝરણું કોને કહેવાય? જેમાં નિર્મળ જળ નિરંતર વહેતું રહેતું હોય. વહે તે જ ઝરણું. પડ્યું રહે તે ખાબોચિયું! વહે તે જ નિર્મળ રહે. પડ્યું રહે તે ગંધાઈ જાય. વળી વહેવાની જે ક્રિયા છે તે નિરંતર થયા જ કરે છે. રાત પડે સર્વ સંસાર સૂઈ જાય પણ નદી કે ઝરણા સૂતાં નથી, અવિરત ગતિએ તેનો અસ્ખલિત પ્રવાહ રાત-દિવસ વહ્યા જ કરે. એક સેકન્ડ માટે પણ એ થંભી જાય નહીં! ઝરણાં પાસે કોઈ જાય ન જાય, તેનું પાણી કોઈ પીએ ન પીએ, પાણીનો કોઈ ઉપયોગ કરે ન કરે, પણ ક્ષણ માટે પણ રોકાવાનું નામ નહીં. વહ્યા કરે, બસ વહ્યા કરે અને પોતાની નિર્મળતાને, પવિત્રતાને દૂષિત ન થવા દે! આ કારણે જ આપણા અંતરના મૈત્રીભાવને ઝરણાની ઉપમા આપી. મૈત્રીભાવ નિરંતર વહ્યા કરે, એક ક્ષણ માટે પણ મૈત્રી-અમૈત્રી રૂપ ન બની જાય. નિર્મળતા અને પવિત્રતા ન છોડે, મૈત્રીના કાંઠે જે કોઈ આવે સહુ એને પોતાના, કોઈ પરાયા નહીં.

વળી વહેતું ઝરણું આસપાસ સર્વત્ર ઠંડક અને હરિયાળી, પ્રસન્નતા આપતું જાય. તેમ આપણા અંતરમાં વહેતું મૈત્રીભાવનું ઝરણું માત્ર એક જ ભાવ સાથે વહ્યા કરે. આખાયે વિશ્વનું, સક્લ પ્રાણીજગતનું શુભ થાઓ. કદી કોઈનું અશુભ ન થાય, બૂરું ન થાય. પછી એ જીવે ભલે પોતાનું ગમે તેટલું બૂરું કર્યું હોય! ગમે તેટલી પીડા આપી હોય! સતાવ્યા હોય. અરે! માન-પ્રતિષ્ઠા-ઈજ્જતને ધક્કો પહોંચાડ્યો હોય છતાં આપણા અંતરમાં તો એ જ ભાવ રહે કે તેનું અહિત કદી ન થાય. બસ, આ એક ભાવના જો

અંતરમાં આવી જાય તો જીવને સમતા સાધતાં વાર ન લાગે. કદી કોઈનું બૂરું કરવું નહીં કે ઈચ્છવું નહીં. આ છે સાચો મૈત્રીભાવ!

આજે ક્ષમાપનાના આ અવસરે એક વાત મારે કહેવી છે તે એ કે મેં જોયું છે. સાંભળ્યું છે કે સમાજમાં તમારે કોઈ વ્યક્તિ સાથે કંઈ વિરોધ હોય તો તે ખાસ કરીને અહીં આ ધર્મના ક્ષેત્રે જ હોય છે. તેમ આ ઉપાશ્રયમાં કે સંસ્થામાં આવો ત્યાં જ વિરોધ! બહાર નહીં. બહાર તો સાથે બેસીને જમો. એકબીજાને ઘેર જઈને જમો! અરે! એટલું જ નહીં. એકબીજાને ત્યાં વ્યાવહારિક પ્રસંગ હોય તો ચાર દિવસ અગાઉ જાવ, બધું જ કામ હોંશથી કરો. તેમને પૂરો સહયોગ આપો. પણ અહીં આવો તો દુશ્મન! આ કેવી વિરોધી વાત! બહારના ઝઘડા કે વેર-ઝેરને ભૂલવા માટે, ભૂલીને શુદ્ધ થવા માટે, અહીં આવવાનું છે. એના બદલે બહાર તો બધું બરાબર હોય અને અહીં આવો ત્યાં જ દ્વેષભાવ ઊભરાય! આ કેવી વિડંબના! નથી લાગતું તમને કે બહુ જ ખોટું છે આ? બીજે પાપો કરીને આવો તો મંદિર-ઉપાશ્રયમાં ભગવાન કે ગુરુની સામે પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થઈ શકો. પણ જો અહીં જ વેર-ઝેરની ભાવનાને પોષણ આપતા હો તો શું થશે? ભાન છે?

अन्य स्थाने कृतं पापम्, धर्मस्थाने विमुच्यति ।
धर्मस्थाने कृतं पापम्, वज्र लेपो भविष्यति ॥

એવા ચીકણાં-નિકાચિત કર્મો બંધાશે, કે જે ભોગવ્યા વિના છૂટકો જ નથી. અરે તે પણ અત્યંત પરિતાપ સાથે ભોગવવાં પડશે. માટે વેર-ઝેરના ભાવો અહીં ધર્મસ્થાનકમાં તો સાથે લઈને નહીં જ આવીએ. અહીં નવાં વેર ઊભા નહીં કરીએ અને જૂનાં વેર-ઝેરના ભાવ કોઈ સાથે હશે તે પણ આ સ્થાને આવી, સંતના ચરણોમાં ભૂલી જઈશું અને હૃદયને ક્ષમાના ભાવથી ભરી દઈશું!....

બંધુઓ! ધૈર્યની જરૂર છે. ક્યારેક ધર્મ-સ્થાનમાં આવીને સંતોની વાણી સાંભળીને બહાર નીકળો છો અને સ્થાનકના કંપાઉન્ડમાં જ ઝઘડી પડો છો! વાણી સાંભળો તો થોડીવાર તો ધૈર્ય રાખતાં શીખો! પણ એ નથી બનતું! અમને અમારા જીવનમાં એવા કટુ અનુભવ થાય છે કે સંવત્સરી જેવો મહાન દિવસ હોય-ક્ષમા-ધૈર્યના વિષયમાં અનેક વાતો સંતના મુખેથી સાંભળે. સાંભળતાં-સાંભળતાં તો જાણે એવા સુંદર ભાવોમાં



ડૂબી જાય કે જાણે વાણી આર-પાર ઊતરી ગઈ છે. પણ હજુ તો પ્રવચન પુરું થાય ન થાય ત્યાં તો આગ સળગી ઊઠે. હોલમાંથી પણ બહાર ન નીકળે. સંતો પાટ પર બિરાજમાન હોય તેમની મર્યાદા પણ ન રાખે! વિચારો! કેટલો ધીરજનો અભાવ છે! આ દિવસો આપણને ધીરજના પાઠ ભણાવવા આવે છે. આપણે ધૈર્ય ધરતાં શીખી લેવાનું છે. મહાપર્વનો આ સંદેશો ઝીલવાનો છે.

માનવમાં ધૈર્યતા હોય તો તેને કેટલા અનર્થથી એ બચાવી લે છે. એ એક ઐતિહાસિક વાત પરથી આપણે જોઈએ.

કોશલનરેશ બહુ બળવાન હતો. વળી રાજ્યની સીમા વધારવાની લિપ્સા પણ ઘણી હતી. તેની પાડોશમાં એક નાનું રાજ્ય હતું. એ રાજ્યની સૈન્ય-શક્તિ ઓછી હતી. તેની આ દુર્બળતા જાણી કોશલનરેશે તેના પર ચડાઈ કરી. યુદ્ધમાં પેલો રાજા મરાયો. કોશલપતિ જીતી ગયો. હવે જે સમયે જે રાજા મરણ પામ્યો તેની રાણી ગર્ભવતી હતી. તેણે વિચાર કર્યો કે અહીં રહેવામાં સાર નથી એટલે એ જે કંઈ ધન-આભૂષણો હાથમાં આવ્યાં તે લઈને ભાગી ગઈ. રાજ્યની સરહદ વટાવી એક જંગલમાં ચાલી ગઈ. ત્યાં ઘાસની નાની ઝૂંપડી બાંધી રહેવા માંડી. બે-ત્રણ મહિના પછી પુત્રને જન્મ આપ્યો. તેની પાસે જે કંઈ ધન હતું તેના દ્વારા પુત્રનું પાલન કરી રહી છે. ધીમે-ધીમે ધન ખૂટવા માંડ્યું તો જંગલમાં લાકડાં કાપી નાના ગામમાં વેચે છે. આમ એ જેમતેમ પુત્રને મોટો કરે છે. બાળક થોડો મોટો થયો. સમજણ આવી. માતા ક્ષત્રિયાણી છે. તેનામાં ક્ષાત્રતેજ ભર્યું છે. જંગલમાં રહીને પણ દીકરામાં સુંદર સંસ્કારો રેડી રહી છે. છોકરો ચતુર છે. એ યુવાન થયો. તેનાં શરીરમાં શૌર્ય ફૂટી નીકળ્યું છે.

દીકરાને બધી રીતે યોગ્ય જોઈ રાણી કહે છે: બેટા! હવે તારામાં ઘણી સમજણ આવી છે. મારે તને એક વાત કહેવી છે. બેટા! તું તો હજુ પેટમાં હતો ત્યાં જ તારા પિતા આ જગતમાંથી ચાલ્યા ગયા. પણ મરતાં-મરતાં તારા માટે એક સલાહ આપી ગયા હતા. મને કહ્યું હતું કે આવનાર બાળકને મારા તરફથી શીખ આપજે કે 'ગમે તેવી પરિસ્થિતિમાં પણ ધૈર્ય ન છોડે.' સાંભળી દીકરો એ બાપના વાત્સલ્ય પર દ્રવી ઊઠ્યો. જે બાપે મારું મુખ પણ નો'તું જોયું એ બાપને મારી હિતચિન્તા કેટલી? તેણે માને વચન આપ્યું: 'મા! ગમે તે ભોગે પિતાની શિખામણનું પાલન કરીશ.

પ્રાણ દેવા પડશે તો દઈશ પણ હું ચલાયમાન નહીં થાઉં!' માને સંતોષ થયો.

જુવાન થયેલા દીકરાને થયું, આપણે હવે શા માટે જંગલમાં રહેવું? મા લાકડા કાપીને જીવનનો ગુજારો કરે છે એમ શા માટે? એ માને કહે છે: મા, ચાલ આપણે કોઈ ગામમાં જઈએ. ત્યાં હું કામ કરીશ, કમાઈશ. આજ સુધી તેં મને મોટો કરવા પાછળ તારી જાતને ઘસી નાખી છે. મા, હવે તને શાંતિ આપવી તે મારી ફરજ છે. માટે ચાલ, આપણે કોઈ મોટા નગરમાં જઈએ.

માની મંજૂરી મળતાં બંને ઉપડ્યાં. ચાલતાં-ચાલતાં પોતાનું જ નગર આવ્યું. નગરમાં પ્રવેશતાં જ યુવાનને શાંતિનો અનુભવ થવા માંડ્યો. નગર ગમી ગયું. ત્યાં જ રોકાવા માટે માને કહ્યું. દીકરો આજ સુધી જાણતો નથી કે પોતે રાજપુત્ર છે. આ પોતાનું નગર છે. વગેરે. મા કહે છે, બેટા! આ નગરમાં નહીં, ચાલ બીજા નગરમાં જઈએ. પણ દીકરાને આ નગર જ બહુ ગમી ગયું છે. શા માટે અહીં ન રહેવું? માને થયું, હવે આને સત્ય હકીકત કહેવી જ પડશે. એ કહે છે: બેટા! તને જાણ નથી પણ તું રાજપુત્ર છો. તારા પિતા આ જ નગરના રાજા હતા. કોશલનરેશે યુદ્ધમાં તારા પિતાને મારી નાંખ્યા અને રાજ્ય લઈ લીધું. હવે આ નગર પર તેમનો અધિકાર છે. એમને જો ક્યાંયથી પણ ખ્યાલ આવી જશે કે તું અહીં આવ્યો છે. તો એ તને સુખેથી રહેવા નહીં દે. અને બેટા! હું મારો એકનો એક દીકરો ગુમાવવા નથી માંગતી! માટે આપણે અહીં રહેવું નથી!

આ સાંભળી યુવાનનું લોહી ઊકળી ઊઠ્યું. એનું ક્ષાત્રતેજ ચમકી ઊઠ્યું. મારા પિતાને મારી, એની માને રઝળતી કરનાર આ જ રાજા! એનો બદલો હું લઈશ! એ બદલો લેવા તો અહીં જ રહેવું પડે. માને સમજાવી એ જ નગરમાં એક નાનું ઘર લઈને રહ્યો. બે-ચાર દિવસ પછી રાજ્યમાં નોકરી માટે ગયો. રાજાની નિકટ રહેવા મળે એવી નોકરી તેને જોઈએ છે.

એનામાં તેજ છે, ચતુરાઈ છે, નિપુણતા છે, તેથી તરત રાજ્યમાં નોકરી મળી ગઈ અને તે પણ રાજાના મુખ્ય સારથિ તરીકેની જ. યુવાન ખુશ થઈ ગયો. ખૂબ જ કળાપૂર્વક કુનેહથી રાજાનો વિશ્વાસ સંપાદન કરી લીધો, ખૂબ જ આદરપૂર્વક રાજાની સેવા કરે છે. તેમનો પડ્યો બોલ ઝીલે છે. રાજા સારથિ પર ખુશ છે. પોતાને જ્યાં જવું હોય ત્યાં રથમાં જાય અને



આ સારથિને જ લઈ જાય.

એક વાર રાજા શિકાર ખેલવા રથ લઈને જાય છે. સારથિએ રથની લગામ સંભાળી છે. સાથે ૧૦-૧૫ ઘોડેસ્વાર સૈનિકો પણ છે. નગરની બહાર દૂર-દૂર ચાલ્યા જાય છે. ક્યાંય શિકાર દેખાતો નથી. યુવાનના ચિત્તમાં વેરભાવના જાગ્રત થાય છે. એ મોકો સાધે છે. રથ આગળ હતો. ઘોડા પાછળ હતા. એણે રથની ગતિ વધારી. ઘોડા પાછળ રહી ગયા. એટલે રસ્તો બદલી નાખ્યો. આડે રસ્તે દૂર-દૂર રથને લઈ ગયો. યોગાનુયોગ એવું બન્યું કે સવારનું સુરમ્ય વાતાવરણ છે. શીતલ-મંદ હવા લહેરાઈ રહી છે. રાજાને રથમાં ઊંઘ આવી ગઈ. તેમને ખબર નથી કે રથ તો ક્યાંય નીકળી ગયો છે. ઘોડેસ્વાર પાછળ રહી ગયા છે. એ તો નિરાંતે ઊંઘે છે. સારથિ પર પૂર્ણ વિશ્વાસ છે તેથી તેઓ નિશ્ચિંત છે.

બરાબર મોકો છે. નિર્જન-એકાંત સ્થાન છે. આસપાસ કોઈ નથી. યુવાનના અંત:કરણનું વેર ઉછાળા મારી બહાર નીકળવા માંડ્યું. અને પોતાની કમરે લટકતી મ્યાનમાંથી ધીરે રહી તલવાર કાઢીને સૂતેલા રાજાને મારવા માટે હાથ ઉગામ્યો. બસ, એક ઘા ને બે કટકા! હમણાં જ માથું ધડથી જુદું! દુશ્મનને યમસદન પહોંચાડી દઉં! આવા ભાવથી મારવા હાથ ઊઠ્યો છે. એટલામાં જ એને પોતાના બાપની શિખામણ યાદ આવી. 'બેટા! ધૈર્ય ગુમાવીશ નહીં.'

આ યાદ આવતાં જ ઉગામેલો હાથ નીચે આવી ગયો. નહીં, મારે ધીરજ રાખવાની છે. રાજા એકાકી છે. મારા પરના વિશ્વાસે એ નિશ્ચિંત થઈ ગયા છે, મારે મરાય નહીં! તલવારને મ્યાનમાં નાખવા જતાં અવાજ થયો અને રાજાની ઊંઘ ઊડી ગઈ, રાજા જાગી ગયા. જાગીને જુએ છે તો સારથીના હાથમાં તલવાર છે. રાજા બેબાકળા થઈ ચારે બાજુ જોવા માંડ્યાં. શું અચાનક કોઈ દુશ્મનનો ભેટો થઈ ગયો છે? કોઈ વન્ય પશુ આવી ચઢ્યું છે? શું છે? ત્યાં તો સારથિ રાજાના પગમાં પડી જાય છે. મહારાજા! માફ કરજો. હું આપનો અપરાધી છું! મને મારા પિતાજીનું સ્મરણ ન થયું હોત તો અત્યારે આપ મારી સામે ઊભા ન હોત! આપને મારવા જ આ તલવાર મેં કાઢી હતી.

મહારાજ કંઈ સમજી શક્તા નથી. એ તો પૂછે છે કોણ છે તારા પિતાજી! સારથિએ બધી જ વાત કહી બતાવી. પછી કહે : 'મહારાજ! હું

આ નગરનો માલિક! મારો અધિકાર પાછો મેળવવા માટે જ તમારે ત્યાં નોકરી કરવા રહ્યો હતો! હું એકલો શું કરી શકું? સૈન્ય તો મારી પાસે હતું નહીં, એટલે આપનો વિશ્વાસ મેળવી આપને મારી નાખવાનો મોકો જ શોધતો હતો. એટલા માટે જ બધા ઘોડેસ્વારોને પાછળ રાખી રથ અહીં એકાંત નિર્જન સ્થાનમાં લઈ આવ્યો. આપને મારવાના હેતુથી તલવાર મ્યાનમુક્ત કરી, ત્યાં મારા પિતાજીની શિખામણ મને યાદ આવી, જેઓ મરતાં-મરતાં મારી માને કહી ગયા હતા: 'બેટા! બધી જ પરિસ્થિતિમાં ધૈર્ય રાખજે!' આ શબ્દો યાદ આવ્યા અને મને થયું કે ના, આમ વિશ્વાસઘાત કરી, પ્રપંચથી રાજાને મરાય નહીં. મહારાજા! જો મારા પિતાજીના આ શબ્દો યાદ ન આવત તો મારા હાથે બહુ મોટું દુષ્કૃત્ય થઈ જાત!

મહારાજા ગંભીરતાપૂર્વક બધી વાત સાંભળી રહ્યા છે. તેમને જાણ હતી કે શત્રુ રાજાની રાણી જંગલમાં બાળકને ઉછેરી રહી છે. મહારાજાને પશ્ચાત્તાપ થયો. અરેરે! મારી રાજ્યલિપ્સાએ જ રાજરાણી અને રાજકુંવરના બેહાલ કર્યા? તેઓએ સારથિ-યુવકને ગળે લગાડી દીધો, ભેટી પડ્યા અને કહ્યું, બેટા! મારે કંઈ સંતાન નથી. આજથી તું આ રાજ્યનો ઉત્તરાધિકારી! તારું રાજ્ય તો તને પાછું આપું છું, પણ મારા રાજ્યનો માલિક પણ તું જ!

બંધુઓ! આ છે યુવાનની ધીરજનું ફળ! મોકો મળ્યો હતો અને રાજાને મારી નાખત તો કેટલી વાર લાગત! પણ ના, પિતાના શબ્દોએ એના અંતરમાં રહેલા વેરભાવને ધોઈ નાખ્યા. શત્રુની શત્રુતા દૂર થઈ અને શત્રુ રાજા પણ તેનો મિત્ર નહીં પણ છત્રરૂપ બની ગયો. આત્મામાં રહેલ સહજ ગુણને જાગ્રત કરીએ. તો તે ગુણ સ્વ-પર સહુને માટે ઉપકારક છે.

બંધુઓ! આપણે સહુ આત્મા છીએ! જ્યાં આત્મા છે ત્યાં ક્ષમા છે. દસ પ્રકારના ધર્મોમાં પહેલો ધર્મ ક્ષમા કહ્યો છે તેથી જ સાધુઓને ક્ષમાશ્રમણ કહ્યા છે. તમે સહુ એ ક્ષમાશ્રમણના જ ઉપાસકો છો. પ્રભુએ તમને શ્રમણોપાસક જેવું સાર્થક વિશેષણ આપ્યું છે. એ વિશેષણ સાર્થક કરી બતાવો. ક્ષમાશ્રમણના ચરણોની ઉપાસના કરી તમે પણ ક્ષમાવંત બની જાવ.

જો ખરેખર ક્ષમાવંત બનવું હોય તો અંતરમાં રહેલ અહંને ગાળી નાખો. માણસોમાં કેવા-કેવા અહં પડ્યા હોય તેની એક વાત કહું તમને!



હમણાં થોડા દિવસ પહેલાં એક ભાઈનો પત્ર આવ્યો હતો. પોતાના લેટરહેડ પર લખેલો હતો. તેમાં પોતે ક્યાં-ક્યાં, કયો હોદ્દો ધરાવે છે તે છાપેલું હતું. ક્યાંક પ્રમુખ, ક્યાંક મંત્રી, ક્યાંક ટ્રસ્ટી વગેરે. એટલું જ નહીં, પોતે ભૂતપૂર્વ શું-શું હતા તે પણ છાપેલું હતું. લાઈસન્સના ડિસ્ટ્રિક્ટ ગવર્નરને એવું બધું, લેટરનું અર્ધું પાનું તો એનાથી જ રોકાયેલું હતું. મને વિચાર આવ્યો કે કોઈ જ્ઞાની મહાપુરુષોનો યોગ થઈ જાય તો એ ભાઈના ભવિષ્યના 'હોદ્દાઓ' જાણી લઈને એ પણ લેટરહેડ પર છપાવાં જોઈએ કે ભવિષ્યના ભવમાં જંતુ થશે, કીડો થશે, નારકી થશે, ઘોડો થશે, પછી કદાચ માનવ પણ થશે. આ બધા જીવના હોદ્દાઓ જ છે ને! તો એ છાપીએ તો પણ શું ખોટું? હું આ છું, એ બધી ઓળખાણ આપવી મટી જાય પણ તેવા યોગી ક્યાં મળે?

જુઓ તો ખરા! આમાં જીવનું અહં ગળે ક્યારે? એ અહં ગાળવા માટે કેવી જબરજસ્ત તાકાત જોઈએ? કોઈ કાચા-પોચાનું કામ નથી! અંતરનો દૃઢ નિર્ણય અને આત્માની સ્વાભવિક દશાનું જેને ભાન છે તે સ્વાભાવિક શક્તિને કામે લગાડી અહંને ગાળી નાખે છે. તમે જાણતા હશો કે ખાણમાંથી નીકળેલી ધાતુને માટીથી જુદી પાડવા અને ગાળવા કેટલી તપાવવી પડે છે. ટાટાનગરમાં Tisco નું કારખાનું છે, ત્યાં ઓરિસ્સાથી આયર્નઓર આવે, જેમાં લોઢું અને માટી મિક્સ હોય. તેને ગાળવા માટે મોટી-મોટી ફર્નેસ હોય છે. તેમાં ટન બંધ કોલસાની અગ્નિ હોય. તેમાં આ ઓર નાખવામાં આવે. અગ્નિના તાપથી ઊકળી માટી જુદી પડી જાય અને લોખંડ પ્રવાહી બની, પાણીની જેમ વહેવા માંડે. એ રસની બાલટીઓ ભરાય અને પછી એનો જેવો શેપ આપવો હોય એવા બીબામાં ઢાળી દેવાય!

બંધુઓ! આપણું અહં પણ એવું જ છે. વાસ્તવમાં આત્માના અસ્તિત્વરૂપ 'અહં' એટલે 'હું', અને હું એટલે આત્મા, એ અહં યોગ્ય છે. એ અહંનું જ્ઞાન હોવું જ જોઈએ. પણ આપણા એ અહંમાં અભિમાન રૂપ કષાયાદિની માટી મળી જઈ અહં મલિન થઈ ગયું છે. અહં અને કષાય આ બંનેને જુદા પડવા માટે તેને તપ-ત્યાગ રૂપ, આરાધનારૂપ અગ્નિમાં નાખવું પડશે. તો જ પીગળીને બંને જુદા પડશે. કષાયરૂપ અભિમાનરૂપ કચરો નીકળી જશે અને શુદ્ધ આત્મભાનરૂપ 'અહં' રહેશે. પછી તેને જેવો

શેપ આપવો હોય તેવો અપાશે. 'અહં' માંથી અર્હમ્ બનાશે.

તો બંધુઓ! ગાળી નાખો અહંને, મોડી નાખો માનને, કાઢી નાખો કષાયને. તો જ અંતરમાં રહેલ વેરભાવના દૂર થશે. વેર જશે તો જ ઝેર જશે.

આપણામાં કેટલું ઝેર ભર્યું છે, જાણો છે? શારીરિક સ્તર પર વિચાર કરીએ તો આપણે આખો દિવસ ખાતા-પીતા હોઈએ, માત્ર રાતનાં થોડા કલાક જ મોઢું બંધ હોય. તમે તો રાત્રે ૧૨ વાગ્યા સુધી પણ ખાવ. સવારે ઊઠો ૬-૭ કલાક કંઈ ન ખાધું-પીધું. તો મુખમાં રહેલ થૂંક ઝેરી થઈ જાય. શરીરમાં ક્યાંય ગૂમડાં કે એવું કંઈ થયું હોય ને વાસી થૂંક લગાડો તો ફેર પડી જાય. વાસી થૂંકમાં ઝેર હોય. આવી તો આ શરીરની શક્તિ છે. વિચારો! આ શરીરમાં કેટલું ઝેર ભર્યું હશે. બધું જ ઝેર ભેગું થઈ હૃદયમાં જતું હશે. તમે કહેશો, ના મહાસતીજી! એમ નથી. સાયન્સ કહે છે કે બધું રક્ત હૃદયમાં આવે છે ત્યાં શુદ્ધ થાય છે ને ફરે છે. હશે! તમારું વિજ્ઞાન એમ કહેતું હશે. પણ હું તો કહું છું માત્ર શરીરનું જ નહીં, બહારનું ઝેર પણ હૃદયમાં ભેગું થાય છે અને પછી વાણી દ્વારા એ બહાર નીકળે છે. આખાયે વાતાવરણને ઝેરી બનાવી દે છે કે એ ઝેરથી કોઈ બચી શકે નહીં! સાપ કે વીંછીએ ડંખ દીધો હોય તો એ ઝેર તો ઊતરી જાય પણ માણસનું ઝેર ન ઊતરે!

ના! બંધુઓ! આપણા અંતઃકરણમાં અમૃતનો મહાસાગર ઊછળી રહ્યો છે. એનો છંટકાવ સર્વ જીવ પર કરીએ. ઝેર નહીં પણ અમૃત, વેર નહીં પણ ક્ષમા, અને આપણી આસપાસ નિર્મળ-પવિત્ર-શાંત વાતાવરણ ઊભું કરીએ. સહુને સુખી બનાવીએ.

બસ, બંધુઓ! આ ક્ષમાપના મહાપર્વમાં આપણા આત્માના આ મૌલિક ગુણને જાગ્રત કરી લઈએ. અંતરના એક ખૂણામાં પણ કષાયની મલિનતા ન રહી જાય એ માટે પ્રબળ પુરુષાર્થ કરીએ, અંતરતમને વિશુદ્ધ કરી લઈ, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થવાના રાહ પર આપણાં પગલાં ભરાય એ જ શુભ કામના....



# આલોયણા

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
एस मगुति पन्नत्तो, जिणेहिं वरदंसिहिं ॥

આજના મંગલમય દિવસે અરિહંત સિદ્ધની સાક્ષીએ આત્માને શુદ્ધ કરવાની પ્રતિજ્ઞા સાથે આલોચનાનો આરંભ કરીશું, જે આલોચના ભવોભવની કર્મજાળને છેદવા સમર્થ છે તે આલોચના સમજણપૂર્વક કરીશું.

આલોચન-જોવું-તપાસવું. માનવ પાસે દૃષ્ટિ છે. આત્મામાં જ્ઞાતાદૃષ્ટાપણાનો ગુણ છે. આથી માનવ નિરંતર કંઈ ને કંઈ જોતો રહે છે, ખુલ્લી આંખે જગતના બાહ્ય પદાર્થોને નિહાળે છે તો બંધ આંખે પોતે-પોતાને જુએ છે. પોતે પોતાને નિહાળવું તે જ છે આલોચના, જ્યારે માનવ બાહ્ય વાતાવરણથી પર થઈ અંદરમાં ઊતરે ત્યારે એ શું જુએ? પ્રત્યેક જીવની આત્મિક વિકાસની અવસ્થા ભિન્ન-ભિન્ન હોય છે. તેથી સહુની પોતાને જોવાની દૃષ્ટિ પણ ભિન્ન હોય છે. જેની આત્મિક ચેતના વધુ વિકસિત હોય તેટલો તે વધુ પોતામાં ઊંડો ઊતરી શકે છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આ આત્માના મૂળભૂત ગુણો છે. સિદ્ધ ભગવાનના આત્મામાં રહેલ આ ગુણો પોતાના શુદ્ધ સ્વરૂપમાં નિર્મળ હોય છે. પણ સર્વ-સંસારી જીવોમાં ઓછે-વત્તે અંશે એ ગુણો વિકૃત થઈ ગયેલા હોય. એ વિકૃત ભાવોની પ્રેરણાથી જ્યારે મન-વચન-કાયા પ્રવૃત્તિ કરે ત્યારે અશુભ પ્રવૃત્તિઓ વધુ પ્રમાણમાં થાય. જેને આપણે સામાન્ય ભાષામાં પાપ કહીએ છીએ. વિકૃત પ્રેરણાનું પરિણામ વિકૃત હોય તે સ્વાભાવિક છે. પ્રત્યેક પળે આપણી પ્રવૃત્તિ, વિકૃતિને વધારનારી થતી રહે છે. અને પરિણામે જ્ઞાન-દર્શન-આદિ ગુણોપણ વધુ વિકૃત થતા રહે છે. જો એ વિકૃતિને દૂર કરવા પ્રયત્ન ન કરીએ તો એક સમય એવો આવે કે જીવ અત્યંત અવ્યક્ત ચેતના જ્યાં છે, જે જડ ન હોવા છતાં જડ જેવું જ જાણે અનુભવાય છે એવી નિગોદ અવસ્થામાં જન્મ ધારણ કરી, અનંતકાળ સુધી તેમાં પડ્યો રહે. માટે જ આવી યોનિઓમાં ભટકવું હોય તો જીવે

પોતે-પોતાને નિહાળી, પાપરૂપ વિકૃતિઓનો એકરાર કરી, તેનો પશ્ચાત્તાપ કરી શુદ્ધ થવાની જરૂર છે. આ ક્રિયાને જ આલોચના કહેવાય છે.

આલોચના માટે જ્યારે જીવ પોતાનામાં ઊતરે ત્યારે અંદર પડેલી સારી-નરસી બધી જ વૃત્તિના દર્શન તેને થાય છે. કોઈ પણ જીવ એકાન્ત પાપી નથી હોતો કે તેનામાં માત્ર બૂરી વૃત્તિઓ જ પડી હોય, અને કોઈ પણ જીવ એકાન્ત પુણ્યવાન નથી હોતો કે તેનામાં બધી જ સારી વૃત્તિઓ હોય. બંને પ્રકારની વૃત્તિઓ તરતમ ભાવોથી હોય જ છે. અને તે બધી માનસચક્ષુ સામે આવે છે ત્યારે જીવે બૂરી વૃત્તિઓને જ નિહાળવાની છે. તેનું જ પ્રાયશ્ચિત્ત કરવાનું, તેને સમજીને દૂર કરવાની જરૂર છે. પ્રાયશ્ચિત્ત પાપનું જ હોય, ભૂલનું જ હોય, જ્યાં ભૂલ નથી ત્યાં પ્રાયશ્ચિત્ત શું?

તેથી હવે અંદરમાં ઊતરી જોવાનું એ રહ્યું કે કેટલા પ્રકારનાં, કઈ કઈ રીતે, કેટલા, શા માટે કરેલાં પાપો અંદરમાં પડ્યાં છે ? પાપનો તો બહુ મોટો સમૂહ અંદરમાં હશે. તે સહુનું પૃથક્કરણ કરી, એક-એકને નિહાળી-તપાસી-એકરાર કરી પોતે-પોતાની સાક્ષીએ પોતાની જ માફી માગી છે. થયેલી ભૂલનો એકરાર કરવો છે. ભૂલ એ ભૂલ છે. નાની હોય કે મોટી પણ જાગ્રત સાધક તેની ઉપેક્ષા કરી શકે નહીં. કારણ આવી ઉપેક્ષાવૃત્તિ વધુ ને વધુ ભૂલોની પરંપરા સર્જે છે અને સાધકને અધઃપતન તરફ દોરી જાય છે. માટે જ થયેલી ભૂલનો સ્વીકાર કરવો અને ફરી એવી ભૂલો ન થાય તે માટે સતત સાવધાન રહેવું. તે સાધનાજીવન માટે અતિ-અતિ આવશ્યક છે. એનું જ નામ પ્રતિક્રમણ છે.

આલોચના તથા પ્રતિક્રમણ એકીસાથે ક્રમશઃ થતી આંતર-પ્રક્રિયા છે. પ્રથમ આત્માના દોષો જોવા, તપાસવા, એકરાર કરવો તે આલોચના અને તે પછી તે દોષોથી પાછા ફરવું, અને ફરી-ફરીને એવા દોષો ન સેવાય તેનો માનસિક નિર્ણય તે પ્રતિક્રમણ. આમ બંને આત્મિક ભાવોની શુદ્ધિ તરફ લઈ જનાર રાજપથ છે.

આવશ્યકસૂત્રની ટીકામાં હેમચંદ્રાચાર્ય કહે છે કે :

**स्वस्थानाद यत्पर स्थानं, प्रमादस्य वशाद् गतः।**
**तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते॥**

પ્રમાદવશ શુભ યોગમાંથી નીકળી અશુભ યોગ પ્રાપ્ત કરેલ હોય, ત્યારે પુનઃ શુભ યોગ પ્રાપ્ત કરી લેવા તેનું નામ પ્રતિક્રમણ છે. વળી -



**क्षायोपशमिकाद् भवादौदयिकस्य वशं गतः।**
**तत्रापि च स एवार्यः प्रतिकूलगमात्स्मृतः॥**

રાગ-દ્વેષાદિ ઔદયિકભાવ સંસારનો માર્ગ છે, અને સમતા, ક્ષમા, દયા, નમ્રતા આદિ ક્ષયોપશમ ભાવ મોક્ષમાર્ગ છે. ક્ષયોપશમિક ભાવથી ઔદયિકભાવમાં પરિણત થયેલ સાધક જ્યારે પુનઃ ઔદયિક ભાવથી ક્ષાયોપશમિક ભાવમાં પાછો આવે છે તેને પણ ભાવોથી પાછા ફરવાના કારણે પ્રતિક્રમણ કહેવાય છે.

જીવ સ્વભાવને ભૂલી, પરભાવમાં જાય છે તે પ્રમાદના કારણે જ જાય છે. તે જ મોટી ભૂલ છે. ભૂલ છે તે એક રોગ છે અને પ્રતિક્રમણ તેની અચૂક ઔષધિ છે. જો કોઈ દોષ ન લાગ્યો હોય તો પણ પ્રતિક્રમણ કરવું આવશ્યક છે. તેમ કરવાથી દોષો પ્રત્યે અરુચિ ચાલુ રહેશે, જીવન જાગ્રત રહેશે. પરિણામે ભવિષ્યમાં ભૂલ થવાની સંભાવના ઓછી થઈ જશે.

કેટલાક લોકો એમ કહેતાં હોય છે કે અમે પાપ કરતાં જ નથી તો આલોચના કે પ્રતિક્રમણ કરવાની શી જરૂર? વળી વ્યર્થ પ્રતિક્રમણ પાઠો બોલવાથી શો લાભ? તેઓને આપણે કહીએ:-

પ્રથમ તો, મનુષ્ય જ્યાં સુધી છદ્મસ્થ છે અને પ્રમાદી છે ત્યાં સુધી કોઈ દોષ લાગે જ નહીં તેવું કેવી રીતે કહી શકાય? મન, વચન, કાયાના યોગ પરિસ્પંદાત્મક છે અને તેમાં ક્યાંય પણ કષાયભાવનું મિશ્રણ થયું કે પછી દોષ લાગ્યા વિના નહીં રહે. રાત્રી અને દિવસ મનની ગતિ ધર્માભિમુખ જ રહે. જરા પણ વિચલિત ન થાય તેવો દાવો વ્યર્થ છે. વળી પ્રતિક્રમણ કેવળ જૂના દોષો દૂર કરવા માટે જ નથી, પરંતુ ભવિષ્યમાં દોષોની સંભાવના ઓછી કરવા માટે પણ છે.

પ્રતિક્રમણ કરતી વખતે જે ભાવવિશુદ્ધિ રહેશે તે સાધકના સમયને શક્તિશાળી અને તેજસ્વી બનાવશે. પાપાચરણ પ્રત્યે ઘૃણા વ્યક્ત કરવાનું જ પ્રતિક્રમણનું ધ્યેય છે. પાપ કર્યાં હોય કે ન કર્યા હોય, એ પ્રશ્ન મુખ્ય નથી.

સાધક માટે મોટી વાત તો એ છે કે તે પાપ પ્રત્યે ઘૃણા વ્યક્ત કરી શકે છે કે નહીં. પાપ પ્રત્યે અંતરમાં ઘૃણા જાગવી એ જ મોટી સાધના છે. સાધક પાપને ધિક્કારતો થશે તો જરૂર પાપનો નાશ થશે.

કારણ જેના પ્રત્યે અત્યંત ઘૃણા હોય તેનાથી સહજ દૂર થઈ જવાય છે.

આલોચના કરીને, પાપનું પ્રાયશ્ચિત લઈને જો આપણે પાપને પરભાવ માનશું, આપણા વિરોધી માનશું, આત્મ-સ્વરૂપના ઘાતક માનશું તો ફરી આપણા જીવનમાં પાપનો પ્રવેશ નહીં થાય. પાપથી દૂર જ રહીશું. આમ પાપનું પ્રતિક્રમણ માત્ર ભૂતકાળની ભૂલોનો જ નાશ કરે છે તેમ નથી પણ ભવિષ્યના પાપોથી પણ બચાવે છે.

જૈન સંસ્કૃતિનું પ્રતિક્રમણ પણ જીવનરૂપી ખાતાવહીનું બારીક નિરીક્ષણ છે. સાધકે પ્રતિદિન સવારે અને સાંજે એ જોવાનું હોય છે કે તેણે શું મેળવ્યું અને શું ગુમાવ્યું? અહિંસા, સત્ય અને સંયમની સાધનામાં, તે ક્યાં સુધી આગળ વધ્યો છે? ક્યાં-ક્યાં ભૂલો કરી છે. દશવૈકાલિક સૂત્રની ચૂલિકામાં કહ્યું છે કે –

**किं मे कडं किं च मे किच्च सेस**

હે સાધક! તું પ્રતિદિન વિચાર કર કે મેં શું-શું કરી લીધું છે અને આગળ શું કરવાનું બાકી છે?

વૈદિકધર્મના ગ્રન્થ ઈષાવાસ્યોપનિષદમાં કહ્યું છે :

**कृतं स्मर।**

કરેલાં કાર્યોને યાદ કર.

કહે છે કે પાશ્ચાત્ય દેશના સુપ્રસિદ્ધ વિચારક ફ્રેંકલીને પોતાનું જીવન રોજનીશીથી સુધાર્યું હતું. તે પોતાના જીવનની પ્રત્યેક ઘટનાને રોજનીશીમાં લખતો હતો. પછી તેના પર ચિંતન-મનન કરતો. દર અઠવાડિયે હિસાબ ગણતો કે ગયા અઠવાડિયા કરતાં આ અઠવાડિએ ભૂલો વધુ થઈ કે ઓછી? એ રીતે એ ભૂલોને સુધારતો જતો હતો અને ઉન્નતિ કરતો જતો હતો. પરિણામ એ આવ્યું કે તે પોતાના યુગનો એક શ્રેષ્ઠ સદાચારી અને પવિત્ર પુરુષ મનાવા લાગ્યો.

ફ્રેંકલીનની રોજનીશી કરતાં આપણું પ્રતિક્રમણ અધિક શ્રેષ્ઠ છે. આપણે અઠવાડિએ એક વાર નહીં પણ રોજ સવાર-સાંજ બે વાર આપણી રોજનીશી તપાસીએ છીએ. આપણાં જીવનની રોજનીશી રૂપ પ્રતિક્રમણ આજકાલથી નહિ, હજારો લાખો વર્ષોથી પણ નહિ, અનાદિકાળથી ચાલ્યું આવે છે. તેના દ્વારા સાધકોએ પોતાનું જીવન સુધાર્યું છે, વાસનાઓ પર વિજય પ્રાપ્ત કર્યો છે. અંતે ભગવત્પદ-સિદ્ધ પદ પ્રાપ્ત કર્યું છે.



હવે આપણે એ વિચારીએ કે પ્રતિક્રમણ કેટલા પ્રકારના છે? કાળભેદથી પ્રતિક્રમણના ત્રણ પ્રકાર બતાવ્યા છે: (૧) ભૂતકાળમાં લાગેલા દોષોની આલોચના કરવી તે, (૨) વર્તમાનકાળમાં, સંવર દ્વારા આવતા દોષોથી બચવું તે, (૩) ભવિષ્યમાં દોષોને રોકવા માટે પ્રત્યાખ્યાન કરવાં તે.

તેમજ પ્રતિક્રમણ કોનું-કોનું કરવું? જીવને સંસારમાં ભમાવનાર, કર્મની પરંપરાને વધારનાર જે કારણો છે, તેનું પ્રતિક્રમણ થવું જરૂરી છે. (૧) મિથ્યાત્વ (૨) અવ્રત (૩) પ્રમાદ (૪) કષાય (૫) અશુભ યોગ. આ પાંચનું પ્રતિક્રમણ કરવું જરૂરી છે. મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યક્ત્વ ધારણ કરવું. અવિરતિ દશા છોડી યથાશક્તિ વિરતિનો સ્વીકાર કરવો. પ્રમાદનો ત્યાગ કરી, અપ્રમત્તભાવને પ્રાપ્ત કરવો. કષાયોનો ત્યાગ કરી ક્ષમાદિ ગુણો પ્રાપ્ત કરવા અને વિકસાવવા તથા સંસારવર્ધક-યોગ વ્યાપારોનો ત્યાગ કરી આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવી જોઈએ.

આ સિવાય અન્ય પ્રકારે આચાર્ય ભદ્રબાહુસ્વામી આવશ્યક નિર્યુક્તિમાં પ્રતિક્રમણ સંબંધી ઘણી ગંભીર વિચારધારા ઉપસ્થિત કરે છે. તેમણે સાધક માટે ચાર વિષયોનું પ્રતિક્રમણ બતાવ્યું છે. આ ચાર કારણો સૂક્ષ્મ દૃષ્ટિથી ચિંતન કરવા યોગ્ય છે :

(૧) હિંસા, અસત્ય આદિ જે પાપકર્મોનો શ્રાવક તથા સાધુ માટે નિષેધ કરેલ છે, તે કર્મ કદી ભ્રાન્તિવશ કર્યું હોય તો પ્રતિક્રમણ કરવું જોઈએ.

(૨) શાસ્ત્ર-સ્વાધ્યાય, પ્રતિલેખના, સામાયિક આદિ જે કાર્યો કરવાનું શાસ્ત્રમાં વિધાન કરેલ છે તે ન કરવામાં આવ્યાં હોય તો તેનું પણ પ્રતિક્રમણ કરવું જોઈએ. કર્તવ્ય હોય તે ન કરવું તે પણ એક પાપ છે.

(૩) શાસ્ત્ર પ્રતિપાદિત આત્માદિ તત્ત્વોની સત્યતાના વિષયમાં સંદેહ આવ્યો હોય અર્થાત્ અશ્રદ્ધા ઉત્પન્ન થઈ હોય તો તેનું પ્રતિક્રમણ કરવું જોઈએ. તે માનસિક શુદ્ધિનું પ્રતિક્રમણ છે.

(૪) આગમ વિરુદ્ધ વિચારોનું પ્રતિપાદન કર્યું હોય અર્થાત્ હિંસાદિના સમર્થક વિચારોની પ્રરૂપણા કરી હોય તો પણ પ્રતિક્રમણ કરવું જોઈએ. આ વચનશુદ્ધિનું પ્રતિક્રમણ છે.

હવે આ ચારેય કારણો પર વિસ્તારથી ચિંતન કરીએ. પ્રથમ કારણમાં હિંસા અસત્ય આદિ પાપકર્મોની આલોચના કરવા કહ્યું. હિંસાદિ અઢાર પાપો છે. માનવના જીવનમાં ઓછો-વત્તે અંશે આ પાપો થયાં જ કરતાં હોય છે. જીવન-વ્યવહારની સાથે આ પાપો જોડાયેલાં જ છે.

**પ્રથમ પ્રાણાતિપાતઃ** અન્ય સર્વ વ્રતોમાં અહિંસા પ્રધાન છે. તેથી તેનું સ્થાન પ્રથમ છે. અહિંસા વ્રત પ્રધાન છે માટે તેનાથી હિંસાની વૃત્તિની વાત પણ પહેલાં કહીશું. અઢાર પાપસ્થાનકમાં પણ તેનું પહેલું સ્થાન છે. ત્યાં જે શબ્દ વાપરવામાં આવ્યો છે તે છે પ્રાણાતિપાત. પ્રાણનો અતિપાત અર્થાત્ પ્રાણવધ તે હિંસા. કોઈ જીવનો સર્વથા ઘાત કરી નાખવો, તેને શારીરિક, માનસિક પીડા પહોંચાડવી, તેને કોઈ રીતે દુઃખી કરવો તે બધું જ હિંસાની વ્યાખ્યામાં સમાઈ જાય છે.

આપણે એ વિચારીએ કે આપણા જીવનમાં આવી હિંસા શા માટે થાય છે? તેને રોકી શકાય કે નહીં?

પ્રથમ પ્રશ્ન છે, શા માટે? મોટા ભાગના માનવો બેદરકારીથી જીવતાં હોય, નાનાં-મોટાં કાર્ય કરતાં એને ખબર જ ન રહે કે આમ કરવાથી જીવહિંસા થાય છે. એના સમયમાં એ કાર્ય થઈ જવું જોઈએ, તેથી જીવદયા કરવા જેટલી, જીવની રક્ષા કરવા જેટલી ધીરજ નથી હોતી. તેથી અર્થ સરતો હોય કે નહીં તો પણ જીવો મરતા હોય છે. ત્રસ-સ્થાવર બંને પ્રકારના જીવોની ઘાત થતી હોય છે. જો કે આપણા સમાજમાં જેને સંકલ્પ હિંસા કહીએ તેવી હિંસા તો થતી જ નથી હોતી. જાણી-બૂઝીને કોઈનું ખૂન કરી નાખવું કે મારવાની બુદ્ધિથી કોઈપણ મારતાં હોતા નથી.

કેટલાક એટલા અજ્ઞાની હોય છે કે તેમને ભાન જ નથી હોતું કે આમાં જીવ છે. તેમાંય પાંચે સ્થાવર-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ- આ પાંચેયમાં એકેન્દ્રિય જીવો ે. આવી કેટલાકને જાણ જ નથી હોતી. તેથી આ વસ્તુઓનો બેફામ ઉપયોગ કરતા હોય છે. પાણીના વપરાશની તો કોઈ સીમા જ નથી. જોઈતું વપરાય તેનાં કરતાં અણજોઈતું વધુ વપરાય. તમારી સરકારે તમને સગવડતા કરી આપી અને ઘરમાં પાણી આપ્યું તો દુરુપયોગ વધી પડ્યો. ગામની બહાર નદી-તળાવથી પાણી લાવવું પડતું હતું ત્યારે આવો દુરુપયોગ ન હતો. આ



રીતે અગ્નિ-વનસ્પતિનો ઉપયોગ પણ એમ જ થાય છે અને એકેન્દ્રિય જીવની ઘોર હિંસા થાય છે.

મોટા આરંભ-સમારંભનાં કાર્યો પણ થતાં હોય છે અને તેમાં તો છકાય જીવોની હિંસા થતી હોય છે. જીવનમાં વધી ગયેલા આડંબરો, દેખાદેખી ઈજ્જતના ખોટા ખ્યાલો વધુ ને વધુ આરંભ કરાવે છે. તેનાથી જ પ્રતિષ્ઠા મળતી હોય એવા ભ્રમમાં માણસો રાચતા હોય છે.

આજનો યુગમાં યુવાનવર્ગ તો માંસાહાર તરફ વળી રહ્યો છે. ઈંડાંને વેજીટેબલ માનીને ખાય છે અને બીજો અભક્ષ્ય આહાર પણ કરે છે. ખોટી ભ્રમણામાં તેઓ રાચતા હોય કે માંસાહારથી વધુ પ્રોટીન, વિટામિન્સ મળે છે. સાયન્સે-ડૉક્ટરોએ રિસર્ચ કરીને એ પ્રૂફ કરી આપ્યું છે કે જે પ્રોટીન, વિટામિન્સ અને બીજાં તત્ત્વો શાકાહારી ભોજનમાં છે તે માંસાહારમાં નથી. વળી માંસાહાર રોગનું ઘર છે. જે પશુનું માંસ લીધું હોય તેના શરીરમાં રોગના જીવાણુઓ હોય તો ખાનારના શરીરમાં પણ એ રોગ થાય છે. વળી અમુક પ્રાણીઓનાં માંસ જ એવાં હોય છે કે જે કેન્સર જેવા ખતરનાક રોગ ઊભા કરે છે. તો આ માંસાહાર એ તો ખાવાની લાલસાએ થતી પ્રત્યક્ષ પંચેન્દ્રિયની હિંસા છે.

બીજી રીતે તમે જે કોસ્મેટિક્સનો ઉપયોગ કરો છો તે પણ કેટલાં હિંસક હોય છે! પરફ્યુમ માટે કેટલાં કસ્તુરી મૃગ અને ઘોડીઓને મારવી પડે છે? નહાવાનાં તથા ધોવાના સાબુમાં ગાયની ચરબી પડે છે. શેમ્પુ-આફ્ટર-સેવ લોશન કે એવાં ક્રીમ બનાવી તેની પરીક્ષા કરવા અનેક સસલાની આંખોમાં તે નાખવામાં આવે છે. સસલાંની આંખો ફૂટી જતાં તેઓ રિબાઈ રિબાઈને મરે છે. તેવી જ રીતે ઉંદર, વાંદરાના જાન પણ જાય છે. રેશમનાં વસ્ત્રો બનતાં અસંખ્ય કીડાઓની હિંસા થાય છે. આમ જીવનઉપયોગમાં કેટલાં સાધનોમાં કેટલી ભયંકર હિંસા! અને આ પદાર્થો તમે હાથે બતાવતા ન હો પણ તેનો ઉપયોગ કરો તો પણ ઈન્ડાઈરેક્ટલી હિંસાના ભાગીદાર થાઓ છો.

એ જ રીતે નોનવેજ હોટેલમાં જાવ, ભલે ત્યાં જઈને તમે વેજ લેતાં હો પણ એ શુદ્ધ છે કે નહીં તેની ખાતરી નથી. નોનવેજની ભેળસેળ થોડી પણ થઈ હશે કે નહીં કહી શકાય નહીં. કદાચ તમે પૂર્ણ ચોકસાઈ રાખી હોય તો પણ નોનવેજના એ ધંધાને તમે પ્રોત્સાહન આપો છો.

સંપૂર્ણ વેજીટેરિયન હોટેલમાં જતાં તમને નાનમ લાગે છે અને નોનવેજ હોટલમાં જવામાં તમે તમારી પ્રતિષ્ઠા માનો છો. આ ભયંકર મૂર્ખતા છે. આજે તમે આ હોટેલમાં જઈ વેજીટેબલ ખાણું ખાવ છો, કાલે તમારાં બાળકો એ જ હોટલમાં જઈ બધું જ ખાશે. માટે તમે સમાજના-ધર્મના, તમારી જ આવતી પેઢીના મહાન ગુનેગાર!

જીવનમાં થતી આવી અનેક પ્રકારની હિંસા જીવને અકળાવતી હોય. બચાય તેટલું બચવું છે, એવી ભાવના નિત્ય અંતરમાં રહેતી હોયતો જરૂર તેમાંથી મુક્ત થવાના ઉપાય મળે. તેમાં પ્રથમ ઉપાય છે:

જીવનને સાદું બનાવવું. આવશ્યક્તાઓને ઓછી કરવી. જેટલી સાદાઈ હશે તેટલી વસ્તુઓનો ઉપયોગ ઓછો થશે. બહુ જ મર્યાદિત પદાર્થો વડે જીવી શક્શો. જેટલી વધુ મર્યાદા આવશે એટલી હિંસા ઓછી થઈ જશે. આવશ્યક્તાનુસાર જ ધન-પદાર્થ-વસ્ત્રો વગેરે લેશો તેથી વધારાની હિંસાથી બચી જશો.

બીજું, પ્રતિક્ષણ સાવધાની. પ્રમાદ-આળસના કારણે હિંસા ન થઈ જાય તેનો પૂરતો ખ્યાલ રહે. જીવ, અર્થે નહીં પણ અનર્થે જ વધુ દંડાય છે. જો જાગ્રત હોય તો અનર્થદંડથી જરૂર બચી શકે. તે છતાં ભૂલ થઈ જાય તો તે ધ્યાન બહાર ન રહે, તે તરફ લક્ષ્ય હોવું ઘટે અને ફરી એવી ભૂલ ન થાય, પાપનું પુનરાવર્તન ન થાય તે લક્ષ્યમાં રહે.

સૌથી વધુ મહત્ત્વપૂર્ણ ઉપાય તો એ કે જીવનની તૃષ્ણા-લાલસાને ઓછી કરવી. જેટલી તૃષ્ણા વધારે એટલા રાગ-દ્વેષ વધારે. તૃષ્ણા વધવાથી અંતરની કોમળતા ઓછી થઈ જાય અને કઠોરતા વધે, અને જ્યાં કઠોરતા છે ત્યાં શારીરિક અને માનસિક બંને પ્રકારે અન્ય જીવોને ત્રાસ દેવાની વૃત્તિ પણ ઊભી જ છે. માટે તૃષ્ણા તથા તૃષ્ણાથી ઉત્પન્ન થતા રાગ-દ્વેષ પર કાબુ મેળવવાનો પ્રયત્ન સતત નિરંતર રહ્યા કરવો જોઈએ.

આવા ઉપાયો સમજણપૂર્વક, જાગૃતિપૂર્વક જો થતા રહે તો જરૂર જીવનમાંથી હિંસાનું પ્રમાણ ઓછું થઈ જાય. ઉપર બતાવેલા હિંસાનાં કારણોમાંથી કોઈ પણ કારણનું સેવન થયું હોય અને પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત અનંતા સિદ્ધ કેવળી ભગવંતની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.



**બીજું પાપ મુષાવાદ:** મૃષા એટલે જૂઠ, અસત્ય. તત્ત્વાર્થ સૂત્રમાં અસત્યનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે -

असदभिधानमनृतम्।

અસત્ બોલવું તે અસત્ય છે. જો કે અહીં વ્યાપક અર્થમાં અસત્ - ચિંતન અને અસત્ - આચરણને પણ અસત્યમાં જ સમાવી દીધાં છે. અહીં આપણે અસત્ ભાષણ વિષે જ વિચાર કરશું.

જે વસ્તુ જે રૂપમાં છે તેનો તે રૂપે સર્વથા નિષેધ કરવો અથવા હોય તેનાથી વિપરીત કહેવું તે અસત્યનો એક પ્રકાર. તથા જે સત્ય હોવા છતાં પણ અન્યને પીડા ઉપજે એવું દુર્ભાવનાયુક્ત કથન તે બીજો પ્રકાર.

આપણા જીવનમાં આ બંને પ્રકારે અસત્યનું ભાષણ થતું હોય છે. કેટલીક વાર પ્રત્યક્ષ રીતે બીજા જોઈ શક્તાં હોય કે જાણતાં હોય છતાં કહીએ કે આમ છે જ નહીં. મને બરાબર ખબર છે, આમ જ છે, પણ આમ નહીં. હડહડતું જૂઠાણું ચાલતું હોય છે. તમારા સંસારનો વ્યવહાર તો આમ જ ચાલતો હોય છે.

માણસ જૂઠું બોલે તેની પાછળ ઘણાં કારણો હોય છે. મોટે ભાગે કોઈ ને કોઈ લોભના કા ણે એ અસત્યનો આશરો લે. પહેલી વાત તો એ કે ધન મેળવવાની લાલચે તો ન જાણે કેટલું ખોટું બોલે, ખોટું ચિંતવે. તે અસત્ય ભાષણનો વ્યવહાર વેપારી સાથે, ગ્રાહક સાથે, સરકારી ઓફિસરો સાથે, બધા સાથે થતો હોય છે.

એ જ રીતે પ્રતિષ્ઠા મેળવવા, ઈજ્જત વધારવા, પોતાનાં સંતાનોને કે અન્યના સંતાનોને વરાવવા-પરણાવવા માટે પણ અસત્યનો આશરો, આમ ભૌતિક ઉપલબ્ધિઓ માટે, પછી તે ગમે તે પ્રકારની હોય પણ તે માટે અસત્ય બોલે. માનવ એ નથી સમજતો કે જૂઠું બોલીશ તેથી વધુ ધન-પ્રતિષ્ઠા કે બીજું પ્રાપ્ત થઈ જશે એવું નથી. એ તો જે સમયે જેટલું જે-જે ભાગ્યમાં છે તે જ મળશે. પુરુષાર્થ કરવો જરૂરી છે પણ અસત્યનો આશરો લેવો જરૂરી નથી.

ક્યાંક સપડાઈ જવાનો કે નુકસાન વેઠવાનો ભય હોય તો પણ માણસ જૂઠું બોલે. પણ, એ જાણતો નથી કે અસત્ય છાનું રહે નહીં. આજ નહીં તો કાલે પણ ઉઘાડું તો પડવાનું જ.

હસતાં-હસતાં જૂઠું બોલવું, એને તો જાણે જૂઠું સમજતાં જ નથી. વાત-વાતમાં, કોઈની હાંસી-મશ્કરી કરતાં જૂઠ. એ તો ખ્યાલ રાખજો કે કોઈની પણ હાંસી-મશ્કરી, જૂઠું બોલ્યા વિના થતી નથી. જૂઠું બોલાય છે માટે જ તે મશ્કરી છે અને તમારા જીવનમાં આનંદ માણવાનું સાધન પણ કોઈની મશ્કરી જ છે. એ સિવાય મજા આવતી નથી. ખરેખર જેને જૂઠમાંથી બચવું છે તેણે તો આ વસ્તુને છોડી દેવાની અત્યંત આવશ્યક્તા છે. જેમાં ક્ષણિક આનંદ સિવાય કશું જ મળતું નથી અને ક્યારેક તો મશ્કરી મોતનું કારણ બની જાય છે. માટે એ સર્વથા ત્યાજ્ય છે.

ક્રોધના આવેશમાં આવી અન્યને નીચા દેખાડવાની વૃત્તિથી પણ માણસ જૂઠી વાતો કરતો હોય છે અને શાસ્ત્રમાં તો કહ્યું છે કે ક્રોધી માણસના આંખ-કાન બંધ થઈ જાય છે, માત્ર મુખ જ ખુલ્લું રહે છે. તેથી એ શું બોલે છે એની ખબર રહેતી નથી. સાચું-ખોટું બધું જ બોલાતું હોય છે. એવી જ રીતે કોઈનાં રહસ્યો ખુલ્લાં કરવાં, ધ્રાસકો પડે એવું બોલવું, પોતાનાં જ સ્વજનના મર્મ કહી દેવાં, કોઈને ખોટી સલાહ આપી ખોટે રાહે ચડાવી દેવા, ખોટા સહીસિક્કા કરવા વગેરે સ્વાર્થ કે પ્રમાદના કારણે જ થતું હોય છે. માટે તે સર્વ અસત્ય છે અને ત્યાજ્ય છે.

આમ અનેક પ્રકારના આવેશોને કારણે જૂઠનું સેવન થતું હોય, ક્યારેક સત્ય પણ કડવું હોય તો તે અસત્યની કોટીમાં મૂકાય છે. મૂઢને મૂઢ કે કાણાને કાણો કહેવો તે ભાષાકીય દૃષ્ટિએ સાચું હોવા છતાં પણ સામા માણસને દુઃખ ઉપજાવે છે માટે તે ત્યાજ્ય જ છે. કહ્યું છે -

सत्यं ब्रूयात, प्रियं ब्रूयात

સત્ય બોલો પણ પ્રિય બોલો. જે કોઈને દુઃખકારી ન હોય. આમ તમારા રોજિંદા જીવનમાં આવા અસત્ય ભાષણની પરંપરા સર્જાતી હોય છે. કેટલીક વખત તો તમને ખ્યાલ પણ નથી હોતો કે તમે જૂઠ બોલો છો. કારણ ઘણાં અભ્યાસના કારણે બધું જ Common થઈ ગયું છે. પણ નહીં, સત્ય જ ધર્મ છે. માટે જીવનમાં સત્ય બોલવાનો જ આગ્રહ રાખવો. થોડું નુકસાન વેઠવું પડે તો વેઠી લેવું પણ સત્ય તો ન જ છોડાય.

સત્યવાદી બનવા માગતા હો તો જીવનમાં બે સિદ્ધાંતને ઉતારવા પડશે.



એક તો મન, વચન, કાયાની એકરૂપતા. જેવું વિચારો, એવું જ બોલો, એવું જ કરો. બોલવું જુદું-કરવું જુદું-વિચારવું જુદું, આ જ મહા ખતરનાક છે. એ જૂઠ તરફ દોરી જાય છે. માટે ત્રણે યોગોની એકરૂપતા લાવવાનો પ્રયાસ કરો.

પ્રમત્તયોગનો ત્યાગ, અર્થાત્ બેદરકારી, અસાવધાનીનો ત્યાગ કરો. હવે એ તો બધું ચાલે. તેમાં કોઈ વાંધો નહીં. આવી નીતિ ન અપનાવો. બીજાનો પણ વિચાર કરો. તો જરૂર સત્યના શરણમાં જઈ શકશો.

અસત્યના જેટલા કારણો કહ્યાં, તેમાંનું કોઈ પણ કારણ સેવાયું હોય તો અરિહંત અનંતા સિદ્ધ, કેવળી પરમાત્માની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં.

**ત્રીજું પાપ અદત્તાદાનઃ** એનો બહુ જ સ્થૂલ શબ્દમાં અર્થ કરીએ તો કોઈની માલિકીની ચીજ, તેના માલિકની રજા વગર લેવી તે અદત્ત. જેને બીજા શબ્દોમાં ચોરી કહીએ.

આ ભાવને જરા સૂક્ષ્મતામાં જઈને વિચાર કરીએ. ચોરીની ભાવના મનમાં જાગે છે કેમ? મનમાં ઊંડાણમાં જઈને તપાસશું તો ખ્યાલ આવશે કે અંતરમાં બધું જ મારું કરી લેવાની જબરદસ્ત લાલસા પડી છે. મનતો એમ વિચારે કે આ વિશ્વમાં જેટલી સંપત્તિ છે તે મને મળી જાય. પણ એ તો કોઈ રીતે શક્ય નથી. તો પછી જેટલી વધુમાં મેળવી શકાય તો કોઈ પણ હિસાબે મેળવવી. તેમાં ન્યાય, નીતિ, પ્રમાણિકતા, સદાચાર બધું જ નેવે મૂકવું પડે તો મૂકી દેવું પણ ધન જોઈએ. સમાજમાં શ્રીમંત કહેવડાવવાની લાલસા આ બધું કરાવે. પણ ત્યાં માનવ એ ન વિચારે કે આ બધું કેટલા દિવસ માટે? બની શકે કે આજે બધાં જ પાપ કરીને આ મેળવી લઉં ને કાલે ચાલ્યું જાય. સાંભળો છો ને કે ગવર્નમેન્ટની રેડ પડીને બે-ચાર કિલો સોનું લઈ જાય. જ્યાં કાંઈ બોલવાનો પણ અવકાશ ન રહે. ફરિયાદ કરવાનું સ્થાન જ ન હોય. તમે ગવર્નમેન્ટની ચોરી કરો તો એ તમને આ રીતે લૂંટે. સરવાળામાં કંઈ નહીં. માટે જ વધુમાં વધુ મેળવી લેવાની લાલસાને છોડવી જરૂરી છે. કોઈનાં ખોટાં કાર્યોને પ્રોત્સાહન આપવું, કોઈને પ્રપંચ કરતાં શીખવવું, નીતિ સદાચારની પરવા કર્યા વિના જે માર્ગેથી ધન આવતું હોય તે માર્ગે આવવા દેવું. આ બધા જ ચોરીના પ્રકારો છે.

આ તો થઈ ધનની વાત. પણ માનવ, તનચોર કે મનચોર પણ હોય છે.

જ્યાં જેને જેટલું કાર્ય કરવાનું છે તે કરવું નહીં. તે પણ ચોરી.

એક માણસ સર્વિસ કરે છે. તેને જેટલા કલાક, જેટલું કામ કરવાનું હોય તે નથી કરવું ને પગાર પૂરો જોઈએ છે. તેની સામે શેઠ એમ ઈચ્છે કે વધુમાં વધુ કામ કરાવી ઓછા પૈસા આપું. બન્ને ચોર!

સ્કૂલ-કૉલેજનો શિક્ષક પણ આ જ વિચારે. જેટલું ને જેવું ભણાવવાનું છે તે ભણાવવું નથી. શિક્ષક તરીકેની પોતાની ફરજ પૂરી બજાવવી નથી. વિદ્યાર્થીને પણ પૂરૂં ભણવું નથી. પરીક્ષા આવે ત્યારે ચોરી કરી પાસ થવું છે. ચોરી ન કરવા મળે તો શિક્ષકોને છરા બતાવવા છે. કેવી હલકી મનોવૃત્તિ! શિક્ષક ને વિદ્યાર્થી બન્ને ચોર!

ઘરસંસારમાં સંયુક્ત કુટુંબ હોય તો દેરાણી-જેઠાણી, સાસુ-વહુ, નણંદ-ભોજાઈને કોઈને પોતાનું પૂરું કર્તવ્ય બજાવવું નથી. સહુને આરામ અને આનંદ જોઈએ છે. જેટલું કામ કરવાનું હોય તે કરવું નથી. સહુ કામચોર.

આમ અનેક રીતે તનચોર હોય છે.

તો વળી કેટલાક મનચોર. માનસિક ભાવોથી, પ્રેમથી, સુજનતાથી, સહૃદયતાથી સહાનુભૂતિથી જ્યાં વર્તવાની જરૂર છે ત્યાં વર્તતા નથી. તમારા થોડા મીઠા પ્રેમભરેલ શબ્દો જ, થોડી સહાનુભૂતિ કેટલાક દુ:ખી જનોનાં દુ:ખને દૂર કરી શકે તેમ હોય પણ એટલુંયે ન થઈ શકે. પૈસા તો ન આપી શકો પણ હૃદયના સારા ભાવોથી પણ કંઈ ન કરી શકો ? તો એ મનચોરી છે.

આવા ચૌર્યભાવથી રંજિત આત્માને શુદ્ધ કરવો હોય તો અંતરમાં પડેલી અમર્યાદિત લાલસાને દૂર કરવી પડશે. જે મળ્યું તેટલામાં સંતોષથી જીવતાં શીખવું પડશે. મેળવવું ખરું પણ પાપ કરીને નહીં. ભાગ્યમાં હોય અને સત્ પુરુષાર્થ વડે મળે તો ભલે. એ મેળવવામાં કંઈ વાંધો નથી.

વળી, હું જ સુખ-શાંતિ, આરામથી રહું તેમ નથી, અન્ય જીવો પણ આનંદ અને શાન્તિનો અનુભવ કરે. તે માટે મારા તન-મનથી જે થશે તે બધું જ કરવા હું તૈયાર છું. આવી ભાવના રાખશો તો જીવન સંવાદી બનશે. જીવનનો આનંદ અત્યારે લો છો એથી વિશેષ લઈ શકશો.



ચોરીના વિવિધ પ્રકારોમાંથી કોઈપણ પ્રકાર આચરણમાં આવ્યો હોય અને પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત અનંતા સિદ્ધ કેવળી પરમાત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**ચોથું પાપ મૈથુન:** અહીં કામવૃદ્ધિને મૈથુન કહ્યું છે. માનવમન વાસના અને વિકૃતિથી ભરેલું હોય છે. જેના જીવનમાં કંઈક સદાચાર ગુણો કેળવવાનો મોકો મળ્યો હોય અથવા તો સંસ્કારી વાતાવરણમાં ઊછર્યા હોય તેના જીવનમાં સદાચારને સ્થાન હોય. અન્યથા દુરાચાર જીવનમાં પ્રવેશી જાય છે.

આ યુગમાં તો વધેલાં વૈજ્ઞાનિક સાધનોએ, તમારાં બાળકો અણસમજુ હોય, કુમળા માનસના હોય ત્યારથી જ તેમનામાં કુ-સંસ્કારો નાખવાના શરૂ કરી દીધાં છે, જે બાળકના અવચેતન મનમાં એવા દૃઢ રીતે બેસી જાય છે કે એ બાળક હજુ કિશોરવયનો ન થયો હોય ત્યાં જ તેની વાણી અને વર્તનમાં આવે છે. પરિણામે તેના જીવનની પવિત્રતા અને નિર્દોષતા નષ્ટ થઈ જાય છે. એ સામાજિક ગુના કરતો થઈ જાય છે. આ છે આજના યુગની દેન!

તમારા જીવનની વાત કરીએ તો મોટા ભાગના માણસો ભેગા થાય ત્યારે બીભત્સ વાતો કરતા હોય છે. મોઢામાંથી અપશબ્દો કાઢતા હોય છે. આ તેના અંતરમાં રહેલ હલકી વૃત્તિઓનું દર્શન છે. દૃષ્ટિથી, ભાષાથી, વિચારોથી કોઈના પર પણ કુદૃષ્ટિ કરવી તે દુરાચાર છે.

જીવનમાં સત્‌ને જાળવી રાખવું, જીવનની પવિત્રતા જાળવી રાખવી. દુરાચારને પ્રવેશવા ન દેવો તે છે સદાચાર. જેનાથી જીવનમાં સદ્‌ગુણોની વૃદ્ધિ થાય તે બ્રહ્મચર્ય. પોતે પોતાના આત્માની નજીક જઈ શકે, સ્વમાં સ્થિર થઈ શકે તે બ્રહ્મચર્ય.

બ્રહ્મચર્ય વ્રતની આરાધના માટે મન, વચન, કર્મથી સર્વથા પવિત્ર રહેવા પ્રયત્ન કરવો. 'સ્વદારા સંતોષ'ની વાત આપણા શાસ્ત્રમાં સમજાવી છે તે અતિ ઉત્તમ છે. પુરુષે પોતાની પરિણીત પત્ની અને સ્ત્રીએ પોતાના પરિણીત પતિ સિવાય અન્ય પ્રત્યે કુ-વિચાર પણ ન કરવો એ સદાચારી જીવન જીવવાની ચાવી છે. સહુએ આવા સદાચારી બનવું જોઈએ.

આજના આ વિષમ યુગમાં વિકારોથી પીડાતા માણસ વધુ ને વધુ

દોષો આચરવા પ્રતિ પ્રેરાય છે અને જીવન નષ્ટ-ભ્રષ્ટ બની જાય છે.

સ્ત્રીએ પર-પુરુષ પ્રત્યે મન-વાણી-વ્યવહારથી નિર્મળ રહેવું જરૂરી છે અને આ રીતે પુરુષે પર-સ્ત્રી પ્રત્યે પવિત્ર ભાવના કેળવવાની જરૂર છે.

સહુએ પોતાના અંતઃકરણને તપાસવાની જરૂર છે. જો કોઈ ક્ષણે વિકારી વૃત્તિઓએ ઉછાળા મારીને બીભત્સ વિચાર-વાણી કે વર્તન કરાવ્યું હોય ને બ્રહ્મચર્ય સંબંધી પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત અનંતા સિદ્ધ કેવળી પરમાત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**પાંચમું પાપ પરિગ્રહ:** પરિગ્રહની વ્યાખ્યા કરતાં શાસ્ત્રમાં કહ્યું છે:

**मूच्छा परिग्गहो वुतो**

આસક્તિ એ જ પરિગ્રહ છે. વસ્તુ નાની હોય કે મોટી, જડ હોય કે ચેતન, બાહ્ય હોય કે આંતરિક, અરે! કોઈ વસ્તુ ન પણ હોય છતાં તેની આસક્તિમાં વિવેકશૂન્ય થઈ જવું તેનું નામ છે પરિગ્રહ.

આ પાપના મૂળમાં પણ તૃષ્ણા જ પડેલી છે. એક તો કંઈક મેળવી લેવાની તૃષ્ણા અને બીજી મળ્યા પછી હું જ ભોગવું, મારી પાસે જ રહે. મારી માલિકીનું હોય એવી તૃષ્ણા!

જીવન જીવવામાં સાધનોની, માલ-મિલકત, ધન-ધાન્ય વગેરેની આવશ્યકતા હોય. પણ તેની મર્યાદા હોવી આવશ્યક છે. એટલું જ નહીં, ધારીએ ત્યારે છોડી શકીએ, બીજાને જરૂર હોય તો આપી શકીએ એવી ઉદારતા-અનાસક્તિ હોવી જરૂરી છે.

જીવન જીવવાનો અધિકાર આપણો છે તેમ સહુનો છે. વળી તમે જે કંઈ મેળવ્યું છે તે માત્ર તમારા જ પુરુષાર્થથી નથી મળ્યું. તમારું ભાગ્ય ભલે કામ કરતું હશે પણ અન્ય અનેક જીવોની મહેનત તેમાં ઉમેરાઈ છે. તેથી માનવનું એ કર્તવ્ય થઈ પડે છે તે પોતે સારી રીતે જીવે, સાથે અન્યને પણ જીવવામાં સહાય કરે.

પોતાની પાસે રહેલી પૂંજીમાં મમત્વની ભાવના જ પરિગ્રહ છે. મમત્વ સર્વ દોષોનું મૂળ છે. મમત્વ જ તૃષ્ણાને વધારનાર છે.

વળી બીજી રીતે વિચાર કરીએ તો, સમાજમાં કંઈક છો, સમાજ માને, પૂજે, માન આપે એવી ભાવનાથી પણ ધન મેળવવાની લાલસા વધતી જાય છે. ધન વિના કોઈ નહીં બોલાવે. માટે પાપ કરીને પણ પૈસો એકઠો કરવો એવી વૃત્તિ કાયમ રહે છે. આ બધું જ માત્ર ક્ષણિક છે.



માનવ પોતાના સદાચારથી, પોતાની આગવી પ્રતિભાથી સમાજમાં ઊંચું-સ્થાન પ્રાપ્ત કરી શકે છે. આવી શ્રદ્ધા રાખી તૃષ્ણા અને લાલસાને ઓછી કરવા પ્રયાસ થવો જરૂરી છે.

પાપથી આવતા પૈસાનો પરિગ્રહ કોઈ રીતે હિતકારી નથી એ વિશ્વાસ હૃદયમાં બેસી જવો જોઈએ.

અંતરમાં રહેલ ધનની અમાપ તૃષ્ણા કેટકેટલાં પાપ-પ્રપંચો કરાવે છે? એ સર્વ પ્રપંચો આત્મા માટે પરંપરાએ દુઃખકર્તા જ છે. જો જીવનમાં સંતોષ અને તૃપ્તિ હોય તો આવા પ્રપંચોથી જીવ બચી જાય.

ધનની આસક્તિએ પ્રપંચો કરાવ્યા હોય અને તેમાં જીવોને હાનિ પહોંચાડી હોય ને પરિગ્રહ સંબંધી કોઈ પણ પાપ-દોષ લાગ્યો હોય તો અરિહંત, અનંત સિદ્ધ કેવળી પરમાત્માની સાક્ષીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

**છઠ્ઠું પાપ ક્રોધ:** ક્રોધથી કોણ પરિચિત નહીં હોય? નાના બાળકને પણ ક્રોધ કરતાં આવડે, બોલતાં કે બેસતાં ન શીખ્યું હોય એવડું બાળક પણ ક્રોધ તો કરે જ. એ તેને શીખવવું ન પડે. આવડા બાળકને ક્રોધ કરવાનું શું કારણ?

જીવમાં પડેલો અહં. નાના કે મોટા સહુના દિલમાં એક ઈચ્છા તો પડી જ હોય કે હું ધારું તેમ થવું જોઈએ. એમ ન થાય તો તરત ગુસ્સો આવે. જે વ્યક્તિ તેને માટે પ્રતિકૂળ થઈ હોય તેના પર એ ક્રોધ કરે. ગુસ્સો આવે ત્યારે માણસ વિચારવા નથી ઊભો રહેતો કે સામે કોણ વ્યક્તિ છે. હા, પોતે વિવેકી હોય તો વાણી પર થોડો કાબૂ રાખી શકે, બાકી ક્રોધ તો આવે જ.

તમારા રોજિંદા જીવનમાં કેટલી વાર ક્રોધ આવે છે તે વિચારો! અને તેની પાછળના કારણને પણ વિચારો. ક્યારેક આ કારણ નજીવાં હોય છે તો ક્યારેક મોટાં પણ હોય છે. છતાં એ ખ્યાલ રાખવો જરૂરી છે કે ક્રોધ કરવાથી જે કામ નથી સરતું તે સમતા રાખવાથી થઈ જાય છે. મુખ્ય વાત તો એ છે કે કોઈ પણ વ્યક્તિને બીજા કોઈ તેના પર ક્રોધ કરે એ ગમતું નથી! વિચિત્રતા તો ત્યાં છે કે પોતે બધા પર ગુસ્સો કરે પણ તેના પર કોઈ ગુસ્સો ન કરી શકે! આ છે અહં!

ક્રોધ કરવાથી પોતાનો આત્મા તો મલિન થાય જ છે પણ અન્યને કેટલો સંતાપ થાય છે? અન્યને માનસિક પીડા પણ આપણે આપીએ

છીએ. વાતાવરણ પણ દૂષિત થઈ જાય છે. ક્યારેક માણસો એટલો ગુસ્સો કરે કે તે ઝઘડાનું રૂપ ધારણ કરી લે ત્યારે કેટલા બધા માણસોને ઉદ્વેગ વધે. આત્મામાં હલચલ મચી જાય અને ફળસ્વરૂપ વેરાનુબંધનાં કર્મ બંધાય.

જીવનમાં સમતા ન હોવાના કારણે જ આજના યુગમાં કૌટુંબિક જીવન અસ્તવ્યસ્ત થઈ ગયાં છે. કોઈ એક-બીજાનું સહન કરવા તૈયાર નથી. સહુ-સહુના મનમાં સવાશેર છે. હું કોઈથીય ઓછો નથી. આવી મગરૂરી બધાનાં જ મનમાં ભરી છે, જેથી જીવન ઝેરમય થઈ જાય છે. કર્મબંધનથી બચવું હોય અને જીવનને શાંતિ-આનંદથી જીવવું હોય તો સમતા અને સહિષ્ણુતા બંને કેળવવાની જરૂર છે.

ક્રોધ સંબંધી દોષ લાગ્યો હોય તો, મિચ્છામિ દુક્કડં.

**સાતમું પાપ માન:** માન કહો, અભિમાન કહો, ગર્વ કહો, અહંકાર કોહ, બધું જ એક. હું કંઈક છું, બીજા બધાં કરતાં શ્રેષ્ઠ છું, કોઈથી જરા પણ ઉતરતો નથી. આવી જાતનો પોતાની વિષેનો ખ્યાલ માનવને અભિમાનમાં રાચતો રાખે છે.

પોતાની પાસે ધન હોય તો ધન પણ અભિમાનનું કારણ બને છે. અરે! કેટલાક એમ કહેતા હોય, આ ગામમાં મારા જેટલો પૈસો કોઈ પાસે નથી. હું સહુથી શ્રીમંત! એવો જ મદ સત્તાનો. એક નાની સંસ્થાનો પ્રમુખ કે એક ફર્મનો મેનેજિંગ ડાઈરેક્ટર થઈ ગયો કે અભિમાનથી જ વાત કરે, બીજાને તુચ્છ સમજે! તેને પૂછીએ કે તું જે સંસ્થાનો પ્રમુખ છે એવી સંસ્થા દેશમાં કેટલી? તે તે સંસ્થાઓના પ્રમુખો પણ હશે ને! પણ તું સહુથી મોટો! જે ફર્મનો ડાઈરેક્ટર હોય એવી ફૅક્ટરીઓ તો અહીં ઢગલાબંધ છે અને તેમાં તારાથી યે સમજદાર, ભણેલા ડાઈરેક્ટર છે. તેમાં તું કોણ ? બાપના પૈસાના જોરે અભિમાન કરતો પેલો વિદ્યાર્થી જ્યારે અન્ય વિદ્યાર્થીઓને રંજાડે છે, ત્યારે શિક્ષકે તેને બોધપાઠ આપ્યો કે ભારતના નકશામાં તારું અમદાવાદ ક્યાં? અને તેમાં તારા બાપના બંગલાનું સ્થાન ક્યાં? જેને નકશામાં એક નાનકડા બિંદુ જેટલી પણ જગ્યા મળી નથી તેનું અભિમાન શું ?

પણ આવું ક્યાં વિચારે છે માણસ? એ તો પોતે જ કંઈક છે એમ માની ઊંચી ગરદન રાખી ચાલતો હોય!



મારી બહેનો પાસે રૂપ હોય, આવડત હોય. પિતા કે પતિનો પૈસો હોય, પોતા પાસે ભણતર હોય, પછી જોજો એનો રૂઆબ! ધરતી પર પગ પણ ન મૂકે! એટલા અધ્ધર ચાલે!

આવી જાતનાં અભિમાનો એ સૂચવે છે કે અભિમાન કરનાર વ્યક્તિ કેટલા સંકુચિત કુંડાળામાં પડી છે! આ વિરાટ-વિશ્વને જુઓ તો 'બહુરત્ના વસુંધરા' ના ન્યાયે અનેક રત્નો પૃથ્વી પર પડ્યાં છે, જેમાં પોતાનું સ્થાન પણ આવી શકે તેમ નથી. આવો ખ્યાલ જો તેને આવે તો અભિમાન ઓગળી જાય.

માનવે એ સમજવાની જરૂર છે. જેના માટે અભિમાન કરું છું તે બધું જ ભૌતિક અને સ્વપ્નવત્ છે. કાયમ રહેનાર નથી. નાશવંત છે. આજે જેના માટે અભિમાન કરું છું કાલે થપ્પડ મારીને ચાલતું થશે, તો બધાની પાસે મારે લાચારી કરતાં જવું પડશે. માટે કોઈપણ રીતનું અભિમાન કરવું યોગ્ય નથી.

નમ્રતા એ જ જીવનની શોભા છે. જે નમીને ચાલે છે તે જ મહાન બની શકે છે. આપણા જેટલા મહાપુરુષો થયા એ બધા નમ્રતા વડે જ મોટા થયા છે. અભિમાની માણસની વૃત્તિ અક્કડ હોય, તેને બટકતાં વાર ન લાગે. જ્યારે જે નમ્ર છે તે વાંસની છોય તથા નેતર જેવું નરમ જેવું નરમ હોય કે કદી તૂટે નહીં.

આપણું અભિમાન કેટલા જીવોને ત્રાસરૂપ થાય! પોતાના અહંના પોષણ માટે અન્યને તુચ્છ સમજી તેને અપમાનિત કરવામાં પણ માણસને વાંધો ન આવે. તે ત્યારે જોઈ ન શકે કે મારો સત્તાનો મદ અન્ય માટે કેવો દુઃખદાયી છે. અરે! આપણાં શાસ્ત્રોમાં એવાં દૃષ્ટાંતો છે કે સત્તાના મદમાં આંધળા બની માણસોએ કેવા ઉગ્ર વેરાનુબંધ બાંધી લીધા હોય એને તે ભોગવતાં પછી પોતાને જ પીડા ખમવી પડી હોય.

તો અભિમાનથી અક્કડ બની ન ચાલતાં. નમ્રતાને કેળવી વિનયશીલ બનવું જરૂરી છે. જે આ જીવનમાં સુખ-શાંતિ અને આનંદનું કારણ બને અને ભવિષ્ય માટે અશુભ કર્મબંધથી અટકાવે.

**અભિમાને દુઃખ ઉપજે, અભિમાને જશ જાય,**
**મિથ્યા અભિમાને કરીને, જાનનું જોખમ થાય.**

માટે અભિમાન સર્વથા ત્યાજ્ય છે. અભિમાન સંબંધી દોષ લાગ્યો

હોય તો મિચ્છામિ દુક્કડં.

**આઠમું પાપ માયા:** માયા અર્થાત્ કપટ, પ્રપંચ. સ્વાર્થમાં આંધળો બની માણસ પ્રપંચલીલા ખેલતો હોય છે, સાચાનું ખોટું અને ખોટાનું સાચું કરતો હોય, ભોળા માણસને ભરમાવતો હોય. તેમાંય ધનની લાલસામાં લપસી પડેલો માણસ મહાભયંકર પ્રપંચો કરતો હોય. તેના હિસાબમાં પણ ગોટાળા હોય. જો કોઈ અભણ-ગામડિયો માણસ મળી જાય તો તેને બરાબર નિચોવી નાખે. એ એવો હિસાબ કરે :

**સોળ પાંચ પચ્ચીશી, પાંચ કમ નબ્બે તો દેસી!** સોળ પંચા પંચ્યાશી. પાંચ ઓછા કર્યા તો નેવું થયાં. બસ નેવું જ દેવાના રહ્યાં. જે માણસ પાસેથી એંશી રૂપિયા લેવાના છે તેમાંથી પાંચ ઓછા કરી તમારી પાસેથી નેવું જ લઈશ. પેલો સમજે નહીં તેથી ખૂશ થાય કે શેઠે પાંચ ઓછા કર્યા.

આમ અનેક જાતની છેતરપિંડી કરીને ધન ભેગું કરે. રાજ્યને ભરવાનો Tax ન ભરતાં તેમાંય ગોટાળા કરે. આવી પ્રપંચલીલા વડે ધન કમાઈ શેઠ કહેવાય અને પાંચમાં પૂછાય! મોટો દાનેશ્વરી કહેવાય!

એ જ રીતે ઘરમાં રહેતા અન્ય સભ્યો સાથેના વ્યવહારમાં પણ આવું ચાલે. એક-બીજાથી છુપાવવું-સંતાડવું, ખોટું કહેવું, ખોટું બતાવવું. અમે એવું જોયું છે. દેરાણી-જેઠાણી સાથે રહેતાં હોય તો એક-બીજાનાં બાળકોને એક-બીજાના રૂમમાં મોકલે. જા, જોઈ આવ તો, કાકી શું કરે છે? એનાં છોકરાઓને શું આપે છે? વગેરે-વગેરે. આવી જે વૃત્તિ તે પણ માયા-પ્રંપચ છે.

વળી એક વાત એ છે કે માયા-પ્રપંચ કરવાનું કારણ પણ એ જ છે કે પોતે ખોટો છે. જે ખોટો ન હોય, સત્ય રાહે ચાલતો હોય તેને પ્રપંચ કરવાની જરૂર ન પડે. તેની જીવનકિતાબ ખુલ્લી હોય. તે જેવો છે તેવો જ સહુની સામે રજૂ થઈ શકે છે. તેને છુપાવવાનું કંઈ હોતું નથી. જ્યાં માયા છે ત્યાં સરળતા નથી. અને આત્મસંતોષી જીવન માટે સરળતા એ પહેલી શરત છે. સરળ વ્યક્તિ આધ્યાત્મિક દૃષ્ટિએ કર્મ ઓછાં બાંધે છે અને સામાજિક કે કૌટુંબિક દૃષ્ટિએ બધાનો વિશ્વાસ અને પ્રેમ તી શકે છે. માયાવીને માયા-પ્રપંચ દ્વારા થોડા સમયમાં બહુ બધું મળી જતું હોય તેમ લાગે પણ કર્મ-બંધન વધુ કરે છે અને ધીરે-ધીરે સહુમાંથી વિશ્વાસ



પણ ગુમાવી બેસે છે. તેને કોઈના તરફથી સાચો પ્રેમ મળતો નથી.

માટે જ માયા-પ્રપંચના ભાવોને છોડી સરળતાને અપનાવતાં શીખો. બહારથી થોડું નુકશાન થતું દેખાય તો ભલે થાય, પણ સરવાળે તમે લાભમાં જ રહેશો. માટે સરળતા એ જ સર્વોત્તમ ગુણ છે.

માયા પ્રપંચને સેવી આત્માને કલુષિત કર્યો હોય ને પાપદોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છામિ દુક્કડં.

**નવમું પાપ લોભ:** શાસ્ત્રોમાં ક્રોધાદિ ચાર કષાયોના ફળ બતાવતાં કહ્યું છે:

**कोहो पीइ पणासेइ, माणो विणय-नासणो।**
**माया मिताणि नासेइ, लोभो सव्व विणासणो॥**

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. માન વિનયનો નાશ કરે છે. માયા મિત્રતાનો નાશ કરે છે. પણ લોભ તો સર્વ ગુણોનો નાશ કરે છે. વ્યવહારમાં પણ સર્વ પાપના મૂળ રૂપ લોભને જ કહ્યો છે.

લોભી માણસ ધનનો લોભ તો કરે જ. પોતે સારી જીવે નહીં અને અન્યને સારી રીતે જીવવા ન દે. પોતે ખાય નહીં, બીજાને ખાવા દે નહીં. ઘણું મેળવ્યા પછી પણ તેના હાથથી એ ઉપયોગ કરી શકે નહીં.

કેટલાક માણસને તો એવી તૃષ્ણા હોય કે સાત પેઢી ખાય તેટલું તેને ભેગું કરવું હોય. ભેગું કરે પણ ખરો. છતાં કોઈને વાપરવા ન દે. પેલા તિજોરીમાં પુરાઈ રૂપિયા ગણતા શેઠની જેમ તિજોરીમાં જ મૃત્યુને શરણ થઈ જાય.

લોભી વ્યક્તિનું સમાજમાં પણ સ્થાન રહે નહીં. સમાજમાં તે કોઈની બરોબરી કરી શકે નહીં. તેને કોઈ બોલાવે નહીં. પાંચ માણસ વચ્ચે તે ઊભો રહી શકે નહીં. આમ તેનું સામાજિક સ્થાન ન રહે. એ જ રીતે કુટુંબમાં પણ બધા તેને ધિક્કારતા જ હોય છે.

આવા માનવો તૃષ્ણાના કારણે ઘણાં જ પાપકર્મો બાંધતા હોય અને મમ્મણ શેઠની જેમ મરીને નરક જેવી દુર્ગતિમાં જ જાય. ન તો તેનું જીવ્યું સાર્થક, ન તો તેનું મરણ સાર્થક. માનવજન્મ મળ્યો તો પણ આવા કાષાયિક ભાવોમાં જ ગુમાવી દે.

વળી આજના યુગમાં માણસને પોતાને ખાવા-પીવા કે મોજ-શોખ કરવામાં લોભ નથી, પણ દીન-દુ:ખીને મદદ કરવી હોય, ધર્મમાર્ગે પૈસો

વાપરવો હોય તો ત્યાં લોભ લાગે છે. પોતાનાં ભોગાપભોગમાં જે પહોળો હોય તે દાનાદિ ધર્મમાં સાંકડો જ હોય. માટે જો ભોગભાવના સાંકડી કરો તો ધર્મમાર્ગે-પરમાર્થમાર્ગે ધનનો વ્યય કરવામાં લોભ નહીં જાગે.

લોભીવૃત્તિના કારણે જે કંઈ પાપો સેવ્યાં હોય તે માટે મિચ્છામિ દુક્કડં.

વળી કર્મ-ફિલોસોફીનો એક સિદ્ધાંત ખાસ યાદ રાખવા જેવો છે કે ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાયોમાંથી જેનો ઉદય હોય તે જ કષાયનો બંધ ફરી ત્યારે પડે છે. એટલે કે ક્રોધના ઉદયમાં ક્રોધ મોહનીય કર્મનો જ બંધ પડે. એ જ રીતે ચારે કષાયોના ઉદયમાં એ જ કષાયોનો બંધ પડે. ફરી એ ઉદયમાં આવે ને તેની પરંપરા ચાલુ જ રહે. માટે જ જીવે ચાર કષાયથી બચીને ચાલવાનું છે. પૂર્વના બંધ હોય એટલે ઉદયમાં તો આવે જ પણ તેમાં ભળી જવાનું નથી. પણ સમતા, નમ્રતા, સરળતા અને સંતોષ વડે ચારેયને જીતી લેવાના છે.

કષાયોના પાપથી બચવા અકષાય ભાવોને જીવનમાં ઉતારવા આવશ્યક ે.

**દસમું પાપ રાગ:** રાગ-મોહ-મમતા બધાં જ જુદાં જુદાં રૂપે સામા આવતા ભાવો છે.

જીવનમાં રાગનું ક્ષેત્ર બહુ જ વ્યાપક છે. આપણને વ્યક્તિ પર રાગ, વસ્તુ પર રાગ, આપણી માન્યતાઓ પર રાગ, ચારે બાજુ રાગ. જ્યાં આપણી અનુકૂળતા છે ત્યાં રાગ હોય જ.

જેટલી વ્યક્તિ આપણને અનુકૂળ થઈને રહે તે બધી આપણને પ્રિય, તેનાં માટે આપણે બધું જ કરવા તૈયાર - બધું જ સહેવા તૈયાર. માતા-પિતાને બાળકનો મોહ છે, રાગ છે, તેથી જ બાળકો માટે શું-શું ન કરે? કેટલું સહન કરે છે? એ તો ઠીક પણ જે વસ્તુ પર, પદાર્થ પર તમને રાગ થાય એ વસ્તુ મેળવવા માટે કેટલાં પાપ? ગમે તે ભોગે મેળવવું.

પહેલાના સમયમાં રાજા હતા, તેને રાજ્યનો વિસ્તાર કરવાનો રાગ હતો. તો હજારોના લોહી રેડીને પણ બીજું રાજ્ય મેળવતા હતા. આજે એ નથી પણ જીવમાં પડેલી આ રાગવૃત્તિ ક્યાંય ગઈ નથી. એક



નહીં તો બીજી વસ્તુ. જે ગમી તે ગમે તેમ કરીને પણ મેળવવી જ હોય છે.

બીજું જે વ્યક્તિ પ્રત્યે રાગ છે તે વ્યક્તિ પાસે જ રહે, દૂર ન જાય. તે માટે પણ કેટલું કરીએ? જેને આપણી જૈન પરિભાષામાં આર્તધ્યાન કહ્યું છે, તે કર્યા જ કરીએ. ગમતી વ્યક્તિ કે વસ્તુનો સંયોગ ઈચ્છીએ અને ન ગમતી વ્યક્તિ કે વસ્તુનો વિયોગ ઈચ્છીએ. જેનો સંયોગ જોઈએ છે તે ન મળે તો દુ:ખી અને જે નથી જોઈતું તે આવી મળે તો પણ દુ:ખી. આ બધા જ રાગના ભાવો.

વળી જ્યાં રાગ છે ત્યાં જ દુ:ખ છે. માણસને પોતાનું સ્વજન મરે કે ગમતા પદાર્થ નષ્ટ થઈ જાય તો જ દુ:ખ થાય છે. નહીં તો રોજ સેંકડો માણસો મરે છે, કોઈનુંય દુ:ખ થતું નથી. રોજ હજારો પદાર્થો નાશ પામે છે તેનું પણ દુ:ખ નથી. આવું દુ:ખ મનમાં કેટલો સંતાપ ઊભો કરે? જે સંતાપ અનેક કર્મો બંધાવે.

રાગ એ જીવનો સ્વભાવ નથી. જીવનો સ્વભાવ તો વીતરાગતા છે. જેટલા રાગભાવમાં વધુ લેપાણાં એટલા પોતાના સ્વરૂપથી દૂર થવાનાં. માટે ધીરે ધીરે રાગનું ક્ષેત્ર સંકોચીને વીતરાગતા તરફ જવાનું છે. ગૃહસ્થાશ્રમમાં હો તેથી સહુ સાથે પ્રેમ તો રાખવો જ જોઈએ. પ્રેમ વિના જીવાતું નથી. પણ એ પ્રેમ આંધળા મોહનું સ્વરૂપ ધારણ ન કરે એ જ સાવધાની રાખવાની છે. રાગ છે ત્યાં મલિનતા છે. પ્રેમ છે ત્યાં નિર્મળતા છે. અંત:કરણ મલિન ન થાય પણ નિર્મળતા ટકી રહે એ ખાસ અગત્યનું છે. રાગના કારણે થયેલાં પાપોનું મિચ્છામિ દુક્કડં.

**અગિયારમું પાપ દ્વેષ:** રાગની બીજી બાજુ દ્વેષ ભાવ હોય જ. રાગ અને દ્વેષ એક સિક્કાની બે બાજુ છે. દ્વેષ પણ વીતરાગ ભાવનું વિકૃત્ત સ્વરૂપ છે. આપણી અનુકૂળતાનું પોષણ કરનાર પર જેમ રાગ થાય છે. તેમ આપણાથી પ્રતિકૂળ વર્તનારા પ્રત્યે દ્વેષ ઊભો થાય છે. વાસ્તવમાં વિચાર કરીએ તો આપણને કોઈ વ્યક્તિ કે વસ્તુ પ્રિય-અપ્રિય હોય તેના કરતાં પણ આપણી અનુકૂળતા અને પ્રતિકૂળતા જ પ્રિય-અપ્રિય હોય છે.

આપણને ગમતી વ્યક્તિ પણ જ્યાં સુધી આપણને અનુકૂળ થઈને રહે ત્યાં સુધી બહુ ગમે. એ થોડી પ્રતિકૂળ થવા માંડે તો એક-બે ને ત્રણ વાર તો ચલાવી લઈએ, જતું કરી દઈએ, પણ ચોથીવાર જો એમ જ વર્તે

તો તરત તેના પર દ્વેષભાવ આવે.

આપણે જોયું છે કે ગાઢ મિત્રો હોય, એક–બીજા વિના ચાલતું ન હોય. જીગરજાન દોસ્ત હોય, અરે! બે દેહ એક આત્મા જેટલી નિકટતા હોય પણ જો કોઈ પ્રતિકૂળ નિમિત્ત ઊભું થઈ જાય તો એ જ બંને એવા કટ્ટર શત્રુ બની જાય કે એક-બીજાનું મુખ જોવું ન ગમે. મરવા-મારવા સુધી તૈયાર થઈ જાય.

આવા દ્વેષભાવો અંતરમાં વેર-ઝેર ઘૂંટ્યા કરે છે. દ્વેષના કારણે જ વેરાનુબંધ થાય છે. આખુંયે જીવન દ્વેષના કારણે વિષમય થઈ જાય છે. કારણ માનવની એ ખાસિયત છે કે એ પોતાના મિત્રને યાદ ન કરતો હોય એટલો શત્રુને યાદ કરતો હોય છે. શત્રુ સાથે બદલો લેવા, તેનું બગાડવાના ચાન્સ એ શોધતો હોય, તેથી અંતરમાં રહેલ દ્વેષની ભાવનાને એ વાગોળ્યા કરતો હોય. પછી શત્રુ કોઈ નિકટનો સ્વજન હોય કે દૂર રહેનાર વ્યક્તિ હોય પણ દ્વેષી માનવનું અંતઃકરણ આવા ભાવોથી ધમધમ્યા જ કરતું હોય, જેના કારણે કર્મબંધ પણ ખૂબ થાય છે, અને વર્તમાન જીવન પણ અશાંતિ-અસંતોષમાં વીતે છે.

શાસ્ત્રમાં કર્મબંધના મૂળ કારણ રાગ અને દ્વેષ જ કહ્યાં છે. જીવ જેટલાં પાપો કરે છે તેના મૂળ કારણમાં કોઈ ને કોઈ પ્રકારનો રાગ અથવા દ્વેષ જ હોય છે. તેથી જ આપણા જ્ઞાનીપુરુષોએ રાગ-દ્વેષને જીતવાનો પુરુષાર્થ કરવા કહ્યું છે. જૈન પરંપરાની આખીયે સાધનાનો સાર એટલો જ છે કે રાગ-દ્વેષને જીતો. બસ, બે જીતાણા એટલે બધું જ જીત્યા.

મનમાં એટલો વિશ્વાસ જો જીવને થઈ જાય કે રાગ-દ્વેષ તજવા જેવા છે. તેને પંપાળીને પોષવા જેવા નથી તો એ ભાવો ધીરે-ધીરે છૂટતા જાય. જીવે આ જ પુરુષાર્થ કરી લેવો જોઈએ.

કોઈપણ જીવ કે અજીવ પ્રત્યે દ્વેષ ભાવ જાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

**બારમું પાપ કલહ:** કલહ એટલે કલેશ, ઝઘડો. જે વ્યક્તિમાં અસહિષ્ણુતા અને સંકુચિતતા હોય છે તે જ નિમિત્ત મળતાં વાણીનો વિવેક ગુમાવી, વ્યક્તિની મર્યાદા ગુમાવી, તેની સાથે ગમે તેમ બોલવા માંડે છે અને તે બોલવું ઝઘડાનું રૂપ ધારણ કરે છે.



પછી તે કોઈ પણ બે વ્યક્તિ હોય! પતિ-પત્ની હોય, ભાઈ-બહેન હોય, સાસુ-વહુ હોય, દેરાણી-જેઠાણી હોય, નણંદ-ભોજાઈ હોય, ગમે તે સંબંધમાં હોય. અરે! બે પાડોશી હોય કે સમાજની કોઈ પણ વ્યક્તિ હોય, સંસ્થાના કાર્યકર્તા હોય કે રાજ્યનો નેતા હોય પણ આત્મામાં રહેલ વિકૃત ભાવો ભેગા થાય ત્યારે કલહનું રૂપ ધારણ કરે.

જેમાં સર્વ પ્રથમ તો અહં જાગે. આમ કેમ થાય? પછી ભલે ગમે તેવી નાની વાત હોય! ગૃહસ્થી છો તો પાણી ભરવાની વાત હોય, આંગણું સારું રાખવાની વાત હોય, બાળકોની રમતની વાત હોય. પણ આવી નાની વાતમાં તમારાથી આમ થાય જ કેમ? ત્યાંથી શરૂ કરી પાડોશી સાથે કલહ ઊભો થાય તે તેના બાપ-દાદા સુધી પહોંચી જાય.

આ અહં પોતાના સ્વજન સાથે પણ લડાવે. અહંમાંથી ક્રોધ જાગે. ક્રોધમાંથી દ્વેષ-ઈર્ષ્યા જાગે અને ધીરે-ધીરે માયા-લોભ આદિ બધા જ કષાયો ભેગા મળી હુમલો કરે, જેનાં પરિણામ મોત સુધીના હોય.

આવા ક્લેશના ભાવો પોતાના અંતરમાં વ્યાકુળતા પેદા કરે અને અન્ય સર્વને પણ સંતાપ જગાડે. અરે! ક્યારેક તો રાંધ્યાં ધાનની ઢાંકણી ન ઊઘડે! એટલું જ નહીં, દેરાણી-જેઠાણીના ઝઘડાએ એક વખત બાળકનો જીવ લીધેલો ! ઝઘડો કરીને દેરાણી પોતાના બાળકને સ્તન-પાન કરાવે છે. અતિશય ક્રોધ-દ્વેષ-ઈર્ષ્યાના કારણે પોતાના શરીરનું લોહી ગરમ થઈ ગયું છે, ઝેરી બની ગયું છે. એ ઝેર માતાના દૂધ વાટે બાળકના પેટમાં ગયું છે. બાળકને ઝેર ચડ્યું અને મરી ગયું.

આવી છે ઝઘડાની કથા! માનવો સાથે જીવતાં હોય ત્યાં મતભેદ થાય! એક-બીજાને કહેવું પડે પણ જો સભ્યતા અને વિવેક હોય તો કહેવા છતાં તેનું પરિણામ આવું ઉગ્ર ન આવે. જીવન જીવવા માટે પણ સમતા અતિ આવશ્યક છે. સમતા જેમ આધ્યાત્મિક ઉત્થાન માટે ઉપકારી છે તેમ વર્તમાનકાળે જ્યાં જીવી રહ્યા છે, જેની સાથે જીવી રહ્યાં છો, તેની સાથે સમરસતાથી જીવવા માટે પણ સમતા ખૂબ-ખૂબ અનિવાર્ય છે.

**સહિષ્ણુતા:** સમતા અને વિવેકનો ત્રિવેણીસંગમ જો જીવનમાં થાય તો જીવન શીતળ અને શાંત વહેતા ઝરણા જેવું પવિત્ર બની જાય. માટે કલહ છોડી આ સુંદર ભાવોને અપનાવવા જોઈએ.

કદી કોઈ પણ સાથે કલહના ભાવો જાગ્યા હોય ને આત્મા મલિન બન્યો હોય તો મિચ્છામિ દુક્કડં.

**તેરમું પાપ અભ્યાખ્યાન:** આ પાપ ભયાનક છે. કોઈ પર ખોટાં આળ ચડાવવાં એ અભ્યાખ્યાન છે :

જેણે જે પાપ કે ભૂલ નથી કરી, કોઈ અધમ આચરણ નથી કર્યું. તેણે એ કર્યું છે એવો ખોટો આક્ષેપ કરવો તે છે અભ્યાખ્યાન.

માનવમનની એ વૃત્તિ રહી છે કે સારું થયું તે મેં કર્યું અને ખરાબ થયું તે બીજાએ કર્યું. આવું જ હંમેશાં એ વિચારતો હોય અને કહેતો હોય. અરે! પુણ્યકર્મના ઉદયે કંઈક પોતાને સારા સંયોગ મળે તો કહે હું કેવો ભાગ્યવાન છું, મારાં નસીબ કેવાં સારાં છે કે મને આ મળ્યું! અને પાપનો ઉદય થાય, જે પોતે જ કરેલાં પાપ છે છતાં તેના કારણે પોતાનું ખરાબ થાય, વિપરીત સંયોગ ઊભા થાય કે તરત એ બીજા પર દોષનો ટોપલો ઓઢાડી દેશે કે આ તો અમુક વ્યક્તિએ ભૂલ કરી તેના કારણે મને આમ થયું.

તો માનવનું મનોવિજ્ઞાન આ જ છે. આ જ માનવમનની મોટી નબળાઈ છે. એટલે હું કરું તે સારું અને બીજો કરે તે ખરાબ, એક આવી વૃત્તિ, બીજું. પોતે કંઈ ખોટું કર્યું છે તેમાંથી છૂટી જવા માટે પણ એ બીજા પર દોષ ઢોળતો હોય છે. અરે! આવી વૃત્તિ તો છેક બાળપણથી હોય છે. બે બાળક રમકડાંથી રમી રહ્યાં હોય ને રમકડું તૂટી જાય તો બેમાંથી એકેય નહીં કહે કે મેં તોડ્યું છે પણ એક-બીજાનો જ વાંક કાઢશે. આ છે જીવનીવૃત્તિ.

અને સહુથી અગત્યનું કારણ છે, તે એ છે કે માનવ બીજાને નીચો-હલકો બતાવવાનો પ્રયાસ કરતો જ હોય છે. એટલે ખોટાં આળ ચડાવીને પણ તેને હલકો પાડતો હોય છે.

પણ કર્મ ફિલસૂફીનો એક સિદ્ધાંત ભૂલવા જેવો નથી કે આળના કર્મ, આળથી જ ઉતરે! અર્થાત્ તમે કોઈ પર આળ ચડાવ્યું હશે તો તે કર્મ ઉદયમાં આવશે ત્યારે તમારા પર આળ જ ચડશે. ત્યારે રોવા બેસશો કે તમારી નિર્દોષતા પુરવાર કરવા જશો તો નહીં થાય.

વળી કોઈ પર આળ ચડાવવું તે આપણી હલકી મનોવૃત્તિનું જ દર્શન છે. જેના પર આળ ચડાવીએ તે તો હલકો પડે જ પણ ચડાવનારા



પણ સમાજમાં હલકા પડી જાય. જે ધોબીએ સીતાજી પર આળ ચડાવ્યું તેને ઈતિહાસમાં કોણ માનની નજરે જુએ છે? ધોબી પણ હલકો જ કહેવાયો.

તો આપણા મનમાં રહેલ આ વૃત્તિ અતિ ભયંકર છે. તે વૃત્તિને અંતરમાંથી કાઢવા પ્રયત્ન કરવો જરૂરી છે.

આવી વૃત્તિથી કોઈ પણ આળ ચડાવ્યાં હોય અને પાપદોષ લાગ્યો હોય તો મિચ્છામિ દુક્કડં.

**ચૌદમું પાપ પૈશુન્ય:** પૈશુન્ય અર્થાત્ ચાડીચૂગલી કરવી. કોઈએ કાંઈ કર્યું હોય તે બીજા પાસે જઈને કહેવું તે છે પૈશુન્ય.

આ પણ એક હલકી વૃત્તિ જ છે. જે માણસનું લક્ષ્ય બીજાને ઉતારી પાડવાનું છે, નીચો દેખાડવાનું છે તે જ આવું કામ કરે.

નાના બાળકોમાંયે પોતે સારો છે અને બાળક તોફાની છે એમ બતાવવા માટે આ વૃત્તિ હોય છે, પણ મોટા થયાં પછી ઈર્ષ્યા-દ્વેષની ભાવના વધે છે અને તે પોતે કોઈ પણ સ્થાને હોય પણ ચાડી-ચૂગલી કર્યા જ કરતો હોય છે. આવી વૃત્તિ કલહનું કારણ પણ બને છે. જેને તમે નીચો દેખાડવા માગો છો એ તો કદાચ નીચો દેખાશે કે નહીં દેખાય પણ તમારી ઈર્ષ્યા-દ્વેષથી ભરેલી મનોવૃત્તિનું દર્શન તો થઈ જ જશે.

આ વૃત્તિ-દોષ-દર્શન તરફ જ દૃષ્ટિને લઈ જાય છે. આવો માણસ કોઈના ગુણ જોઈ શકતો નથી. ગમે તેટલા ગુણ વ્યક્તિમાં હોય પણ એ ન દેખાય, તેમાંથી અવગુણને જ શોધતો ફરે. જેમ કાગડો પશુના શરીર પડેલાં ભાઠાં-ચાંદાને જ શોધતો હોય, જેમ ગાયનાં આંચળ પર બેઠેલી ઈતરી ગાયનું દૂધ ન પીએ પણ રક્ત જ પીએ, તેમ આવો માણસ ચાડી-ચૂગલી કરવા માટે દોષને જ જુએ.

દોષદૃષ્ટિ એ હલકી દૃષ્ટિ છે, પાપદૃષ્ટિ છે. જોવા તો યુધિષ્ઠિરની જેમ ગુણ જ જોવા, દુર્યોધનની જેમ દોષ નહીં. આપણે આપણી દૃષ્ટિને બદલી નાખીએ તો ચાડી-ચૂગલીનું પાપસેવન નહીં થાય.

અભ્યાખ્યાન અને પૈશુન્યમાં અંતર એ છે કે અભ્યાખ્યાન નહીં કરેલા દોષને પણ દોષરૂપ દેખાડે છે, અર્થાત્ કોઈ વ્યક્તિએ કશું જ અધર્મકાર્ય ન કર્યું હોય છતાં તેણે તે કર્યું છે તેમ કહેવું તે અભ્યાખ્યાન છે. જ્યારે પૈશુન્ય, કોઈ વ્યક્તિએ કાર્ય કર્યું છે તે જાણીને તેને હલકી પાડવા માટે,

બીજાની દૃષ્ટિથી ઉતારી પાડવા માટે તેનું કાર્ય બીજા પાસે પ્રગટ કરી દેવું.

આવું પાપ સેવ્યું હોય તો મિચ્છામિ દુક્કડં.

**પંદરમું પાપ પરપરિવાદ :** પારકી નિંદા કરવી તે પરપરિવાદ. નિંદા એ બહુ જ મીઠી ચીજ છે. લોકોને બહુ જ ગમે. કોઈનો દોષ જોયો નથી અને પાંચ જણાને કહેવા ગયા નથી.

નિંદા કરનાર વ્યક્તિ પોતાને સર્વશ્રેષ્ઠ સમજતો હોય છે. હું સારો છું. બધી રીતે બરાબર છું, સર્વગુણસંપન્ન છું અને અમુક વ્યક્તિ આવો છે, તેવો છે - એમ એ કહેતો ફરતો જ હોય. બીજાની નિંદા કરનાર પોતાની બડાઈ કર્યા કરતો હોય, વળી એ કરે છે એવું મને ન ગમે. હું કોઈ દિવસ ન કરું મારું તો એ કામ જ નહીં. આવું તો એ કેટકેટલું કહેતો ફરે.

મોટા ભાગના માણસો-ચાર-છ જણા ભેગા થાય એટલે કોઈ ને કોઈ વ્યક્તિ તેના હાથમાં આવી જ હોય પછી તે પાડોશી હોય, સમાજનો કોઈ સભ્ય હોય, કોઈ રાજકારણી હોય, કે ગમે તે વ્યક્તિ હોય પણ ભેગા થઈને નિંદા જ કરતા હોય, જેને આપણાં શાસ્ત્રોમાં છિદ્રગવેષી નામ આપ્યું. તે પણ પેલા કાગડાની જેમ ખરાબ જુએ. સારા તરફ દૃષ્ટિ જ ન જાય.

આ વૃત્તિ પણ એટલા માટે જ ઉદ્‌ભવે છે કે બીજાનું સારું જોઈ ન શકે. કોઈની ચડતી થતી હોય, યશ-કીર્તિ ફેલાતી હોય, લોકો તેની પ્રશંસા કરતા હોય - આ બધું સાંભળી શકાય નહીં. એ આગળ આવી ગયો, આવી ઈર્ષ્યા-દ્વેષની વૃત્તિ નિંદા કરાવે.

આ પણ માનવમનની હલકી વૃત્તિનું જ પ્રદર્શન છે. જ્ઞાનીઓએ પોતાના દોષ જોઈ તેની નિંદા કરવાનું કહ્યું છે. તેથી જ સામાયિકના પાઠમાં નિંદામિ શબ્દ આવે છે. પણ અવળી ખોપરીના માનવે પોતાની તો પ્રશંસા શરૂ કરી અને પારકી નિંદા.

નિંદા કરનાર કેટલીક વાર અસત્યનો આશરો પણ લેતો હોય. તેથી એ ઈર્ષ્યા-દ્વેષ, અસત્ય આદિ દોષોથી ગુનેગાર થાય છે. અશુભ કર્મબંધન પણ આટલા જ કરે છે માટે જીવે આવી નિંદાના પાપથી બચવું જોઈએ.

નિંદા સંબંધી દોષ લાગ્યા હોય તો મિચ્છામિ દુક્કડં.

**સોળમું પાપ રઈઅરઈ :** ગમો અને અણગમો, આ તો જીવની સાથે



પળે પળે જોડાયેલા છે. આ ગમે ને આ ન ગમે. પાંચે ઈન્દ્રિયના પ્રત્યેક વિષયમાં ગમવું-ન ગમવું છે જ. અમુક શબ્દો સાંભળવા ગમે, અમુક ન ગમે. અમુક પ્રકારનું રૂપ-દૃશ્ય-વ્યક્તિ-વસ્તુ જોવાં ગમે, અમુક ન ગમે. સુગંધ ગમે, દુર્ગંધ ન ગમે. સુ-સ્વાદુ રસ ગમે, અન્ય ન ગમે. શીતળ, સુંવાળા સ્પર્શો ગમે, અન્ય ન ગમે. આમ બધા વિષયોમાં ગમવું ન ગમવું છે જ. જેની સાથે ગમે તેમાં રાગ અને ન ગમે તેમાં દ્વેષ - આ રાગદ્વેષ પણ જોડી દઈએ. સાથે હર્ષ અને શોક પણ ખરાં જ.

આપણે આપણા આખા દિવસમાં મન-વાણીને વિચારીએ તો એ કાં તો હર્ષમાં હશે કાં શોકમાં હશે. ગમ્યું તેનો હર્ષ, ન ગમ્યું તેનો શોક મનમાં થાય અને વાણી દ્વારા બહાર નીકળે.

વળી આપણા ગમાના પોષણ માટે અને અણગમાના શોષણ માટે અન્ય જીવોનાંય શોષણ કરીએ. હિંસા-અસત્ય આદિના પાપો પણ સેવીએ. ગમતું મેળવવા, મળ્યા પછી ભોગવવા રાગ-દ્વેષ-કલહ પણ કરીએ. વિચારીએ! આપણા જીવનની ચાલતી ઘટમાળમાં શું છે? શું કરી રહ્યા છીએ? અરે! આપણો ગમો-અણગમો બીજા પર લાદવાનો પ્રયાસ કરીએ. મારી અન્દરમાં રહેતા હોય તેઓએ મને ગમતું જ કરવું જોઈએ. મને ન ગમે એવું એણે કરાય જ નહીં. આવો આપણો અભિગમ હોય. તેથી બીજાના ગમા-અણગમાનો ખ્યાલ કરીએ જ ક્યાંથી? પણ માણસ એ નથી વિચારતો કે જેમ તેને પોતાના ગમા-અણગમા સ્વતંત્ર છે. તેમ બીજાને પણ હોય. કોઈ પણ વ્યક્તિ પર મારા ગમા-અણગમાને લાદવાનો મારો અધિકાર નથી. આટલું વિચારે તો પણ જીવન કેટલું સરળ થઈ જાય!

આપણા જ્ઞાનીપુરુષોએ તો એમ કહ્યું કે તારે જ શા માટે ગમો-અણગમો! તું બધા વિષયોમાં તટસ્થ થઈ જા. તું તારા પૂરતું જ વિચાર. બીજાને શું છે તે તેના પર છોડી દે. ગમતું-અણગમતું એ પણ એક પ્રકારની આસક્તિ છે. જ્યાં આસક્તિ છે ત્યાં ચીકાશ છે, ત્યાં કર્મબંધન છે. ત્યાં ભવભ્રમણ છે!

તેથી ગમવું-ન ગમવું, જેને આપણે સહજવૃત્તિ માની લીધી છે. એટલું તો જીવનમાં હોય જ ને, એમ જ્યાં માનીએ ત્યાં કેવી કર્મપરંપરા ઊભી થાય છે તે ભૂલી જઈએ છીએ.

જો આ વૃત્તિને ઓગાળવી હોય તો, બધું જ ગમશે. ચાલશે, ભાવશે, ફાવશે, આવી ભાવનાને કેળવી લઈએ તો રઈઅરઈ રહે જ નહીં.

ગમા-અણગમાના કારણે સેવેલાં પાપોનું મિચ્છામિ દુક્કડં.

**સત્તરમું પાપ માયામોસોઃ** એક જૂઠ અને બીજું માયા-કપટ સહિત જૂઠ. સામાન્ય રીતે જૂઠું બોલે તેનાથી કર્મબંધ તો થાય જ છે. પણ પ્રપંચ સહિત જૂઠું તો નિકાચિત કર્મનું કારણ છે.

તમે બાળકને રમાડતા હો, ત્યારે તેને રમાડવા માટે જૂઠું બોલતા હો. અથવા બાળકના હાથમાં કોઈ છરી, સૂડી કે કાચની બોટલ આવી જાય, જેનાથી તેને નુકસાન થવાની સંભાવના છે, તે તેના હાથમાંથી લઈને પાછળ સંતાડી દો અને કહો, જો કાગડો લઈ ગયો તો તે જૂઠ હોવા છતાં તેમાં કપટભાવ ન હોવાથી એ ઓછાં કર્મબંધ કરે છે. ત્યાં નિર્દોષ બાળકને સમજાવવાનો ભાવ છે. પણ જે જૂઠ કપટ-પ્રપંચ સહિત બોલાતું હોય તે બીજા જીવને પીડાકારી હોય છે અને એ બોલવા પાછળનો ધ્યેય પણ પોતાનો સ્વાર્થ સાધવો અને અન્યને અંધારામાં રાખવાનો હોય છે જે મહા ખતરનાક છે.

પ્રપંચ કરનાર વ્યક્તિ એવી સિફતથી બોલતો હોય કે સામા માણસને તેમાં અસત્યની ગંધ પણ ન આવે. અરે! કેટલાક તો ભગવાનના, ધર્મના કે પોતાના સંતાનની કસમ પણ ખાતા હોય! તે એમ સમજે કે સામાને આમ કહી ભોળવી લઈએ. આપણે કસમ ખાઈએ એટલા માત્રથી ક્યાં કંઈ થઈ જવાનું છે ? થાય કે ન થાય, પણ તારા મનમાં જે કલુષિત ભાવના આવી તેનાથી જ તારા ભગવાન, ધર્મ કે સંતાન પણ કલુષિત તો થઈ જ ગયા.

સ્વાર્થના સંકુચિત કોચલામાંથી બહાર આવી માનવ વિશાળ ભાવના જગાડે, ઉદારતા અપનાવે તો તેને પ્રપંચ સહિત જૂઠું બોલવાની જરૂર ન પડે.

આવા ખતરનાક પાપોથી બચવા માટે પોતાનો સ્વાર્થ ઓછો કરી નાંખવો, અંતરમાં પડેલી લાલસા અને તૃષ્ણા પર કાપ મૂકી દેવો, જેથી આવાં પાપ કરવાં પડે નહીં.

આ પાપ જીવનમાં ખૂબ જ સેવાતું હોય છે. તેના પ્રત્યે જાગ્રત થવું અતિ આવશ્યક છે.



જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં નાના-મોટાં સહુ આ કાળમાં માયામોસોનું સેવન કરતા થઈ ગયા છે. તેના પર વિચાર કરી, તેના કુ-ફળનો વિચાર કરી તેનાથી  દૂર થવા પ્રયત્ન કરીએ.

માયામોસો સંબંધી જે પાપો સેવ્યાં હોય તેનું મિચ્છામિ દુક્કડં.

**અઢારમું પાપ મિચ્છાદંસણ સલ્લઃ** મિથ્યા-દર્શન-શલ્ય, અવળી માન્યતા, મિથ્યાત્વ, અને તેનો કાંટો, જે જીવને આત્મામાં ચૂભ્યા કરે ને કર્મબંધ કરાવ્યા કરે, તે સર્વથી મોટું પાપ, અઢાર પાપમાં મિથ્યાત્વ એટલે કે અજ્ઞાનને મોટું પાપ કહ્યું છે.

કારણ, બધાં જ પાપોની પાછળ મુખ્ય કારણ હોય તો અજ્ઞાન છે. અજ્ઞાન છે ત્યાં જ પાપોની સંભાવના છે. જો અજ્ઞાન ન રહે તો માનવ પાપના પંથેથી પાછો વળી જાય. અજ્ઞાન છે ત્યાં વિપરીત માન્યતા છે. ત્યાં પાપ અને પુણ્યના સાચા ખ્યાલ નથી હોતા. બીજી વાત એ કે અજ્ઞાન, પાપને પાપ તરીકે ઓળખવા દેતું જ નથી. અજ્ઞાન વધુ ખતરનાક છે.

વળી પરમાં પોતાનું સુખ માનવાની વિપરીત ધારણા જ, પરમાંથી સુખ મેળવવાનાં ફાંફાં, પાપો કરાવે છે. માનવ એ સમજે કે મારું સુખ મારામાં જ હોય, બીજામાં ન હોઈ શકે. તેથી વસ્તુ, વ્યક્તિ, ધન વગેરેમાંથી સુખ મેળવવાનો પ્રયાસ જ ખોટો છે. મારે ખરેખર સુખ જોઈતું હોય તો હું મારામાં જ ઊંડો ઊતરી જાઉં. મને જ ઓળખી લઉં તો મારામાં પડેલ અનંત સુખનો આસ્વાદ લઈ શકું છું.

અરે! આ અનુભવ ન કર્યો હોય પણ આવી શ્રદ્ધા પણ જો આત્મામાં જાગ્રત થઈ જાય તોય જીવ સુખ મેળવવા પાપ નહીં કરે.

વળી મિથ્યાત્વ છે ત્યાં સુધી ભટકવાપણું છે. મિથ્યાત્વ જાય એટલે જીવ સ્વમાં સ્થિર થાય છે. સંસાર પણ પરિમિત થઈ જાય છે. માટે જીવે પુરુષાર્થ તો એ કરવાનો છે કે અજ્ઞાનને ટાળી જ્ઞાનને પ્રાપ્ત કરે. મિથ્યાત્વમાંથી નીકળી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે.

એક સમ્યગ્દર્શન પ્રગટ થતાં પાપબુદ્ધિએ કરાતાં પાપ અટકી જશે. જીવ પોતે પોતાનો આનંદ માણી શકશે, સ્વને જાણી શક્શે. અને એ રીતે અનાદિથી આવતા પાપપ્રવાહનો એક મુખ્ય દરવાજો બંધ થશે. આશ્રવ ટળીને સંવર થશે. પરંપરાએ નિર્જરા કરી મોક્ષને પ્રાપ્ત કરશે.

મિથ્યાદર્શન શલ્યના કારણે જે કાંઈ પાપદોષ સેવ્યા હોય તેનું મિચ્છામિ દુક્કડં.

અઢાર પ્રકારના પાપોનું સેવન આપણા જીવનમાં કેવી-કેવી રીતે થાય છે તે આપણે વિચાર્યું. હવે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ આત્માના ગુણો છે પણ આપણી પાપ-ભાવનાના કારણે, રાગાદિ ભાવોના કારણે એ ગુણો વિકૃત થઈ ગયા છે. અને આપણે એ ગુણોની વિરાધના કરતા રહીએ છીએ.

જ્ઞાની પુરુષ, જ્ઞાન કે જ્ઞાનના ગ્રન્થો અને સામગ્રી રૂપ જ્ઞાનના સાધનોની આશાતના, અવિનય, અવિવેક, નિંદા વગેરેથી આત્માના જ્ઞાનગુણની વિરાધના થાય છે. તે ન કરતાં આત્મામાં રહેલ જ્ઞાનગુણને જગાડવા માટે જ્ઞાની પુરુષોની સેવા-ભક્તિ, વિનય કરવાથી, તેમનાં ગુણગ્રામ કરવાથી, જ્ઞાન પ્રત્યે બહુમાન રાખવાથી, જ્ઞાન પ્રત્યે શ્રદ્ધા રાખવાથી, જ્ઞાનના સાધનોની યોગ્ય જાળવણી કરવાથી, બીજાને જોઈએ તે સહાય કરવાથી, તન, મન, ધનથી જ્ઞાન ભણનારને ઉપયોગી થવાથી આપણા આત્મામાં રહેલ જ્ઞાનગુણ આવિર્ભૂત થાય છે. તે કરવું જરૂરી છે.

દર્શન એટલે શ્રદ્ધાગુણ. એ પણ આત્માની મહામૂલી પૂંજી છે. પણ વિપરીત ધારણાથી, અજ્ઞાનના સેવનથી, અશ્રદ્ધાળુના વિશેષ પરિચયથી આપણો શ્રદ્ધાગુણ ઝાંખો પડી ગયો છે. તેના પર અશ્રદ્ધાનું આવરણ આવી ગયું છે. પણ સંતના સમાગમે, સર્વજ્ઞ-સર્વદર્શી પરમાત્માની વાણી પ્રત્યે અતૂટ વિશ્વાસ કેળવવાથી, છયે દ્રવ્યોનું યથાર્થ સ્વરૂપ જાણવાથી, તેમાં પણ હું આત્મા છું અને મારો સ્વભાવ જ્ઞાન-દર્શનમય છે. જ્ઞાતા-દ્રષ્ટા ભાવ મારે કેળવવાનો છે, મારી અનંત શક્તિ જે આત્મામાં પડેલ અનંત સુખને હું વેદી શકું છું, આવી શ્રદ્ધા પ્રગટ થાય છે. શ્રદ્ધા પ્રગટતાં અનાદિનું મિથ્યાત્વ દૂર થાય છે. જીવ પોતાને અનુભવે છે. જિનેશ્વર પ્રભુ જે સુખાનુભૂતિ કરે છે તેના અંશને જીવ અનુભવે છે. માટે આપણા દર્શનગુણને પ્રગટ કરવો એ અવશ્ય કર્તવ્ય છે.

ચારિત્ર આત્મસ્થિરતા રૂપ સ્વરૂપ-રમણતાનું નામ, જીવે વિભાવના કારણે આત્મસ્થિરતા ગુમાવી દીધી છે. પહેલાં બતાવ્યાં તે બધાં જ પાપો ચારિત્રના ઘાતક છે. તે ચારિત્રગુણને કલુષિત કરી નાખે છે. માટે જ આ સર્વ પાપો ત્યાજ્ય બતાવ્યાં છે. આપણાં વ્રતોની પ્રરૂપણા પણ એટલા



માટે જ છે, કે સર્વથા વ્રતોનું પાલન કરવા રૂપ મહાવ્રતોનું પાલન થાય તો ચારિત્રગુણ બહુ જલદી નિર્મળ બને અને ન થાય તો દેશવિરતી રૂપ અણુવ્રતોનું પાલન કરી ચારિત્રની શુદ્ધિ કરવાની વૃત્તિઓ જ અંતરની ચારિત્રભાવનાને જાગ્રત કરવામાં સહાયક સાધનો છે. માટે આપણે ક્રિયા-વિધિ ભાવપૂર્વક સમજણ સહિત કરીએ અને અંતરના ભાવોને જાગ્રત કરીએ. આત્મલક્ષ્યે શાસ્ત્રોક્ત અનુષ્ઠાનો કરતા રહીએ.

તપ તે કર્મનિર્જરાનું અમોઘ સાધન. નવકારશી પચ્ચક્ખાણથી લઈને અનશન સુધીમાં સર્વ તપનો હેતુ સત્તામાં પડેલ અનંત કર્મોને ક્ષય કરવાનો છે, તપ કરવાથી રસેન્દ્રિય પર વિજય મેળવવાની સાથે-સાથે અંતરમાં પડેલ અન્ય આસક્તિઓને પણ જીતવાની છે.

તપ કરી તેના બદલામાં ભૌતિક કામના, યશ-કીર્તિ કે માનની અભિલાષા રાખવી તે યથાર્થ તપ નથી. તપ એ આધ્યાત્મિક સાધન છે. ભૌતિક વ્યવહારથી વાહ-વાહ મેળવવા માટે તો ભૌતિક સાધનો ઘણાં હોય, ધનથી પણ યશ-કીર્તિ-પ્રતિષ્ઠા મેળવી શકાય છે. તપ જેવા ઉત્તમ સાધનને ક્ષણિક-નાશવંત તુચ્છ વસ્તુ મેળવવા માટે ખર્ચી શકાય નહીં. અરે! તપના બદલામાં પરલોકનાં સુખ મેળવવાની કામના પણ નહીં. માત્ર આત્મશુદ્ધિના લક્ષ્યે કર્મ-નિર્જરા કરવાના હેતુથી જ તપ થવું જોઈએ.

તપના ભાવોને સમજી, માત્ર રૂઢ પરંપરાએ થતાં તપને છોડી તેના યથાર્થ રૂપમાં કરતાં શીખીએ. ઉપવાસ કરીએ તો પણ આત્મ-સન્મુખતા જાગે એવી ભાવના વડે સ્વ-નિરીક્ષણ કરતાં રહીએ તો જ તપની સાર્થકતા છે. જે તપસ્વીઓ તપ વડે આત્મશુદ્ધિ અને અંતે સિદ્ધિ પામી ગયા તે સહુ શુદ્ધ હેતુપૂર્વક કરાયેલા તપથી જ પામ્યા છે. આપણે પણ એવા જ યથાર્થ તપને આદરીએ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના શાસ્ત્રોમાં આત્મલક્ષ્ય કરવાની બતાવી છે. તે લક્ષ્ય ચૂકીને માત્ર ભૌતિક સ્પૃહાથી આરાધના થઈ હોય તથા પ્રમાદ અને સ્વાર્થના કારણે જ્ઞાન આદિની વિરાધના થઈ હોય તો, તસ્સ મિચ્છામિ દુક્કડં.

આચાર્ય ભદ્રબાહુસ્વામીએ બતાવેલ બીજો વિષય:

શ્રાવક તેમજ સાધુને તેના કર્તવ્યના પોષણ અર્થે, અર્થાત્ શ્રાવકધર્મ તથા સાધુધર્મને બળ મળી રહે માટે, જે કંઈ આદરવાનું કહ્યું છે તેમાં

પ્રથમ છે શાસ્ત્ર-સ્વાધ્યાય.

સાધુએ તથા શ્રાવકે બંનેએ-પ્રભુનાં પ્રરૂપેલાં શાસ્ત્રોનો સ્વાધ્યાય યોગ્ય કાળે કરવો જોઈએ. જેથી પોતે જે વ્રતો આદર્યા છે તે વ્રતોનાં વિધિનિષેધનો તેને ખ્યાલ રહે. પોતાના માટે શું કરવું યોગ્ય છે અને શું અયોગ્ય છે તેની જાગૃતિ રહે.

એ જ રીતે કાળે-કાળે પ્રતિલેખન કરવાથી અહિંસા ધર્મને પોષણ મળે છે. જીવો પ્રત્યે દયાભાવના પ્રબળ બને છે. સામાયિક તો સમતાની સાધના છે. તે જેમ-જેમ થતી જાય તેમ-તેમ સમતાભાવ સધાતો જાય. માટે એ પણ કર્તવ્ય છે. આ બધાં જ કર્તવ્યો ચૂકવાં જોઈએ નહીં.

વળી સમતા એ સાધનાનું પરિણામ છે. સાધના કેવી અને કેટલી થઈ તેનું થર્મોમિટર છે. માટે સમતા તે અત્યંત સ્પૃહણીય છે.

ત્રીજો વિષય સર્વજ્ઞના કહેલ તત્ત્વોમાં અશ્રદ્ધા :-

કેટલાંક તત્ત્વો તર્કગમ્ય હોય, કેટલાંક ન હોય. સર્વજ્ઞે કહેલ બધા જ સિદ્ધાંતોને તર્કની કસોટીથી કસતાં તો તે હંમેશાં કસોટીથી પાર ઊતરે એવું બનતું નથી. કારણ તર્ક એ બુદ્ધિનો વિષય છે. અને તે ગમે તેટલી હોવા પછી પણ ક્ષયોપશમિક ભાવ હોવાના કારણે સીમિત હોય છે. સીમિત બુદ્ધિ અસીમ અનુભવગમ્ય તત્ત્વોને સમજી શકે નહીં અને જ્યારે ન સમજાય ત્યારે અંતરમાં સર્વજ્ઞ પ્રત્યે, તેમનાં કહેલાં તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા જાગે. એ પણ જીવની સંકુચિત વૃત્તિની નિશાની છે. સંદેહ જિજ્ઞાસાને અનુગામી હોય તો આવકાર્ય છે પણ શ્રદ્ધાને સ્ખલિત કરનારો હોય તો તે ત્યાજ્ય છે.

ચોથો વિષય આગમ વિરુદ્ધ પ્રતિપાદન-અશ્રદ્ધા થવી એ જ્યાં માનસિક અસંતુલન છે ત્યાં વિરુદ્ધ પ્રતિપાદ વાચિક અપરાધ છે. સ્વાર્થ કે પ્રમાદના વશથી જ જીવ આવું કાર્ય કરે છે. અને તે બંને પાપ છે. વળી હિંસાદિનું સમર્થન કરતી વાણી જો આપણાથી ઉચ્ચારાઈ હોય તો તે પાપની પરંપરા ઊભી કરે છે. જે અનંત વિરાધનાના કારણરૂપ બને છે, આમ વાણીથી લાગેલ આ દોષ પણ પ્રતિક્રમણ યોગ્ય છે.

આચાર્ય ભદ્રબાહુસ્વામીએ કહેલ આ ચારેય વિષયોનું પ્રતિક્રમણ અતિ-અતિ આવશ્યક છે.

હવે ઉપરોક્ત ૧૮ પાપસ્થાનક, જ્ઞાનાદિ ચાર ગુણો તથા



ભદ્રબાહુસ્વામીએ કહેલ ચાર વિષય. એ સર્વનું મિચ્છામિ દુક્કડં લેવાનું છે. પ્રથમ તો એ સમજીએ કે મિચ્છામિ દુક્કડં શું અને કેવી રીતે?

મિ નો અર્થ છે મૃદુતા અને માર્દવતા. કાય નમ્રતાને મૃદુતા કહે છે અને ભાવ નમ્રતાને માર્દવતા કહે છે.

ચ્છા નો અર્થ અસંયમ યોગરૂપ દોષોનું છાદન કરવું અર્થાત્ તેમને રોકવા તે.

મિ નો અર્થ મર્યાદા છે અર્થાત્ સાધક કહે છે કે હું ચારિત્રરૂપ મર્યાદામાં સ્થિર છું.

દુ નો અર્થ નિંદા છે. હું દુષ્કૃત્ય કરનાર ભૂતપૂર્વ આત્મપર્યાયની નિંદા કરું છું.

ક્કનો ભાવ પાપકર્મની સ્વીકૃતિ છે અર્થાત્ મેં જે પાપ કર્યાં છે તેનો હું સ્વીકાર કરું છું.

ડંનો ભાવ ઉપશમ ભાવ દ્વારા પાપકર્મનું પ્રતિક્રમણ કરવાનો છે. પાપક્ષેત્રને ઉલ્લંઘી જવાનો છે. આ સંક્ષેપમાં મિચ્છામિ દુક્કડં પદનો અક્ષરાર્થ છે.

મિચ્છામિ દુક્કડંથી પાપનો નાશ કરવાનો છે. કરેલા દુષ્કૃત્યથી આત્માને વિશુદ્ધ બનાવવાનો છે. પરંતુ મિચ્છામી દુક્કડંના કથન માત્રથી પાપ દૂર થઈ જતું નથી. શબ્દમાં સ્વયં પવિત્ર, અપવિત્ર કરવાની શક્તિ નથી. શબ્દ તો જડ છે. પરંતુ શબ્દની પાછળ રહેલો મનનો ભાવ જ મહાન શક્તિ છે. વાણી મનનું પ્રતીક છે. મિચ્છામિ દુક્કડંની પાછળ આંતરિક પશ્ચાત્તાપનો ભાવ રહેલો છે. તે આત્મા પર લાગેલ પાપ-મળને દૂર કરે છે. તેથી પરંપરાગત નિષ્પ્રાણ રૂઢિથી મિચ્છામી દુક્કડંનો પ્રયોગ ન કરતાં સાચા મનથી પાપાચાર માટે પશ્ચાત્તાપ કરવો જોઈએ, પાપ તરફ ઘૃણા કરવી જોઈએ.

અપરાધ માટે તપશ્ચર્યા કે અન્ય કોઈ દંડ આપવામાં આવે છે તે પણ મૂળમાં પશ્ચાત્તાપ જ છે. જો મનમાં પશ્ચાત્તાપ ન હોય અને બાહ્ય કઠોર પ્રાયશ્ચિત લેવામાં આવે તો તે આત્મશુદ્ધિ કરી શક્તું નથી.

સાધકના અંતરહૃદયમાં સ્વયં પ્રાયશ્ચિત્ત કરવાનો, પાપનું શોધન કરવાનો, આત્મશુદ્ધિ કરવાનો ઉલ્લાસ હોવો જોઈએ. મિચ્છામિ દુક્કડં પણ એક પ્રાયશ્ચિત્ત છે. તેના મૂળમાં પશ્ચાત્તાપની ભાવના રહેલી છે.

પરંતુ જો સાચા મનથી કરવામાં આવે તો.

સારાંશ એ છે કે સંયમ-યાત્રાના પથ પર પ્રગતિ કરતાં જો સાધક કોઈ ભૂલ કરે તો તેનો સાચા મનથી પશ્ચાત્તાપ કરી લેવો જોઈએ. અને પુનઃ તે ભૂલની આવૃત્તિ ન થવા દેવા માટે સતત સક્રિય પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ. આ પ્રમાણે મન, વાણી અને કર્મથી મિચ્છામિ દુક્કડં લેવામાં આવે તો તે કદાપિ નિષ્ફળ જશે નહીં. તે પાપમળને અવશ્ય ધોઈને આત્માને નિર્મળ બનાવશે.

૧૮ પાપસ્થાનનું સેવન તથા જ્ઞાનાદિની વિરાધના ચાર પ્રકારે થાય છે. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અણાચાર.

પાપ કરવાની માનસિક ભાવના થવી તે અતિક્રમ, તેના માટે વાણીનો વ્યાપાર કરવો તે વ્યતિક્રમ. દેહાદિની ક્રિયા અર્થાત્ જે પાપ કરવું છે તેના માટે શરીરથી, હાથ-પગથી તે સામગ્રીને ભેગી કરવી તે અતિચાર, આ બધું થયા પછી મન-વચન-કાયાથી પાપ કરી લેવું તે અણાચાર.

જીવ જ્યારે દોષોને સેવે છે ત્યારે ક્યારેક એ અતિક્રમ રૂપ હોય, ક્યારેક વ્યતિક્રમરૂપ હોય, ત્યાં સુધી આવીને પણ અટકી જાય. ક્યારેક તે અતિચાર સુધી પહોંચે, શાસ્ત્રમાં આ ત્રણેની આલોચના કહી છે. આ ત્રણે પગથિયાં સુધી પહોંચેલો જીવ આલોચના વડે શુદ્ધ થઈ શકે છે. પણ અણાચાર રૂપ ચોથે પગથિયે ચડી ગયા પછી તેના માટે પ્રાયશ્ચિત્ત જ હોય. કારણ અણાચાર સુધી તો ત્યારે પહોંચે કે જ્યારે ઘણાં જ સંક્લેશ પરિણામ આવ્યાં હોય.

તમો સહુમાંથી આ ચાર સોપાનમાંથી  કોઈએ પહેલા સોપાન સુધીનું પાપ કર્યું હશે. કોઈએ બીજાને કોઈએ ત્રીજા તો તેને યાદ કરી મનના પ્રબળ ભાવ સાથે ખરા અંતઃકરણપૂર્વક પ્રાયશ્ચિત લઈ મિચ્છામિ દુક્કડં લઈ લેજો. જેથી આત્મા વિશુધ્ધ બની જાય. ખરા અર્થમાં આલોચના થઈ જાય. સ્વનું નિરીક્ષણ, પછી પરીક્ષણ, પછી એકરાર, પછી સજા અને પછી શુદ્ધિ, આટલી પ્રોસેસમાંથી બહાર આવશો ત્યારે સોળ વાલનાં સોના જેવા થઈ ગયા હશે.

આ છે પ્રતિક્રમણની સાધનાના અમર સાધકોની જીવનકળા! જ્યારે કોઈ મંગળ દિવસે વિશ્વના ભૂલેલા માનવીઓ પ્રતિક્રમણની સાધના



અપનાવશે, જીવનની એકરૂપતાના મહાન આદર્શને સફળ બનાવશે ત્યારે વિશ્વના ભૌતિક અને આધ્યાત્મિક - ઉભય પ્રકારના નૂતન જીવનનો પ્રકાશ પડશે. સંઘર્ષોનો અંત આવશે અને દિવ્ય વિભૂતિઓનું અજર, અમર, અક્ષય સામ્રાજ્ય સ્થપાશે.

આલોચના કરી પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થયેલા આત્મામાં વિશ્વમૈત્રીની મંગલ ભાવના પ્રગટ થયા વિના રહેતી નથી. આપણે સહુ એ ભાવોને આ શબ્દો સાથે વ્યક્ત કરીએ.

**ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા વિ ખમંતુ મે;**
**મિત્તી મે સવ્વ ભૂએસુ, વેર મજઝં ન કેણઈ.**